
૪૩૮

કુમાર

આવતી કાલનાં નાગરિકોનું માસિક

જૂન '૬૦

પ્રાચીન કાળથી તે આજ સુધીની જગતભરની કળાઓમાં પ્રાણીજીવનનો રસ ભારત સમી સજીવ ને સમૃદ્ધ કક્ષાએ ક્યાંય ચીતરાયો કે કંડારાયો નથી. ભારતીય કલાનાં કેટલાંક ઉમદા અને અસરકારક કલારત્નો તો પ્રાણીનિરૂપણનાં છે. જાતકકથાઓમાં નિરૂપાએલી ખુદ ભગવાનબુદ્ધની પ્રાણીયોનિની અવતારકથાઓ ભારતે પ્રાણીજગત સાથે સાધેલા તાદાત્મ્યની સાક્ષી પૂરે છે. તેમાં યે હાથી તો જાણે ભારતીય જીવનમાં રહેલી ભવ્યતા, ગૌરવ, સમૃદ્ધિ ને પ્રતિભાનું પ્રતીક બની ગયો છે. ભારતીય કલાકારો પ્રાણીઓનાં જીવન અને માનસને, તેમનાં સૌંદર્ય અને સુરતાને કેટલાં રસ નેસહાનુભૂતિપૂર્વક નિરૂપી શકે છેતેના એક ઉત્તમ ઉદાહરણરૂપ આ નંદી, દક્ષિણ ભારતનું કાળમીંઢમાં કંડારાએલું એક કલારત્ન છે. ૩૪ાા ઇંચ ઊંચું અને ૩૯ ઇંચ લાંબુ એ શિલ્પ ઈ. ૧૯૨૩માં ઇંગ્લંડ મોકલાએલું તે હાલ ત્યાંના બ્રિટિશ મ્યૂઝિયમમાં છે. આપણા અજ્ઞાનને લીધે ઇંગ્લંડ ઊપડી ગએલી એવી બીજી કલાકૃતિઓના થોડા નમૂના આ અંકમાંની આર્ટ પ્લેટો ઉપર પણ આપ્યા છે.



નંદી
દક્ષિણ ભારત

તંત્રી
બચુભાઈ રાવત

કુમાર

જૂન ૧૯૬૦ • અંક • ૪૩૮

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક: બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૯; પરદેશમાં રૂ. ૧૧ અથવા શિ૦ ૧૭; છૂટક નકલ: ૧ રૂપિયો

વાચકો લખે છે

[આ વિભાગમાં પ્રકટ થતા દરેક 'તારાંકિત પત્ર' માટે ૧ રૂપિયો પુરસ્કાર અપાશે.]

★ સંસ્કૃત સાહિત્યની સમૃદ્ધિ અને અલંકાર વગેરેની ચમત્કૃતિનો ખયાલ આપતો શ્લોક:

तं भूसुतामुक्तिमुदारहासं
वन्दे यतो भव्यभवं दया श्रीः ।

આ શ્લોકના ઉપરના પ્રથમાર્ધના અક્ષરો ઉલટાવીને વાંચીએ તો દ્વિતીયાર્ધ બરાબર નીચે પ્રમાણે થઈ રહે છે:

श्रीयादवं भव्यभतोयदेवं
संहारदामुक्तिमुतासुभूतम् ॥

रामकृष्णविलोमकाव्यનો આ પહેલો જ શ્લોક છે. આખું કાવ્ય 'સુભાષિતરત્નભાંડાગાર'માં આપેલું છે. આ કાવ્યમાં રામ અને કૃષ્ણની કથા સાથેસાથે ચાલે છે. પ્રથમાર્ધમાં રામકથાનો અર્થ: भूसुतां સીતાજીને (રાવણના હાથમાંથી) मुक्ति આપનાર, उदारहासं આપત્તિમાં પણ પ્રસન્નચિત્ત, भव्यभवं ઉત્તમ જન્મવાળા, અને દયા અને શ્રી જેવી દૈવી શક્તિ જેમાંથી પ્રગટ થઈ તેવા શ્રી રામચન્દ્રને હું વંદન કરું છું. દ્વિતીયાર્ધમાં કૃષ્ણકથાનો અર્થ: भव्यभतोयदेवं ઉત્તમ પ્રકાશવાળા સૂર્યચન્દ્રને તેજ આપનાર. संहारदामुक्ति સંહાર-અનર્થ કરનાર પૂતના વગેરેને મોક્ષ આપનાર. असुभूतं પ્રાણરૂપે સર્વત્ર રહેનાર श्रीयादवं કૃષ્ણચંદ્રને વંદું છું.

આ કાવ્યના દરેક શ્લોકમાં ઉપર પ્રમાણે ઉલટાસૂલટી વિલોમ-ચમત્કૃતિ છે અને દરેક શ્લોકમાં શ્રી રામચન્દ્ર અને કૃષ્ણ ભગવાનના લીલામૃતનો રસાસ્વાદ સાથેસાથે મળે છે. સંસ્કૃત સાહિત્યમાં राघवपाण्डवीय વગેરે બીજાં આવા કાવ્યોમાં રામાયણ અને મહાભારતની કથા સાથેસાથે ચાલે છે અને અર્થ અને શબ્દચિત્રની શોભા ને સુવાસ મઘમઘે છે. સમસ્ત જગતના બીજા કોઈ સાહિત્યમાં આવો સુમેળ જોવામાં આવતો નથી અને આવશે પણ નહિ; કારણ કે સંસ્કૃતના જેવી અર્થની વિપુલતા ને શ્લેષની સગવડ બીજી ભાષાઓમાં નથી.

(મુંબાઇ) —ચંપકલાલ સુ. વ્યાસ

મે અંકમાં શ્રી રસિકલાલ દવે 'ડુંગરા દૂરથી જ લાગે રળિયામણા'ના અજ્ઞાત કવિનું નામ જાણવા ઇંતેજાર છે. તે કાવ્યના કર્તા જામનગરના રહીશ શ્રી ભાઈલાલ રામપ્રસાદ જોશી છે, જેમણે, 'વંદન તને હો માત ભારતી' જેવાં ઘણાં કાવ્યો રચ્યાં છે. તેમનાં કાવ્યોનું રેકર્ડિંગ પણ થયું છે. કવિ ઉપરાંત તે સારા લેખક તેમજ શાસ્ત્રીય સંગીતના પણ જ્ઞાતા છે. જામનગરમાં

સ્વ. સંગીતાચાર્ય આદિત્યરામજીની તરજો ને ચતરંગોનો પરંપરાગત અભ્યાસ કરી આ અનોખી સંગીત શૈલીનો તેમણે સૌરાષ્ટ્રમાં પ્રચાર કર્યો છે. 'કલહંસ'ના ઉપનામથી તેમણે ઘણાં કાવ્યો તથા ગરબા રચી નવરાત્રીમાં બહેનોને ગાવા માટે રાગ અને તાલ સાથે સુંદર રસથાળ રજૂ કર્યો છે.

(રાજકોટ) —મગનલાલ ત્રિવેદી

મે અંકમાં એક કાવ્યના લેખકનું નામ જાણવા માગ્યું છે. શ્રી ભાઇલાલભાઈ જોશી એના લેખક છે. એઓ લેખક, કવિ ને સંગીતકાર પણ છે. એઓનાં નાટકો અર્વાચીન રંગભૂમિમાં ભજવાઇ રહ્યાં છે જે લોકપ્રિય થયાં છે.

(જામનગર) —કૃષ્ણલાલ કા. મહેતા

મે અંકમાં પ્રકટ થએલા શ્રી પુષ્કરભાઈના લેખ વિષે થોડી વાતો પૂછવાનું મન થાય છે. આખો લેખ વાંચતાં એમણે આપેલું શીર્ષક 'લોકસંસ્કૃતિનાં સંગ્રહસ્થાનો' યોગ્ય લાગે છે? એમણે જ આપેલી થોડીક માહિતી તપાસીએ: પૂનાના શ્રી કેળકરના સંગ્રહસ્થાનમાંની દીવીઓ, ભિન્નભિન્ન રચનાનાં યુગલોની આકૃતિઓવાળી સૂડીઓ, આંધ્રપ્રદેશના વિપુલ કોતરણીવાળાં બારણાં, ડૉ. કૃષ્ણદેવ ઉપાધ્યાયના સંગ્રહસ્થાનની અનેક ધાતુપ્રતિમાઓ, પેશ્વાના રાજમહાલયો, ઝાકમઝોળ કરતી અવનવી દીવીઓ ને ઔરંગઝેબના સમયના સિક્કાઓ! આ બધી વસ્તુઓને 'લોક'કલાના નમૂના કહી શકાય? હું માનું છું કે આમાંની મોટા ભાગની વસ્તુઓ ધંધાદારી કલા ગણાય જેને આપણે સમય જતાં પરંપરાગત કલાશૈલી તરીકે ઓળખાવી શકીએ. 'લોક'કલાનું સ્વરૂપ આથી કાંઈક નોખું પડે છે. જેવાં કે રાજસ્થાનના માંડણાં, કે સૌરાષ્ટ્ર–કચ્છનાં ભરતકામ, નવરાશની વેળમાં ગ્રામજનોએ કરેલાં અલંકરણો, જે નિજાનંદ પૂરતાં હોય. ધંધાદારી દૃષ્ટિ એમાં નથી હોતી. બીજા અભ્યાસી મિત્રો આના પર વધુ પ્રકાશ પાડે તો ઈચ્છનીય.

(મુંબાઇ) —પ્રદ્યુમ્ન તન્ના

મે અંકમાં પ્રા. પુષ્કર ચંદરવાકરના 'લોકસંસ્કૃતિનાં સંગ્રહસ્થાનો' લેખમાં કેટલીક બાબતમાં માહિતી અપૂર્ણ છે. ભારતના ઇતર પ્રાંતો અને પરદેશનાં સંગ્રહસ્થાનોમાં લોકસંસ્કૃતિ, લોકશાસ્ત્ર, લોકવિદ્યા, વાદ્યો-પહેરવેશો, અલંકારો રમકડાં વગેરે જે સામગ્રી સંગ્રહાએલી છે એ જ પ્રકારની સામગ્રી સૌરાષ્ટ્ર અને કચ્છનાં જૂનાં સંગ્રહસ્થાનોમાં છે. જૂનાગઢના સંગ્રહસ્થાનમાં સોથી દોઢસો વર્ષ જૂનું ગૂંથણકામ તેમજ કાચ તથા મણકાનું કામ છે. ગુજરાતના સૌથી જૂના કચ્છ મ્યૂઝિયમના નમૂના બહુ જ આકર્ષક છે. સમૃદ્ધ લોકકલા અને સંસ્કૃતિની દૃષ્ટિએ કચ્છ બહુ જ પ્રખ્યાત પ્રદેશ છે. એમાં કાઠી, જત, ભરવાડ, રબારી, કણબી અને મહાજન કોમના પહેરવેશો અને અલંકારો છે. બન્ની ખાવડા પ્રદેશના ભરતકામના ઉત્કૃષ્ટ નમૂના, જાતજાતની બાંધણીઓ, ચાકળા અને તોરણો ઉપરાંત જુદીજુદી જાતિઓની પૂરા માનવ-કદની આકૃતિઓ છે. આ વિભાગોમાં દર વર્ષે વધારો કરવામાં આવે છે.

(ભુજ) —ક્યુરેટર, કચ્છ મ્યૂઝિયમ

મે અંકમાંના 'ગ્રીષ્મચર્યા' લેખમાં રસાલાની બનાવટમાં થોડુંક છપાતું રહી ગયું છે. લખાણ નીચે મુજબ હોવું જોઇએ: 'સુજાત (બરાબર જામેલું) દહીં તો. ૧૨૮, સાકર તો. ૬૪, ઘી તો. ૪, મધ તો. ૪, કાળાં મરી તો. ૨, ચંદન, અગર, કસ્તૂરી અને કેસર એ ચારે થઈને તો. ૨'.

(અમદાવાદ) —લાભશંકર ઠાકર

એપ્રિલ અંકમાં 'કુમાર'નાં કાવ્યોનું ધોરણ નીચું ગયું છે, અને રાજેન્દ્ર શાહ સિવાયનાં કાવ્યોમાં કાવ્યતત્ત્વ ઓછું નજરે પડે છે, એમ એક ભાઇએ લખેલું. તો એટલું લખવું પડે છે કે છેક શરૂઆતથી ઉમાશંકર સુંદરમનાં કાવ્યો 'કુમાર'માં પ્રસિદ્ધ થયાં ત્યારથી અત્યાર સુધીના કવિઓનાં કાવ્યો જે જે 'કુમાર'માં પ્રસિદ્ધ થયાં છે તેના માટે એમત નથી.

રાજેન્દ્ર શાહનાં કમનીય, મધુર લયવાળાં કાવ્યો વિષે તો કશું કહેવાનું નથી, પણ તે સિવાય અત્યારે જે જે કવિનાં કાવ્યો પ્રગટ થાય છે—જેવા કે, ઉશનસ, હેમન્ત દેસાઈ, પ્રિયકાંત મણિયાર, નલિન રાવળ, કે છેક છેલ્લાં જેમનાં ચારેક કાવ્યો પ્રગટ થયાં છે એવા ચંદ્રકાન્ત શેઠ, એ સર્વનાં કાવ્યો, 'કુમાર'ના ધોરણ કરતાં બિલકુલ ઊતરતી કોટિનાં નથી.

હા, કદાચ કાવ્યનો મર્મ ન પકડાય, અને કવિ કાવ્યના ધ્વનિ દ્વારા જે વસ્તુ રજૂ કરવા માગતા હોય તે વાચક બરાબર ન પકડી શકે, તો તેના માટે અન્ય કાવ્યોનું પરિશીલન જરૂરનું છે. 'કુમાર'ના કાવ્યધોરણ માટે મનમાં આવ્યું એટલે કહી નાખવું તે ઠીક નથી.

(અમરેલી) —શ્રી કૃષ્ણહર્ષ પંડ્યા

(અનુસંધાન પૃષ્ઠ ૨૪૮ ઉપર)



અમરાવતીસ્તૂપના કઠેડાનો સ્તંભ

આપણા મબલખ ને મોંઘા કલાવારસાને વીસરીને આપણે જ્યારે અજ્ઞાનના ઘારણમાં પડ્યા હતા ત્યારે ચતુર અને કલાપારખુ અંગ્રેજ સત્તાધીશોએ ભારતભરમાંથી વીણીવીણીને ચિત્ર, શિલ્પ આદિનાં ઘણાં શ્રેષ્ઠ કલારત્નો ઈંગ્લંડ (ઇંડિયા ઑફિસ)માં ભેગાં કર્યાં હતાં, જેનો મોટો ભાગ આ અંકમાંનો લેખ દર્શાવે છે તેમ આજે બ્રિટિશ મ્યૂઝિયમ ને સાઉથ કેન્સિંગ્ટનના 'વિક્ટોરિયા ઍન્ડ આલ્બર્ટ મ્યૂઝિયમ'માં સંઘરાયો છે, આ અને પછીનાં ચિત્રપૃષ્ઠો તથા પૂંઠા ઉપર તેના થોડા નમૂના આપ્યા છે. ¶ આ પાના ઉપર આપેલો સ્તંભ, દક્ષિણ ભારતની ગુન્તુર પરગણામાં, રાજમહેન્દ્રીની નૈઋર્ત્યે કૃષ્ણા નદીના જમણા કિનારા પર આવેલા, અમરાવતી ગામ પાસેના જગવિખ્યાત બૌદ્ધ સ્તૂપ ફરતા ગોળાકાર કઠેડાના અનેક સુશોભિત થાંભલાઓ પૈકીના એકનો ભગ્નાવશેષ છે. ઈસવી સનની બીજી સદીમાં સર્જાએલા એ સ્તૂપમાં બૌદ્ધ શિલ્પ-સ્થાપત્ય તેની ચરમ સીમાએ પહોંચ્યું હતું. આજે તો ત્યાં એક નાના ઝરણાને કાંઠે પડેલા થાંભલાઓના ભંગાર સિવાય વિશેષ જોવા મળતું નથી. ¶ ઈ. ૧૭૯૬-માં જ્યારે ત્યાં ખડિયેરનો જંગી ટેકરો હતો ત્યારે એક જમીનદારે ત્યાં નવું શહેર વસાવ-



વાના ઇરાદે એમાંના પથ્થરો ખોદીખોદીને મકાનો બાંધવા માંડ્યા, એ વાત ત્યાંના જિલ્લા-કલેક્ટર (અને પાછળથી ભારતના સર્વેયર જનરલ) કર્નલ કૉલિન મૅકૅન્ઝીને કાને આવી. તેણે તત્કાલ એ જગ્યાનો કબજો લઈ ખોદકામ શરૂ કરાવ્યું ને ત્યાંના અવશેષોની મોજણી, નકશા તથા આલેખનો કરાવવા માંડ્યાં. તેમાંનો ઘણો ભાગ પાછળથી ઈ. ૧૮૮૦માં બ્રિટિશ મ્યૂઝિયમના ટ્રસ્ટીઓને સોંપવામાં આવ્યો. કેટલોક ભાગ મદ્રાસના મ્યૂઝિયમમાં છે. ¶ હિંદ બહાર ગએલી એક જ સ્થળની શિલ્પમાળાઓમાં અમરાવતીની બ્રિટિશ મ્યૂઝિયમમાંની માળા મોટામાં મોટી છે ને મ્યૂઝિયમમાંનાં 'એલ્જિન માર્બલ' તથા 'આસીરીઅન ભાસ્કર્ય' જેવાં મહાન શિલ્પો સાથે મોખરાનું સ્થાન ધરાવે છે. આ પાના પર ડાબી બાજુએ આપેલો સ્તંભ (જેમાંનું વચ્ચેનું વર્તુલ મોટું કરીને જમણી બાજુ દર્શાવ્યું છે) એ ત્યાંની પૂર્ણ વિકસિત કળાનો નમૂનો છે. તેમાં ઉપર-નીચે અર્ધ કમાનો અને વેલપટ્ટીઓનાં શોભનો છે. વચ્ચેના વર્તુલમાં 'ભગવાન બુદ્ધને પાયસ અર્પણ કરતી સુજાતા'વાળા પ્રસંગનું નિરૂપણ છે, અને તેની ઉપરની તથા નીચેની પટ્ટીઓમાં અનુક્રમે 'નિરંજના-તીરે બુદ્ધ'નું અને 'બોધિજ્ઞાનપ્રાપ્તિ'નું નિદર્શન છે. સર્વમાં બુદ્ધને બદલે બોધિવૃક્ષ (પીપળા)નું પ્રતીક મૂક્યું છે. સુજાતાના પ્રસંગાલેખનવાળું વર્તુલ બાજુમાં મોટું કરી બતાવ્યું છે.



કલાકાર સોમાલાલ શાહ]　　**સુર-સમાધિ**　　[શ્રી રાજેન્દ્ર શાહના સૌજન્યથી

કુમાર આવતી કાલનાં નાગરિકોના ઘડતરનું માસિક
વર્ષ ૩૭ · અંક ૬ · જૂન '૬૦ · સળંગ અંક ૪૩૮

પ્રીતિનું સ્વરૂપ

· વસંતતિલકા ·

આ પ્રીતિનો પણ વિચિત્ર દીસે સ્વભાવ!
ક્યારેક મ્હેક, કદી દર્શન, સ્પર્શ, સૂરે
ખેંચાય થૈ અવશ પ્રાણનું સત્ત્વ હરે,
ક્યારેક શૂન્ય જગ, ચેતનનો અભાવ!

કો આંખની અણીથી હૈયું વીંધાઇ જાય,
ને હોઠના સ્મિત-સરોવરમાં નહાય;
ક્યારેક મુગ્ધ રમતું ફૂલના ઉછંગે,
ક્યારેક તો વળી ભમે સુરભિની સંગે.

આવેગ ઉત્કટ થકી સરજાય આધિ,
તો લાગી જાય કદી ચિત્તમુદાસમાધિ;
ક્યારેક ઊર્ધ્વ ગગનોની અગાધ શાન્તિ,
ઉત્તપ્ત નિમ્નતલની વળી ક્લેશક્લાન્તિ.

પ્રીતિનું આ જ રૂપ—જેવું અનુભવાય?
દે કોણ ઉત્તર, બધા ય જહીં તણાય!

જયન્ત પાઠક

વિપર્યય

· વસંત ·

આષાઢના ગગન શાં નયનો સ્મરું, સ્મરું
ઉલ્લાસની શરદ, ભાદ્ર તણું અરુંપરું
કૉળેલ હેમ, વળી ઝંકૃતિ રોમરોમ
ઝંકારતું શિશિરનું અતિ તીવ્ર જોમ.

ઉન્મુક્ત વ્યક્ત પ્રીતને લલકારનારી
આજે સ્મરું ઋતુ—જ્યહીં જલતા ચિરાગે
બાળી કૂણાં સુમન, રમ્ય વિકીર્ણ પર્ણ
ઉત્તપ્ત વ્યસ્ત ચિરસ્થાયી રહ્યો નિદાઘ!

આજે સરું રતરતે, ઉર કિન્તુ શૂન્ય;
સ્વપ્નો સદૈવ સળગંત દીઠાં સમસ્ત
દષ્ટિ સમક્ષ, સુખના શણગાર સોળે
હોંશે સજી બનીઠની પછી એક એક
તોડી વિછોડી દઇ ફેંકી બની નિરાશ
આ જિન્દગી વિરહી સુંદરી જેવી ઝૂરે!

હેમન્ત દેસાઈ

વિનંતી

· શિખરિણી ·

મને ભૂલેચૂકે કટુ ન હમણાં શબ્દ વદશો,
અજાણ્યે કે જાણ્યે નયન નહિ ધિક્કાર ધરશો,
અમસ્થા યે મારી જરી નવ ઉપેક્ષા ય કરશો,
વિનંતી: મારી જે ત્રૂટિ સહજ ભાવે ન ખમશો?

વસે છે આ હૈયે સભર વિષથી વેર-સરપ,
ગુંજી ગાઇ એને જગપ્રણયનાં ગીત મધુર
પ્રયત્ને ડોલાવ્યો, પણ ન હજી વિશ્વાસ, ઊછળી
ફરી ફુત્કારે વા ડસી પણ દિયે—એ બીક ઘણી.

રખે માને કોઇ અવર જનનાં શાંતિસુખની
હશે જાગી ઊઠી મુજ દિલ મહીં ધન્ય લગની,
નથી સાધુ હૈયું, જગની નવ ચિંતા મુજ ઉરે,
શકું પામી શાંતિ નવ હું?–બસ એની ફિકર, રે!

યદિ છંછેડાયો સરપ, કદી દે દંશ તમને,
જશે વ્યાપી કિંતુ વિષ-અગન તો શીઘ્ર જ મને.

જશવંત લ. દેસાઇ

વસંત-તડકો

· મિશ્ર ·

(૧)

તડ્કા તણું ધાતુનું પાત્ર ઝાંખુ
(શિશિર શી ફૂવડ કોઇ ના સ્ત્રી)
ચારેક માસે અજવાળી નાખ્યું
ઘસી ઘસી અમ્લ વસંત-સ્પર્શથી;
કલાઈ આજે જ ન હોય કીધી,
બ્રહ્માંડનું ભાજન એવું ઊજળું.

ખૂટ્યું હતું તેલ, વળેલ મોગરો
વિરાટ આ વ્યોમલ કોડિયામાં,
કો'એ મધુસ્નેહ પૂર્યો અને દશી
સંકોરી—એવું નભ આ ઝળાંઝળાં.

ફિક્કા 'તપે તેજ પુરાયું જાણે,
દઝાડતું દર્પણ ઓરિયાંથી;
શિશિરને તાપ હું કેશ હોળતી,
તે હું હવે કો તરુછાય ખોળતી.

(૨)

મદારીના બંધ કરંડિયામાં
દોરા તણી લચ્છી સમા વીંટાઇ
પડેલ સર્પો ગૂંચળું વળીને
ફુત્કારતા ફેનિલ જાગી ઊઠે
મદારીનું મ્હોવર સાંભળીને,
એવા પડ્યા'તા તડકા-હુતાશનો
શિશિરના અવધૂત-અગ્નિકુંડે
ભારેલ અંગાર સમા, હવે ઊઠે
વસંતની ફૂંકથી ઊર્ધ્વ ઉજ્જ્વલ-
(બાવા તણી ચૂંગી ધુમાઇ થોડી
ઊંડા દમે બે ભડકો થઇ ઊઠી)
ફેલાય ઝાળો અવ વેદી બ્હાર.

શી ઉંબરે આ મધુસુંદરી ખડી
તડ્કો અને છાંય ભજે ઘડીઘડી!

ઉશનસ્

આભલે ફૂંચી હોળી *

· ગાન ·

વાયરો સૈંસુડા જબરા બોલે!
ફુલહોમને તોળવા બેઠો તરખલાને તોલે!

સૂરજ સગડો આજ હમચ્યો કૈં આભલે ફૂંચી હોળી,
વાયરે મેલ્યો સગડો ભોડે અંગ ભભૂતી ચોળી;
એક બોકાહે પડતું મેલ્યું ભાળિયા ઓલા હોલે!
હે જી તરખલાને તોલે!—વાયરો૦

શામ મહોતાના કાકડા ઊડે હાડિયા ડામોડામ,
ગુંડા ઓઠે ખિસ્કોલાને ડીલ ધરુજે ડામ;
પારેવું તો પીલુ-ડાળે રંગ ગળાના છોલે!
હે જી તરખલાને તોલે!—વાયરો૦

લૂ ધૂણીને મેંશ વલોવે, ઝાડવાં ઢીલાં ઘેંશ,
સેમ તળાવે બચ્યો ગારો રુતી ઊડાડે ભેંશ;
બાવળીઆંની શૂળે ચકો ડીલ પોતાનું ફોલે!
હે જી તરખલાને તોલે!—વાયરો૦

ચાર છેડાએ ચૂલ ચેતાણી દેતવાને હડદોલે,
મોઇડા કેરી પેંછનો ચાંદો આંસ ઊંચી ના ખોલે;
સંજા હેંડી રાખ ભોંહીને ઝાકઝમાળા મો'લે!
હે જી તરખલાને તોલે!—વાયરો૦

'ચંદ્ર' પરમાર

શોધ *

· શિખરિણી ·

પળ્યો'તો આરંભે પરમ કંઇ નિર્ભેળ લઇને
વીંટાળ્યું એને મેં પ્રથમ પડ વાતાવરણનું,
પહાડો, ખીણો ને વનવન તણી વાડ કરીને
પછી બાંધ્યા મ્હેલો, કુટિર, ગૃહ, દેવાલય બધાં.

વળી ઢાંકી દીધું ભરજગતમાં છત્ર ધરીને,
લપેટી લીધું મેં વિવિધ વસનોથી નખશિખે,
છુપાવ્યુ નેત્રોમાં, શ્રવણ, રસના, ઘ્રાણ, સ્પરશે,
શરીરે સંતાડ્યું રગરગ તણી જાળ વણીને.

છળીને આચ્છાદી ભ્રમપટલથી બુદ્ધિ નિજની,
વદે વાણી બીજું, અવર વળી રાખી હૃદયમાં,
બિછાવ્યું અંધારું જીવનપથને ગુપ્ત કરવા
સદાનો પાડ્યો છે સકલ પર સંપૂર્ણ પડદો.

ન જાણે શોધું શું ભવ ભટકતો વિસ્મરણમાં,
હતું ઢાંક્યું એવું જડી નહિ શક્યું પાછું મુજને.

નિનુ મઝુમદાર

* મૂળ સ્વરૂપથી હું વિખૂટો પડ્યો નથી, મેં જાતે જ એના અનેકવિધ ટુકડા કરીને વિખૂટું પાડ્યું છે; સુખદુ:ખનો રસાસ્વાદ માણવા મેં જ એને અકલ્પ્ય અને અગોચર બનાવ્યું છે; મને જીવનપથ અંધારો મળ્યો નથી, પરંતુ જાણી જોઇને હું મારી બુદ્ધિ પર પ્રકાશ પડવા દેતો નથી. ...જાતે અલ્પ બનીને જીવનમાં માનવ કાંઈક અસ્પષ્ટ શોધમાં અસફલ ભટકે છે, પરંતુ પોતાના મૂળ સ્વરૂપ પરમ તત્ત્વ ઉપર જાતે જ આવરણો ચડાવીને પોતાથી જ સંપૂર્ણરીતે ઢાંકી દે છે.

* કચ્છના રણની નજીક આવેલા ઉત્તર ગુજરાતના વઢિયાર-પ્રદેશની લાક્ષણિક બોલીમાં, તળપદી લોકકલ્પનાઓને જ ગૂંથીને રચાએલું એતદ્દેશીય ગ્રીષ્મવર્ણન. શબ્દાર્થ: ફૂંચી=ફૂંકી; સૈંસુડા=સુસવાટા; ફુલહોમ=ફુલહોલ, સઘળું; હમચ્યો=સળગ્યો; ભોડે=માથે; બોકાહે=ચીસ પાડીને; હાડિયા=કાગડા; ગુંડા ઓઠે=જાળા ઓઠે; સેમ=સીમ; બચ્યો=બચેલો; રુતી=જક કરીને; મોઇડો=મોરલો; આંસ=આંખ; સંજા=સંધ્યા; ભોંહીને=ભૂંસીને; ઝાકઝમાળું=ઝાકઝમાળ; મો'લે=મહોલાતે.

વિચારવિશેષ

ગુજરાત સરકારના સચિવાલય અને જિલ્લા તથા વિભાગોની કચેરીઓ વચ્ચેનો વ્યવહાર ગુજરાતી ભાષામાં અને નાગરી લિપિમાં થશે એવી જાહેરાત થઈ છે. ગુજરાતી ભાષાની બાબતમાં તો થવું જોઇએ તે જ થયું છે. પણ લિપિની વાત જુદી છે.


નિર્ણય ફક્ત સરકારી કચેરીઓના વ્યવહારનો છે એમ માનીને બીજાં ક્ષેત્રો ચૂપ બેસશે તો ભ્રમમાં રહી જશે. સરકારી કચેરીનો વ્યવહાર જ અંતે સૌનો વ્યવહાર બની જાય છે એમ ઇતિહાસે આપણને શીખવ્યું છે. એટલે આ નિર્ણયનો ફલિતાર્થ એ થશે કે વખત જતાં ગુજરાતી લિપિનો સદંતર લોપ થશે....

ગુજરાતી લખી વાંચી શકતી એકે એક વ્યક્તિને અસર કરે તેવો આ નિર્ણય સરકાર કોઇને પૂછ્યાગાછ્યા વિના કરી લે એ લોકશાહી પ્રણાલી સાથે કોઈ રીતે બંધબેસતું નથી. આ નિર્ણય તો ધારાસભાથી પણ ઘણી નીચી સપાટીએ–જિલ્લાઓની સંસ્થાઓ ને ગ્રામ પંચાયતોની સપાટીએ–લેવાવો જોઇએ. શિક્ષણ, સાહિત્ય, પત્રકારત્વ વગેરે ક્ષેત્રો આ વિષે અભિપ્રાય આપવાનાં વાજબી અધિકારી ગણાય. આ બધાંને અને ખુદ વિધાનસભાને પણ કોરે મૂકી સરકારી હુકમથી આવો નિર્ણય કરવામાં કદાચ બંધારણનો વાંધો નહિ આવતો હોય. પણ આ લોકશાહી રસમ નથી...

નાગરી લિપિમાં લેખનની સ્વાભાવિકસરળતા અનુસાર ફેરફાર થવાથી ગુજરાતી બની છે. બીજી રીતે કહીએ તો ગુજરાતી એ સુધારેલી નાગરી છે. એક લિપિ કરવી જ હોય તો ઉત્તર ભારતની લિપિઓમાં એ અધિકાર ગુજરાતી લિપિનો જ ગણાય. ગુજરાતીમાંથી નાગરી તરફ જવું એ તો ઘડિયાળના કાંટા પાછા મૂકવા જેવી પીછેહઠ છે.

બીજો વિકલ્પ આ છે: નાગરીની શિરોરેખા કાઢી નાખવી, ભ, ખ, જેવા કેટલાક અક્ષરોમાં ફેરફાર કરવો, અંગ્રેજી વિરામચિહ્નો પૂરાં સ્વીકારી લેવાં, અરબી આંકડા સ્વીકારવા. આટલા ફેરફાર સાથે નાગરી આખા દેશને માન્ય હોય તો આપણે પણ સ્વીકારવી. એ બધું કર્યા સિવાય ગુજરાતે નાગરી સ્વીકારીને તો એ લિપિને છે તેવી જ અકબંધ રાખવા ઇચ્છતા બાબાઓના હાથ મજબૂત કર્યા છે અને લિપિસુધારની અખિલ ચળવળને પાછી હઠાવી છે...

(સંદેશ) —યશવંત દોશી



ગામા

તાકાત કુનેહ ને ચપળતાના બેનમૂન સીમાચિહ્ન રૂપ પોતાની પ્રતિભાથી જગતભરના પહેલવાનોનો નશો ઉતારી નાખનાર અને દુનિયાના અજેય ગણાએલા કુશ્તીબાજોને હરાવી વિશ્વ-ચૅમ્પિયન બનનાર, મલ્લવિદ્યાનો અર્વાચીન સ્વામી, રુસ્તમે ઝમાં

'આર્ય સંસ્કૃતિના આ દેશના પ્રથમ વહેણના સમયથી સરળ ચાલતી આવેલી મલ્લવિદ્યાનો અર્વાચીન સ્વામી ગામા છે. અમૃતસરનો અહમદબક્ષ, જાલંધરનો ગેમ્મુ વગેરે સાથે રહી ઇંગ્લંડ અમેરિકાના પહેલવાનોનો નશો ઉતારી નાખનાર એ ગામાનાં નામથી જગતના કુસ્તીબાજો ત્રાસી ઊઠે છે. કૃષ્ણચન્દ્રે કેળવેલી, કૌંતેય ભીમ, જરાસંઘ, હનુમાન ને જામ્બુવાનાદિએ સજીવ રાખેલી મલ્લવિદ્યાનું ગૌરવ ગામાના હાથમાં છે.', ¶ જે મલ્લસમ્રાટની વીરશ્રીને 'કુમાર'ના ૩૭મા અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યે ઉપર્યુક્ત શબ્દો વડે બિરદાવેલી એ ગામા આજે રહ્યો નથી. ગયા માસની ૨૩મી તારીખે લાહોર હૉસ્પિટલમાં તેનું હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું. એક વખત વિશ્વભરમાં અજેય ગણાએલા કુસ્તીબાજ ઝિબિસ્કોએ પણ એ મલ્લવીરની મહત્તાને નિખાલસ ને સમુચિત અંજલિ આપતાં કહેલું કે 'ગામા જેવો મહાન પહેલવાન આ પૃથ્વીના પડ ઉપર થયો નથી ને થવાનો નથી.' ¶ આવા એ ગામાનાં છેલ્લાં વર્ષો પાકિસ્તાનમાં ઘણાં દુઃખ અને કષ્ટથી ભર્યાં વીત્યાં. છેલ્લેછેલ્લે તે દમ, સંધિવા અને મૂત્રપિંડની વેદનાનાં દર્દોથી પીડાતો હતો. અને આશ્ચર્ય—તથા એટલા જ દુઃખની વાત તો એ છે કે વજ્ર સમી નક્કર અને મેરુદંડ સમી અડગ તેની કાયા આ [illegible] હાડકાંનું ખખડી ગએલું માળખું જ માત્ર બની રહી હતી. ¶ પરંતુ મલ્લવિદ્યાની સાધના તથા સિદ્ધિના એક અનુપમ વિક્રમનું જે સીમાચિહ્ન ગામા સ્થાપી ગયો છે, તેને એની કારકિર્દી દરમ્યાન કોઈ આંબી શક્યું નથી. ગામાની સિદ્ધિની એ કથા માત્ર હિંદની જ નહિ પણ માનવી કલેવરનાં તાકાત ને ચેતનના ઘડતરની પણ એક અપૂર્વ ગૌરવગાથા છે, જે શરીરસાધના માટે હમેશ પ્રેરક બની રહેશે.



મલ્લવિદ્યા એ ગામાના ખાનદાનનો વંશપરંપરાગત વ્યવસાય રહ્યો છે. તેના પૂર્વજોમાં થઇ ગએલા ખ્યાતનામ પહેલવાનોમાં સૌથી આગળ નામ તરી આવે છે સાદિક પહેલવાનનું. એ અતિમાનુષી તાકાત ધરાવતા. કહે છે કે કાશ્મીરની ખીણમાં રહેતા એક દૈત્યનો તેમણે પોતાની ગદા વડે નાશ કર્યો હતો. આવું જ બીજું એક નોંધપાત્ર નામ છે સુલતાન પહેલવાનનું.


પહેલા વિશ્વયુદ્ધવખતે મશહૂર કલ્લુ પહેલવાન થઈ ગયો. બાવળના ઝાડને પોતાનાં બાવડાંની તાકાતથી હચમચાવીને મૂળ સોતું ઉખાડી નાખનાર, રાક્ષસી તાકાત ધરાવતા તથા નવ મણ વજનના જાટ પહેલવાન કીકડસિંહને એ કલ્લુએ અમૃતસર ખાતે હરાવ્યો હતો.


આ કલ્લુ પહેલવાનનો અખાડાનો વારસ હતો સુપ્રસિદ્ધ ગુલામ પહેલવાન. ગુલામ પહેલવાન એ આપણા દેશનો વિદેશો ખેડનારો, અને પોતાની તાકાત ચપળતા તથા પકડ અને તરકીબો માટે યુરોપમાં મુક્ત પ્રશંસા વરનારો પ્રથમ ચૅમ્પિયન કુસ્તીબાજ હતો.

છતાં આંતરરાષ્ટ્રીય કુસ્તીબાજોમાં સર્વોત્કૃષ્ટ ખ્યાતિ તો લખાઈ ગામાને નસીબે. કુસ્તીબાજી માટે પ્રતિષ્ઠિત વંશમાં અમૃતસરમાં ઈ. ૧૮૮૨માં ગામા જન્મ્યો હતો, દતિયાના રાજ્યમાં તે નાનેથી મોટો થએલો. ત્યાં તેના પિતા અઝીઝ દરબારના કુસ્તીબાજ હતા. તેઓ સાધનસંપન્ન વ્યક્તિ હતા. ગામાની માત્ર ચાર વર્ષની વયે તેમનું અવસાન થયું. આથી તેના કાકાએ જ તેને દતિયામાં પાળીપોષી મોટો કર્યો અને તેમના વારસાગત કુસ્તીવ્યવસાયમાં તેને પાવરધો થવાની તાલીમ પણ અપાવી. ગામાને કુસ્તીબાજીનું શિક્ષણ તેના પિતાનાં માધોસિંગ નામના એક પંજાબી કુસ્તીબાજ મિત્રે આપ્યું હતું.

૧૯૦૯માં લાહોર તેના બે ઊગતા કુસ્તીબાજો માટે અભિમાન લેતું. એક હતો ગામા પોતે, અને બીજો હતો લાહોરનો ગુલામ મોહીઉદ્દીન. મોહીઉદ્દીનનું નામ પણ યુરોપમાં સારો પ્રચાર પામ્યું હતું. તેને ગામાએ આઠ મિનિટમાં હરાવી દીધેલો. એ જ નામના અમૃતસરના એક બીજા ગુલામ મોહીઉદ્દીનને ગામાએ છ મિનિટમાં હરાવેલો.

કુસ્તીના આંતરરાષ્ટ્રીય ક્ષેત્રમાંની ગામાની કારકિર્દીનો આરંભ ૧૯૧૦થી થાય છે. જોકે વીસ વર્ષની વય સુધીમાં તેણે હિંદના તો બધા





. ડાબી બાજુ: ગામા વીસ વર્ષની વયે; ઉપર રુસ્તમે ઝમાં (જગત-પહેલવાન–વર્લ્ડ-ચૅમ્પિયન) ગામા તેની કીર્તિના શિખરે

જ આગેવાન પહેલવાનોને પરાસ્ત કરી દીધા હતા. તે પહેલાં બે વર્ષ, પતિયાળાના મહારાજાને ત્યાં દરબારી કુસ્તીબાજ તરીકે તે રહ્યો હતો. ૧૯૧૦માં લંડનના 'જ્હૉન બુલે' આખા જગતમાંથી કુસ્તી-કળાના મહારથીઓને આમંત્ર્યા હતા. તેમાં ભારત તરફથી ભાગ લેવા માટે પહેલવાનોની બે ટુકડીઓ એક લક્ષાધિપતિ, સંભાવિત ગૃહસ્થ શ્રી શરત્કુમાર મિત્રે મોકલી હતી. પહેલી ટુકડીમાં બે શીખ કુસ્તીબાજો બૂટાસિંગ અને ગંગાસિંગ, તથા બીજી ટુકડીમાં ગામા, તેનો ભાઈ ઇમામબક્ષ અને અહમદબક્ષ હતા. પરંતુ ગામાની સાડા પાંચ ફૂટની ઊંચાઇને અધૂરી ગણીને તેને કૂસ્તીબાજી-ચૅમ્પિયનશિપ માટે 'જ્હૉન બુલ'ના તંત્રચાલકો દ્વારા અયોગ્ય ઠરાવવામાં આવ્યો.

આથી ગામા પહેલાં તો નિરાશ થયો, પરંતુ પોતાની તાકાત અને કુનેહના વિશ્વાસપૂર્વક તે 'લંડન થિયેટર'માં અઠવાડિયાના ૨૫૦ પાઉંડના પગારથી રહ્યો અને પછી તેણે એક જાહેર પડકાર ફેંકયો. આ પડકારની શરતો સંગીન હતી: પાંચ મિનિટમાં જે કોઈ પણ કુસ્તીબાજ મારે હાથે ચીત નહિ થાય તેને હું ૫ પાઉંડ ઇનામ આપીશ! પહેલે દિવસે ત્રણ કુસ્તીબાજોએ એનો પડકાર ઝીલ્યો, પરંતુ તેમાંનો દરેક પાંચ મિનિટમાં હારી ગયો. બીજે દિવસે આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવતા ડઝનેક કુસ્તીબાજો તેની સામે ખડા થયા, પરંતુ તેમાંનો દરેકે-દરેક એક કે બે મિનિટોમાં ભૂમિસાત્ થઇ પડયો. હવે ગામાને પ્રકાશમાં આવતાં વાર લાગી નહિ. પરિણામે આ અપરાજિત મલ્લવીરને જાગતિક ચૅમ્પિયનશિપ માટેની હરીફાઇમાં ભાગ લેવા દેવાની 'જ્હૉન બુલ'ના યોજકોને પછી તો ફરજ પડી!

ચૅમ્પિયનશિપ કમિટીએ ગામાનું અને પશ્ચિમના કુસ્તીબાજોના શિરતાજ ગણાતા ગૅલિશિયન સ્ટૅનિસ્લો ઝિબિસ્કોનું દંગલ શેપર્ડના બુશ સ્ટૅડિયમ પર યોજ્યું. ત્યારે ગામાનું વજન ૧૪ સ્ટોન (૧ સ્ટોન બરાબર ૧૪ પાઉંડ)થી ઝાઝેરું—પણ ઝિબિસ્કો કરતાં ૩ સ્ટોન અને ૧૨ રતલ ઓછું-હતું. આથી દંગલમાં તે એક રાક્ષસ આગળ વામનજી જેવો લાગતો. ઝિબિસ્કો તો રશિયન કુસ્તીબાજ હૅકેન્શ્મિટને હરાવીને 'જગત ચૅમ્પિયન' તરીકેનું બિરુદ કયારનો યે મેળવી ચૂકયો હતો.

૧૯૧૦ની ૧૨મી સપ્ટેમ્બરને શનિવારના રોજ ત્રણ કલાકો સુધી તેઓ બંને લડતા રહ્યા. ગામાએ ઝિબિસ્કોને જમીન ઉપર નાખી દીધો, જ્યાંથી પછી અઢી કલાક સુધી એ ઊભો જ થયો નહિ. એમના દંગલનું વર્ણન આપતાં 'લંડન ટાઇમ્સ' લખે છે: 'ઝિબિસ્કો જોકે સંપૂર્ણ સુસંહત કાયાવાળો અને હર્ક્યૂલસશાઇ તાકાતની પ્રતિમૂર્તિ જેવો હતો, તે છતાં પહેલેથી આખર સુધી લગભગ નિષ્ક્રિય સામનાની નીતિને જ વળગી રહ્યો. ત્રણ લાંબા કલાકો સુધી તે ઊંધું ઘાલીને લંબાઇને પથરાએલો પડયો રહ્યો, અને માત્ર તાકાતને જોરે તેના ઉદ્યુક્ત પ્રતિસ્પર્ધી (ગામા)ના પેચોને નિષ્ફળ કરતો રહ્યો. અને વચ્ચે ત્રણેક વાર તેણે ઊભા થઇને હલ્લાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો (ત્યારે એ ખુલ્લી રમતમાંની હિંદીની વિશાળ સર્વોપરિતા સ્પષ્ટપણે જણાઇ આવતી હતી) અને પાછો પોત.ની મૂળ સ્થિતિ પર આવી ગયો હતો...આ કૈં કુસ્તી ન હતી!...અને ગામાએ જ્યારે તેની આ દશામાં તેની પીઠ પર પલાંગીને તેનો ઉપહાસ કરતાં ઠપકર્યો ત્યારે પ્રેક્ષકો ઝિબિસ્કોનો હુરિયો બોલાવીને પોતાની નારાજી બતાવવામાં જરાય ઊણા ન રહ્યા.'

ગામા કરતાં ઝિબિસ્કો ભારે શરીરવાળો હોવાથી ગામા એને ચીત ન કરી શકયો, એટલે કુસ્તીનું પરિણામ નિશ્ચિત ન થયું ને બીજે શનિવારે ફરીથી કુસ્તી કરવાનું નક્કી થયું. પણ ઝિબિસ્કોએ તો બીજે જ દિવસે ઇંગ્લંડ છોડયું. આથી જગત-ચૅમ્પિયનશિપ ગામાને મળી. તેમાં તેને પંદર હજાર રૂપિયા ને ચૅમ્પિયનશિપના પ્રતીક રૂપે સુવર્ણખચિત વીરમેખલા મળી. 'રુસ્તમે હિંદ' ગામાને હવે 'રુસ્તમે ઝમાં'નું બિરુદ મળ્યું.

લંડનમાં ગામા, એ અગાઉ ત્રણ વાર વિશ્વ-ચૅમ્પિયન બનેલા અમેરિકન કુસ્તીબાજ બેન્જામિન રોલર સાથે કુસ્તીમાં ઊતરેલો, અને તેને એણે સાતેક મિનિટમાં હરાવી દીધેલો, જ્યારે યુરોપના ચૅમ્પિયન ગણાતા જ્હૉન લેમને ગ.માના ભાઈ ઇમામબક્ષે બાર મિનિટમાં હરાવેલો. વિશ્વ-ચૅમ્પિયનશિપ માટેના આ સમરાંગણમાં પશ્ચિમનું નાક

રાખવા ખાતર ગામા સામે બાથ ભીડવા રશિયન કુસ્તીબાજ હૅકેન્‌શ્મિટને ગોરાઓએ ખૂબ સમજાવેલો ને પૈસા વગેરેની ભારે લાલચો પણ આપી હતી. પરંતુ એ કશાની તેના ઉપર અસર થઈ નહિ. તેણે અગમચેતી વાપરીને બીજે જ દિવસે સ્વિટ્ઝર્લૅન્ડ તરફ ચાલતી પકડી.

પતિયાળા પાછા ફરીને ગામાએ તેની જિંદગીનો મોટો ભાગ તે શહેરમાં જ વિતાવ્યો હતો. પણ એ દરમ્યાન દેશવિદેશના કોડીબંધ ખ્યાતનામ કુસ્તીબાજોને હરાવીને તે સમુચિત માન-અકરામ મેળવતો જ રહ્યો. આ ગાળામાં ગામા અને તેનો ભાઇ ઇમામબક્ષ હિંદમાં તેમજ હિંદ બહાર અગ્રણી મલ્લવીર તરીકે સુપ્રસિદ્ધ બની ચૂક્યા હતા.

ગુલામના અતિપ્રિય શિષ્ય રહીમને ગામાએ મુર્શિદાબાદમાં, ૧૯૧૦ના અરસામાં હરાવેલો. રહીમ ઘણો બાહોશ કુસ્તીબાજ હતો. રજ્જબ, કાદિરબક્ષ, પંડિત બિદો, ગોરા પર્તાબા, ચમન કસાઇ વગેરેને હરાવવાનું માન તેને મળ્યું હતું. ગૂંગાને યે તેણે હરાવ્યો હતો. કોઈક જાતનો લાલ પાઉડર શરીરે લગાવીને તે ગામા સાથે દંગલમાં ઊતરેલો. ગામાના હલ્લાઓને તેણે બેત્રણવાર યુક્તિપૂર્વક ખાળ્યા, પરંતુ લાંબી વારે તે ગામાને હાથે ચીત થઈ ગયો હતો. લંડનથી પાછા ફર્યા બાદ રહીમ ઉપરાંત ચંદાસિંહ અને હસનબક્ષને પણ તેણે હાર આપેલી.

૧૯૧૬માં ગામાએ કીકડસિંહ પછીના તરતના મહાન હિંદુ કુસ્તીબાજ પંડિત બિદોને, તેના વતન ગુજરાનવાલામાં આઠ મિનિટના ટૂંકા સમયમાં હરાવી દીધો. બિદો માટે ગામાએ સામનો કરવાની એકે તક જ રહેવા દીધી નહોતી. એ પછી તો ગામાનું નામ એક સમર્થ કુસ્તીબાજ તરીકે જ નહિ પરંતુ કુસ્તીબાજીની કળાના સજીવ આદર્શ તરીકે દેશવિદેશમાં પ્રતિષ્ઠિત બની ગયું હતું.

એ પછી ફરીથી એક વાર ઝિબિસ્કો ગામા સાથે કુસ્તીજંગમાં ઊતરવા હિંદ આવેલો. આજથી ૩૨ વર્ષો પહેલાં, 'કુમાર'ના ૫૨મા અંકમાં શ્રી હરિનારાયણ આચાર્યની અધિકૃત અને ઓજ:સબલ કલમે લખાએલું તેનું તો આખું યે વર્ણન વાંચવા જેવું છે:

'ઝિબિસ્કો! યુરોપ અને અમેરિકાનો અદ્વિતીય કુસ્તીબાજ! એનો અઢી સેકન્ડમાં પરાજય!' વર્તમાનપત્રોના આ શિરોલેખને વાંચી દુનિયા હેબકાઇ ગઇ છે. એ અપૂર્વ બનાવથી ક્રીડાપ્રિય જનતા આશ્ચર્યમુગ્ધ બની છે. પોતાનાથી અર્ધી વયના, અત્યંત કુશળ ને બલિષ્ઠ પહેલવાનોનો ક્ષણમાં પરાજય કરનાર, વૃદ્ધ મનાતી અવસ્થામાં પણ અદ્ભુત ચપળતા અને રાક્ષસી શક્તિથી સંપન્ન ઝિબિસ્કોનો પરાજય! અને તે પણ 'અસંસ્કૃત' હિંદીને હાથે! યુરોપીય ગૌરાંગ જનતાનું હૃદય આ વસ્તુસ્થિતિ કલ્પી પણ શકતું નથી. પણ–પણ પરાજિત ઝિબિસ્કોને એ વિષે રજ પણ સંદેહ નથી. ભારતવર્ષ જેને 'રુસ્તમે હિંદ' કહે છે, તે ગામાને હાથે તા. ૨૯મી જાન્યુઆરી ૧૯૨૮ને રવિવારે સાંજે સાડા ચાર વાગ્યે પતિયાળામાં પોલંડના વિશ્વવિખ્યાત સ્ટૅનિસ્લો ઝિબિસ્કોનો અસંદિગ્ધ પરાજય થયો. પિસ્તાળીસ હજાર માણસોએ વિશ્વના આધુનિક ઇતિહાસમાંનો અદ્વિતીય સંગ્રામ જોયો. યુરોપ અને આર્યાવર્તની શરીરશક્તિ અને બુદ્ધિમત્તાના તારતમ્યની પરીક્ષા થઈ. અને, શું થયું–કેમ થયું એનો વિચાર પણ થાય તે પહેલાં, ઠિંગુજી દેખાતા ગામાએ મહાકાય ઝિબિસ્કોને ચીત કરી ભારતવર્ષની મલ્લવિદ્યાની યૌવનશ્રીનું સૌભાગ્ય સાચવ્યું. સત્તર વર્ષ ઉપર ઇંગ્લંડના લંડન-સ્ટૅડિયમ થિયેટર પર વાવેલા બીજનો અંતિમ પરિપાક થયો.'

એ જ લેખમાં આગળ, ગામાની શક્તિ, પ્રતિભા અને વ્યક્તિત્વનો ખયાલ આપતાં તેઓ કહે છે: 'અત્યારે ભારતવર્ષમાં જે થોડાક મહારથીઓનું સામર્થ્ય નિર્વિવાદ વખણાય છે તેમાં મોખરે ગામા છે. વંશપરંપરાથી કુસ્તીનો વારસો ભોગવનાર ગામાએ યુવાનીમાં ખૂબ યશ


અંતિમ દિવસોમાં

મેળવ્યો છે. નવ મણ વજન ધરાવતા સમર્થ પહેલવાન કીકડસિંહને હરાવનાર માત્ર બે જ પહેલવાન નીકળ્યા હતા: પંજાબકેસરી ગુલામ ને આ ગામા. યુરોપ–અમેરિકાનું ભ્રમણ કર્યા પછી ગામા હિંદુસ્તાનમાં જ છે. લાહોરમાં એની કુલ-પ્રતિષ્ઠાનો અખાડો હોવા છતાં, હમણાં પતિયાળા-નરેશને આશ્રયે રહે છે. સૌમ્ય સ્વભાવ, શાંત પ્રકૃતિ અને મિલનસારપણાથી કુસ્તીપ્રિય પ્રજામાં એ ખૂબ માન પામે છે. કોઈ પણ પ્રકારની વિદ્યાચોરી કરતો ન હોવાથી એની પાસે ઘણા યે નવજુવાન શીખવા જાય છે. સુજનતામાં એની સાથે મૂકી શકાય એવો પહેલવાન તો ગુલામ આલિયા જ. ગામાનું બૌદ્ધિક ધન પણ ભારે છે. આ દેશની મલ્લવિદ્યાના મુખ્ય દાવ ૩૬૦, ને બંદી તોડ વગેરે મળી કુલ ૧૩,૦૦૦ યુક્તિપ્રક્તિઓની સંખ્યા પરંપરાથી મનાતી આવી છે. આ બધા યે દાવપેચ જાણનાર કુસ્તીબાજ વિરલ હોય છે. માત્ર મુખ્ય દાવો જાણી લઇ, એમાંના એકાદબે યા પાંચસાત દાવોનું પ્રભુત્વ મેળવી દ્વંદ્વ કરવાની સામાન્ય પ્રથા હોય છે. યુરોપ–અમેરિકામાં પહેલવાનો માત્ર એક જ દાવમાં સિદ્ધહસ્ત હોય છે. બાકીના દાવો બચવાની ખાતર રાખે છે. ગોરી પ્રજાનું દાવનું ભંડોળ આપણી સરખામણીમાં બિલકુલ નહિ જેવું છે. જે દાવ જેને સિદ્ધ હોય તે દાવના નામથી જ તે પહેલવાન ઓળખાય છે.

આપણા દેશમાં પણ આવી જ પ્રસિદ્ધિ કેટલાક પહેલવાનો કમાયા છે. ગામા 'નમાજબંધ' નામના દાવનો સ્વામી ગણાય છે. પરંતુ એ દાવ અત્યંત ચપળતાથી અને બળપૂર્વક લેવાનો હોવાથી ઘણી વાર પ્રતિદ્વંદ્વીનો હાથ કોણીમાંથી ભાંગી જતો હોઈ, કુસ્તીમાં લેવા દેવામાં આવતો નથી. છતાં દાવની પોતાની વિવિધતા અને સ્ફૂર્તિને લીધે ગામા પોતાના એ પ્રિય દાવ વિના પણ જીતી જાય છે. ગામાની સાથે મૂકી શકાય એવા પહેલવાનો તો અત્યારે માત્ર ત્રણ જ છે. એનો નાનો ભાઇ ઇમામબક્ષ, ગૂંગા અને ગામા કલ્લુ.'

ઉપર વર્ણવાઇ ગઈ એ તો ૧૯૨૮ની ૨૯મી જાન્યુઆરીની વાત થઇ. ત્યારે ગામાને હાથે અઢી સેકન્ડમાં હાર પામીને ઝિબિસ્કો યે બોલી ઊઠેલો, 'એ તો વીજળી જેવો છે!' પરંતુ દશકાઓ પહેલાંના એ દંગલની યાદ ઝિબિસ્કોના મનમાં આજે પણ એટલી જ તાજી છે. તેણે ગયે વર્ષે કરાચીમાં રહેતા પોતાના એક મિત્રને લખેલું: 'જેમની જેમની સાથે હું કુસ્તીમાં ઊતર્યો છું એવા કૈં હજ્જારો કુસ્તીબાજોમાંથી ગામા સમી સર્વોપરિ તાકાત અને કુનેહથી આટલી સહજરીતે મારી સાથે કોઇએ;



કુસ્તીબાજોનું ખાનદાન: ગામાની જમણી તરફ તેનો ભાઈ ઇમામબક્ષ અને ડાબી તરફ તેના ભત્રીજા ભોલુ તથા અસ્લમ બેઠા છે

કામ પાડ્યું નથી. વર્ષો પછી મારી વૃદ્ધાવસ્થામાં પણ તેણે કેટલી સહજરીતે મને હરાવી દીધો એનો જ ક્યાસ કાઢવાની મેં વારંવાર કોશિશો કર્યા કરી છે.' ગામાની પ્રતિભાને અત્યંત નિખાલસ અને ખેલદિલ અંજલિ આપતાં ઝિબિસ્કો છેવટે કહે છે: 'ગામા જેવો મહામોટો કુસ્તીબાજ પૃથ્વીના પડ પર થયો નથી અને થવાનો નથી.'

પતિયાળાના સ્વ. મહારાજા લંડનમાં હતા ત્યારે તેમને જીસ પીટર્સન નામનો, પોતાને 'ચૅમ્પિયનનો ચૅમ્પિયન' ગણાવતો–પણ વસ્તુતઃ સામાન્ય કક્ષાનો–સ્વીડિશ કુસ્તીબાજ મળ્યો હતો, અને તેમની પાસે એણે ગામા સાથે યુદ્ધ કરવાની પોતાની ઇચ્છા દર્શાવેલી. મહારાજાએ તે સ્વીકારી. દ્વંદ્વ વેળા પીટર્સને શરીરે વૅસેલાઈન ચોપડ્યું હતું. દ્વંદ્વના સ્થાન પર હાજર થયો ત્યાં પણ તેણે શરીર ઉપર કોઇ ચીકટ પદાર્થના બે વધુ લોટા ઢોળ્યા. દ્વંદ્વ શરૂ થતાં, ગામા પીટર્સનના શરીરને, તે પર ચોપડેલા વૅસેલાઈનને કારણે પકડમાં લઇ શકતો નહિ. આથી તેણે તેના ઘૂંટણ પર ધૂળની ચપટી નાખી ને પછી તરત લીલયા ૧ મિનિટ ને ૪૨ સેકન્ડમાં ચીત કરી દીધો! આ હતું ગામાનું છેલ્લું જાહેર દ્વંદ્વ યુદ્ધ.

પોતાના ભાઈ ઇમામબક્ષને ખાતર ગામાએ પોતાનું હિંદી બિરુદ ઈ. ૧૯૧૮માં કોલ્હાપુર ખાતે છોડેલું. ૧૯૧૬ પછીનો તેનો સઘળો સમય ખાસ કરીને શિષ્યોને તાલીમ આપવામાં વીત્યો હતો. ગામાએ પોતાની આખી કારકિર્દી દરમ્યાન બહુ ઓછાં દંગલોમાં ભાગ લીધો હતો, પરંતુ એ પ્રત્યેક દંગલ તેની કીર્તિદા બનવા નિર્માએલું હતું.

રહીમ અને ઝિબિસ્કો સિવાય બીજા બધાને ગામાએ દસ મિનિટની અંદર જ ચીત કરી દીધેલા. ગામાનો હલ્લો પ્રથમથી જ તીવ્ર અને જબરો રહેતો. પ્રતિસ્પર્ધીને ચીલઝડપે ચીત કરી દેવામાં જ તે પોતાનું સઘળું કૌશલ ખર્ચતો. ૧૯૧૬ સુધી, એના જેટલા ટૂંકા સમયમાં પ્રતિસ્પર્ધીને ચીત કરી દેનાર કોઈ પહેલવાન જાણવામાં આવ્યો નથી.

પોતાની સિદ્ધિના રહસ્ય તરીકે ગામા ત્રણ બાબતોને ગણાવે છે: પહેલી તો શારીરિક તાકાત; બીજી, જુદાજુદા દાવ અને પેચમાં અજમાવાતી કુનેહ ને ચપળતા; અને ત્રીજી, હિંમત ને વિશ્વાસ.

કુસ્તીબાજના આહારવિહાર બાબત ગામાને પર્યાપ્ત સમજણ ને જ્ઞાન હતાં. ૨૧ થી ૨૫ વર્ષ વચ્ચેના કુસ્તીબાજનો રોજિંદો ખોરાક તેના કહેવા પ્રમાણે આટલો હોવો જોઇએ: ૪૦ રતલ દૂધ, દોઢ શેર ઘી, એક શેર તાજું માખણ, બશેર બદામ, ૨૫ રતલ મટનનો સૂપ, ઉપરાંત ૧૦ થી ૧૨ રતલ તાજાં ફળ, મલાઈ, દહીં અને મીઠાઈ. ઘઉંની રોટલી, ચોખા, મરઘી અને ઇંડાં કુસ્તીબાજની તબિયત માટે સારાં ગણાતાં નથી, કેમકે તેનાથી માત્ર પેટ ભરાય છે; અને મરઘી ને ઇંડાં ઉષ્ણકટિબંધમાં માફક આવતાં નથી. આટલો ખોરાક પચાવવા માટે કુસ્તીબાજે ભારે શરીરશ્રમ કરવો જ રહ્યો.

આજે ગામાની કુસ્તીબાજીની કળા એ ભૂતકાળની એક સ્મરણકથા બની ગઈ છે; પરંતુ, સદ્ભાગ્યે તે પોતાની પાછળ એક યોગ્ય વારસ પણ મૂકતો ગયો છે. એ છે તેના પહેલવાન ભાઇ ઇમામબક્ષનો પુત્ર ભોલુ (ખરું નામ મનસૂર હુસેન). તેનું લગ્ન ગામાની પુત્રી સાથે થયું છે. એ ભોલુને ગામાએ પોતાની સર્વ પ્રકારની કળાઓનું પ્રત્યક્ષ શિક્ષણ આપ્યું છે. ૧૯૪૯ની ૧૭મી એપ્રિલે કરાચીમાં ભરાએલા પહેલા 'શાહી દંગલ'માં ભોલુએ મશહૂર રહીમ પહેલવાનના શિષ્ય યુનૂસને ગણતરીની મિનિટોમાં હરાવી દીધો હતો. એટલે એ દંગલની ચૅમ્પિયનશિપની ગદા અને પાકિસ્તાનના પહેલા ચૅમ્પિયન કુસ્તીબાજ તરીકેનો 'રુસ્તમે પાકિસ્તાન'નો ઇલકાબ તેને અપાયો હતો. હાલ તો જગત–ચૅમ્પિયનશિપ માટેનાં કે બીજાં ધંધાદારી દંગલો યોજાવાં બંધ થયાં છે, છતાં ભોલુએ જગતભરના કુસ્તીબાજોને પોતાની સાથે કુસ્તી ખેલવા માટે ખુલ્લો પડકાર ફેંક્યો છે, પણ હજી સુધી કોઇએ તે ઝીલ્યો નથી. તેના ભાઇઓ અચ્છા (અસ્લમ) અને અકરામ પણ પરંપરાગત અને મુક્ત બંને પ્રકારના કુસ્તીના દાવપેચોમાં નિષ્ણાત છે. છેલ્લેછેલ્લે તેઓ બંને મલાયા અને દૂર પૂર્વને પ્રવાસે જઇને કીર્તિ મેળવી આવ્યા છે.

ગામાને પહેલી વારની પત્નીથી પાંચ પુત્રો થયા હતા, પરંતુ પાંચે નાની વયમાં અવસાન પામેલા. બીજી પત્નીથી તેને ચાર પુત્રીઓ છે.

રાવી નદીને કાંઠે, લાહોરથી થોડા માઈલ દૂર, નાના સરખા પોતાના મકાનમાં દમ, સંધિવા અને મૂત્રપિંડના દરદથી પીડાતો અને આર્થિક ચિંતાઓમાં ડૂબેલો તે માંદગીને બિછાને પડ્યો હતો. ત્યાંથી પછી તેને લાહોર હૉસ્પિટલમાં દાખલ કરવામાં આવેલો, જ્યાં હૃદયરોગના હુમલાને કારણે ગયા માસની ૨૩મી તારીખે તેનું અવસાન થયું. આખરી અવસ્થામાં તેનું શરીર એટલું તો નંખાઇ ગયું હતું કે શરીર પર બેઠેલી માંખને પણ તે ઉડાડી ન શકે!

ગામાની શારીરિક પ્રતિભા, શક્તિ અને કારકિર્દીની ફલશ્રુતિ શી? વસ્તુતઃ ક્ષીણવીર્યતા એ કોઇ પણ રાષ્ટ્રની પ્રજાનો પ્રથમ અને અક્ષમ્ય અપરાધ ગણાય છે, એ સમજાવવાની જરૂર ન હોય.

('ઇલસ્ટ્રેટેડ વીકલી' તથા બીજાં સાધનો ઉપરથી સંપાદિત)

ગુજરાત સાહિત્ય સભા તરફની વાર્ષિક વાઙ્મયસમીક્ષા

અમદાવાદની ગુજરાત સાહિત્ય સભા તરફથી કરવામાં આવતી વર્ષોવર્ષનાં લલિત તેમજ લલિતેતર વાઙ્મયોનાં પ્રકાશનોની સમીક્ષાનું કામ ૧૯૬૦ માટે પ્રો. તખ્તસિંહજી પરમાર (દિલખુશ, જૂનાગઢ)ને સોંપવામાં આવ્યું છે. સૌ લેખકો પ્રકાશકોને સાહિત્યસભાની વિનંતિ છે કે તેમના તરફથી પ્રકટ થતાં પ્રકાશનો પ્રસિદ્ધ થતાં ઉપરને સરનામે મોકલીને આભારી કરશે, જેથી સમીક્ષકને સમીક્ષાના કાર્યમાં સરળતા થાય.

સાચી ઓળખ

જ્યોતિષ જાની

'હું કોણ છું?' એ મોટેથી બબડયો. પ્રશ્ન જાણે અદ્ધર જ ઝિલાઈ રહ્યો, અને સ્થિર હવામાં ધીરે રહીને ઓગળી ગયો. એ ગૂંચવાઇ ગયો.

'હું મૂગો તો નથી જ.' એણે વિચાર્યું. પણ ભૂતકાળ ઉપર સંપૂર્ણ પડદો તો પડી જ ગયો હતો. એ યાદશક્તિ ખોઈ બેઠો હતો.

મોં ઉપર એણે હાથ ફેરવ્યો: તાજી હજામત કરાવેલો સફાચટ ચહેરો હતો. બસ એટલું જ માત્ર. એ કશુંક બોલવા માગતો હતો પણ શબ્દોના કૃત્રિમ પડઘા સાંભળી એ અકળાઈ ઊઠયો હતો.

દાદરના કઠેરા પાસે એ બેઠો હતો. 'આ દાદરા ઉપરથી હું ગબડી પડયો હતો? કે કોઇએ ધક્કો માર્યો હતો?' માથું ભારેખમ હતું ને મગજની નસો ખેંચાતી હતી. કઠેરા ઉપર એક કાગડો બેઠો ને 'કા' 'કા' કરતો રહ્યો. આ કર્કશ અવાજ પણ એને નવો લાગતો હતો.'


બેઠો હતો ત્યાંથી યંત્રવત્ એ ઊભો થઈ ગયો. કઠેરા ઉપર બેઠેલો કાગડો ઊડી ગયો. એને હસવું આવી ગયું–અર્થહીન કઠોર હાસ્ય. એણે પોતાના આખા શરીર ઉપર નજર નાખી. પાટલૂન મેલું હતું. ધીરે લથડતે પગલે દાદરો ઊતરી તે બહાર નીકળ્યો. ભીનો ઠંડો પવન ફૂંકવો શરૂ થયો હતો. ચકલીઓનો ચીં ચીં અવાજ એના કાન ઉપર અથડાયો. ચારપાંચ ગાય એની નજર આગળથી પસાર થઈ ગઈ. થોડે દૂર એક કૂતરી એનાં નાનાં ગલૂડિયાં સાથે ગેલ કરતી હતી. પણ આ બધું જ એને માટે નવું હતું. કોઈ નવી જ ધરતીને જાણે એ નિહાળતો હતો.

'પણ હું છું કોણ?' આ અગત્યનો સવાલ એને મૂંઝવી રહ્યો, અકળાવી રહ્યો. મગજમાં આ સવાલની ફરતાં વિચાર-વર્તુળો રચાઇને મધ્યબિંદુમાં સમાઇ ગયાં. મધ્યબિંદુ સમા આ પ્રશ્ન સિવાય બીજી કોઈ વસ્તુ ઉપર મનને લગાડવું તેને માટે અશકય થઇ પડયું હતું.

પ્રયત્નપૂર્વક દૂર નિહાળતી નજરને ખેંચી એણે પોતે પહેરેલા બૂટ તરફ ઠેરવી. જૂના ને કાળા એ બૂટ વાંકાંચૂકા ને ફાટી જવાની અણી ઉપર હતા. હા, આ બૂટ તો પોતાના પરિચિત હોવા જોઇએ, કારણ કે એ પોતાના પગમાં જ હતા. એણે પોતાનાં ગજવાંમાં હાથ નાખ્યો. એક અરધી પેન્સિલ મળી આવી, થોડી સિગારેટો નીકળી; ચીમળાઈ ગએલું સાંજનું અખબાર, બેત્રણ રૂપિયાની નોટો ને થોડું પરચૂરણ પણ એમાંથી મળ્યું. આ બધી જ વસ્તુઓ એના તાબાની જ હતી, અને છતાં એનો યે કશો સંબંધ એ બેસાડી શકયો નહિ.

થોડો પરસેવો વળી ગયો. પહેરેલો કોટ કાઢી નાખ્યો. કમનસીબે કોટ સીવનાર દરજીના નામની ટીકડી પણ તે ઉપર નહોતી; તેમ કોઇ લૉન્ડ્રીની કશી નિશાની પણ નહોતી.

યંત્રવત્ ચાલતો ચાલતો એ પોલીસ-ચોકીની પાસે આવેલા નાના બાગના એક બાંકડા ઉપર બેસી ગયો. પેલું ચીમળાઈ ગએલું અખબાર કાઢી આંખો માંડી. ઑગસ્ટ મહિનાની પંદરમી તારીખનું એ છાપું હતું. સ્વાતંત્ર્યદિન નિમિત્તે દેશના નેતાઓના સંદેશા હતા. એક વ્યાપારીના પરદેશગમનના સમાચાર નજરે પડયા. ઇરૉસ થીએટરમાં શુક્રવારથી શરૂ થતા નવા ચલચિત્રની જાહેરાત હતી. એક યુવાન પોતાની સ્ત્રીનું ખૂન કરી ભાગી ગયો હતો તેની પોલીસ તપાસ ચાલુ હતી. બાજુની જ કૉલમમાં એક યુવાન ફલાકંને એના કાકાની બધી પૂંજી ને માલમિલકત મળ્યાના સમાચાર હતા. શેરોના ભાવમાં ઉછાળો આવ્યો હતો. વિનુ માંકડે નોંધાવેલી બે સદીની ખબર પણ હતી.



આ બધી જ વાતો સાથે એને કશોક સંબંધ લાગ્યો. આ અખબાર ઘણું અગત્યનું છે એવી પ્રતીતિ થઈ. પેલી સિગારેટો, પેન્સિલ અને પૈસાની જેમ આ અખબારને પણ એના જીવન સાથે, એના અસ્તિત્વ સાથે સંબંધ હોવો જોઈએ એમ લાગ્યું. પણ એ સંબંધને જોડતી કડી કેમે કરી એને સ્મરણમાં હાથ લાગતી ન હતી. યાદશક્તિને ફરીફરી કસી જોઈ, પણ વ્યર્થ. તો પછી આ વસ્તુઓની પ્રતીતિ શાથી થઈ? એનું કારણ એને મળ્યું નહિ; પણ એટલી શ્રદ્ધા બેઠી કે કદાચ કદીક પોતાના ભૂતકાળનો પડદો ચિરાશે, ખોવાએલી ક્ષણોની યાદ તાજી થશે. એથી ફરી ત્રણ-ચાર વખત એણે અખબાર વાંચી કાઢયું.

પોતાની માન્યતાને એણે ફરી આકાર આપવા માંડયો. વિચાર્યું કે આ અખબારની એકાદ ખબર સાથે તો પોતાને કાંઇક સીધો સંબંધ નહિ હોય? ધીરેધીરે એની નજર વચ્ચેના પાના ઉપર સ્થિર થઈ: અચેત માનસમાંથી ઉત્પન્ન થએલી કોઈ યાદને લીધે–કે પછી કોઈ માન્યતાને કારણે હોય–દિવસ દરમિયાન ખેતરમાં ખૂણો શોધવા ભટકતા ઘુવડની જેમ એની આંખો ઉપરનીચે ફરી વળી. આમાંની બે કૉલમો એવી હતી જે કદાચ પોતાના ભૂતકાળને ઉકેલી શકે. એક તો કોઈ યુવાને એની પત્નીના કરેલા ખૂનની વિગતવાળી હતી. ગુનેગારે ખૂબ ચાલાકી ને દૂરંદેશી વાપરી ખૂન કર્યું હતું. ખૂની ભાગી ગયો હતો. પત્તો મેળવનારને ઇનામ્ મળશે એવી મતલબની જાહેરાત હતી. ખૂનીનો નાનકડો ફોટો આપ્યો હતો. ફોટો ઉપરથી જણાતું હતું કે ખૂનીએ ઝીણી અણિયાળી મૂછો રાખી હતી. નાક લાંબું ને વાળ ભૂખરા હતા. ઉમર ત્રીસની આસપાસ ને ઊંચાઈ ૫ ફીટ ૯ ઈંચની હતી. કપડાં કયાં પહેર્યાં હશે એ કળાતું નહોતું.

એણે પોતાના મોં ઉપર હાથ ફેરવ્યો. મૂછો તો નહોતી. નાક ભાગ્યે જ લાંબું કહી શકાય. પણ વાળ જો કદાચ ભૂખરા હોય તો મેળ બેસે. એણે પોતાના વાળ ખેંચી આંખ આગળ લાવવા પ્રયત્ન કર્યો, પણ એ ટૂંકા હતા. 'અરીસો હોત તો સારું થાત' એણે વિચાર્યું.

હવે એણે બીજી કૉલમ વાંચી. એમાં બીજા એક યુવાનનો ફોટો

હતો. એને એના કાકાની બધી માલમિલકત ને પૂંજી પ્રાપ્ત થઈ હતી. કાકાનું મૃત્યુ અચાનક થયું ત્યારે પેલો યુવાન રજા ગાળવા બહારગામ ગયો હતો. ક્યાં ગયો હતો તેની કોઈને જાણ નહોતી. એની ઉમર અઠ્ઠાવીસેકની જણાવી હતી. વાળ કાળા હતા, મૂછો નહોતી.

એ ફોટો સામું જોતાં એનું હૃદય જોરથી ધડકવા માંડયું: 'જો આ હું જ હોઉં તો તો ખરો નસીબદાર!' એટલું ફફડતાં પણ એનો અવાજ ધ્રૂજતો હતો. એને લાગ્યું કે એને પોતાની સાચી ઓળખ મળી ગઈ છે. પોતાની આ માન્યતા ઉપર એને શ્રદ્ધા બેઠી.

બાગના બાંકડા ઉપરથી એ ઊભો થઈ ગયો. સહેજ નિરાંતનો શ્વાસ લીધો. બાગની બહાર નીકળ્યો ત્યાં એક સુંદર બંગલો 'પ્રેમ-કુટીર' નજરે પડયો. બંગલાની બાજુમાં એક ફિયાટ કાર ઊભી હતી.

કાકાની પૂંજી યાદ આવી ગઇ. 'આવા જ બંગલામાં હું રહીશ ને નાની સુંદર કાર લઇશ' બબડતો એ આનંદથી આછું મલકયો. આજુ-બાજુનું વાતાવરણ પણ એને ઉલ્લાસમય લાગ્યું. એને થયું, આ આનંદમાં કોઈ ભાગ પડાવે તો સારું. પોતાના અનુભવની, નવી પ્રતીતિની આ અદ્‌ભુત વાત કોઇને કહેવાની અદમ્ય ઇચ્છા એને થઇ આવી. પોતાની આ ધારણાને કોઇ દૃઢ કરે, આ પ્રતીતિને કોઇ માન્ય રાખે એ માટે એ જાણે અધીરો બની ગયો.

પેલું અખબાર એના ગજવામાં જ પડયું હતું. એ અખબાર ખોવાએલી, ભુલાએલી ક્ષણોનો એક પૂલ બાંધી આપતું હતું. પોતાના મગજની શૂન્યતાને તેણે આ નવી પ્રતીતિથી હઠાવી દીધી હતી.

મોજથી એણે આગળ ચાલવા માંડયુ. એકાએક સડસડાટ જતી એક સ્કૂટર એની પાસે અટકી ને ઊભી રહી. એની ઉપર બેઠેલા માણસે એની સામે ધારીધારીને જોયું હોય એમ એને લાગ્યું. સ્કૂટર પરથી ઊતરી, થોડુંક વિચિત્ર મલકી, પેલો માણસ એની પાસે આવ્યો.

'આ રસ્તો કયાં જાય છે, જણાવશો?' એણે પેલા માણસને પૂછયું.

'જુહૂ તરફ' પેલાએ પાસે આવી એને નખશિખ જોતાં કહ્યું.

'આભાર.' વધુ વાત કરવાની ઈચ્છા હોવા છતાં એને શબ્દો ન જડયા. આખરે એણે પૂછયું: 'વાતાવરણમાં જરા ઉકળાટ છે, નહિ?'

'હં...હા—હા.' કહેતાં પેલો સ્કૂટર ઉપર બેસી ચાલ્યો ગયો.

જુહૂને રસ્તે એ આગળ ચાલવા માંડયો. પેલો માણસ પોતાને ધારીધારીને કેમ જોતો હતો એનું એને આશ્ચર્ય થયું. ચાલતાંચાલતાં જુહૂના કિનારે એ આવી પહોંચ્યો. અંધારું થવાની તૈયારી હતી. સૂર્ય ક્ષિતિજમાં ઝડપથી ડૂબતો જતો હતો. ઉકળાટ હજુ શમ્યો નહોતો.

વાસ્તવિકતા સાથે એનો સંબંધ બાંધી આપતું અખબાર હજી પોતાના ગજવામાં જ છે એની એણે ખાતરી કરી જોઇ. હવે શંકાનું સ્થાન ઇચ્છાએ લીધું હતું. અને આ બધી આશાઓએ, મીઠાં સ્વપ્નાંઓએ એની માન્યતાને હવે નક્કર રૂપ આપવા માંડયું.

સામે લહરાતા સમુદ્રનાં મોજાંને જોઇ એનું હૈયું પ્રફુલ્લિત બની ગયું. એને લાગ્યું કે ભૂખ લાગી છે: અને યંત્રવત્ એના પગ જુહૂ-કિનારે આવેલી હોટેલમાં એને લઇ ગયા. એ હોટેલની બહાર કેટલાક માણસો જોરશોરથી વાતો કરતા હતા. આ અવાજોથી એના શરીરમાં ભયની એક ધ્રુજારી પસાર થઈ ગઈ. આમ કેમ થયું એ એને સમજાયું નહિ. એ પાછા ફરવાનું વિચારતો હતો, પણ એના પગ એને હોટેલમાં જ લઇ ગયા. અંદર જઇ એક ખુરશી ઉપર એ બેઠો. વેઇટર આવ્યો.

'વેફર ને ચ્હા.' એ બોલ્યો. એનો અવાજ આટલો કૃત્રિમ કેમ હતો?

'વેફર ને ચ્હા?' વેઇટરે હસતાંહસતાં સામું પૂછયું, ને ખૂણામાં બેઠેલી એક વ્યક્તિ તરફ આંખ મીંચકારી.

'હા, અને થોડી કેફ્સ.' વેઇટર ચાલ્યો ગયો. એણે પેલી વ્યક્તિ તરફ જોયું. થોડા સમય પહેલાં સ્કૂટર ઉપર બેસીને જતો પેલો માણસ જ ત્યાં બેઠો હતો. કશી સૂઝ ન પડવાથી એ પોતાની એક આંગળીનો નખ દાંતથી કરડવા લાગ્યો.

અચાનક પેલો છૂપો ભય ફરીથી એનામાં ઉત્પન્ન થયો. ભયની એક સખ્ત ધ્રુજારી આખા શરીરમાંથી પસાર થઇ ગઇ. કપાળ ઉપર પરસેવાનાં ટીપાં બાઝી ગયાં. આજુબાજુ જોવાની એની હિંમત ચાલી નહિ. એની આંખો ફરતાં કૂંડાળાં રચાઇ ગયાં. ફરીથી એ કશેક ડૂબતો જતો હતો. પાસે પડેલા ગ્લાસમાંથી એણે પાણી પીધું. પણ પાણીનો ઘૂંટડો ગળામાં સીસાના રસ જેમ અટકી જતો લાગ્યો. એણે પોતાની આંખો બંધ કરી દીધી. ધીરે રહીને કોઇએ એના કાંડા ઉપર હાથ મૂકયો.

'આ...હા' ભૂતકાળને વીસરી ગએલો એ માણસ ચીસ પાડી ઊઠયો. એણે ઊંચું જોયું. સામે જ અરીસો હતો.

એનું નાક લાંબું હતું ને વાળ ભૂખરા હતા! (સૂચિત)

અનુસંધાન] પોષણ [પૃ. ૨૧૪થી

આહાર (અન્ડરનરિશમેન્ટ), અપૂર્ણું આહાર (માલનરિશમેન્ટ) અને અપૂર્ણું પોષણ (માલ ન્યૂટ્રિશન).

શરીરના ઘસારા અને નભાવને જરૂરી દ્રવ્યો અપૂરતાં હોય એ ઓછો આહાર છે. એમાં શરીરનું વજન ઘટે છે, પરિણામે શક્તિ ઘટે છે, રોગ સામેની પ્રતિકારશક્તિ, સહનશક્તિ અને કાર્યક્ષમતા પણ ઘટે છે.

પોષક દ્રવ્યો ઊતરતા પ્રકારનાં હોય ત્યાં અપૂર્ણું આહારની સ્થિતિ આવી પડે છે. એમાં શક્તિદાતા તથા રક્ષણકારી દ્રવ્યોનો અભાવ હોઇને આરોગ્યનો હ્રાસ થાય છે ને રોગ સામેની પ્રતિકારશક્તિ ઘટે છે.

અપૂર્ણું પોષણ એ ઓછા કે અપૂર્ણું આહારનું જ પરિણામ છે. એની સ્થિતિનું નિદાન કરવું અઘરું છે, પણ તે વ્યક્તિની ચામડીના પોતમાં, શિરાઓના દેખાવમાં, માંસપેશીઓની દૃઢતામાં દેખાઇ તો આવે છેજ.

એટલે સંપૂર્ણ આરોગ્ય અને આખા શરીરની સફળ કામગીરી, એ પોષણનું સર્વગ્રાહી ચિત્ર છે. એમાં ઊંચાઈ, વજન, શરીરનો વર્ણ, ચામડી-ની સ્થિતિસ્થાપકતા, ચાલ, જ્ઞાનતંત્રની કામગીરી, હૃદય ફેફસાં ને પેટની માંસપેશીઓની તાકાત, આ બધું વ્યક્તિના પોષણની સ્થિતિ દર્શાવી રહે છે. ટૂંકામાં કહીએ તો સારું પોષણ એ જ સારા આરોગ્યનો પાયો છે.

શરીરનાં વૃદ્ધિ વિકાસ અને જાળવણી, શરીરની કામગીરીઓ, શરીરમાં શક્તિ અને ગરમીનું ઉત્પાદન, આરોગ્યની જાળવણી અને ચેપનો પ્રતિકાર કરવાની તથા રોગ સામે મોરચો માંડવાની તાકાત, આ સર્વ પોષણ ઉપર જ આધાર રાખે છે.

બાળપણમાં શરીરના બંધારણમાં તથા વૃદ્ધિમાં તેમજ બાળકના માનસિક વિકાસમાં પણ પોષણ અગત્યનો ભાગ ભજવે છે. બાળપણની ઊછરતી અવસ્થામાં શરીરની વિવિધ પેશીઓ બંધાતી હોવાથી બાળકો માટે સારા પોષણની મોટી જરૂરત છે. મોટેરાં કરતાં બાળકોમાં પોષણની ખામીઓ લાંબા ગાળાનું નુકસાન કરે છે.

સગર્ભાવસ્થા અને સ્તન્યપાન વખતે નબળું પોષણ એ માતા અને બાળક બંનેના આરોગ્ય માટે નુકસાનકારક નીવડે છે. નબળા પોષણ ઉપર નભતી સ્ત્રીઓમાં કસુવાવડ, અકાળે પ્રસવ, મૂઢ પ્રસવ અને ગર્ભાવસ્થામાં બાળકનું મૃત્યુ સામાન્ય હોય છે. સારું પોષણ પામતી સ્ત્રીઓને પ્રસવ વખતે ઓછી તકલીફ પડે છે.

વૃદ્ધાવસ્થામાં મંદ પડેલી પાચન અને શોષણક્રિયાઓને લીધે પોષણમાં ખામી આવી પડતી હોવાથી પોષણ ખાસ ધ્યાન માગી લે છે.

પોષણની ખામીને લીધે શરીરનાં આરોગ્ય, વૃદ્ધિ અને વિકાસ ઉપર માઠી અસરો પડે છે. રોગો થવા ઉપરાંત અકાળ વૃદ્ધત્વ આવી પડે છે. લાંબા ગાળાના અપૂર્ણું પોષણથી શારીરિક લાઘવ—નાનો બાંધો, હાડની ખામી અને બુદ્ધિમંદતા પ્રાપ્ત થાય છે. આમ, ઘડપણ સમેત જિંદગીના દરેક તબક્કામાં પોષણનું મહત્ત્વ ઘણું જ મોટું છે.

આપણાં આહાર અને આરોગ્ય વિષેની લેખમાળાનો છઠ્ઠો હપતો

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

પોષણ

આહાર પોતે પોષણ નથી; પણ અન્નના પાચનથી આહારનાં દ્રવ્યોનો જે પરિપાક થાય તે શરીરમાં શોષાય ત્યારે તે પોષણ બને છે. આમાં 'પરિપાક' (ઍસિમિલેશન) શબ્દ અગત્યનો છે. એ ક્રિયામાં આહારનાં દ્રવ્યો ચવાઇને એકરસ થઈ તથા પાચન થઇને તેનું એવું તો રૂપાંતર થાય છે કે તે આપણા શરીરનાં બંધારણ-દ્રવ્યોના જેવું જ બનીને શરીરમાં વપરાવા લાયક બને છે. આમાં ખોરાકની ચાવવાની, પચવાની, એકરસ થવાની, શોષણની, અને છેવટે કૂચાના મળોત્સર્ગની–એ સર્વ ક્રિયાઓ એકતાનતાથી થાય છે. એમાં આહારનાં દ્રવ્યોનો જે પરિપાક થાય છે એ પરિપાકથી શરીરની પેશીઓ બંધાય છે, પેશીઓના ઘસારાની મરામત થાય છે, શરીરની ક્રિયાઓનું નિયંત્રણ થાય છે, શરીરની કામગીરીઓ માટે શક્તિ મળે છે અને શરીરની ઉષ્મા જાળવવાની ગરમી પણ એમાંથી જ પેદા થાય છે. આમ, પોષણ એ 'પાયાનો શરીરવ્યાપાર' છે.

ભારતીય આહારશાસ્ત્રનો ઊગમ 'વૈદક'ની સાથે થયો છે, જ્યારે પશ્ચિમના આહારશાસ્ત્રનો 'રસાયણશાસ્ત્ર' સાથે. મહર્ષિ ચરક અને મહર્ષિ સુશ્રુતે લખેલા આયુર્વેદમાં હરેક ખાદ્ય પદાર્થમાં રહેલાં રસ, ગુણ, પ્રભાવ, વિપાક અને વીર્ય વિષે, માનવી ઉપર આહારની થતી અસરો તથા તેનાં લાભ અને હાનિ વિષે પદ્ધતિસર લખેલું છે. ભારતની પ્રજા આજે પણ આહારનું કેટલુંક પરંપરાગત જ્ઞાન મૌખિક રીતે સાચવી રહી છે. પૌષ્ટિક આહારો, શક્તિશાળી પદાર્થો, બલ્ય દ્રવ્યો, ધાવણ વધારનારાં તત્ત્વો, પ્રસૂતાનો ખોરાક, હાડકાંને મજબૂત બનાવનારો આહાર, બાળકના શરીરને પુષ્ટ બનાવનારા પદાર્થો, આવુંઆવું તો સામાન્ય પ્રજા પણ જાણે છે. આજે ભારતનો સામાન્ય માનવી પણ ઘીને 'વિષ્ણુદૈવત' માની એને આહારમાં સર્વોચ્ચ સ્થાને ગોઠવે છે; અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ વિચારતાં એમાંનું તથ્ય પણ આજે સમજાય છે. ઘી એટલે ગરમી, શક્તિ અને વિટામિન 'એ' આપનારું સંકેન્દ્રિત (કૉન્સેન્ટ્રેટ) ખાદ્ય. વેદોમાં 'ઘૃતં વૈ આયુઃ'—ઘીને જ આયુષ્ય ભાખ્યું છે, તો ચરકે તેને 'સહસ્રવીર્યમ્' કહ્યું છે. ઘી ખાવાથી સદ્ય પ્રાપ્ત થતા ઉષ્ણાંકથી તો એને આવું વિશેષણ નહિ આપ્યું હોય ને?

પશ્ચિમમાં 'રસાયણશાસ્ત્ર' દ્વારા પોષણના વૈજ્ઞાનિક અભ્યાસનાં પગરણ તો હજી હમણાં મંડાયાં. આજથી એક જ સૈકા અગાઉ ત્યાં ખાદ્ય દ્રવ્યોના બંધારણ વિષે કે માનવદેહના નિભાવ માટે કે ખોરાકની કામગીરી વિષે વૈજ્ઞાનિક ચોક્કસાઈની કશી જાણકારી ન હતી. જોકે આદિકાળથી અમુક ખોરાક આરોગ્યદાતા ને કેટલાક હાનિકારક હોવાના ખયાલો ત્યાં પ્રવર્તમાન હતા. પણ આવું તો દરેક દેશમાં હોય છે.

પોષણની બે વિચારણા

પોષણ-વિજ્ઞાનની બે શાખાઓ છે: એક શાખા 'કૅલરીવાદ'ની છે, બીજી 'રક્ષણવાદ'ની છે. પહેલી શાખા શરીરને શક્તિના ઉત્પાદન માટે ગરમી-ગતિ-ઉત્પાદક યંત્ર જેવું લેખે છે, તો બીજીમાં શરીરને જીવંત અને વૃદ્ધિગત લેખી તેને વિવિધ રોગો અને માંદગીમાંથી રક્ષવાનું પ્રતિપાદિત થયું છે. માનવદેહ અંગેના આ બન્ને ખયાલો સ્વતંત્રરીતે યથાર્થ નથી; કારણ શરીર જીવંત દેહ છે તેમજ યંત્ર જેવું પણ છે.

'કૅલરીવાદ' કહે છે કે કાર્બોહાઇડ્રેટ (સાકર) અને ચરબીમાંથી શક્તિ મળે છે, કેમકે કાર્બોહાઇડ્રેટ અને પ્રોટિનો કરતાં ચરબીનો ઉષ્ણાંક બેવડો છે. એને શક્તિ માટે પ્રોટિનોની બહુ કિંમત નથી. એના એવા વપરાશને એ દુર્વ્યય ગણે છે. ઊલટું વધારે પ્રમાણમાં પ્રોટિનો લેવાતાં નુકસાનકારક નીવડવાનું જણાવે છે.

પોષણ-વિજ્ઞાનની બીજી શાખા જોકે હમણાં જ ખેડાઈ છે, પણ એમાં ઘણી પ્રગતિ સધાઈ છે. શરીર પેશીઓ અને કોષોનું બનેલું છે; જન્મ પહેલાંથી અને પછીથી પણ એ કોષો સતત વૃદ્ધિ પામતા રહે છે; વૃદ્ધિ અટકયા પછી તે સતત ઘસાતા રહેતા હોવાથી આરોગ્યભર્યા જીવન માટે તેમને ભરપાઈ કરવા જ જોઇએ; અને શરીરની એ પેશીઓને બાંધનાર પ્રોટિન ખાદ્યો છે.

પણ આરોગ્ય માટે એકલાં પ્રોટિનો પૂરતાં નથી. વિટામિનો અને ક્ષારોની પણ જરૂર છે. આ પદાર્થો પોતે શક્તિદાતા કે પેશીઓ બનાવનારા નથી, પણ બીજા ખાદ્ય પદાર્થોના યોગ્ય ભસ્મીકરણ (મેટૅબૉલિઝમ) માટે અને રોગોમાંથી રક્ષણ મેળવવા માટે જરૂરના છે.

અને વિટામિનોની શોધે તો પોષણ-વિજ્ઞાનમાં ક્રાંતિ કરી નાખી છે. એણે કૅલરીવાદના ભુક્કા ઉડાડી દેવા સાથે સાબિત કર્યું છે કે વિટામિનોની ઊણપને લીધે જ માંદગી, રોગ સામે ઘટેલી પ્રતિકારશક્તિ અને ચેપી રોગો લાગુ પડવાની શકયતા આવી પડે છે. પહેલાં, કૅલરીવાદથી ખોરાકના 'પ્રમાણ' ઉપર જે ભાર આવ્યો હતો, તે હવે ખસીને ખોરાકની 'જાત' ઉપર આવી ઊભો છે.

એટલે આહારની આયોજનામાં (૧) પૂરતી શક્તિ મળી રહે એ જાળવવાનું છે. આ માટે કાર્બોહાઇડ્રેટ અને ચરબી પદાર્થો (સ્વાદ જળવાઈ રહે એ પ્રમાણમાં) લેવા; (૨) શરીર વૃદ્ધિ પામતું હોવાથી બાળકોના આહારમાં જેમ પૂરતા પ્રમાણમાં પ્રોટિનો જોઇએ, તેમ પુખ્ત વયના ઘસારાને પહોંચી વળવા પણ તેની જરૂરત છે; અને (૩) રક્ષણકારી ખાદ્યો તરીકે આહારમાં પૂરતા પ્રમાણમાં વિટામિનો અને ક્ષારો હોવા જોઇએ–જેમાં ફળો, શાકો અને દૂધનો સમાવેશ થાય છે. દૂધ અને દહીંમાં તો કૅલ્સ્યમ હોવા ઉપરાંત ઉચ્ચ પ્રકારનાં પ્રોટિનો ને વિટામિન 'બી-૨' છે. દૂધની ચરબીમાં વિટામિન 'એ' છે. શાકમાંથી મધ્યમસરનું કૅલ્સ્યમ, વિટામિન 'એ' અને વિટામિન 'સી' મળે છે. સગર્ભા અને ધાવણ આપતી સ્ત્રીઓ તથા બાળકો માટે આ કીમતી આહાર છે. પણ આજના મોંઘવારીના જમાનામાં મધ્યમવર્ગના માણસોને પણ દૂધ દહીં અને ફળો મોંઘાં પડી જાય એમ છે તો પછી ગરીબ લોકોની તો વાત જ શી કરવી? એ લોકોના આહારમાં મુખ્યત્વે કાર્બોહાઇડ્રેટ પદાર્થો હોય છે. પણ એમાં યે જો હાથછડના ચોખા અને હાથે દળેલો લોટ વાપરવામાં આવે તો એ ખાદ્ય પદાર્થોનાં પ્રોટિનો, ક્ષારો અને વિટામિનો જળવાઈ રહે.

આદર્શ પોષણ

આદર્શ પોષણનો પ્રશ્ન જરા અટપટો છે, કારણ કે એમાં આહારનાં દ્રવ્યો ઉપરાંત ખોરાકના ભસ્મીકરણની ક્રિયાઓ પણ સંકળાએલી છે. એટલે કે ખોરાક ઓછો હોય, વધુ હોય કે ખામીભર્યો હોય તો તેનાથી જેમ પોષણ બગડે છે તેમ વ્યક્તિને શારીરિક ખોડ અગર તો કોઈ પ્રકારનો રોગ હોય તો પણ ખોરાકની ભસ્મીકરણની ક્રિયામાં અંતરાય આવી પડે છે. એટલે આહાર શ્રેષ્ઠ હોવા સાથે શરીરમાં એનો ગુણકારી વપરાશ થાય તો જ 'પોષણ' જળવાય છે. વળી હવામાન, પરિસ્થિતિ, સામાજિક રિવાજો, ઉંમર અને જાતિ ઉપર પણ પોષણ આધાર રાખે છે.

પોષણને સ્પર્શતી ત્રણ બાબતો છે: (૧) ઓછો (અનુ. પૃ. ૨૧૩)

બે સદી જૂનું જગતનું એક બેનમૂન જ્ઞાનક્ષેત્ર

બ્રિટિશ મ્યૂઝિયમ

વિશાળતા અને વૈવિધ્યમાં અજોડ એવા દુનિયાના સૌથી જૂના અને સૌથી મોટા જ્ઞાનક્ષેત્ર બ્રિટિશ મ્યૂઝિયમની ૨૦૦મી જયંતી તાજેતરના સમયમાં ઊજવાઇ ગઈ.

સર હૅન્સ સ્લોન નામના જ્યૉર્જ બીજાના ખાસ ડૉક્ટરનો કીમતી સંગ્રહ ખરીદી લેવાના ખયાલમાંથી આ અજોડ સંગ્રહસ્થાનનો ઉદ્ભવ થએલો. સર હૅન્સ સ્લોન ઇંગ્લંડનો રાજવૈદ્ય હતો અને તેની આવક પણ પુષ્કળ હતી. વિજ્ઞાનનો તેને વધુ શોખ હતો ને દવાઓ બનાવવાની પદ્ધતિને એણે જ વૈજ્ઞાનિક પાયા ઉપર મૂકી એમ કહેવાય છે. વનસ્પતિ, પ્રાણીઓ વગેરેના જીવતા કે અશ્મીભૂત નમૂનાઓ એ જિંદગીભર સંઘરતો રહેલો. આગળ જતાં એણે જૂનાં પુસ્તકો, હાથપ્રતો, કલાકૃતિઓ, સિક્કાઓ વગેરે પણ સંઘરવા માંડયાં. ઇ. ૧૭૫૩ના જાન્યુઆરીમાં એ મૃત્યુ પામ્યો ત્યારે પોતાના વસીહતનામ માં પોતાનો એ આખો અમૂલ્ય ખજાનો માત્ર ૨૦,૦૦૦ પાઉન્ડની કિંમતે રાષ્ટ્રને વેચી દેવાનું સૂચવતો ગએલો. બ્રિટિશ પાર્લામેન્ટ એ બધું લેવા ખાસ તત્પર નહોતી, પરંતુ આમ સભાના સ્પીકર ઑન્સ્લોની જહેમતથી છેવટે તે તૈયાર થઇ; તો પણ તેને માટે નાણાં આપવાની તેની તૈયારી નહોતી. તેથી જરૂરી નાણાં ઊભાં કરવા માટે લૉટરીનો આશ્રય લેવાયો ને એના પર દેખરેખ રાખવાને કૅન્ટરબરીના આર્કબિશપને સમજાવવામાં ઑન્સ્લો સફળ થયો. આ રીતે થએલી આવકમાંથી સર હૅન્સનો તો આખો સંગ્રહ ખરીદાયો જ, પણ તેની સાથોસાથ પહેલા અર્લ ઑવ ઑક્સફર્ડનો સંગ્રહ પણ તેમાં ઉમેરાયો અને બીજો પણ એકાદ નાનો સંગ્રહ ખરીદાયો.




ઇંગ્લંડના ઇતિહાસમાં 'મૅગ્ના ચાર્ટા'નું મહત્ત્વ તો સુવિદિત છે. એની મૂળ ચારમાંની બે નકલો પણ અહીં દરેકને જોવા મળે છે.



અનેક નાનાવિધ વિભાગો ધરાવતા સંગ્રહસ્થાનના ઇતિહાસ, પુરાતત્ત્વ, કળા અને નૃવંશ-વિજ્ઞાનના વિભાગનો એક ભાગ.

ઉપરાંત એ બધો સંગ્રહ ગોઠવવા માટે 'મૉન્ટેગ્યુ હાઉસ' નામે એક મહાલય પણ ખરીદાયું. અને આ બધ નો હવાલો સંભાળવા ટ્રસ્ટીઓનું બાર્ડ નક્કી થયું તેમાં એને 'બ્રિટિશ મ્યૂઝિયમ' એવું નામ આપવામાં આવ્યું. એની હમણાં ૨૦૦મી જયંતી ઊજવાઇ. જોકે ખરું જોતાં તેનો પ્રારંભ ઈ. ૧૭૫૩ના જુલાઈમાં જ્યારે આ સંગ્રહ ખરીદવાનું નક્કી થયું ત્યારથી ગણાય, અને એ રીતે ગણીને બ્રિટિશ પ્રજાએ ઇ. ૧૯૫૩ના જુલાઇ માસમાં તેની ૨૦૦મી જયંતી ઊજવી પણ હતી.

પછી તો દુનિયાભરની અમૂલ્ય વસ્તુઓનો અહીં પ્રવાહ ચાલ્યો એમ કહીએ તો ચાલે. એ બધાંને સમાવવા જેટલી ઝડપથી નવા વિભાગો ચણાતા ગયા તેટલી જ ઝડપથી તે ભરાવા પણ લાગ્યા. આખરે 'મૉન્ટેગ્યુ હાઉસ'ની આસપાસનો બગીચો પણ કાઢી નાખવો પડયો. એના વિશાળ પ્રાંગણમાં વાચનાલય બનાવાયું, આસપાસનો પણ કેટલોક વિસ્તાર ખરીદી લેવાયો, ને આમ તેમાં સતત ઉમેરણ થતું જ રહ્યું. અત્યારે તેનો જૂનામાં જૂનો અવશિષ્ટ ભાગ તે કદાચ ૧૮૨૩માં બંધાએલી ગૅલેરી કહી શકાય. આમ છતાં યે રોજબરોજ વધતા જતા તેના સંગ્રહને સમાવવા અહીં ઘણી જ સંકડાશ પડવા લાગી ને આખરે મોકળાશને માટે પ્રાણિવિજ્ઞાનના ને એવા બીજા નમૂનાઓ લંડનની પશ્ચિમે આવેલા સાઉથ કેન્સિંગ્ટન મુકામે ખસેડાયા. ઘણા તેને અલગ જ ગણે છે. પણ ખરી રીતે એ બ્રિટિશ મ્યુઝિયમનો જ એક વિભાગ છે. આ જ રીતે ઈ. ૧૯૩૧માં વર્તમાનપત્રોનો આખો વિભાગ કૉલિન્ડેલ ખાતે ખસેડાયો, જ્યાં કમનસીબે બીજા વિશ્વયુદ્ધ વખતે બૉમ્બમારાથી કેટલોક ભાગ નાશ પામ્યો. એ જ રીતે મ્યૂઝિયમની મૂળ ઇમારતને પણ યુદ્ધમાં કેટલુંક નુકસાન થએલું; પરિણામે નવી ગૅલેરી અને સિક્કાઓનો વિભાગ નવો ચણાવવો પડેલો.






'એલ્જિન મારબલ્સ'ને નામે ઓળખાતી પાર્થેનૉનના ગ્રીક શિલ્પની શ્રેણી. (જમણી બાજુ): ઈ. સ. પૂર્વે ૮૬૦થી ૮૨૫ના સમયનો આસિરિયાનો એક અવશેષ. અભ્યાસીઓને આવા અવશેષોના અભ્યાસ માટે બધી સગવડ પણ અહીં અપાય છે. (નીચે) મ્યૂઝિયમના મુખ્ય આકર્ષણ સમો ત્યાંનો જગવિખ્યાત વાચનખંડ, અહીં કુલ ૪૫થી ૫૦ લાખ જેટલાં પુસ્તકો છે.

સમગ્ર મ્યૂઝિયમનું મુખ્ય આકર્ષણ તેનું વાચનાલય છે. મ્યૂઝિયમનું અનોખાપણું પણ વસ્તુતઃ એને જ આભારી છે. મ્યૂઝિયમના આ અજોડ વિભાગમાં લગભગ ૮૦ માઈલ લાંબી અભરાઇઓ પરનાં પુસ્તકોની ખરી સંખ્યાની તો કોઇને ખબર જ નથી! છતાં અંદાજ છે કે સિત્તેર-થી એંશી લાખ જેટલા ગ્રંથો ત્યાં હશે! હમણાં જ ૫૩,૦૦૦ સંપૂર્ણ ગ્રંથો, ૨,૧૦,૧૪૬ વિવિધ સામયિકો, ૯૩ ઍટલસો–નકશાપોથીઓ, ૨૯૯૧ સંપૂર્ણ નકશાઓ, ૧૧,૩૭૮ છૂટા નકશાઓ ને ૨૧૭૩ સંગીત-પોથીઓ તો તેમાં નવી ઉમેરાઇ છે! ૧૯૫૭માં કૉલિન્ડેલ ખાતે ૪,૮૪૪ સેટમાં તો માત્ર વર્તમાનપત્રોની જ ૧,૭૯,૦૭૬ નકલો સંઘરાઇ છે.


આ બધાં ઉપરાંત, અહીં પ્રાચીન ને અર્વાચીન કાળની કેટલીક અમૂલ્ય હસ્તપ્રતો પણ છે જેમાં 'કૉડેક્સ ઍલેક્ઝાન્ડ્રીનસ' અને 'કૉડેક્સ સિનાઇટિકસ' નામક બાઈબલની બે પ્રાચીન નકલો છે. 'કૉડેક્સ સિનાઇટિકસ' એ તો બાઈબલની છેક ચોથી સદીની હસ્ત-લિખિત પ્રત છે અને ઈ. ૧૯૩૩માં સોવિયેટ સરકાર પાસેથી એક લાખ પાઉન્ડની કિંમતે તે ખરીદાએલી. આ સિવાય, મૅગ્ના ચાર્ટાની મૂળ ચાર નકલોમાંની બે નકલો, બેડનું પ્રખ્યાત ઍંગ્લો સેક્સન ક્રૉનિકલ, નૌકાયુદ્ધ વિષેની નેલ્સનની નોંધો અને ધ્રુવ-સફરીઓના કરુણતમ ઇતિહાસ સમા કૅપ્ટન (રૉબર્ટ ફૉલ્કન) સ્કૉટનાં ઍન્ટાર્કટિક જર્નલ (રોજનીશી) પણ અહીં સંઘરાએલાં છે.

મ્યૂઝિયમના આ પુસ્તકાલયના વિભાગનો સહેજ વિસ્તૃત અને સચિત્ર પરિચય અગાઉ કુમારના ૩૬૦મા અંકમા આવી ગયો હોઇ અહીં તેનું પુનરાવર્તન ન કરતાં તેના અન્ય સંગ્રહો વિષે જોઇએ. જોકે એના યે નમૂનાઓની વિગત તો કેવળ યાદી રૂપે પણ અહીં આપી શકાય તેમ નથી એટલા એ વિશાળ છે.

જગતની લગભગ ઘણીખરી સંસ્કૃતિઓનું દર્શન કરાવતી કૃતિઓ અહીં છે. 'એલ્જિન માર્બલ્સ' નામે ઓળખાતી ઍથેન્સના પાર્થેનૉનના અવશેષોમાંથી મેળવાએલી ગ્રીક શિલ્પકૃતિઓની એક આખી શ્રેણી અહીં છે. ઈ. ૧૬૫૦માં વેનિશિયન–તુર્કિશ યુદ્ધમાં નાશ પામેલાં આ શિલ્પો ૧૮૦૦ની સાલમાં જ્યારે લૉર્ડ એલ્જિને મેળવ્યાં ત્યારે તો તે તદ્દન ભગાર હાલતે પહોંચ્યાં હતાં. હવામાનને લીધે તે ઘણાં ખવાઈ ગએલાં અને કેટલા યે ટુકડાઓનો લોકોએ પોતાના ઘર બાંધવામાં ઉપયોગ કરેલો! એ બધાં શોધીશોધીને લૉર્ડ એલ્જિને એકઠાં કર્યાં. એને માટે એમણે તુર્કીને ૭૫,૦૦૦ પાઉન્ડ ચૂકવેલા. પછી ઈ. ૧૮૧૬માં બ્રિટિશ મ્યૂઝિયમે તે ખરીદી લીધાં.



આવી જ બીજી આકર્ષક અને બહુમૂલ્ય ચીજ તે 'રોઝેટા શિલા', જેના પર ઈ. સ. પૂર્વે ૧૯૬ વર્ષ પહેલાંનું લખાણ છે. એ લખાણમાં બે હજાર વર્ષ પહેલાંના ટૉલેમિક ઇજિપ્તમાં મેમ્ફિસના ધર્મગુરુઓએ કરેલી, તેમના શિથિલ અને નબળા મનના રાજા પાંચમા ટૉલેમી એપી-ફેનસની પ્રશસ્તિ માત્ર છે, પણ તેની ખરી વિશિષ્ટતા તો એ છે કે તે લખાણ એ વખતની પ્રચલિત ગ્રીક, ઇજિપ્શીઅન હાયરોગ્લીફિક્સ ને ડૅમોટિક એટલેકે સરળ ઇજિપ્શીઅન, એમ ત્રણ લિપિમાં લખાએલું હોવાથી એ ગ્રીક અનુવાદના આધારે બાકીની બીજી પ્રાચીન લિપિઓ ઉકેલવામાં તે ચાવીરૂપ બની ગઈ, અને આજે દુનિયાના પુરાતત્ત્વશાસ્ત્રીઓ તેને મહામૂલ રત્ન સમી લેખે છે. બે હજાર વર્ષ સુધી દટાઈ રહ્યા પછી નેપોલિયનના કોઈ સૈનિકને અકસ્માત્ આ શિલા મળી આવી. પછી બેએક વર્ષ બાદ બ્રિટિશોએ તે હાથ કરી, ત્યારથી તે અહીં છે.



ઇજિપ્તની ચિત્રલિપિ 'હાયરોગ્લિફ'ને ઉકેલવામાં ગુરુચાવીરૂપ બનેલી કાળા પથ્થરની જગવિખ્યાત લાટ આ 'રોઝેટ્ટા સ્ટોન' હાલ બ્રિટિશ મ્યૂઝિયમમાં છે. એના ઉકેલની કથા પણ રસિક છે. ૧૭૯૯માં નેપોલિયન ઇજિપ્તમાં જે શોધક ટુકડી લઈ ગયો તેમાં તોપખાનાના એક અમલદારને ઍલેક્ઝાન્ડ્રિયાથી થોડા માઈલ દૂર રોઝેટ્ટા ગામ પાસે આવેલા ફૉર્ટ સેંટ જુલિયનનાં પ્રાચીન ખંડિયેરોનું ખોદકામ કરતાં કાળા બેસાલ્ટ પથ્થરની આ લાટ મળી આવી. તેના પર ત્રણ જુદાજુદા પ્રકારનાં લખાણો જોઇને એટલું તો કલ્પી શકાયું કે એ ત્રણે લખાણો એક જ પાઠનાં જુદાંજુદાં રૂપ છે (મથાળાનું હાયરોગ્લિફમાં, વચ્ચેનું સંસ્કારી મિસરીઓની લખાવટ 'ડિમૉટિક'માં, અને છેલ્લું ગ્રીક લિપિમાં). પણ કોઈ એને ઉકેલી શક્યું નહિ ને લાટ કૈરો મોકલી આપવામાં આવી. બે વર્ષ બાદ ૧૮૦૧માં ઍલેક્ઝાંડ્રિયા શહેર અંગ્રેજોના તાબે થતાં લાટ એમને હાથ ચડી. તેઓ તેને લંડન લઇ ગયા અને બ્રિટિશ મ્યૂઝિયમને સોંપી. ત્યાં તેની છાપ પરથી ફ્રાંસના લિપિશાસ્ત્રી શાંપોલિયોંએ તે લિપિ બેસાડી. અનુભવે તે જાણતો હતો કે મિસરીઓ પોતાના રાજવીઓનાં નામની મહત્તા દર્શાવવા તેની ચોમેર લંબગોળ કૂંડાળાં આલેખતા. આવાં કૂંડાળાંવાળાં 'ટૉલેમી' ને 'કલીઓપેટ્રા'નાં નામ તેણે શોધીને ગ્રીક લિપિના અનુવાદમાંના તેવા અક્ષરોની મદદથી બેસાડ્યાં.

શેમ્પોલીઑં (Champollion) નામે એક ફ્રેંચ વિદ્વાને તેના પરની પ્રાચીન ગ્રીક લિપિ સાથે મેળ બેસાડી-બેસાડીને મિસરની હાયરોગ્લિફિક્સ લિપિને ઉકેલી ને ત્યારથી ઇજિપ્ત વિષેના આપણા આજના જ્ઞાનનાં દ્વાર ખુલ્લાં થયાં. ઇજિપ્તનાં 'મમી' અને અન્ય અવશેષોનો તો આ મ્યૂઝિયમમાં કદાચ મોટામાં મોટો સંગ્રહ છે. આ જ રીતે ઍસીરિયાની સંસ્કૃતિના એક મોટા વિભાગમાં એ કાળના ત્યાંના વૃષભદેવોનાં તોતિંગ શિલ્પો છે.

ભારતની સંસ્કૃતિના અવશેષોમાં ઈ. સ.ની બીજી સદીના અમરાવતીના બૌદ્ધ સ્તૂપોનું શિલ્પ ખાસ ધ્યાન ખેંચે તેવું છે. આ સિવાય, પૂર્વના દેશોની ચીજોમાં કેટલાંક સુંદર ચિત્રો ઉપરાંત ચીનના માટીકામ(સેરામિક)-ની સુંદરતમ કૃતિઓનો અહીં એટલો તો સમૃદ્ધ સંગ્રહ છે કે ચીન સિવાય આવો બીજો સંગ્રહ ક્યાંયે નથી.

વળી હમણાં થોડાં વર્ષ પર જ અહીં આવેલા ઈરાકના અવશેષો પણ ઘણા જ રસદાયક અને અગત્યના છે. વિખ્યાત પુરાતત્ત્વવિદ્ લીઓનાર્ડ વૂલીએ શોધી કાઢેલ સુમેરિયન સંસ્કૃતિના એ અવશેષો છે. છ હજાર વર્ષ પહેલાંનું 'ઉર' નામે જે પ્રાચીન સુમેરિયન નગર તેણે શોધી કાઢ્યું છે તેના અવશેષો તથા એ કાળનું ત્યાંનું રાજ્યચિહ્ન તેણે મેળવ્યું છે તે પણ અહીં સંઘરાએલું છે. આ અવશેષો પરથી છ હજાર વર્ષ પહેલાંની ત્યાંની સંસ્કૃતિ, પોષાકો, રિવાજ વગેરેનો ખયાલ મળે છે.

છેલ્લે, હજી હમણાં જ ૧૯૫૭ના જુલાઈમાં સ્કૉટલંડ પાસે આવેલા શેટલૅન્ડ્ઝ ટાપુઓમાંથી મળેલી ચાંદીની એક છડી પણ અહીં છે. મનાય છે કે વાઇકિંગોના હુમલાઓ વખતે તે આમ દટાઈ ગઈ હશે.

આમ, આ સંગ્રહ રોજ-બ-રોજ સમૃદ્ધ થતો જ રહ્યો છે. ઉપર્યુક્ત ખાસખાસ અવશેષો ઉપરાંત ઈ. ૧૪૫૬માં યુરોપમાં સર્વ પ્રથમ છપાએલું ગટનબર્ગનું બાઈબલ ને નેલ્સનના વિખ્યાત જહાજ 'વિક્ટરી'ના 'લૉગ બુક' (રોજનીશી) પણ અહીં છે. મ્યૂઝિયમના ભોંયરામાં હજી બીજી એવી મબલખ સામગ્રી ભરેલી છે કે જે જગ્યાને અભાવે એમ ને એમ અકબંધ પડી છે.

લગભગ ૭૦૦ ઉપરાંત વિદ્વાનો અને નિષ્ણાતો આ સમગ્ર સંગ્રહની જાળવણી તથા ગોઠવણી પાછળ રોકાએલા છે. આમ, આ અમૂલ્ય સંગ્રહની જાળવણી અને તેની વ્યવસ્થા પાછળ ગંજાવર ખર્ચ થાય છે અને છતાં જ્ઞાન-અમૃતની આ અખંડ પરબ પ્રજાને માટે વિનામૂલ્યે ખુલ્લી રાખવાનો જે નિયમ ૨૦૦ વર્ષથી ચાલ્યો આવે છે તે નહિ તોડવાને ખાતર તેના સંચાલકો તેને માટે કોઈ પણ પ્રકારની પ્રવેશફી સુદ્ધાં રાખવાની વિરુદ્ધનો મત ધરાવે છે! વળી, ગુડ ફ્રાઇડે અને નાતાલના બે જ તહેવારો સિવાય વરસ આખું તે ખુલ્લું જ રહે છે.

ડૉ. એલિશા કેન્ટ કાને



વાયવ્ય માર્ગની સહેતુક સફરોના સમયમાં ઉત્તરધ્રુવની નિર્હેતુક સફરનો એ સૌ પ્રથમ સ્વપ્નસેવી ત્રીસ વર્ષની આયુમાં તો આખી દુનિયા ઘૂમી વળેલો. એટલા કાળમાં એણે સંધિવા, હૃદયરોગ, મરકી, દરિયાઈ તાવ, જડબાંની જીવલેણ બીમારી, હિંસક પ્રાણી અને જંગલી માણસોના ખૂની હુમલા સામે નાજુકશરીર ને અદમ્ય મહત્ત્વાકાંક્ષા વડે ટક્કર ઝીલી. અને આ બધું માત્ર મનની એક મોજને ખાતર.

લેખક · પ્રો. રમણલાલ ચી. શાહ

ગ્રીનલૅન્ડની પશ્ચિમે આવેલા સમુદ્રમાં ઘૂમી વળી નવા નવા દરિયાઈ માર્ગો શોધનાર સાહસિકોમાં જૉન ડેવિસ પછી વિલિયમ બેફિનનું કાર્ય ઘણું મહત્ત્વનું હતું. ઈ.સ. ૧૬૧૬માં બેફિન આ સમુદ્રમાં ઉત્તર તરફ સૌથી આગળ ગયો હતો. એણે પશ્ચિમ દિશા તરફ લૅન્કેસ્ટર સાઉન્ડ અને જોન્સ સાઉન્ડ તથા ઉત્તર તરફ સ્મિથ સાઉન્ડ એમ ત્રણ શક્ય જણાતા માર્ગો આ સમુદ્રમાં બતાવ્યા હતા.

બ્રિટિશ સરકાર અને સાહસિકોનું ધ્યેય ત્યારે વાયવ્ય દિશાનો માર્ગ શોધવાનું હતું. એ માટે બરફરહિત લૅન્કેસ્ટરની ખાડી પશ્ચિમ દિશા તરફ આવેલી હોવાને લીધે ખૂબ અનુકૂળ અને ઉપયોગી થઇ પડી હતી, એટલે ઉત્તર તરફ જવાની જરૂર સરકારને કે સાહસિકોને જણાતી નહોતી. પરિણામે બેફિને એ પ્રદેશની શોધખોળ કર્યાને બે સૈકા વીતી ગયા છતાં કોઈ પણ સાહસિકે ત્યાં પગ મૂક્યો નહોતો. આ બે સૈકા દરમિયાન સર એડવર્ડ પેરીના સાહસથી શરૂ કરી છેલ્લે છેલ્લે મૅક્લિન્ટૉકના સાહસ સુધીમાં કેટકેટલા સાહસિકો લૅન્કેસ્ટરની ખાડીના માર્ગો ઘૂમી વળ્યા હતા! છતાં સ્મિથ સાઉન્ડનું દર્શન ફરી કોઈએ કર્યું નહોતું. બરાબર બે સૈકા પછી, ઈ.સ. ૧૮૧૮માં, સર જૉન રૉસ આ તરફ આવ્યો હતો. પણ એણે તો બેફિને કરેલી શોધખોળ બરાબર છે કે નહિ તેનું માત્ર સમર્થન કરવાનું કાર્ય જ કર્યું. આટલે સુધી આવીને તેણે માત્ર સ્મિથ સાઉન્ડના પ્રવેશદ્વાર જેવા દરિયાની બંને બાજુ આવેલા બે મોટા ખડકોનાં નામ પાડી એને ઉત્તર તરફના 'પિલર્સ ઑવ હર્ક્યુલસ' (Pillars of Hercules) તરીકે ઓળખાવ્યા. એ સિવાય કશું મહત્ત્વનું કાર્ય એણે કર્યું નહોતું.

ઓગણીસમા સૈકાના ઉત્તરાર્ધમાં કેટલાક બ્રિટિશ સાહસિકો ઉત્તર તરફ જવા લાગ્યા હતા, પરંતુ તેમનું ઉત્તર તરફ જવાનું કારણ તો ધ્રુવપ્રદેશમાં વિલીન થઈ ગએલી ફ્રૅન્કલિનની ટુકડીની તપાસ કરવાનું હતું. લૅન્કેસ્ટરની ખાડીની દક્ષિણે તપાસ કરવા માટે શ્રીમતી ફ્રૅન્કલિને મોકલેલાં બંને વહાણ કંઈ પણ સમાચાર વિના પાછાં ફર્યાં એટલે બ્રિટિશ નૌકાખાતાએ વધુ ને વધુ ઉત્તર તરફ શોધ કરવાનું ચાલુ કર્યું. ઇ. ૧૮૫૨માં સર બ્લેશરની ટુકડીને તપાસ અર્થે મોકલવામાં આવી ત્યારે એને ઉત્તર તરફ જ જવાની સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી.

ફ્રૅન્કલિનની ટુકડીનો પત્તો ઘણાં વર્ષ સુધી લાગ્યો નહિ ત્યારે શ્રીમતી ફ્રૅન્કલિનને લાગ્યું કે એ ટુકડી લૅન્કેસ્ટરની ખાડીમાં પ્રવેશવાને બદલે કદાચ ઉત્તર તરફ તો નહિ ચાલી ગઈ હોયને? દરિયાઇ તોફાન અને વિશાળ હિમપર્વતો વચ્ચે એમનાં વહાણ સપડાઇ ગયાં હોય, તો સંભવ છે કે તે લૅન્કેસ્ટરની ખાડીમાં પ્રવેશી જ ન શક્યાં હોય અને ઉત્તર તરફ ઘસડાઈ ગયાં હોય. આથી શ્રીમતી ફ્રૅન્કલિને એ વિષે તપાસ કરવા ઈંગ્લેફીલ્ડ નામના સાહસિકને ઈઝાબેલ નામના વહાણમાં મોકલ્યો. ઈંગ્લેફીલ્ડ બેફિન સમુદ્રની ઉત્તરે પહોંચ્યો ત્યાં સુધી એને ફ્રૅન્કલિનની ટુકડીનાં કોઈ ચિહ્ન જણાયાં નહિ. ઋતુ અનુકૂળ હોવાથી એણે સ્મિથની ખાડીમાં પ્રવેશ કર્યો. ત્યાં સમુદ્રમાં હિમખંડો કે હિમપર્વતોનું વિઘ્ન જરા પણ નડે એવું નહોતું. દરિયો ખુલ્લો અને દૂર સુધી સફર કરી શકાય એવો શાંત અને બરફરહિત હતો. અઢી સૈકા પહેલાં બેફિન ગયો હતો તેનાથી ૪૩ માઇલ આગળ ઈંગ્લેફીલ્ડ ગયો. અહીં તેણે એક ભૂશિરનું નામ 'કેપ સેબાઈન પાડ્યું અને પશ્ચિમ તરફ, ગ્રીનલૅન્ડની બરાબર સામે આવેલા ટાપુને 'એલેસમીઅર' (Ellesmere) નામ આપ્યું, અને આટલેથી તે પાછો ફર્યો. ફ્રૅન્કલિન અંગે તો કંઈ પણ સમાચાર એને મળ્યા નહિ, પણ ઉત્તર તરફના આ ખુલ્લા સમુદ્રની એણે ઉપયોગી માહિતી આપી.

અત્યાર સુધી સાહસિકોનું, સરકારનું અને વેપારી કંપનીઓનું ધ્યેય વાયવ્ય દિશાનો માર્ગ શોધી એશિયાના દેશોમાં પહોંચવાનું હતું. ફ્રૅન્કલિનની તપાસ માટે ઊપડેલી સંખ્યાબંધ ટુકડીઓએ એ તપાસમાં ભલે નિષ્ફળતા મેળવી, પણ વાયવ્ય દિશાના માર્ગે એશિયા પહોંચી શકાય છે એ સિદ્ધ કરી આપ્યું. અલબત્ત, ઇંગ્લંડથી ઊપડી એ માર્ગે એશિયા સુધી હજુ એકે વહાણ પહોંચ્યું નહોતું, પરંતુ એવા માર્ગની પાકી ખાતરી થઇ ચૂકી હતી. અંગ્રેજ સાહસિકોએ આ એક ભગીરથ કાર્ય પાર પાડ્યું હતું. ધ્રુવપ્રદેશનાં સાહસોના ઇતિહાસમાં આ સમયથી જ ધ્યેયપરિવર્તનની સાથે દિશાપરિવર્તન થયું. હવે સાહસિકોનું ધ્યેય ઉત્તર દિશા તરફ વધુ ને વધુ આગળ જવાનું અને એમ કરતાંકરતાં ઠેઠ ઉત્તર ધ્રુવ સુધી પહોંચી જવાનું થયું. હવે વેપારાર્થે સાહસિક સફરો ખેડવાની વાત ગૌણ બની ગઈ અનેઅશોધિત પ્રદેશો શોધવાની તથા ઉત્તર ધ્રુવ સર કરવાની વાત મુખ્ય બની ગઈ.

ઉત્તર તરફ બેફિન સમુદ્રમાં આગળ જવાનો આવો પ્રથમ પ્રયાસ કરનાર સાહસિક ઈંગ્લેલ્ફીડ પછી ડૉ. એલિશા કૅન્ટ કાને હતો. એ દેખાવે તદ્દન સાધારણ લાગતો આદમી હતો. શરીરે તે દુબળો અને નબળો

બાંધાનો હતો. કેટલાક સાહસિકો બહુ કદાવર શરીરના હોય છે, તો કેટલાક તદ્દન નબળા અને પાતળા બાંધાના હોય છે. પરંતુ એવું નબળું શરીર હોવા છતાં તેમનામાં અદ્ભુત તાકાત અને અપૂર્વ સહનશક્તિ હોય છે; ઉપરાંત એ નબળા શરીર પાસેથી કામ લેવાનું અપ્રતિમ મનોબળ પણ તેમની પાસે હોય છે. કાનેનું શરીર એ રીતે ઘણું જ નબળું અને પાતળું હતું, છતાં એના જેવો સાહસિક જવલ્લે થયો હશે.

કાનેને બાળપણથી જ સંધિવા અને હૃદયરોગની તકલીફ હતી. આમ છતાં પૃથ્વીનો જેટલો પ્રદેશ પાદાક્રાન્ત કરી શકાય એટલો કરવાની એની તમન્ના હતી. એ જીવનભરનો પ્રવાસી હતો. કાયમના વ્યવસાય તરીકે એણે બીજો કોઇ ધંધો અપનાવ્યો નહોતો, પરંતુ એને ઘણી બાબતોમાં રસ પડતો હતો. એ અમેરિકાનો રહીશ હતો. અભ્યાસ કરી એ હોશિયાર દાક્તર બન્યો હતો. વળી એ લેખક પણ હતો. અમેરિકન સામાયિકોમાં એ લેખો, વાર્તાઓ વગેરે લખતો હતો. એ ઘણી વસ્તુઓનો જાણકાર હતો, અત્યંત બુદ્ધિશાળી હતો અને સાહસિક વૃત્તિવાળો હતો. એની પ્રતિભા આકર્ષક હતી એના ચહેરા પર હમેશાં પ્રસન્નતા તરવરી રહેતી.

ત્રીસ વર્ષની ઉમર પૂરી થતાં પહેલાં તો કાને આખી દુનિયામાં ઘૂમી વળ્યો હતો. જ્યાં જ્યાં જવાની તક મળી ત્યાં એ તક એણે જતી કરી નહોતી. એણે અમેરિકા અને યુરોપના દેશો ઉપરાંત બ્રાઝિલ, માડેરિયા, લ્યુઝોન, બોર્નિયો, જાવા, સુમાત્રા, હિંદ, હિંદી ચીન, સિલોન, ચીન, ઇરાન, મેક્સિકો, ન્યુ ફાઉન્ડલૅન્ડ, ઇજિપ્ત, ગ્રીનલૅન્ડ વગેરે દેશોનો પ્રવાસ કર્યો હતો. ત્રીસ વર્ષની ઉમરે એશિયા, અમેરિકા, આફ્રિકા અને યુરોપના ઘણાખરા સુધરેલા તેમજ જંગલી અને પછાત પ્રદેશોની પ્રજાથી એ પરિચિત હતો. એ પ્રદેશોની ભૂગોળ એને મોઢે થઈ ગઇ હતી. કેટલીક વાર એ સાથીદારો સાથે રખડતો, તો કેટલીક વાર એકલો રખડીને નવા સાથીદારો મેળવી લેતો. નાજુક તબિયતને લીધે જ્યાં જાય ત્યાં એ માંદો પડી જતો અને ઘણી વાર તો હિંસક પ્રાણીઓના ને જંગલી મનુષ્યોના ભયંકર સંકટમાં યે સપડાઇ જતો. વસ્તુતઃ એની દરેક સફર આવા એક યા બીજા પ્રકારના સંકટને લીધે એને માટે યાદગાર બની જતી. ચારેક વાર તો મૃત્યુના પંજામાંથી એ એવી રીતે બચી ગયો હતો કે એનું એને પોતાને જ ઘણું આશ્ચર્ય થતું હતું. ઇજિપ્તમાં એ ફરતો હતો ત્યારે એક ગામમાં મરકીના રોગચાળામાં સપડાઈ ગયો હતો. ગામના ઘણા માણસો મરકીમાં મૃત્યુ પામ્યા ત્યારે એ મરકીમાંથી સાજો થઈ ગયો હતો! આફ્રિકાના એક દેશમાં દરિયાઇસફરમાં એ હતો ત્યારે જીવલેણ દરિયાઇ તાવમાં બીજા માણસો સાથે એ પણ પટકાઈ પડ્યો હતો. પરંતુ સદ્ભાગ્યે એમાંથી એ બચી ગયો હતો. પૂર્વ એશિયાના એક દેશમાં એ ફરતો હતો ત્યારે એને જડબાની ગંભીર બીમારી (lock-jaw) લાગુ પડેલી આ બીમારીમાંથી ભાગ્યે જ કોઇ માણસ એ સમયે જીવતો બચી શકતો; છતાં કાને મૃત્યુમાંથી ઊગરી ગયો હતો. મેક્સિકોમાં જ્યારે એ રખડતો હતો ત્યારે કોઇ અજાણ્યા જંગલી માણસે એને કમરમાં છરી મારી એનું ખૂન કરવાનો પ્રયાસ કર્યો હતો. સખત રીતે ઘાયલ થયો હોવા છતાં અને લાંબા સમય સુધી એને લીધે ગંભીર માંદગીમાં પથારીવશ રહ્યો હોવા છતાં એ હતો તેવો સાજો થઇ ગયો હતો. આમ, વારંવાર આવી મોટી ઘાતમાંથી એ બચી ગયો હતો, છતાં ક્યાંય એણે પોતાની રખડપટ્ટી અટકાવી નહોતી કે નહોતો એને માટે પશ્ચાત્તાપ કર્યો. ભયંકર સંકટોમાં પણ એણે ઘરે પાછા જવાનું નામ લીધું નહોતું.

લગભગ આખી દુનિયામાં રખડપટ્ટી કરી હોવા છતાં કાનેને ધ્રુવપ્રદેશમાં જવાની તક મળી નહોતી. વસતિવાળા અને સાધનસગવડવાળા પ્રદેશમાં તો એકલો પણ એ રખડી શકતો, પરંતુ ધ્રુવપ્રદેશમાં રખડવા માટે તો વહાણ, લાંબા સમયની ખાદ્યાખોરાકી અને કેટલાક માણસોની જરૂર પડે; એટલે એવી કોઈક સફરે ઊપડતી ટુકડીમાં ભળી જવાની એ આશા રાખતો હતો. ઇ.સ. ૧૮૫૦માં ફ્રૅન્કલિનની તપાસ માટે ડિ હેવનની એક ટુકડી ઊપડતી હતી. કેટલાક પ્રયત્નો કરી કાને એમાં દાક્તર તરીકે જોડાઇ ગયો. ધ્રુવપ્રદેશની સફરે એ એ. પહેલી જ વાર જતો હતો. પરંતુ એ સફર દરમિયાન જેમજેમ નવોનવો પ્રદેશ એ જોતો જતો હતો તેમતેમ તેની મહત્ત્વાકાંક્ષા અદમ્ય બનતી જતી હતી. એને મનમાં એક જ તાલાવેલી લાગતી હતી કે ગમેતેમ કરીને દુનિયામાં હજુ સુધી કોઇ ન પહોંચ્યું હોય એટલે દૂર ઉત્તર તરફ જવું ને એમ કરતાં કરતાં ઉતર ધ્રુવ સુધી પહોંચી જવું. આમ, વાયવ્ય દિશાની સહેતુક સફરોના સમયમાં ઉત્તર ધ્રુવની નિર્હેતુક સફરનાં સ્વપ્નાં સૌ પ્રથમ આ કાનેએ સેવવા માંડ્યાં હતાં.

ઈંગ્લંડ પછી ફરી એણે ઉત્તર ધ્રુવ તરફ જવા માટે એક યોજના ઘડી. અલબત્ત, આ યોજનામાં એણે ઉતર તરફ ફ્રૅન્કલિનની તપાસ કરવાનો ઉદ્દેશ પણ રાખ્યો હતો. એની આ યોજના મોટી મહત્ત્વાકાંક્ષાવાળી હતી, પણ વાસ્તવમાં તે બહુ નાના પાયા પર યોજાઈ હતી. મિત્રો, પ્રશંસકો અને શ્રીમંતો પાસેથી નાણાં એકઠાં કરવામાં અને યોજના માટે તૈયારી કરવામાં જ પૂરાં બે વર્ષ ચાલ્યાં ગયાં. અમેરિકન શ્રીમંત વેપારી હેન્રી ગ્રીનેલ આ યોજનાનો મુખ્ય આશ્રયદાતા ન થયો હોત અને એણે ફ્રૅન્કલિનની તપાસ માટે તૈયાર કરાવેલું વહાણ 'એડવાન્સ' કાનેને ન આપ્યું હોત તો કદાચ આ યોજનાને પાર પડતાં હજી ઘણો વધારે સમય લાગત.

કાનેએ પોતાની સાથે પોતાના એક યુવાન દાક્તર મિત્ર આઇઝૅક હેઝને લીધો. આ ઉપરાંત મૉર્ટન તથા બીજા એક બે યુવાન સાહસિકોને પણ લીધા. તદુપરાંત વહાણ માટે સત્તર ખલાસીઓ અને બીજા થોડાક નોકરચાકર લેવામાં આવ્યા. બધા મળી લગભગ પચીસેક માણસોની નાનકડી ટુકડી આ રીતે બની હતી. ધ્રુવપ્રદેશમાં બરફગાડી અત્યાર સુધી સાહસિકો પોતાના હાથે ખેંચતા હતા. એ કામ અત્યંત શ્રમ ભરેલું હતું અને એમાં જ સાહસિકોની શક્તિ ઘણી વાર ખરચાઇ જતી હતી. બરફગાડી જો કૂતરાઓ પાસે ખેંચાવવામાં આવે તો સાહસિકોની ઘણી શક્તિ બચી જાય અને એથી તેઓ વધારે લાંબું અંતર કાપી શકે એમ કાનેને લાગતું. એ માટે એણે ન્યુ ફાઉન્ડલૅન્ડથી ખાસ મંગાવેલા કૂતરાઓ પણ સાથે લઇ લીધા હતા. આ બધી તૈયારી પૂર્ણ થતાં ઈ. સ. ૧૮૫૩ના મે મહિનામાં તેઓ ધ્રુવસમુદ્ર તરફ ઊપડ્યા.

બેફિન સમુદ્રમાં ગ્રીનલૅન્ડના કિનારે છૂટાછવાયા એસ્કિમો વસે છે. તેઓ આ તરફના પ્રદેશના ભોમિયા હોવાને લીધે ખૂબ મદદગાર થઇ પડે છે. આવા એકાદ એસ્કિમોને પોતાના સાથીદાર તરીકે લેવાની કાનેની ઈચ્છા હતી. તેણે હાન્સ હેન્ડ્રિક નામના એક યુવાન એસ્કિમોની આ પ્રદેશમાંથી પસંદગી કરી. તેની ઉમર ફક્ત ઓગણીસ વર્ષની હતી. તે નીચો, જાડો ને હસમુખો હતો. નાની ઉમરને લીધે તે રમૂજી, રમતિયાળ છોકરા જેવો લાગતો હતો. સમુદ્રના ગમે તેવા પાણીમાં તે હોશિયારીથી પોતાની કાયાક (એસ્કિમોની ખાસ બનાવટની હોડી) હંકારી શકતો. જેવેલિન વડે શિકાર કરવામાં તે ઘણો જ કુશળ હતો. ઊડતાં પંખી અચૂક પડે એવો પંખીઓના શિકારમાં તે એક્કો હતો. કાનેના સંપર્કમાં આવતાં પહેલે જ દિવસે એણે પોતાની હોશિયારીની પૂરી પ્રતીતિ કરાવી કાનેને મુગ્ધ કરી દીધો હતો. કાનેએ એને પૂછ્યું, 'બોલ, અમારી સાથે આવવું છે તારે?' 'ક્યાં?'

'અમે ઉત્તર તરફ સફરે જઇએ છીએ.' 'ભલે, આવીશ.'

'શું લઇશ!' 'જે આપશો તે.'

'જો, તારા કામના બદલામાં અમે તને વળતી વખતે થોડાંક પીપ લોટ અને પાંઉ આપીશું, કબૂલ છે?' 'કબૂલ.'

અને કાનેએ તેને પોતાના સાથીદાર તરીકે લઇ લીધો. આ ઉપરાંત બીજા કેટલાક એસ્કિમોને પણ એણે સાથે લીધા.

કાનેનું વહાણ હવે બેફિન સમુદ્રમાંથી આગળ સ્મિથની ખાડીમાં દાખલ થયું. ઇંગ્લેફીલ્ડ જ્યાં સુધી પહોંચ્યો હતો ત્યાં સુધી તેઓ થોડાક દિવસમાં જ પહોંચી ગયા. ઇંગ્લેફીલ્ડના બતાવ્યા પ્રમાણે આ તરફનો સમુદ્ર સર્વાંશે બરફરહિત નહોતો. ખુલ્લા સમુદ્રમાં પણ ઠેર ઠેર બરફના થર જામી ગયા હતા. પરંતુ તેમાંથી વહાણને માર્ગ કરી આગળ જવાનું બહુ અઘરું નહોતું. આમ છતાં ઇંગ્લેફીલ્ડ પહોંચ્યો હતો તેનાથી નવ માઈલ આગળ તેઓ પહોંચ્યા ત્યાં કાનેનું વહાણ સમુદ્રના બરફમાં ફસાઈ ગયું. વહાણ બરફમાંથી મુક્ત ન થાય તો અહીંથી હવે આગળ જઈ શકવાની કોઈ આશા નહોતી. આ સંજોગોમાં, આગળ જવા માટે તેમની પાસે હજુ પૂરતો સમય હોવા છતાં, શિયાળો ફરજિયાત ત્યાં જ ગાળવાનું તેમને માટે નિશ્ચિત બની ગયું. કાનેએ આ સમુદ્રને 'કાને સમુદ્ર' તરીકે ઓળખાવ્યો.

શિયાળાની દીર્ઘ રાત્રિ પસાર કરવા માટે તેમણે ગ્રીનલૅન્ડના કિનારે નજીકની અનુકૂળ જગ્યા પસંદ કરી અને વહાણમાંથી જરૂરનો સામાન ખસેડી ત્યાં છાવણી નાખી. દીર્ઘ રાત્રિ શરૂ થવાને હજુ કેટલોક સમય હતો, તે દરમિયાન કંઇક ઉપયોગી કામ કરી લેવાની કાનેને ઇચ્છા હતી. ગ્રીનલૅન્ડના કિનારે કિનારે એના ઉત્તર છેડા સુધી પ્રવાસ કરી એ પ્રદેશની મોજણી કરવાની અને એના નકશા તૈયાર કરવાની એણે યોજના કરી. આ યોજના એણે અગાઉથી વિચારી રાખી હતી અને એ લક્ષમાં રાખીને જ એણે ન્યુ ફાઉન્ડલૅન્ડથી કૂતરાઓ લીધા હતા અને રસ્તામાંથી એસ્કિમો ભોમિયા લીધા હતા. પરંતુ તેઓ પોતાની છાવણી નાખી સ્થિર થયા અને યોજનાનો વિચાર કરવા લાગ્યા, ત્યાં અતિશય ઠંડી અને તદ્દન નવા વાતાવરણને લીધે તેમના કૂતરાઓ માંદા પડવા લાગ્યા અને ગભરાટના માર્યા આમતેમ નાસવા લાગ્યા, આખો દિવસ જોરજોરથી સતત ભસવા લાગ્યા, ભય તથા કુતૂહલથી ચારે બાજુ જોવા લાગ્યા. પછી તેઓ ગોળગોળ ઘૂમવા લાગ્યા અને રોવા લાગ્યા અને પછી તો તેઓ ભસી કે રોઇ પણ શકતા નહોતા. કારણ કે તેમનાં જડબાં જ જાણે સાવ સિવાઇ ન ગયાં હોય! કાનેએ તેમની તપાસ કરી તો એને લાગ્યું કે કૂતરા પર જડબાંની બીમારી (lock-jaw)નો જીવલેણ હુમલો થયો હતો. આ ભયંકર રોગમાંથી તેમના બચવાની આશા તેણે છોડી દીધી. એ બિમારી લાગુ પડયા પછી ૩૬ કલાકમાં એના બધા જ કૂતરા ટપોટપ મૃત્યુ પામ્યા.

પોતાના પ્રવાસ માટે જે કૂતરા પર ઘણો આધાર રાખ્યો હતો. તે આધાર ચાલ્યો જતાં કાનેને પોતાની યોજનામાં ઘણા ફેરફારો કરી નાખવા પડયા. પરિણામે તેઓ ધારેલું કામ પાર પાડી શકયા નહિ.

શિયાળાની લાંબી રાત દરમ્યાન તેમને કોઈ મોટી મુશ્કેલી નડી નહિ. ત્યાર પછી માર્ચ મહિનામાં એ પ્રદેશમાં પ્રકાશ પથરાતાં તેમણે બરફગાડી સાથે પ્રવાસ યોજી દીધો. જૂન-જુલાઈ મહિનામાં ઉનાળો શરૂ થાય અને સમુદ્રનો બરફ ઓગળે એટલે તેઓ ઘર તરફ પાછા ફરવાના હતા. ત્યાં સુધીમાં તો શકય તેટલું કાર્ય તેઓ કરવાની આશા રાખતા હતા. કૂતરાઓનાં મરણ થતાં બરફગાડી હવે હાથે ખેંચવાનો શ્રમ તેમણે જ કરવાનો હતો. પ્રવાસ શરૂ કરતાં પહેલાં કાનેએ ચાર માણસોને આગળ જઇ ખોરાકની વ્યવસ્થા કરવા મોકલ્યા. જ્યારે એ ચારે વ્યવસ્થા કરીને પાછા ફર્યા ત્યારે અતિશય ઠંડી અને માર્ગના



ડૉ. કાનેની સફર બતાવતી (કાળી) રેખા. કાને સમુદ્ર પછીનો તેમનો પ્રવાસ જમીન પરનો છે.

શ્રમને લીધે ઠરીને થીજી ગયા હતા. તેઓ માંડમાંડ પોતાને મથકે પાછા પહોંચી શકેલા, અને પહોંચ્યા ત્યારે તેમનામાં કંઈ પણ હોશકોશ રહ્યા નહોતા. તેમની સ્થિતિ અત્યંત ગંભીર બની ગઈ હતી અને મૃત્યુનો ભય તેમને માથે સતત તોળાતો હતો. એ સમયે કાનેએ અને એના બીજા સાથીદારોએ તેમની દિવસરાત સતત ચાકરી કરી અને તેમને મૃત્યુના મુખમાંથી ઉગારી લીધા. આમ છતાં, એમાંના બેની તબિયતે ફરીથી ઉથલો ખાધો અને થોડા દિવસમાં તેમનું અવસાન થયું. બીજા બેની તબિયત સારી રહી હતી, પણ પછી તેમને પણ અનિદ્રાનો વ્યાધિ લાગુ પડયો. ૮૧ કલાક સુધી સતત તેમને ઊંઘ ન આવી. પરિણામે તેઓનો ઉન્માદ વધી ગયો અને ગાંડા બની તેઓ આખો દિવસ ગમે તેમ લવારી કરવા લાગ્યા. પ્રવાસના પ્રારંભમાં જ આ રીતે પોતાના બે સાથીદારો મૃત્યુ પામતાં અને બે ગાંડા બની જતાં કાનેને અત્યંત દુઃખ થયું, છતાં, જરા પણ હતોત્સાહ થયા વિના તેણે પોતાનું કાર્ય ચાલુ રાખ્યું.

હવે તેણે પોતાના સાથીદારોને બે ટુકડીમાં વહેંચી દીધા. એક ટુકડીને ગ્રીનલૅન્ડના પશ્ચિમ કિનારે કિનારે ઉત્તર તરફ મોકલી અને બીજી ટુકડીને સમુદ્રને સામે કિનારે એલ્સમીઅર ટાપુ તરફ મોકલી. એલ્સમીઅર તરફ ગએલી ટુકડીએ સમુદ્રમાં એક તદ્દન નાનકડો ટાપુ શોધી કાઢયો. તેણે એ ટાપુનું નામ પોતાના આશ્રયદાતા હેન્રી ગ્રીનલનું આપ્યું. ગ્રીનલૅન્ડના પશ્ચિમ કિનારે ઉત્તર તરફ ગએલી ટુકડીએ ૬૦ માઈલ જેટલી લાંબી એક હિમસરિતા જોઇ. આ હિમસરિતા પાણી ઉપર એની સપાટીથી લગભગ ૩૦૦ ફૂટ ઊંચી કાચની દીવાલ જેવી ચળકતી દેખાતી હતી. પાણીની સપાટી નીચે તો એ અકલ્પ્ય રીતે મોટી હતી! આ હિમસરિતા સમુદ્રમાં આવેલા ખડકો, નાનકડા ટાપુઓ

વગેરેને એના ઉપરથી પસાર થતાં પોતાનામાં વિલીન કરી દેતી.

જૂન મહિનામાં તેઓ હિમસરિતાની ઉત્તરે પહોંચ્યા. આ ટુકડીમાં કાને પોતે પણ હતો અને એ ઉપરાંત મૉર્ટન અને હાન્સ હેન્ડ્રિક પણ હતા. હિમસરિતાની ઉત્તરે તેમણે એક વિશાળ ખાડી જોઈ. એનું નામ તેમણે 'કેનેડી' રાખ્યું. ત્યાંથી ઉત્તર તરફ આગળ જતાં તેઓ એક ભૂશિર પાસે આવી પહોંચ્યા. અહીંથી વાયવ્ય દિશામાં જોતાં તેમને જણાયું કે દૂર દૂરના ઊંચા ખડકો આગળ જતા નાના થતા જતા હતા અને એથી આગળ ભૂરા ભૂરા આકાશમાં ભળી જતા હતા. કાનેને લાગ્યું કે ત્યાંથી આગળ તદ્દન ખુલ્લો ધ્રુવસમુદ્ર આવતો હોવો જોઇએ.

ઉનાળો શરૂ થઈ ગયો હતો એટલે હવે વહાણ પર પાછા ફરવાનો સમય તેમને માટે થઇ ગયો હતો. સમુદ્રમાં બરફ ઓગળવા લાગ્યો હતો અને વહાણોની અવરજવર માટે માર્ગ ખુલતો જતો હતો. પરંતુ તેઓ જ્યારે પોતાના વહાણ 'ઍડવાન્સ'પાસે આવ્યા ત્યારે ત્યાં આગળનો બરફ બીલકુલ ઓગળ્યો નહોતો. કાનેને ભય લાગ્યો કે વહાણની આસપાસનો બરફ જો નહિ ઓગળે તો ઉનાળાના કીમતી દિવસો પસાર થઈ જશે અને તેઓને એ જ જગ્યાએ બીજો શિયાળો ગાળવાની ફરજ પડશે, અને જો તેમ થશે તો તેમને માથે માંદગી કે મૃત્યુની મોટી આપત્તિ આવી પડશે; કારણ કે તેમની પાસે હવે બીજું એક વર્ષ ચાલે એટલો નહોતો ખોરાક કે નહોતું એટલું બળતણ. તેઓ માત્ર એક વર્ષની તૈયારી કરીને જ નીકળ્યા હતા.

ઉનાળો પસાર થવા આવ્યો અને તેઓ માત્ર રાહ જોતા જ રહ્યા. તેમનું વહાણ બરફમાંથી મુક્ત થયું નહિ. કાનેની બીક સાચી પડી. હવે સમુદ્રમાં દિવસે દિવસે પાછા બરફના થર જામવા લાગ્યા અને એ જગ્યાએ બીજો શિયાળો ગાળવાનું તેમને માટે નિશ્ચિત થઇ ગયું. આ સંજોગોમાં હવે વહાણમાં બેસી રહે પાલવે તેમ નહોતું. શિયાળાની લાંબી રાત આવતાં પહેલાં કંઈક તૈયારી કે વ્યવસ્થા કરવાનું અનિવાર્ય બની ગયું. એ પ્રદેશ એવો હતો કે જ્યાં શિકાર પણ મળવો મુશ્કેલ હતો. મદદ માટે નજીકમાં નજીકનું સ્થળ પણ ત્રણસો માઇલ દૂર એક ડૅનિશ થાણું હતું. ત્યાંથી કેટલી મદદ મળશે એ પણ પ્રશ્ન હતો. પરંતુ બેસી રહેવા કરતાં ત્યાંથી જે કંઈ મદદ મળે તે લેવામાં ડહાપણ રહેલું હતું. આથી ટુકડીના અરધા માણસો હેઝ સાથે બરફમાં ત્રણસો માઈલ ચાલી એ થાણે જવા નીકળ્યા. તાત્કાલિક પાછા ફરવાનો અવકાશ નહોતો ને ખરી જરૂર શિયાળાની દીર્ઘ રાત્રિ પસાર કરવાની હતી એટલે એ લાંબી રાત ત્યાં પસાર કરવાનું નક્કી કરીને જ તેઓ નીકળ્યા હતા.

કાને સાથે જે સાથીદારો રહ્યા તેમની પાસે ખાવાનું પૂરતું નહોતું. આ સંકટમાં તેમને બધાને રક્તપિત્તની અને રક્તક્ષયની અસર જણાવા માંડી અને કેટલાકની સ્થિતિ દિવસે દિવસે ગંભીર બનવા લાગી. આ સંજોગોમાં હાન્સ હેન્ડ્રિકે આસપાસના પ્રદેશની રખડપટ્ટી કરીને બને તેટલો શિકાર એકઠો કર્યો ને પછી ઇટાહ તરફના એસ્કિમોનો સંપર્ક સાધી તેમને તે પોતાની છાવણીમાં લઈ આવ્યો. એ સમયે કાને અને એના બધા જ સાથીદારો માંદા અને પથારીવશ હતા. એસ્કિમોએ તેમને પોતાની પાસેથી ખાવાનું આપ્યું અને તેમને ખૂબ મદદ કરી, એટલું જ નહિ, પણ હેન્ડ્રિકના સમજાવવાથી, શિયાળાની ત્રણ-સાડાત્રણ મહિના જેટલી લાંબી રાત દરમિયાન તેમને માથે કંઇ સંકટ આવી પડે તો મદદરૂપ થઈ શકાય એ સારુ એસ્કિમોએ ઇટાહ જવાનું માંડી વાળી તેમની સાથે જ શિયાળાની લાંબી રાત પસાર કરવાનું નક્કી કર્યું. એસ્કિમોના રહેવાથી સહારો તો ઠીક મળ્યો, પણ એમની પોતાની પાસે જ શિયાળા માટે ખાવાનું પૂરતું નહોતું. એ ખોરાક હવે કાનેની ટુકડી સાથે વહેંચીને તેમને ખાવાનો હતો, એટલે દેખીતી રીતે જ સૌને ભાગે ઓછો ખોરાક આવે. પરંતુ એસ્કિમોએ પોતે ભોગ આપીને કાનેને અને એના સાથીદારોને પૂરતું ખાવાનું આપ્યું.

શિયાળા દરમ્યાન ઠંડી તો માણસને થીજવી નાખે એટલી બધી પડતી હતી અને તેમની પાસે બળતણ તો ખાસ કંઇ રહ્યું જ નહોતું; આસપાસના પ્રદેશમાંથી યે કશું મળવાની આશા નહોતી. આ સંજોગોમાં એક જ ઉપાય હતો અને તે વહાણના લાકડાને કાપી કાપી બાળવાનો. અલબત્ત, તેમ કરવા જતાં પાછા ફરવા માટે વહાણ ઉપયોગમાં લઈ શકાય એવી સ્થિતિમાં ન રહે. પરંતુ અત્યારે તો પાછા ફરવા કરતાં જીવ બચાવવાનો વિચાર જ મહત્ત્વનો હતો, કારણ કે બળતણના અભાવે તેમના દરેકના પ્રાણ જોખમમાં હતા. તેમણે રોજ-રોજ વહાણનું લાકડું કાપીને વાપરવા માંડયું અને એ રીતે શિયાળા દરમ્યાન અરધું વહાણ બળતણ તરીકે જ વપરાઇ ગયું।

આઇઝેક હેઝની સાથે જે ટુકડી નજીકના ડૅનિશ મથકે ગઈ હતી તે ટુકડી ચાર મહિના પછી પોતાના દુઃખની કહાણી લઇને પાછી ફરી હતી. એ ડૅનિશ થાણું નાનું અને નામનું જ હતું. ત્યાં તેમને કશી જ રાહત મળી નહિ. ત્યાં પહોંચતાંની સાથે જ તેમને લાંબી રાત માટે ખોરાક અને બળતણ મેળવવામાં ઘણી મુશ્કેલી પડી. ભૂખ અને અતિશય ઠંડીને કારણે તેઓ અશક્ત બની ગયા હતા. ઠંડીમાં તેઓ ખરેખર થીજી જ ગયા હતા. આવી પરિસ્થિતિ છતાં તેમનામાંથી કોઈ મર્યું નહિ એ જ તેમનું મોટામાં મોટું સદ્ભાગ્ય હતું. આ સમય દરમિયાન તેમના ગાંડા થઈ ગએલા સાથીદારો ધીમેધીમે સાજા થઇ ગયા હતા.

શિયાળો પૂરો થયો. પ્રકાશ પથરાયો. હવામાન થોડુંક અનુકૂળ બન્યું. તેમનો સૌથી પહેલો કાર્યક્રમ તાજો ખોરાક મેળવી તબિયત બરાબર કરવાનો હતો. વળી, હવે તેમને વહાણ પર આધાર રાખવાનો નહોતો. એટલે તેમણે ત્રણ હોડી તૈયાર કરી તેમાં પોતાનો જરૂરિયાતનો સામાન ગોઠવ્યો. ઉનાળો શરૂ થતાં પોતાની સફરના નકશાઓ અને વિસ્તૃત અહેવાલ લઈ તેમણે હોડીમાં પાછા ફરવા માંડયું. જે સગવડ વહાણમાં રહે એ નાનકડી હોડીમાં તો દેખીતી રીતે જ ન રહે. વળી હોડીની ગતિ પણ મંદ, અને વારંવાર સતત હલેસાં મારવાં પડે.

આટઆટલી યાતના પછી. હોડીની આ શ્રમભરેલી સફરથી તેઓ ખૂબ થાકી ને કંટાળ્યા હોઈ ગ્રીનલૅન્ડના કિનારે કોઈ વસતિવાળા મથકે પહોંચી જઇ, ત્યાંથી કોઈ આવતાજતા વહાણમાં બેસી જવાનો તેમણે વિચાર કર્યો. પરંતુ એવું વસતિવાળું મથક પણ ઘણું દૂર હતું. અંતે ૮૩ દિવસની અતિશય હાડમારી ભરેલી સફર પછી તેઓ અપરનિવિક નામના ડૅનિશ મથકે આવી પહોંચ્યા ને ત્યાંથી સહીસલામત ઘરે પાછા ફર્યા. હાન્સ રસ્તામાં પોતાના સ્થળે ઊતરી પડયો.

ઉત્તર ધ્રુવ સુધી પહોંચવાની ડૉ. કાનેની ઇચ્છા તો પાર પડી નહિ; ઉત્તર તરફ નવા પ્રદેશમાં વધુ આગળ જવામાં પણ તેમને જોઈએ તેટલી સફળતા મળી નહિ; ઇંગ્લેફીલ્ડથી તેઓ ફક્ત નવ માઈલ જ આગળ વધી શક્યા; આ.મ છતાં, થોડા થોડા પૈસા એકઠા કરી તદ્દન નાના પાયા પર યોજેલા આ સાહસની દૃષ્ટિએ તેમણે જે કેટલુંક સંગીન કામ કપરા સંજોગોમાં પણ કર્યું એ ધ્રુવપ્રદેશની શોધસફરના ઇતિહાસમાં ઘણું મહત્ત્વનું છે.

આટલી આટલી યાતનાઓ સહન કરવા છતાં અને પોતાની હૃદયની બીમારી સતત ચાલુ હોવા છતાં ડૉ. કાનેએ ફરીથી ધ્રુવપ્રદેશની સફર કરવાનું નક્કી કર્યું અને એ માટે યોજના તૈયાર કરી નાણાં એકઠાં કરવાનું કાર્ય પણ શરૂ કર્યું. પરંતુ તે પહેલાં તો એક દરિયાઇ સફર દરમ્યાન વહાણમાં જ હૃદયરોગના ગંભીર હુમલાને કારણે સાડત્રીસ વર્ષની નાની વયે એનું અવસાન થયું.

સાંપ્રતકાળની એક અદ્દભુત યોજના

ઉત્તરધ્રુવની કાયાપલટ

લેખક · ગિરીશ દેસાઈ

ઉત્તરધ્રુવ પૃથ્વીના મોટા ભાગના વિસ્તારના હવામાન પર કાબૂ ધરાવે છે. ત્યાંથી ફૂંકાતો ઠંડો પવન હજારો માઇલ જેટલી વિશાળ ધરતીને થીજવીને ઉજ્જડ બનાવી દે છે. કૅનેડા, આલાસ્કા, ગ્રીનલૅંડ, સાઈબીરિયાના વેરાન વિસ્તારો આજે વિજ્ઞાનને પડકારે છે.


વિશ્વની વધતી જતી વસતિને અનાજ પૂરું પાડવાની સમસ્યા જ્યારે કઠિન બનતી જાય છે તે સમયે બરફના આ અફાટ રણને–ઉજ્જડ મરુભૂમિને–હરિયાળીમાં પલટાવી નાખવા માટે, તેમજ અતિશય ઠંડા હવામાનને કારણે નિર્જીવ બની ગએલા એ વિસ્તારોમાં પ્રાણ પૂરવા માટે રૂસી વૈજ્ઞાનિકોએ એક યોજના તૈયાર કરી છે. તેમની આ યોજના ખૂબ જ મહત્ત્વાકાંક્ષી ને ખર્ચાળ છે. કોઈ પણ એક રાષ્ટ્ર તો એને હાથ ધરી શકે એમ નથી. એ માટે રૂસી વૈજ્ઞાનિકોએ અન્ય દેશોની સહાય માગી છે—ખાસ કરીને અમેરિકાની.

રૂસી વૈજ્ઞાનિકોની એ યોજના સાઈબીરિયા અને આલાસ્કાની વચમાં આવેલી બેરિંગની સામુદ્રધુની પર બંધ બાંધવાની છે.

પણ સમુદ્ર પર બંધ બાંધવાથી હવામાન પલટાવી શકાય? એ વિચાર જ વિચિત્ર લાગે! જોકે વાસ્તવમાં એમ નથી. એની પાછળ વૈજ્ઞાનિક વિચારણા છે, ગણતરી છે. એ બંધ અત્યંત જ વિશાળ—વિરાટ હશે ને એમાં મૂકવામાં આવેલા અણુશક્તિ-સંચાલિત વિરાટ પંપો, હરેક મિનિટે પ્રશાંત મહાસાગરનાં હજારો ગૅલન ગરમ પાણીને ઉત્તરધ્રુવ-સમુદ્ર (આર્કૃટિક સમુદ્ર)માં ઠાલવશે. આની અસર એ થશે કે આજે જેમ આટ્લાંટિક સમુદ્રમાંથી ગરમ પાણીના પ્રવાહો (જેમાંનો એક તો પ્રખ્યાત ગલ્ફ સ્ટ્રીમ છે-જુઓ આકૃતિ) ઠરી ગએલા આર્કૃટિક સમુદ્રમાં પ્રવેશે છે તેમ આ પંપો વડે પ્રશાંત મહાસાગરનું ગરમ પાણી પણ પ્રવેશશે અને ત્યાંના બરફને પિગાળશે; અને પરિણામે સાઈબીરિયા, કૅનેડા, આલાસ્કા તેમજ ઉત્તર અમેરિકાના અસહ્ય ઠંડા હવામાનને સમશીતોષ્ણ બનાવી દેશે. અને આમ, ત્યાંનું હવામાન પલટાતાં હજારો બલકે લાખો એકર ધરતી પર—તુંદ્રા અને આર્કટિકના વિસ્તારો પર ખેડુઓનાં હળ ફરવા માંડશે, પશુઓનો ઉછેર શક્ય બનશે, આંખને ઠંડક આપે એવી લીલી હરિયાળી ચારે તરફ છવાઇ જશે, તેમજ ઉત્તર અમેરિકાના ઉત્તર ભાગ અને એશિયા વચ્ચે સદીઓથી થીજી ગએલા સમુદ્રનું પાણી વહેતું થશે, મોજાંઓ ત્યાં આનંદથી લહેરાઇ ઊઠશે, ને દરિયાલાલના સીના પર, સ્ટીમરો સરકતી થશે.

પ્રશાંત મહાસાગરનું ગરમ પાણી આગળ વધતાંની સાથે જ ઓખોત્સ્ક સમુદ્ર (જુઓ આકૃતિ)ને થીજવી નાખતો 'કામચાત્કા' નામનો ઠંડો પ્રવાહ હમેશને માટે અદૃશ્ય થઈ જશે અને સદીઓથી બંધિયાર બની ગએલો એ સમુદ્ર પૅસિફિક મહાસાગરમાં ભળી જશે.

સૌથી વધુ અસર તો આર્કૃટિક વિસ્તાર પર થશે. આર્કૃટિક વિસ્તારને તો વૈજ્ઞાનિકો પૃથ્વીભરના હવામાનનું કેંદ્ર (વેધર-વર્કશૉપ ઑવ ધ વર્લ્ડ) ગણે છે. ગરમ પાણીનો પ્રવેશ એક સમુદ્રના ખૂબ જ નીચા ઉષ્ણતામાનના આંકને ઊંચો લાવશે; અને રૂસી વાયુચક્રશાસ્ત્રીઓના જણાવ્યા પ્રમાણે, ઉષ્ણતામાનનો એ આંક ઊંચો જતાં, હરેક શિયાળામાં ઉત્તરધ્રુવમાંથી સતત ફૂંકાતા પવનો, જેને વૈજ્ઞાનિકો 'સબઝીરો સ્ટૉર્મ્સ' તરીકે ઓળખે છે અને જે પ્રતિવર્ષ અગણ્ય નુકસાન કરે છે તે હમેશને માટે નાબૂદ થઈ જશે.



બેરિંગ-બંધની આ યોજના સૌ પ્રથમ તો રશિયામાં છેક ૧૯૨૧માં રજૂ થઈ ત્યારે લેનિને એકેડેમિશિયન ગ્લેબ શી આનિસ્કીને એ બંધનો નકશો તથા ઝીણી વિગતો સાથેની યોજના તૈયાર કરવા કહેલું.

રૂસી ઇજનેર અર્કાડી માર્કિનના કહેવાં પ્રમાણે, આ બેરિંગ-બંધનું કદ અતિ વિશાળ થશે. તેનો આડો છેદ (ક્રૉસ-સેક્શન) ૩૪ વર્ગ કિલોમીટર (૩,૬૫,૯૭,૧૬૮ વર્ગ ફૂટ) જેટલો હશે. બેરિંગની સામુદ્રધુની ઘણે ઠેકાણે ફક્ત ૧૫૦ ફૂટ જેટલી જ ઊંડી છે. બંને કિનારા વચ્ચેના ઓછામાં ઓછા અંતરને જોડતો બંધ બાંધવામાં આવે તો પણ તેની લંબાઈ ૫૫ માઈલ જેટલી થાય. જો યોજના આકાર લેશે તો આ બંધ અમેરિકાના વિશાળ બંધ ગ્રાન્ટ કૉલી કરતાં પણ મોટો હસે.

માર્કિનની ગણતરી પ્રમાણે બંધમાં મૂકવામાં આવેલા અણુશક્તિ-સંચાલિત પંપો પ્રશાંત મહાસાગરના પાણીનો જે જથ્થો હરેક મિનિટે ઠાલવશે, તેની ગરમી વિશ્વના સમગ્ર તેલ-જથ્થાને એકી વખતે બાળવામાં આવે ત્યારે જેટલી ગરમી પેદા થાય તેના કરતાં પણ વધુ હશે. આટલી અગાધ ગરમીની શા માટે જરૂર પડશે?

આકૃતિમાં દાખવેલા નોવયા ઝીમલ્યા ટાપુઓ, જે રશિયાની ઉત્તરે ઉત્તર ગોળાર્ધમાં ૭૦°-૮૦° અક્ષાંક્ષની વચમાં આવેલા છે, તે ઉત્તર આટ્લાંટિક સમુદ્રમાંથી આવતા ગરમ પાણીના પ્રવાહોને એશિયાના કિનારાથી દૂર ધકેલી દે છે. આ પ્રવાહો જેમજેમ અંદર જતા જાય

છે તેમતેમ વધુ ને વધુ બરફમય બનતા જાય છે અને આખરે ઠંડા આર્કટિક સમુદ્ર સાથે મળીને થીજી જાય છે. ઉપર્યુક્ત ટાપુઓ જો ન હોત તો ગરમ પાણીના પ્રવાહોની અસર એશિયાના હવામાન પર ઘણી જ સારી રીતે થઈ શકત. આ જ હાલત પાસિફિકના એ કૃત્રિમ ગરમ પ્રવાહોની ન થાય તે માટે માર્કિન તેને વધુ ગરમી આપવા માગે છે. રૂસી વૈજ્ઞાનિકોની આ યોજના, પ્રથમ દૃષ્ટિએ વિચિત્ર લાગે છે, પરંતુ હાલની વૈજ્ઞાનિક પ્રગતિઓ જોતાં એ અશક્ય નથી.

હવામાનમાં પલટો આવતાં જ યુરોપ, અમેરિકા અને એશિયાની ઉત્તર-સરહદ, જે હમેશાં બરફથી છવાએલી રહે છે તે ખુલ્લી થઈ જશે. તેમાં સૌથી વિશેષ ફાયદો રશિયાને થશે. રશિયાનો નકશો જોશો તો તરત જ સમજાશે કે તેને ફાળે બારે માસ ખુલ્લું રહી શકે એવું એક પણ જહાજી બંદર ત્યાં નથી આવતું. બેરિંગ-બંધની યોજના અમલમાં મુકાય તો રશિયા માટે બંદરની સુંદર સગવડ થઈ જાય, જેનો તે વ્યાપારી તેમજ લશ્કરી દૃષ્ટિએ ઉપયોગ કરી શકે. આ ઉપરાંત હવામાનનો પલટો રૂસી વૈજ્ઞાનિકો માટે અત્યંત મહત્ત્વનો છે. બરફના રણ સમા સાઇબીરિયાને ખેતીલાયક વિસ્તારમાં પલટવાની ચાવી આ યોજનામાં રહેલી છે. રૂસી વૈજ્ઞાનિકો હાલમાં આ યોજનાની પૂર્વતૈયારી રૂપે વાયુચક્રશાસ્ત્ર અંગે મહત્ત્વનાં સંશોધનો કરવા પાછળ લાગી ગયા છે.

શું, વિશ્વનાં સમગ્ર રાષ્ટ્રો–ખાસ કરીને અમેરિકા–આ યોજનામાં સહકાર આપશે? અત્યારે તો એનાં ચિહ્ન દેખાતાં નથી, કારણ કે સમગ્ર પ્રસ્તાવનો વિચાર ફક્ત ઠંડા યુદ્ધની દૃષ્ટિએ જ કરવામાં આવે છે, માનવજાતના ભલાની દૃષ્ટિએ નહિ. અમેરિકા એમ માને છે કે આંતરરાષ્ટ્રીય ધોરણે હાથ ધરવામાં આવેલી યોજના વિશ્વના હવામાનમાં પલટો લાવવાની સાથે રાજકારણના હવામાનમાં પણ પલટો લાવશે, એટલે કે સામ્યવાદી દેશોનું વર્ચસ્વ વધારી દેશે. તેઓને પ્રચારનું એક સાધન મળશે. તો શું આ યોજના કદી આકાર નહિ લે?

ક્રિસ્ટૉફર કોલંબસ



ઈ. ૧૪૯૨ની ૧૨મી ઑક્ટોબરે ક્રિસ્ટોફર કોલંબસ અને તેના નાવિકોએ પહેલી વાર ઍટલાન્ટિક ઓળંગી એક નવી દુનિયા શોધી.



ઍટલાંટિક ઓળંગીને યુરોપ ને ભારત વચ્ચેનો ટૂંકો રસ્તો ખોળવાનો પ્રથમ તર્ક કરનાર એ વહાણખેડુ ૧૪૫૪માં ઇટાલીમાં જન્મેલો.



ઇટાલીના જિનોઆ બંદરના ઊન-વણકરનો એ પુત્ર બાળપણમાં સાળ ચલાવતો ત્યારે પણ એને તાલાવેલી ખલાસી બનવાની હતી.



વીસ વર્ષની વયે તેનું એ સ્વપ્ન સાકાર થયું ને તેની કુશળતાને લીધે તેને થોડા જ વખતમાં મોટાંવહાણો પર સારી જગ્યાઓ મળતી ગઈ.



પછી તેણે પોર્ટુગલમાં નકશાની દુકાન કરી. ત્યાં તેને સૂઝી આવ્યું કે ભારત જવાનો ટૂંકો રસ્તો ઍટલાન્ટિકની આરપાર પડેલો છે.




ત્રીસેકની વયે તેણે લગ્ન કર્યું, ને તેને એક પુત્ર થયો. સારી કમાણી અને પ્રેમાળ કુટુંબ છતાં સાગર ખેડવાની તેની ઇચ્છા અદમ્ય જ રહી.



તેના ભાઈ બાર્થોલોમ્યુ સાથે તે નકશા, આલેખો અને પુસ્તકો જોયા કરતો. આઠઆઠ વર્ષ સુધી તેણે પોતાની એ સફરની યોજના કરી.



આખરે યોજના સંપૂર્ણ થઇ ને ઘણી મુશ્કેલીએ એણે સ્પેનના રાજા ફર્ડિનાન્ડ અને રાણી ઇસાબેલાની આર્થિક મદદ મેળવી.



૧૪૯૨ની ૩જી ઑગસ્ટે તેણે સ્પેનના પાલોસ બંદરેથી ત્રણ વહાણ ઉપાડયાં. તેમાં મુખ્ય વહાણ સાન્ટા મેરિયા ફક્ત ૯૦ ફૂટ લાંબું હતું.



૧૨મી ઑગસ્ટે તે કૅનેરી ટાપુ પહોંચ્યો. ત્યાં છેલ્લી સામગ્રી ભરી ફરી સપ્ટેમ્બરે સાવ વણખેડયા પાણીમાં તેણે પશ્ચિમ તરફ ઝુકાવ્યું.



હવે એ 'અજ્ઞાત સાગર'માં જમીન દેખાય નહિ ત્યાં સુધી પશ્ચિમ તરફ વહાણો હાંકવા સિવાય બીજું કંઇ કરવાનું નહોતું.



ત્રણ અઠવાડિયાં બાદ ખલાસીઓ અકળાયા ને સામા થયા. પાછા ફરવા આગ્રહ કર્યો. કોલંબસે મહામુસીબતે તેમને શાંત પાડયા.



મહિનોક થયો હશે ત્યાં 'જમીન!' એવી બૂમ સંભળાઇ, પણ એ વાદળું જ નીકળ્યું. ખલાસીઓ ફરી વીફર્યા ને છેલ્લું સંભળાવી દીધું કે ત્રણ દિવસમાં જમીન નહિ દેખાય તો પાછા વાળીશું.



પણ એ ત્રણ દિવસની અવધમાં જ ૧૪૯૨ની ૧૧મી ઑક્ટોબરે નમતા પહોરે જમીન ખરેખર દેખાઇ ! કોલંબસે તો એને ભારતનો ભાગ ગણીને ત્યાંના નિવાસીઓને ઇંડિયનો કહ્યા.



આથી એ ટાપુઓ વેસ્ટ ઇન્ડીઝ કહેવાયા. જોકે કોલંબસ શોધવા નીકળેલો એ સ્થાન તો તે ન હતું, પણ આ પ્રવાસ મહત્ત્વનો એ રીતે બન્યો કે અમેરિકાનો એક મોટો ખંડ શોધાયો.

ધુંડાકિયો બાણ

પચ્ચીસ વર્ષ પહેલાંના 'કુમાર'માં સાગરકથાઓના નામી ને વિદ્વાન લેખક 'સુકાની'ની કલમે એક લાંબી લઘુકથા શરૂ થએલી. 'હડકીવારી આઈ'થી વાચકોનાં દિલ કબજે કરનારી એમની કલમે આ કથા વડે સાગરી સાહિત્યમાં એમનું નામ રોશન કરી દીધું. દુનિયાભરના સાગરખેડુઓમાં ભય અને આશ્ચર્યથી જેનું નામ લેવાય છે એવી—અને જેનો ભેદ હજી પૂરો ઊકલ્યો નથી એવી, સમુદ્રના પેટાળની એક રહસ્યમય તાસીરનો ભેદ, પચ્છમ કંઠારના એક બહાદુર નાખવાએ આજથી બસો વર્ષ ઉપર પોતાના ભીષણ પરાક્રમ વડે કેવી રીતે ઉકેલ્યો તેની દિલ ધડકાવનારી કથાનું એમાં આલેખન છે; ઉપરાંત એમાં દરિયાલાલની આંતર-બાહ્ય ખાસિયતો અને વહાણવટાની વૈવિધ્યભરી માહિતી આપતાં-આપતાં તેની પરિભાષાનું પણ જ્ઞાન આડકતરીરીતે કરાવી દેતી એમની શૈલી એમની વિદ્વત્તા જેટલી જ મુગ્ધકર છે. કોઇ પણ શાળાકૉલેજ માટે અસંભવ એવું જ્ઞાન આપનારી એ કથા વાચકો પાસે સ્વતંત્રરીતે સચવાઇ રહે એ ઉદ્દેશથી અમે આ સામેનાં પાનાંઓમાં નવતર રૂપથી એને છાપીએ છીએ. એટલાં પાનાંની થોકડીને તારના ટાંકામાંથી છૂટી પાડી, વચ્ચેથી બેવડી વાળી લેતાં એ પુસ્તિકા રૂપ બની જશે. એ રીતના એના બીજા બે હપતા આવતા અંકોમાં આવશે.

આ ઉપરાંત એ અંકમાંથી...

(૧) પોતાની ઓજસ્વી કલમ અને એવા જ ઊંડા જ્ઞાન વડે પક્ષીપ્રાણીનો પરિચય આપતા 'વનેચર'ની લોકપ્રિય લેખમાળા 'વનવગડાનાં વાસી'માં આવેલો 'ચકદીલ'નો પરિચય...

(૨) હજારો વર્ષ પૂર્વે આ નવખંડી ધરતી પર અસ્તિત્વ ધરાવીને ગાયબ થયેલો એક વિશાળ ખંડ 'ગૉન્ડવાનાં લૅન્ડ'નો પરિચય...

(૩) અને એ જ રીતે અનંતકોટિ વર્ષો પર બ્રહ્માંડમાં પ્રકાશીને વિલાઇ ગયેલા તેજરાશિનું જે ભૂત આ. જે આપણે જોઈએ છીએ તેનો ચિત્રપરિચય આ પછીનાં કૉલમોમાં ઉતારીએ છીએ.

પચ્ચીસ વર્ષ પહેલાં

જેઠ ૧૯૯૧ અંક ૧૩૮



"ચકદીલ તો સદ્‌ગુણનો સાગર. એની સુડોળ સુકોમળ પાતળી દેહલતા, આછા રંગ અને રૂપજનિત એનું અત્યંત મોહક લાવણ્ય, વિદ્યુલ્લતાને પણ શરમાવે એવાં ચપળ એનાં સ્ફૂર્તિ અને ઉડ્ડયન, અને એથી યે વધુ આકર્ષક તો એની મધુર અને કોમળ વાણીનો અસ્ખલિત પ્રવાહ. સવારે, બપોરે અને સાંજે—જ્યારે જુઓ ત્યારે એ અકુંઠિત સ્વરે ગાતું જ હોય.

હળવે હાથે ઉષા ઉગમણી દિશાનું આંગણું કેસરની ગારે લીંપતી હોય, પંખીસમાજ હજી તો ઊંઘમાંથી આળસ મરડતો હોય તેવે વખતે નભોમંડળને ગજવતો દૈયડ, મધુર ને કોમળ છતાં ખુલ્લંદ કંઠે સંગીત રેલે છે; એ જ વખતે એની સ્પર્ધા કરતો હોય તેમ ચકદીલ એના નાના કંઠે સાદ પૂરે છે. આપણા દેશમાં પંખીઓમાં ગાન્ધર્વરાજ શામા. એનાથી ઊતરતું સ્થાન દૈયડનું. બાકી રહ્યાં અગન, ચંડોળ, પીળક વગેરે. પણ એ બધા સંગીતકારોમાં અનેરું સ્થાન ચકદીલનું છે. દૈયડના સ્વરની તીક્ષ્ણતા એના અવાજમાં નથી, તેમ તેની પેઠે અવ્યાહતપણે સંગીત રેલવવા પણ એ શક્તિમાન નથી. અગન પેઠે અન્યના અવાજની નકલ કરવાની આવડત પણ એનામાં નથી. છતાં એનું અલ્પઆયુ ધીમું સંગીત અત્યંત મનોહારી તો છે જ. બીજાં પંખી વેળાએ ગાય:

પાંચમો સૂર જ ન આવ્યો, નહિ જ. અધવચ્ચે તમે સંગીતના વિશ્વમાંથી ભગ્ન હૃદયે આ અવની પર પડો છો. ચકદીલના સંગીતના ચાર જ સ્વર. ધીરેધીરે આરંભ કરે: ચોથો આવતાં ઉચ્ચ કંઠે ગાય: ને અધવચ—વીણાના તાર તૂટે એમ એ સંગીતની ઝરણી અટકી જાય.

એને શોધવા જવું પડે તેમ પણ નથી. એ આપણું હમેશનું પાડોશી. ગીચ ઘટાવાળા લીમડા, વડ, આંબા—જ્યાં ગમે ત્યાં વૃક્ષની ઘટામાં એ ધામા નાખે. વસતિનો એને ડર નહિ. માણસના સહવાસમાં યે સુખેથી રહે. એને ઓળખવું પણ સહેલું છે. કોઇ ઝાડ પર તમે 'ચીં' કરતી મીઠી સિસોટી સાંભળો કે ઊંચે નજર કરજો. દીવાળીઘોડાને મળતું પણ સહેજ નાનું, ધોળા માથાવાળું, રાખોડી રંગનું પંખી દેખાશે. એની ઊડવાની રીત ઝડપવાળી. ઘડીમાં ઊડે, ઘડીમાં બેસે. વારંવાર એની કાળીધોળી પૂંછડી, કાગળના પંખા પેઠે ઉઘાડવાસ કરતું હશે. એ ચંચળ પક્ષી તે ચકદીલ.




કોઇ સવારે, કોઈ સાંજે. પણ ચકદીલ તો આખો દિવસ ગાનારું. ગાતાં ધરાય જ નહિ. તમે એને સાંભળો. પહેલા જ સ્વરે સુંદર સંગીતના ઉપભોગની લાલસા તમારા હૃદયમાં જાગશે. ત્યાં બીજો સ્વર આવે. તમે મુગ્ધ બનો. ત્રીજો સ્વર આવતાં તમારી ઉત્સુકતા વધશે. ચોથે સ્વરે તો તમે અવની છોડી આકાશમાં વિહરવા લાગો અને... પણ ખલાસ! તમારું ધ્યાન તૂટ્યું. જેની અત્યંત આતુરતાથી વાટ જોતા હતા તે


ચકદીલ એટલે White-Browed Fan-tail–Flycatcher. સંગીતપ્રિય પંખીઓના વર્ગનું એ પંખી. નર ઊજળો, માદા ભીને વાન. નરનું કપાળ શ્વેતરંગી. બંને આંખો પર સફેદ પટી. ભમ્મરો, પીઠ, પાંખો રાખોડી રંગનાં. પાંખોને છેડે સફેદ છાંટણાં. પૂંછડીનાં વચ્ચેનાં પીછાંના છેડા સફેદ; બે બાજુનાં પીછાં આખાં ધોળાં. દાઢી અને ગળું કાળાં. છાતી અને પેટ ધોળાં. દૂધરાજ એનો પિતરાઇ.



બે ય તરફના રસ્સા : ફિક્સ્ડ મૂરિંગ્સ (Fixed Moorings). વહાણને બંને બાજુ રસ્સા બાંધ્યા હોય તે.



મોરાસંગર નાંગરેલાં : સ્વિંગિંગ મૂરિંગ્સ. ઉપરના ચિત્ર મુજબ વહાણને એક જ બાજુ રસ્સા બાંધ્યા હોય તે.



આજથી ૧૨૭ વર્ષ ઉપર ઈ. ૧૮૩૩ના જૂનમાં 'રૉયલ સોસાએટી ઑવ આયર્લેંડ'ની એક સભામાં સર જૉન માલકમે કચ્છી બગલા, ધાઉ અને બતેલાની બાંધણીના નકશાઓ રજૂ કરેલા તેમાંથી બગલાના નકશા અહીં આપ્યા છે. એ પરથી આપણે ત્યાં પહેલાં કેવી મજબૂત અને ઉત્કૃષ્ટ વહાણબાંધણી થતી તેનો આછો ખ્યાલ આવશે. તે કાળે આ નકશાઓ 'ઈસ્ટ ઇન્ડિયા મૅન' જહાજ માટે નમૂનારૂપે લેવાયા હતા.



ધુડાકિયા બાણ

પ્રાસ્તાવિક

આ લખતી વખતે ગૌડ દેશમાં 'પદ્માં'ને લાડકે નામે ઓળખાતી નદરાણી પદ્માની બંને કંઠાર હિંદોળા લેતી સરતી જાય છે. આજે 'પદ્માં' શાંત સુહાગિણી નગરનારી જેવી હસતી દેખાય છે; છાતીએ બાલુડાં જેવી સ્ટીમર 'ઑસ્ટ્રિચ'ને હુલાવી રહી છે; આકાશ સ્વચ્છ છે, છતાં બે ય કંઠારે એના ચંડ સ્વભાવની અનેક નિશાનીઓ દેખાતી જાય છે.

જે કિસ્સો આ વાર્તામાં વર્ણવ્યો છે તેની જગ્યા અહીંથી બહુ દૂર નથી. એના નાયક મકનાના કોટિયા 'આશાપુરા'નાં પઠાણ નીચે ત્યારે પણ આ જ જલ સમુદ્રરૂપે ઊછળતાં હતાં. 'પદ્માં' તો કૈલાસથી ચાલી આવી છે ના? એના દક્ષકન્યા રૂપે ગૌરવશાળી આત્મભોગ, ઉમા રૂપે ઉગ્ર તપ, ભીલડી રૂપે રંગતાન, અને ચંડી રૂપે કૈલાસનાથના ખુદના દેહ ઉપરનાં તાંડવ—એ બધું 'પદ્માં'ના સ્વભાવમાં જરૂર પ્રત્યક્ષ થાય છે. તેવી જ એની બહેનપણીઓ મેઘના, બ્રહ્મપુત્રા અને જમનાં. એના દેહ પોતાનામાં સમાવતાં, ફાંગફાંગે સાગરરાજ પણ ધડકી રહ્યો છે. કાંઠેકાંઠે ગરીબ ગ્રામવાસીઓ દૂધ, ફૂલ અને શ્રીફળ 'પદ્માં'નાં જલમાં પધરાવતા દેખાય છે; સ્ટીમરના તુતકેથી બીજા શ્રીફળો અંદર ઉમેરાય છે. વિધાતા જેવી નિશ્ચલ ભાવવાળી 'પદ્માં'ના પેટની વાત કોઈથી સમજાય એમ નથી.... ત્યાં તો દૂરથી એકાદ દારુણ ધડાકો સંભળાય છે; એ સાંભળી મુસાફરો એકબીજાનાં મોં સામે અવશ બની જુએ છે. કોક ભાવિક 'પદ્માં'નાં ભજન ગાવા લાગે છે, અને એ ધડાકાના પડઘા શમી જતાં 'દોયા મા' 'દોયા મા' (દયા, મા!) એમ આર્ત સ્વરે બોલે છે.

*

ઓસરતી સાંજનો સમય હતો. ચાર જણ એક મોટા જહાજના અમલી તુતક ઉપર બેઠા હતા. તેમાં એક હતો બ્રિટિશ નેવીનો રિટાયર્ડ કમાન્ડર, બીજો હતો રૉયલ ઇન્ડિયન નેવીનો લેફ્ટેનન્ટ કમાન્ડર, ત્રીજો હતો સાત સાગરનો ખાગેલ ને છેવટે બંદરે ખપે પડેલ સૌદાગરી તરી (મર્કન્ટાઈલ મરીન) નો અફસર ને ચોથો તમારો આ 'સુકાની'.

વાતવાતે 'ધુડાકિયા બાણ'ની વાત નીકળી. (બાણ=ભરતીઓ મોજો; ધુડાકિયો=ધડાકા કરતો. ભરતીના પ્રચંડ મોજા સાથે તોપના ઘોરગંભીર અવાજ જેવા ધડાકા

સંભળાય તે.) આ ચાર જણ બેઠા હતા ત્યાંથી થોડાક જ કોસ છેટે કોઈકોઈ રાતે મોટી તોપ ફૂટતી હોય તેવા ધડાકા સંભળાય છે—અને એનો પત્તો કે મૂળ કે કારણ હજુ અનુમાનનો જ વિષય છે. આ ધડાકા પાણીના પાતાળ પેટમાંથી થતા સંભળાય છે, પણ હજુ કોઈ એનું કારણ માપી જીવતો ફર્યો સંભળાયો નથી.

ઘેરા ભૂતકાળમાં પચ્છમ ધરાના (કચ્છના) કોઈ સાયરબચ્ચાએ ધુડાકિયા બાણનો ભેદ શોધી કાઢચો હતો. એનું નામનિશાન આજ સ્કૂલ-કૉલેજનાં પાઠચ પુસ્તકોમાં નથી; ગવર્નમેન્ટ ગેઝેટિયર પણ એ વિષે ચૂપ રહ્યું છે. પણ લોકવાયકામાં એ સાયરસાવજ હજુ પણ જીવે છે. એણે નજર કરેલી પાતાળપાણીની ભીષણતા આજે પણ કંઠારે વસતા ખારવાઓને સાંભળવા માત્રથી કંપાવે છે.

આવા ધડાકા બંગાળાની આ કંઠારની બીજી જગ્યાએ પણ થાય છે. એ ભરતીના મોજા સાથે સંભળાતા હોવાથી તેને અફસરી ઈબારતમાં 'ટાઈડલ ગન્સ' (જોવાળિયા તોપ) કહે છે, અને જ્યાં એ સંભળાય છે ત્યાંના નામ સાથે 'ગન્સ' શબ્દ જોડી તેને ઓળખે છે: જેમકે બારીસાલ ગન્સ, ખુલ્ના ગન્સ, પતંગા ગન્સ વગેરે.

ચારે જણા જૂજવા કિસ્સાએ ચડચા ને ભૂતકાળના પટ સરી જતાં 'સુકાની' એ રોમાંચક સ્વપ્ન જોયું. એ સ્વપ્ન નજર કરવા એણે અહીં યત્ન કર્યો છે, અને અદના કલમ કદી ન ચીતરી શકે એવી એ જવાંમર્દીને હિમ જેવી ટાઢી શાહીમાં રંગવાની કોશિ-શ કરી છે. એ કોશિશ કેટલી કદર હાંસલ થઈ છે એ નક્કી કરવાનું કામ વાચકોનું છે. ('કુમાર'ના ૧૩૯મા અંકમાં એ વાર્તા મોકલતી વેળા 'સુકાની'એ લખેલા પત્રમાંથી)

*

આવા દરિયાઈ કિસ્સાને જરીક લાક્ષણિક ઓપ આપવા જતાં તેમાંની દરિયાઈ પરિભાષા અને ખારવી બોલી માટે આજના ખુશ્કી જવાનો સારુ લીટીએલીટીએ સૂચિચિહ્નો ભરવાં પડે છે. પાણીદાર અખરોટનાં કવચ તોડી ખાવા કરતાં બધાને હવે 'ક્રૉસ ઍન્ડ બ્લૅકવેલે' વિલાયતથી કાઢી મોકલેલો તૈયાર મગજ જોઇએ છે;-કારણ આજના જવાનની હથેલીમાં જોર નથી, શહેરી ઘરમાં પાંદુડી રહેતી નથી, અને કમાડની બેવડ વચ્ચે અખરોટ ભાંગે એવાં કમાડ પણ આજના ઘરધણીઓ બના-વતા નથી!...એટલે આ વાર્તામાં જરૂર લાગી તેવા શબ્દોની સમજૂતી દરેક પાને ટીપમાં આપી છે. જોકે વીરકથાઓ તો સમજાય નહિ અને હૈયું ધડકાવે તો યે બસ છે. બહુ બચપણમાં કૅપ્ટન મરાયટની વાતો વાંચતાં તમારા આ 'સુકાની'ને કોષની જરૂર નહોતી પડી, કારણ કોષ જોવા જેટલી ધીરજ જ રહેતી નહોતી! વીરગાથા હમેશાં સ્વયંદીપક હોય છે—વેદાન્ત પેઠે એમાં 'હુકૂડકરણે' કરનારાના હાથમાં કાચલી રહે છે, પણ ટોપરું વેડફાઈ જાય છે. 'સુકાની'

બધાયને, કલમી ઉપર છંટાએલાં ઊનાંઊનાં કુંકુમ વડે તિલક કર્યાં.

ભાંગ ફુટવા આવી હતી. ઊગમણ દિશામાં રૂપેરી શારોટા પડવા માંડચા હતા. ફિરાંસિયો ટૂકડો ને ટૂકડો ઢર્યો આવતો હતો. એના તુતક પરની તૈયારી-ઓ એ ઝાંખા ઉજાસમાં પણ કોટિયાના તુતક પરથી હવે સ્પષ્ટ દેખાવા માંડી હતી. કિરમજી અને સફેદ રંગના લેબાસવાળા ફિરાંસિયા બરકંદાજો તુતક ઉપર ઠેરઠેર ઊભરાતા દેખાતા હતા. ખુવા, કલમી ને ગુસીની આલાદ-ની લપસણી પગથાર ઉપર કેટલાકો તમંચા લઈ ઊભા હતા. ફના ઉપર અને ચરખી ઉપર ચોમેર ફરતી તોપ પાસે એ ગોલંદાજો સાવધાન ખડા હતા.

સૂરજ ભગવાને સવારની ગુલાબી હંડીમાં કોર વાળતાં અધ ખુલ્લેલી આંખે સીમ ઉપર જ્યારે નજર કરી ત્યારે ફ્રાંસની તિરંગી ફોજી ઝંડો ઉડાડતી લા કોસોલાંત આશાપુરાના ખુવાસોંત આવી રહી હતી. કોટિયાને તાબે થવાનો કરડાકીભર્યો હુકુમ એના ડોલ ઉપર ફરકતો હતો. સુકાની તુતક ઉપર ફોજી નાખવાના પૂરા લેબાશમાં જંગમશકૂર બહાદુર ખારવો કાપિતેન સુફ્ફરેન અધીરાઇથી આમતેમ ફરતો હતો અને વારંવાર નાળિયા દૂરબીનમાંથી કોટિયા તરફ જોતો હતો. કોટિયાના ડોલ ઉપર સૂરજચંદરની રાતી ધજા તથા આશાપુરાની ભગવી પતાકા મગરૂરીથી ફરકતી એને જાણે સાબદો કરતી દેખાતી હતી.

એક સૌદાગરી કોટિયામાં આટલો તુંદમિજાઝ જોઈ કાપિતેન સુફ્ફરેન-ને અચંબો લાગ્યો, અને જાણે એ ભાન ભૂલેલા મગતરાને બીવડાવવાના હેતુ-થી જ હોય તેમ, ફના ઉપરના ગોલંદાજ તરફ એણે એક ટૂંકો હુકમ ફેંક્યો!

સવારની શાંતિને ભડકાવતો એક ભયંકર અવાજ થયો ને આશાપુરથી દશેક વામ દૂર પાણીઉકાળ ધોધ ઉડાડતો ગોળો પાણીમાં ઊંડો ઊતરી ગયો.

એ અવાજના પડધા રૂપે હોય તેમ આશાપુરાના તુતક ઉપરથી 'જીયેરા!' જીયેરા!'નો પ્રચંડ ઘોષ ઊઠચો. જણુત્રા નીચે ગાળિયાઓ વીજળીની ઝડપે ઊઘડી ગયા ને પળ પછી એકસામટા પાંચ ભડાકાથી આશાપુરાએ કોંસોલાં-તના તુમાખી ઈજનનો વ્યાજબી જવાબ ફેરવ્યો!

ભાંગ ફૂટી : પહો ફાટચો; ઈજન : આમંત્રણ (અહીં-લડવાનું આહ્વાન).

યો ઓ...ઓ.........ખબર દાઆઆઆર.........'

'કાનજી!' વાવડાના ભેરી નાદને સોંસરવા વીંધતા સાદે નાખવાએ કહ્યું: 'જુમાં કે ન કે, પણ ઉ ગઈયાર ઓલી માંજીએ ધગો કાધો ને આ ફિરંગિયા કુત્તાને ગંધ પુંજાડી છે. વાવડો મધદગાર છે ને ધરિયાલાલની મેરથી ઈ ગઈયારે પિંડથી ભારૂધના ત ધ્રો કરાવી ડીધા છે.

ઉ ફતેહમાર જુમાં નીંઢી છે એડી જ તીખી છે, ને ભાણુ ઊગે સામનો કરસે ઈ નિક્કિ. પછી ત મર્દોના ઘા છે. કોંસોલાંત પણ જોઈ લેસે કે કુલાંમાની પીંજાપીંજા તોપુંના ભડકામાંથી અલંપારની બારાંભર ખરાજાત લૂંટનાર મકના નાયકનો હથ પણ કેડો છે.'

'ધોકડા જુરી ભારૂદ કઢો; (ધોકડામાંથી દારૂ બહાર કાઢો) જામગરિયું ચેતાવી ઘો; બેય પડખાં મોરચા જમાવી ઘો. સાત્રી રાંગે જમની, કારકા, રતમુખી, ભેરવી ને અંભા રાધો સાચવે; હિન પડખે અમીના, તમાચી, ભદરેસરી ને ગુલનાર ભવાન સાચવે; મોરે ત ગોફણી ને વાંઢાર કારમુખી ભસ છે.'

મકનો ઉતાવળે હુકમો કરવા લાગ્યો, અને ખારવાઓ હરખથી ગાંડા જેવા પડચો બોલ ઉચકતા ભંડકથી ટોક ને ધોયડાથી છતેડી સુધી ઉપરનીચે અને આગળપાછળ વીજળીની ઝડપથી દોડધામ કરવા માંડ્યા. જબુત્રા નીચેના ધ્રાબામાં ચોખંડિયા ગાળિયાનાં ઢાંકણાં અધુકડે આગળિયે ગોઠવાઇ ગયા; એ ગાળિયા સૂંઘતી તોપોની નાળ પરથી મોયડીઓ છોડાઇ ગઈ; પાસે ધોકા, દાંડા, ચૂંથા, પાણીની કુંડીઓ, બારૂદનાં પીપાં, છરા, ગોળા અને ગરપછાંટની કથરોટો ગોઠવાઈ ગઈ. ધમસાણ મચ્યે ચોપાસ ઊડતાં છોડિયાં ફાડિયાંથી લડનારને નાહક ઈજા ન થાય એટલા માટે માછીમારની જાળ જેવી મોટી જાળો ડેરડેર બંધાઈ ગઈ; ઉપલે સથ્થે તથા ગોલંદાજી તુતક પર રેતી પથરાઇ ગઈ—કારણ માણસનું લોહી કોરાં તુતકને લપસણાં બનાવી દે છે!

કલમી ઉપર 'આશાપુરા'નો ભગવો ઝંડો ચડ્યો, ખુવા ઉપર સૂરજ ચંદરની લાલ પતાકા ફરકવા માંડી, માતાજીને તુષમાન કરવા કલમી નીચે બલિદાન વધેરાયું અને દરિયાલાલને પડખે રાખવા મકનાએ ટચલી આંગળીએ કાપ મૂકી લોહીની ધારાથી ખારા પાણીમાં બેચાર બૂંદ રતાશ આણી. મકનાએ ઓરછવના વાધા પહેર્યા ને કાનજી માલમે, મકનાથી માંડી છોરા સુધીના

ગઈયાર: દુષ્ટ; ધગો: દગો; પુંજાડી: પહોંચાડી; મધદગાર: મદદગાર; ધરિયાલાલ: દરિયાલાલ; પિંડથી: પોતે જાતે જ; ભારૂધ: બારૂદ–બંદૂક કે તોપનો દારૂ; ધ્રો: ધરવ–ધરાઈ જવું તે; નીંઢી: નાની; પીંજાપીંજા: પચાસ પચાસ.

ધુડાકિયો બાણુ

વિક્રમની અઢારમી સદીના આથમણ દાયકાની—આજથી બસો'ક વરસ ઉપરની—આ કહાણી છે. બંગલા સાયરની માથેતરી કંઢારે, આજની પેઠે તે વખતે પણ, અનેક બંદરો ધીખતાં વહાણવટાંની હૂંફે લાહોલા વેપાર ખેડતાં હતાં. એ બંદરોની જિંદગી, આજની પેઠે જ, માટીના માણસ કરતાં યે વગારે ક્ષણભંગુર રહેતી હતી—રહે છે; કારણ ... ...

કારણ કે બલરામનો દેહ વીંધીને નીકળેલા હજાર ફણાએ ફૂંફાડતા ભોગીંગરાજ પેઠે, હિમાચલનો દેહ વીંધી નીકળેલાં અને અસંખ્ય મુખે સાગરસંગમ શોધતાં ગંગા જમના અને બ્રહ્મપુત્રાનાં પ્રચંડ જલપૂર, લાખ્ખોનાં જીવનસાધન બનતાં અને હજારોને મૃત્યુદાન દેતાં, કંઢારેકંઢારે આસમાની-સુલતાનીના સમ-વિષમ દાવ ખેલી રહ્યાં છે. ઘર, ખેતર, ગામ ને શહેરને વર્ષો સુધી વહાલસોઇ માતા જેવી શીતળ ગોદમાં હુલાવી, કોક દિ' અણચિંતવ્યા રોષથી બધાંને પાતાળપેટમાં ગરક કરી દેતા, અને કંઢારે વસતી મહાપ્રજાઓને અકારણ ભાગ-અભાગ નવાજતી વિધાતા જેવાં આ તાગ વગરનાં નીરપૂર, જળ ત્યાં સ્થળ અને સ્થળ ત્યાં જળ બનાવતાં આજે પણ કામરૂ–ગૌડમાં તારણમારણ મહાકાલી જેવાં ગાજી રહ્યાં છે.

આવાં પાણીની ઉત્તર કંઢાર ઉપરના એક નામચીન બંદરના બારામાં મેઘલી સાંજનો સમય હતો. દેશદેશના ઝંડા અને મુલકમુલકની ભરતીનાં ભોમિયાં નાનાંમોટાં અનેક જહાજો જાણે દિવસભરની હાડમારીનો થાક ઉતારતાં હોય તેમ ઊતરતા જુવાળની આલડને ઝોંકેઝોંક બે ય તરફના

લાહોલા: પાર વગરનો, ધમધોકાર; જમના: ગંગાને પ્રયાગ આગળ મળી જતી જમનાનો અહીં અણધાર્યો અવતાર પૂરવ બંગાળમાં થયો છે. પ્રથમ બ્રહ્મપુત્રામાં સામેલ થએલાં એ કૃષ્ણ જળ, કુદરતના કોઇ ધમસાણમાં ફરી જુદાં પડીને ગોલપારા, દિબ્રુગઢ ને દૂબરી રસ્તે પ્રકટ થાય છે; કામરુ: આસામ; ગૌડ: પૂરવ બંગાળ; આલડ: વળતાં પાણી; ઝોંકેઝોંક: હીલોળા સાથે; બેય તરફના રસ્સા: વહાણને બંને બાજુ દોરડાં બાંધ્યાં હોય તે (ફિક્સ્ડ મૂરિંગ્ઝ).

રસ્સા ઢીલતાણ કરતાં મોરા-વાંઢાર હીંચોળા લેતાં પડ્યાં હતાં; જ્યારે કેટલાંક મોરા-સાંગર નાંગરેલાં હોવાથી, ઝડપતા ભાઠાની આડરેંકે ઠેલાતાં, રાજસવારીના દમામથી પરવારી ગેલમાં આવેલા માતંગરાજ પેઠે સાત્રી-ઘોડી ડોલતાં'તાં; અને એમ ડોલતાં ઠેલાતાં મોરદિશ બદલાવવા મંડ્યાં હતાં.

અને આ જહાજ-મહેફિલ જાણે જગજગની પાણીપંથારમાં જડેલી આપવીતી પરવીતી આપસઆપસને કહી સંભળાવતી હોય તેમ, વહાણ-વહાણેથી જૂજવાજૂજવા અવાજો અસોસ આવ્યા કરતા હતા. આ સૌદાગરી આરમારીની મેહફિલમાં, બહુરંગી દુનિયાનો એકે ય રંગ અણપૂર્યો નો'તો.

એક બાજુ કોઇ કદાવર સીનાનો ભૂમ, માદરવતન ઇરાનની મગરૂર સાગરગાથા કહેવાને હોય તેમ, ઊંચા મોરાના એક કોઇશમી બગલા તરફ હળવી હલકે ઘૂમતો જતો'તો; જ્યારે જાસમી ચાંચિયાઓના કરપીણ કિસ્સાઓથી સડતી બંદૂલની રખે એ અક્કસરી દિમાગના ઇરાનીને ધમક આવે એ બીકે એ બગલો પડખે પડેલા કોઇ હમવતન ધાઉ તરફ સરકતો જતો'તો.

મોરા–વાંઢાર: વહાણનો આગળનો ને પાછળનો ભાગ; મોરા-સાંગર: વહાણની એક જ–આગલી બાજુ દોરડું બાંધ્યું હોય તે (સ્વિંગિંગ મૂરિંગ્ઝ) જુઓ છેલ્લે ચિત્રો. ભાઠો: ઊતરતી ભરતી કે ઓટ; રેંક: ઠેલો, હડસેલો; સાત્રી=સા-અત્રી, ખબા બોરદ (સ્ટારબોર્ડ), વહાણનું જમણું પડખું; ઘોડી–અત્રી=બાંયા બોરદ (લારબોર્ડ) વહાણનું ડાબું પડખું; સાત્રી-ઘોડી=ડાબાજમણી; મોરદિશ; મોરાની દિશા (વહાણને મોરા-સાંગર નાંગરેલું હોય તો ભરતી અને ઓટની રેંક સાથે તે મોરાની દિશા બદલાવે છે; બે ય તરફના રસ્સા લાગરે તો નથી બદલાવતાં); અસોસ: લાગટ, ચાલુ; સૌદાગરી આરમારી: વેપારી વહાણો (સરખાવો–ફોજી આરમારી=લડાયક વહાણો.) આરમારી–અલ બહર=દરિયાને લગતું; એ ઉપરથી અમીર–અલ બહર=દરિયાઇ ફોજનો ઉપરી–જેમાંથી ઍડમિરલ શબ્દ નીકળ્યો છે. (જુઓ ઍડમિરલ સ્મ્યુઅર્સ કૃત 'ગાઈડ ટુ ફ્લેગ્ઝ ઍન્ડ ફ્લૅગ્ઝ.) ભૂમ: ઇરાની વહાણ; ધૂડ: કુવેટ બેહરીન ને કિશમ આસપાસનું વહાણ; કોઇશમી બગલો: ઓરમઝી અખાત ઉપરના બંદર કિશ્મ–કિશમનું જહાજ; જાસમી: જોઆસમી (આરબની એક જાત; મસ્કતની માથેતરી કંઠારેથી એક વખત આ જવાનો ઠેઠ બર્મા સુધી હાકલ બોલાવતા હતા); બંદૂલ: વહાણને અંદરને તળિયે પાણી ભરાવાનો કૂવો; ધાઉ: જગવિખ્યાત કચ્છી અને અરબી જહાજ; (કોટિયો એ જાતનો બગલો પણ એવો જ. એની બાંધણી ભૂમને મળતી. અંગ્રેજોનાં આરમારી દફતરો કહે છે કે 'ઇસ્ટ ઇંડિયામૅન' નામનું જહાજ બાંધવા માટે આ કચ્છી કોટિયા અને ધાઉ-બગલા નમૂના રૂપે લેવાયા હતા છેલ્લે તેનું આલેખન આપ્યું છે).

પાણીમાં કાવરાંગ ડુબકિયાં દેતી હોય, સામી બાથે અધબધ ભરતી સાંપણ પાણી બહાર કોરી જતી હોય, સાથે ગાજુરિયો કત સોંસરો પોકાર-તો હોય અને રતીભાર પણ વીણો બકરાને કબજે થાય તો વહાણ રસાતાળ પહોંચવાનો હર પળે ધ્રા હોય, ત્યાં ભલભલા નાખવા પણ કત ઘટાવવામાં જરાયે હીણપત માનતા નથી. આશાપુરાના ખારવાઓને મકનાનાં કાંડામાં ભરોસો હતો; અને વીણા પર એની વજ્રચૂડ ભરાવી હોય ત્યારે ગમે તેવા દરિયામાં પણ ખારવા નિરાંતે સૂઇ જતા. પણ સઢ ઘટાડવાના હુકમની હર પળે રાહ જોતા ખારવાઓ કત વધારવાના હુકમથી ઘડીભર ચમકી ગયા!

છતાં એ હુકમ પૂરો થયો તે પહેલાં તો બધા ઠેક મારતા ઝડપથી રસાઓ ઉપર ચડવા માંડ્યા. ખારવાઓને થોડો ઓધાર દેવા નાખવાએ રાક્ષસી પંજાને ઠેલે વીણો સહેજ ગોત્રી દબાવ્યો. કોટિયાએ એટલા ઇશારા-ભર સાત્રી કાવરાંગ નહિ જેવી ઉપાડી, અને તિરછા ડોલ જરાક ઊભા થયા. એ તકનો લાભ લઇ એક ભૂખ્યો લોઢ પરમીલપછાડ ઘોયડો ફૂદાવી સથો તરાવતો ધોરિયા વાટે ધોધ વહેવડાવવા માંડ્યો. પળભર અરધે રસ્તે થંભેલા ખારવાઓ ફરી ઊંચે ચડવા માંડ્યા. એક બહાદર જવાન ટુબિગાર તીરનો ઘોડો બનાવી સાવધતાથી ધોર પર પહોંચ્યો અને કાત-રાના કારસા સાટુ જાણે છરીએ કાપ્યા હોય એટલી ઝડપે કાતરો વધાવ્યો.

વધેલા કતના ભારે કોટિયાએ ધફ્ફડાબૂડ ઝોંક લીધી ને એક પછી એક ધસ્યા આવતા લોઢમાં બદનફાડ પરમીલ કુદાવતો તે બમણા વેગથી ધસ્યો.

કાનજી માલમે નાખવા તરફ કૌતુકથી જોયું; નાખવાએ જવાબમાં નાસી બગતરા તરફ આંખ મટકાવી. ચીંધેલી દિશમાં જોવા માલમ છતેડીએ ચડવા માંડ્યો, ત્યાં તો આભમાં ડોલતા પીંજરિયાએ પોકાર કર્યો: 'ફિરંસિ-

---

કાવરાંગ: વહાણનો ભાગ; ભરતી સાંપણ: સુકાન તરફની વહાણની જલરેખા (જિબ્રારની ઉપરની); ગાજુરિયો: સૂસવતો પવન; કત: સઢ; વીણો: સુકાનનો હાથો; બકરો: સુકાનનો મુખ્ય દંડ; ધ્રા: ભય; ગોત્રી: ડાબી બાજુ; સાત્રી કાવરાંગ: જમણી બાજુનો વહાણનો ભાગ; ડોલ: કુવાથંભ; લોઢ: મોજું; પરમીલ: વહાણનાં બે પડખાં જ્યાં ભેગાં થાય તે પાછલી કિનાર; ઘોયડો: એ કિનાર પરની વહાણની ટોચ, ગુરડો; ધુરિયા: તુતક પરથી મોજાનું પાણી નીકળી જવા રાખેલાં બાંકોરાં; કાતરો: મોટો સઢ; ધફ્ફડાબૂડ: ધફ્ફડા પણ ડૂબી ન જાય એવી; ઝોંક: ઝૂકી પડવું તે; છતેડી: ખુલ્લું તુતક; પીંજરીઓ: કુવાથંભની છેક ટોચ પર ચારે દિશાની ચોકી કરતો નાના પીંજરામાં બેઠેલો ચોકીદાર.

કોટિયા ઉપર આવ્યો. એણે ફાલકા ધણુસા ખોલાવ્યા, ધોકડામાં તીણી કિરચ ખોસી જોઈ, બીજે બારીકીથી તલાશ પૂરી કરી, પછી મકના સાથે નીચે કોટડીમાં જઈ મશહૂર ફૂલગુલાબીની પ્યાલી પીધી, પાછા તુતક ઉપર આવી કલમીની ટોકે મગરૂરીથી ફરફરતા સૂરજચંદરવાળા રાતા ઝંડાને અદબથી સલામ કરી અને છેવટે કાવરાંગે બાંધેલા રસ્સા ઉપરથી એ કટારીમાં સરકી પડ્યો. કોટિયો ચર ચુકાવતો આગળ ચાલ્યો.

લગભગ બે એક ઘડી પછી દૂરના ટેકરા ઉપર એક ઝળહળતું ફનોસ ઇશારા ચમકાવવા લાગ્યું, અને પા એક ઘડીમાં તો નાનામોટા બધા શઢ ચડાવી 'લા કોસોલાંત' કોટિયાના શિરોટા સૂંઘતી પાછળ પડી.

ઓસરતી રાતમાં ભેજનું જોર વધવા લાગ્યું હતું. પીંજરિયાની સીમ સંકેલાઈ જવા માંડી હતી. દોઢેક ઘડી પહેલાં ચન્દ્ર ઊગ્યો હતો, પણ આછાં વાદળના બુરખા પછવાડેથી ઉછીકાં તેજે ભેજ ઉજાળવાની એની કોશિષ નહિ જેવી જ હાંસલ થતી હતી.

વિશાળ દરિયા વચ્ચે એકલ મોતી જેવો કોટિયો આશાપુરા, સામી ઝોકે કાવરાંગ નવરાવતો, અધ અધ કોસના શિરોટા ચાંદનીમાં ઝગમગાવતો જતો'તો. મોટા મોસમી લોઢને લોખંડી પરમીલથી ફીણફીણ કરતો, ઘડીમાં આડ તો ઘડીમાં સામી મારતો, માતેલા સાંઢ પેઠે ઠોકર ને ઠૂલ દેતો એ ધસ્યો જતો'તો. જોરાતા ગાજુરિયાથી તંગ આફરેલા સઢ કલમી ને ગુસી જાણે ફાટફાટ થતા હતા. હમાલા ઉપર મગરી ફાંસ નાખવા છતાં પડવલા જાણે તૂટુંતૂટું થઈ રહ્યા'તા. સાંભાઈ ને હંજાની લોખંડી તાણથી જબુત્રો ને ઉભિધાન જાણે તાગડ સથો ઉખેડી લેશે એમ લાગતું હતું. વીણાના તાર જેવી તંગ આલાદમાંથી વાવડો ભયંકર સૂર કાઢતો દોલલા સાગર ઉપર જવાંમર્દીના વિજયની વીર ગાથા ગાઈ રહ્યો હતો. ત્યાં તો 'ગાભિયા વધાય હોબ્બેએએએસ! કાતરિયા વધાય હોબ્બેએએએસ!' એવો, છતેડીથી ધોયડા સુધી વાવડાને ડારી દેતો મકના નાખવાનો અવાજ ગાજી ઊઠ્યો!

ફુલગુલાબી: એકવાર કચ્છમાં બનતો મશહૂર શરાબ; કલમી: છતેડી પરના સઢનો બીજો કુવાથંભ; કલમીની ટોકે: એ સઢને મથાળે; શિરોટા: વહાણ પાણી કાપીને પછવાડે જે લાંબો ભાત પાડતો પટ મૂકી જાય છે તે (વેઈક).

એક બાજુ વળી વલંદાઓનો ફોજી ઝંડો ઉડાડતી એક ફતેહમા બે ય પડખે પડેલા હબસી શંબક અને હેજાઝી જમનીના સારધાર ગંદા ખલથી પોતાની રંગરોનકને અલવલ ન આવે એ બીકે હોય તેમ, કંઠાસાપણ ઉપર હાથીગથા ધફડાઓનો હાર લુડાવતી'તી; અને આવો નમાલો પડોશ વાત માટે પણ નાલાયક હોય તેમ, દૂર પડેલા કોઇ ફિરંગી બરછા સાથે ફનોસ (ફાનસ)ના ઝાટકારા મારી ઇશારાથી જાણે ગપ્પાં હાંકતી'તી.

...અને આમ ને આમ, નજર પણ ન પહોંચે ત્યાં સુધી, બેડા ને બગલા, કોટિયા ને પડાવ, ડન્ગા ને ઘૂડ, ગંજા ને ધાઉ, ખચ્ચર ને ગંજાવર, મંઝી ને બતેલા (વહાણોની વિવિધ જાતો)ની જાણે મેહફીલ જામી પડી હતી. સાંજ પડ્યે ગામને પાદરે બેઠેલા વડિલો વચ્ચે જાણે ટાબરિયાંઓ ધમાચકડી કરતાં હોય તેમ હોડી, કટારી, કિસ્તી, તર, સંપાન વગેરે પણ આ મેહફિલમાં ચારે કોર આમથી તેમ દોડધામ કરતાં હતાં. એ મેહફિલની જબાન સમજાય તેને સાત સાગર ઊભરાય એટલો રસ પડે. કમનસીબે, અચાનક ઇતિહાસ બની ગએલા એ કાળમાં તો, આટલા રસને તો માત્ર ટીપું સમજે એવી ખડિયા તમન્નાવાળા જવાનો આ દેશમાં જનમતા હતા. અફસોસ એ છે કે એ ચિરંજીવી જવાનોને 'હતા' કહેનાર પણ આજે જનમતા નથી!

ફતેહમારે: એનું વાંઢાર ઘણુંખરું તીખું, એટલે એ બે મોઢાં વાળી લાગે. પરિણામે, એની પહોળાઇ થોડી અને ચાલ તેજ; શંબૂક: સોમાલી કોઠાનું હબસી જહાજ; જમની=યેમની, હેજાઝ-યેમન કોઠાનું અરબી વહાણ; સારધાર: નર્યાતાળ, તદ્દન; ખલ: વહાણનું બદન; કંઠાસાંપણ: રાંગ નીચેનો, સૌથી ઉપરનાં પાટિયાંવાળો ભાગ; હાથીમથા: હાથીનાં માથાં જેવા; ધફડા: દોરડાંના બનાવેલા ગોળ, લંબગોળ, કેળાં જેવા, હાથીમથા વગેરે ઘાટઘાટના આડિયા (બે જહાજ કે જહાજના કુડધા સામસામા ભટકાય નહિ તે માટે તે રાખવામાં આવે છે); બરછો: આઠ, દસ, પંદર અઢાર કે વધારે સઢવાળું પરદેશી જહાજ; પડાવ=સંસ્કૃત 'પ્લવ' શબ્દનો અપભ્રંશ (ડરબનથી મનીલા સુધીના લાહોલા સાગરમાં આ નામ વપરાય છે. મોરીશસ, જાવા, બોર્નિયો, હાવાઈ, હિન્દી અને પાસિફિક મહાસાગરનું ભોંયું જહાજ. 'પડાવ' શબ્દ કચ્છ-કાઠિયાવાડ-ગુજરાતની પશ્ચિમ ધરાનાં જહાજ માટે વપરાય છે અને પોર્ટ લૂઈથી પનામા સુધીનો એનો પરિચય એ હિંદી વહાણવટાના ભૂતપૂર્વ દિગ્વિજયની જયપતાકા જેવો છે). આ ઉપરાંત ડંગા, ગંજા, ધાઉ, ખચ્ચર, ગંજાવર, મંઝી, બતેલા, હોડી, કિશ્તી, કટારી, તર, સંપાન એ બધાં વિવિધ વહાણો તથા હોડીઓનાં નામ છે, જેમાંનાં કેટલાંકનો ચિત્રપરિચય છેવટે આપવા'ધાર્યો છે.

આઘેરી અલગારથી દૂરદૂર, દોમદોમ સાહ્યબીવાળું એક મોટું શહેર, ઝડપથી ઊતરતાં અંધારાંમાં ઝગમગવા માંડ્યું હતું. શહેરભરનો કોલાહલ કોસિયા-સુરિયા વાવડાએ લ્હેરાતો પાણી ઉપર થઈ વહાણવહાણને તૂતકે પહોંચતો હતો અને સદાપરદેશી વહાણખેડૂઓનાં દિલમાં, નિતવિખૂટી ધણિયાણીની સૂરીલી હલક, ગોસગોસને ગાળે મળતી દોસ્તોના એખલાસ, ઘરખોરડાંના જવલ્લે જ મળતા વિસામાની શીળપ, અને દરિયાદરિયાની માઝમ શેરીઓની પેલે પાર ઊછરતાં બાલુડાંઓના કિલ્લોલ, એ બધાંના ભણકા ઉઠાડતો હતો. કાળોતરા આકાશમાં ઝબકતા તારામંડળ પેઠે અંધારી પાણીવાટોમાં જહાજ-જહાજનાં ફનોસ ચમકવા માંડ્યાં હતાં. 'ધીરે' પાછા ફરતા નાખવા, સિરાંગ, તંડેલ, ખારવા વગેરે પાસેથી રોજી મેળવવાની હરીફાઈમાં જાતજાતની કિસ્તી કટારીઓ, ઉતરતા વોની તાણમાં હલેસાંને ઇશારે સામી મારતી, એકબીજાને ઠેલતી હડસેલતી, ફુડધા પાસેની અસંખ્ય પગથારોને ઘેરી વળી હતી.

આ પગથારની માથલી શેરીઓની અંધારી ભૂલભૂલામણીમાં, ભોળા સાયરબચ્ચાઓને મડાંવળ નીચોવનાર કાંઠા-બજાર લાગી પડી હતી. એ બજારમાં કિસમકિસમનાં આરબી કાવાખાનાં, ઇસ્લામાબાદી હુક્કાખાનાં, પંજાબી હમામખાનાં, ચીનાઇ ચંડૂલખાનાં અને દુનિયા આખીનાં ચૂડેલ-ખાનાંઓ પોતપોતાનો હરામપેશો ધમધોકાર ચલાવી રહ્યાં હતાં.

એ કાંઠા-બજારની પાછેતર અંધી પોળમાંના એક ખંડિયેર કાવાખાનાના બંધ દરવાજા પાછળ લાંબી પાટ ઉપર ચટાઇ બિછાવી ત્રણ માણસો ધીમે સાદે ગુફતેગોમાં મશગૂલ બેઠા હતા. અને ત્રણે વચ્ચે ચાર હાથ ઊંચો ને દોઢ વામની નળીવાળો હુક્કો પડ્યો હતો, જે વડે વારાફરતી એકેક જણ છાતીભર દમ ખેંચી ચલમમાં ભડકો ઉઠાડતો હતો. આ ભડકાથી જે ધુમાડિયો ઉજાશ થતો તે સિવાય એ કાવાખાનામાં કાળું અંધારું હતું. એ વિસાતા-બુઝાતા ઉજાસમાં પણ ત્રણેયના ચહેરા બહારથી ઢળી પડતા પરંતુ ભીતર ખોફનાક ઊંડાણ છુપાવતા સાગર જેવા લાગતા હતા. આમાંનો

કોસિયો વાવડો: દખણાદો પવન; સૂરિયો વાવડો: નાખનાર; દખ્ખણ–પૂરવનો પવન; ગોસ=એક બંદરેથી નીકળી, અનેક દરિયા ખેડી, ફરી એ જ બંદરે પાછા પહોંચે એટલે એક 'ઘોસ'–ગોસ પૂરો થાય (રાઉન્ડ વૉયેજ); નાખવા, સિરાંગ, તંડેલ, ખારવા=વહાણ પરના જુદીજુદી કક્ષાના માણસો; સામી મારવી: દરિયાનાં મોજાં ઉપર મોરો ઠેકે તે; ફુડધો: ગોદી, ઘાટ, ધક્કો (ડૉક)–જ્યાં જહાજ સોડ પડી શકે (આરામ લઇ શકે); મડાંવળ નીચોવનાર: નીચોવીને મુડદું કરી નાખનાર.

'આમિ એ ત સ્વીકાર કોરિતે છે, જે ત તોમાકે છુરિ એમન કાજ એન્ય કિછુતેઈ હોય ના, પરં એથન ઓધિક આમાકે પારવે ના, સે ડાકે ડાકે બોલિતે છે. જુદી દોરકાર આછે પ્રમાણ કોરિઓ.' (હું એ કબૂલ કરું છું કે તારા વિના બીજાથી આવું કામ બની શકે નહિ; પણ આથી વધારે હું જઈ શકતો નથી એ સાફ સાફ કહી દઉં છું. જો ગરજ હોય તો કબૂલ કરી લે.)

'જુસાં તું ત ઘણે ઇયાં હોકો પીતાં ડાકણ પરિમાણ ખુવા કરસ, પણ લાલિયા ચર વટાં ફરાંસિયા બરકંદાજ ભેરા થાય તેનો જોખો લેવા ભેરો નહિ ગુડા નેં!' આટલું બોલી મકના નાયકે સિફતથી ધુમાડાનો ગોટ ખામોખાં માંજીની આંખમાં ઠાલવ્યો ને આંખો ચોળતા માંજીની ઉપરવટ કાનજી તરફ આંખનો ઇશારો કર્યો. કાનજીનો મત જાણી, સ્વસ્થ થતા માંજીને એણે કહ્યું:

'ભાલો તિંયે; બીજું શું? તું ત હણે વધવાનો નથી, અને હું રૂગો છેટો માસ થિયાં જિન્નાર લફાવું છું તે જુસાં તું ડાકે ઈ પરિમાણ, બાકી બધા ખુવા. હણે તું માંડ હેલિયાં મોકલવા, ને હું જઈને સવાર તંયા ગત્રી ઊંટડા સજાવું; બાકી આ બંધરના કોલ, ચિઠી, હવાલાકબાલા મિડેની કડાફૂટ તારી, ને માલ પોંચાડવો ઈ કામ મારો. બાકી જુકા ધગો કાંધો છે ત બંધૂલમાં ખાંડીને તારી કલફાત ખલ ઉપર ચોપડીશ, ઇ બચા જાધ રાખજે.'

ફાંગ ને મુછ, ફાંગ ને મુછ વટાવતાં ત્રીજે દહાડે સાંજ આશરે કોટિયો લાલિયા ચર પાસે આવી પહોંચ્યો. બે જહાજ માંડ ભેળાં હાલી શકે એવી સાંકડી નાળને મોંએ ફ્રાન્સનો ત્રિરંગી ઝંડો ઉડાડતી, જંગે બહર માટે હમેશ તૈયાર રહેતી, રૂપાળી ફતેહમાર 'લા કોંસોલાંત' (Consolante) નાંગરી પડી હતી. કોટિયો નાળમાં દાખલ થયો કે તરત લા કોંસોલાંતે એને પડકાર કર્યો.

કુરંગી કંદારના ફ્રેન્ચ બંદરોના ભોંયા ભવાન તંડેલને બોલાવી એની પાસે મકનાએ જવાબ દેવડાવ્યો: 'પચ્છમ ધરાનો કોટિયો; નામ 'ફતેહજંગ'; નાખવો રૂપો સાંગણિયો; ખરાજાત ભરતી ધોકડા પાટના; લાધ્યા કોસીપોર; ઉતારી ધાંસી કામરૂ બંધર.'

મનવારની વાંઢારે બાંધેલી નાજુક તીખી કટારીમાં બેસી એક અફસર

જુસાં: કચ્છી ભાષાનો ઉદ્ગાર; ખામોખાં: સીધેસીધો; હણે=હવે; છેટો=છએક; ડાકે: કહે; બંધર: બંદર; જુકા: જો; ધગો: દગો; કલફાત: રગડો, રંગ; ખલ: વહાણનું બદન; જાધ: યાદ; ચર: સાંકડી નાળ; જંગે બહર: દરિયાઇ યુદ્ધ; કટારી: નાનું વહાણ–ચાટ.

જરૂરી ને બિનજરૂરી મરામત કરતાં આલાદ ઉપર દોઢેક મહિનો કઢાવી નાખ્યો. પછી વળી સથા ઉપર વાટઘૂડ કરાવી; જિન્નાર ઉપર બધે કલફાત કરાવી; કૂંડીને રંગ દેવડાવ્યો; ફ્રાબાને ચીલફી ચોપડાવી–અને પછી તો બારે માસ જમાવેલી સજાવટ રાખતા એ કોટિયા ઉપર કામ પણ ખૂટ્યું.

ફાંદાબજારનાં હરામખાનાંઓમાં સનસનાટી ફેલાઈ રહી હતી. ફરાંસિયાની પૂરવ હદમાં ધીંગાણાં મચવા માંડ્યાં હતાં. નાનીમોટી ખંડણિયાત રિયાસતોમાં બંડ જાગ્યું હતું. બંડખોરો બારૂદ (દારૂ) અને તમંચા માટે અશરફીનો વરસાદ વરસાવવા તૈયાર હતા. પણ ફાંગ ફાંગ અને મુચ્છ મુચ્છ ઉપર ફરાંસિયા મનવારો થાણાં નાખી પડી હતી અને વહાણેવહાણની જડતી લેતી હતી.

મકના નાયકના કાન સરવા થયા. 'હણે જુમાં મુણુસનાં કામ છે. ભેસાં કપાસ ને ગુડાકુ ને પાટ ને સરસુતી વાતું સાંભરીને મુજા ત કાન બિમાર થઇ ગ્યા'તા. (હવે મરદનાં કામ છે. આ કપાસ ને ગડાકુ ને પાટ વગેરેની વાતો સાંભળીને મારા તો કાન બીમાર થઈ ગયા હતા.) મકનાએ કાનજીને કહ્યું, અને કોઇનું ધ્યાન નો'તું ત્યારે બહાર આવવા કાનજીને આંખથી ઇશારો કર્યો. જ્યારે ખાસ બહુ જ ગંભીર મસલત કરવાની હોય ત્યારે મકનો જીભ કરતાં આંખ વધારે વાપરતો; અને કાનજી માલમને મકનાની જબાંદરાઝી (જીભાજોડ) કરતાં 'ઇષ્કારતેચશ્મ' (આંખની ભાષા)થી સમજ પણ ઝટ પડતી!

બહાર નીકળી ~~મકનાએ~~ ઓલિમિયાં માંજીના કાવાખાનાનો રસ્તો લીધો ને કાનજી માલમ એની મકસદ પામી ગયો. સૌદાગરી વહાણની પેઠે કપાસ, ગુડાકુ કે પાટ સરસું લાદીને દરિયો ખેડતાં એને પણ શરમ લાગતી હતી!

કાવાખાનામાં મોડી રાત સુધી ગુફતેગો ચાલી. પાટના ધોકડાની ભીતરમાં બારૂદનાં પડીકાં અને તમંચાઓ છુપાવી નીમેલે બંદર પહોંચાડવા; નૂર ચાર ગણું મળે; તેમાં ૬૦ દોકડા નગદ અને બાકીના ધણીને માલ સુપરદ કરતાં મળે; આ શર્ત માંજીએ ઘણી મુજહેમત પછી રજૂ કરી. મકનાને તો ધીંગાણાનો ગંધ હોય ત્યાં મફત જવાનું પણ પરવડે એમ હતું; પણ બહારથી નિર્દોષ વેપારી વહાણનો ઢોંગ કરનારને આવાં કામ માટે ઇંતેજારી દેખાડવી પાલવે એમ નો'તું, એટલે એ હજુ બડોંસ કરતો હતો. છેવટે માંજીએ વાત બંધ કરવા માંડી:

આલાદ: વહાણનાં દોરડાં; ફાંગ: નદીના મુખ આગળનો ઘણા ફાંટાવાળો ભાગ; ફાંગફાંગ અને મુચ્છમુચ્છ: એવાં નાનાં મોટાં નાકાં.

એક તે આ કાવાખાનાનો માલિક ઓલિમિયાં (અલીમિયાં) માંજી; બીજા બે હતા પચ્છમધરાના ખારવા, મકનો નાયક અને કાનજી માલમ.

ઓલિમિયાં માંજીનો દેખીતો ધંધો કાવો વેચવાનો હતો, પણ એના કાવાખાનામાં વાંસડા ફરે તો ય ફૂટી પ્યાલી મળે એમ ન હતું. એના કાવાખાનાની ચારે દીવાલોમાં જ નહિ, પણ છતમાં ને ભોંયમાં સુદ્ધાં જાતજાતના છૂપા દરવાજાઓ હતા, કારણ ઓલિમિયાં માંજી તે કાળનો આલમમશહૂર દાણચોર હતો. નાજુક બાંધણીનું છતાં લોખંડી સીસમનું એનું બદન, ચમકદાર માંજરી એની આંખો, નમૂછિયા શાળીચઢા ચહેરા નીચે કુલફ લગાવેલી એની કાળી નાની દાઢી—એ બધું જોનારને તુરત જ સાવચેત કરવા પૂરતું હતું. અંગ્રેજી, ફરાંસી (ફ્રેંચ), હિંદુ અને પઠાણી એવી આસપાસની અનેક રિયાસતોમાં એના શાગિર્દો પેધા પડ્યા'તા. એમાં યહૂદી રૂમી ને ફિરંગી, વલંદા ને અંગ્રેજ, ઇસાઈ ને મુસલમાન, હિંદુ ને સંથાલ, મગ ને ચકમા, નાગા ને ભુતિયા બધા'ની ભરતી થતી'તી. ખારવાઓ, માંજીઓ, સિપાઇઓ, તાયફાઓ, મદારીઓ, બાવાઓ, વેપારીઓ અને જુદીજુદી રિયાસતોના નાના મોટા અમલદારો સુદ્ધાંનો એમાં સમાવેશ થતો હતો. આ બધાની બહાદુરી, ચાલાકી અને બદમાશીના કારસ્થાનનાં પઠાણ અને સાજ માંજીના ખંડિયેર કાવાખાનામાં મંડાતાં. માંજીની ફૂંકે એ બધા બેડિયાતોના સઢમાં વાવડો પૂરાતો, પણ બેવફા નીવડનારની કિસ્તી માંજીની વસીલાદાર કિન્નાખોરીના ખડકો ઉપર ફના થઇ જતી.

આસપાસ સો સો કોસની રિયાસતો ઓલિમિયાં માંજીને જીવતો પકડી ઘાણીમાં પીલવાનાં સ્વપ્નાં વર્ષો થયાં સેવતી આવી હતી; પણ આ ચપરખંધા માંજીના પેશા (ધંધા)માં જેટલાં જવાન સાહસ ને સીનાદાર મર્દાનગી હતાં તેટલો જ અઢળક નફો પણ હતો; એટલે માંજીને મારનાર કરતાં બચાવનારની સંખ્યા દેખીતીરીતે વધારે મોટી હતી.

ઓલિમિયાં માંજીની ખેડમાં આવનાર નાખવાઓ એનાથી કોઇ રીતે ઊતરે એવા ન હતા. માંજીનાં વહાણ બાંધે તે એના જોખા (જોખમ)નો

મગ અને ચકમા=આસામ અને આરાકાનના પહાડોમાં વસતી જાતો; નાગા=આસામનાં જંગલમાં વસતી જાત–આજ સુધી દુશ્મનનું માથું વધેરી ઘરમાં શોભા માટે ટીંગાડવાનાર સિયા! ભુતિયા: ભુતાનના રહેવાસી; પઠાણ: વહાણને તળિયે વાંઢારથી મોરા સુધીનો પાયાનો ધીંગો થંભ; સાજ: શણગાર વગેરે.

ખયાલ કરીને જ. અને ખસૂસ એ જોખાથી લલચાઇને જ મકનો નાયક અને કાનજી માલમ એના કાવાખાનામાં સોદો બેસાડવા આવ્યા હતા.

કોટિયો 'આશાપુરા', મકનો નાયક અને કાનજી માલમ, એ ત્રણે પચ્છમ પાણીમાં શકરાબાજ તરીકે મશહૂર હતા. દેશમાં ચાલતાં કુસંપ ને અંધાધૂંધીનો લાભ લઈ ટોપીવાળા વાણિયાશાહી કોઠીઓની ઓથે ડેરડેર જોરતલબી જમાવતા જતા હતા. સરજમીન પરથી રજપૂતાઈ ઓસરી ગયા જેવી બની ગઈ હતી. માંહ્યોમાંહ્યની લડાઈમાં તોખમી ખમીરના જુવાળ વેડફાઈ જતા હતા. પણ સાયરની ઓથે મર્દાનગી હજુ પૂર જોશમાં મહાલી રહી હતી. મકનાને ચાંચિયો જાહેર કરી ચાર ચાર યૂરપી પ્રજાઓ એને ડારવા મથી રહી હતી.

છેવટે એને જીવતો દાટવા ટોપીવાળાની ગનવારો એના પ્યારા વતનનાં બારાંઓને મોંએ લંગરવા માંડી. અને સુકા ભેગાં લીલાં પણ બાળવા માંડ્યાં એટલે, વતનને રાહત મળે એ હેતુથી, પચ્છમ કેડીમાંથી થોડો વખત વિસાઈ જવાનો મકના નાયકે નિશ્ચય કર્યો; અને એક મધરાતે, અજાણી નાળોમાંથી જુવાળ કુદાવતો કોટિયો અણીશુદ્ધ છટકી ગયો. અંગ્રેજી કોઠીઓમાં તો એને લાસ ગએલો માની વિધિપુરસ્સર ઓચ્છવ પણ ઉજવાયો. ફોજી ફતેહમાર 'વાઈપર'ના કૅપ્ટન કેર્યૂથર્સે તો એને લાસ જતો જોયા વટીકની વાત પણ કરવા માંડી; અને ફાજી ગુરાબ 'ફૂચૂરી'ના લેફ્ટેનેન્ટ ગોવને એને ટેકો પણ આપ્યો.

અને આ પ્રમાણે કોટિયો 'આશાપુરા', દશ મશહૂર તોપોને સથા નીચે સંતાડી, સૌદાગરી જહાજનો લેબાશ ધારણ કરી, બંગલા સાયરમાં કિસ્મત અજમાયશ કરવા આવી ચડ્યો હતો.

મકનો નાયક દરરોજ સવારે કાંઠે ઊતરતો અને નાનેથી મોટા બધા સૌદાગરોની ગદ્દીઓ માથે કરી વળતો, પણ અજાણ્યા કોટિયાને માલભરતી આપવા કોઈ હિમ્મત કરતું નહોતું. સતમી અને કબાલા માટે મકનાને ખાસ અભખરો તો નહોતો જ, પણ લાંબો વખત ખુવા ઢાળી રાખવાથી એના દુસ્મનોને શક પેદા થતો'તો એટલું જ નહિ, પણ એના પોતાના

પચ્છમ પાણી: ધોડાબારી, કચ્છના જખૌ બંદરથી શંખોદ્ધાર સુધીનાં પાણી; લાસ ગએલો=ડૂબી ગએલો, નાશ પામેલો; ગુરાબ: ઈરાની જહાજની એક જાત, એનો અર્થ 'ગીધ'; સતમી: માલ ભરીને માલધણીને અપાતી પહોંચનું ખત;(બિલ ઑવ લેઇડિંગ); કબાલા: માલ ભરતાં પહેલાં જે શર્તે માલ ભરાશે તે શર્તોનું ખત; સતમીનો આધાર: શિપિંગનો ઑર્ડર; ખુવા ઢાળી રાખવા: વહાણને કામ વગર બંધે બાંધી રાખવું.

ખારવાઓ પણ કામ વગર આકળા થવા માંડ્યા હતા. બીજી બાજુ, વર્ષેક પહેલાં એક ફિરંગી બરછા ઉપર બળાત્કાર કરી મેળવેલી ખરચી પણ ખૂટી રહી હતી અને ગમે ત્યાંથી ખરચી મેળવવી એ પણ જરૂરી હતું.

એની પછી બંદરમાં આવી નાંગરેલાં અનેક ધણિયાતાં વહાણો ચારપાંચ અઠવાડિયાંમાં તો ખરાજાત ભરતી ઉપાડી, ડૂબતી જિન્નારે, બગલાની પાંખ જેવા સઢ ઉડાડતાં ફરી સાયરમોર થતાં'તાં. રોજ કોઇ ને કોઇ વહાણ, વસીલાવાળા વછિયાતને લઇને સત્રી ઘોડી સથાબંધ ઊંટડાગત્રી વધાતું, અને કંઠારેથી આવતાં હેલિયાધાર નવાલા ધણુસાભર નોશ કરતું. લગભગ દર જુવાળે ધવરના બાંયા ઠેલતા ખારવાઓનાં ગીતમાં, લેટણ ઉપર ભરડા લેતી વલ સંગરની ખંજરી સંભળાતી—અને મકનાના ખારવાઓ, નગરશેઠની જાન પછવાડે મિયાણાઓ જુએ એવી નજરે, જનાર પછવાડે જોઈ રહેતા.

આ નજરમાં વધતું જતું ઝેર મકના નાયકની જાણ બહાર નો'તું. ખારવાઓને દિ' આથમ્યે થકવી નાખવામાં એ ઝેરનો ઉતાર હતો એ ધ્યાનમાં લઇ, કિનારે જવા પહેલાં, એ બધાને આખો દિ' હાલે એટલું કામ રોજ ચીંધી જતો.

થોડા દિ' હાંસલ ને પાઘડિયા, સાભાઇ ને હજા, હમાલા ને જારી વગેરે દુરસ્ત કરાવ્યા; પછી ડાંડિયા, ટાંકલિયા, મતલા, છીરી ને મરક-પણખ મસાલી પીંજાવીને નવાં વણાવ્યાં; જૂના કત કપાવી ગાભિયા કાતરિયા બનાવડાવ્યા; કારસા છોડાવી કલમી, ગુસી વગેરેમાં થીગડથાગડ કરાવી; અને આ પ્રમાણે

ખરાજાત: માલની કિંમત, વીમો, ખરચ વગેરે; જિન્નાર: માલ લાધ્યો ન હોય ત્યારે પાણીની ઉપર રહેલો વહાણનો ભાગ; વહાણમાં માલ ભરચક ભરેલો હોય ત્યારે એ પાણીમાં ઊતરી જાય તેથી 'ડૂબતી જિન્નારે'; સથો: તુતક; સાત્રી-ઘોડી-સથાબંધ=વહાણનો આગળ પાછળનો તથા પડખાંનો બધો ભાગ ભરીને; સાયર મોર: સાગર તરફ; ઊંટડા ગત્રી: કપ્પી બાંધવા માટે બે કે ત્રણ મોટા થંભ ભેળા બાંધી બનાવેલો ઊંટડો-ક્રેઇન; હેલિયા: મોટા જહાજને પાણીમાં માલ પહોંચાડનારા નાના મછવા (એને કરાચીમાં લાઈટર્સ, બ્રહ્મદેશમાં કાર્ગો બોટ્સ, બંગાળમાં 'કિસ્તી' અને મલબારમાં 'માચે' કહે છે); ધણુસો: નાનો ફાળકો, જે વહાણના પાછલા ભાગમાં હોય; ધણુસાભર: પેટનો ખૂણેખૂણો ભરીને; હેલિયાધાર નવાલા ધણુસાભર નોશ કરતું=હોડીઓ ભરીભરીને આવતા કોળિયા પોતાના ફાળકા રૂપી પેટને ઠાંસીઠાંસીને ભરતું; ધવર: કૅપ્સ્ટેન-ફિરકા જેવું દોરડાં વીંટવાનું સાધન; હાંસલ, પાઘડિયા, સાંભાઈ, હજા, જારી, હમાલો, ડાંડિયા, ટાંકલિયા, મતલા, છીરી, મરક, પણખ= વહાણ ઉપર સઢ વગેરે બાંધવામાં વપરાતા જુદીજુદી જાતના રસ્સાઓ-દોરડાં; કત-ગાભિયા-કાતરિયા: નાનામોટા સઢ.



માર્ચથી ઑગસ્ટનો સમય એના સંવનનનો હોઇ એ વખતે એની મસ્તી ઓર હોય છે. ઘાસનાં તરણાં, પાંદડાંનો કૂચો વગેરે ભેગાં કરી,નજરે ન પડે તેમ ઝાડની ડાળી પર પવાલા જેવો નાનો પણ સુંદર માળો બનાવે. અંદર કરોળિયાની સુંવાળી જાળ બિછાવી તે પર ત્રણ-ચાર ઇંડાં મૂકે.વરસમાં બેવખત બચ્ચાંઆપે.

ખુલ્લાં મેદાનોમાં ઝાડની ઘટામાં રહે. ઘણું જ ખુશમિજાજી અને ચપળ પંખી. કોયલનો ટહુકો દિલ લલચાવનાર છતાં યુરોપિયન પક્ષિવિદોનું માથું પકવે; પણ ચકદીલનું સંગીત તો સૌનું દિલ હરનારું છે.''

''દૂરબીનથી કે ચિત્રોમાં આકાશની નિહારિકાઓ કે વિશ્વોનાં જૂથ તમે જોયાં હશે, જે ઘૂમરડી લેતા વિરાટ પ્રકાશની આકૃતિઓના રૂપમાં દેખાય છે. પણ ખરું જોતાં આકાશમાં આજે એનું અસ્તિત્વ નથી ! આજથી અકલ્પ્ય વર્ષો પહેલાં,માણસજાતનોજન્મપણ નહોતો થયો તે અગાઉ, એમાંની કેટલીક નિહારિકાઓ અવકાશમાં પ્રકાશતી હતી, પણ તે પછી તેનો તો વિલય થઈ ગયો. તો પછી તેનો પ્રકાશ હજી આપણને કેમ દેખાય છે! એનું કારણ એ છે કે પ્રકાશ તો દર સેકંડે માત્ર એક લાખ ને છયાશી હજાર (૧,૮૬,૦૦૦) માઇલના જ વેગથી આવે છે, ને આ નિહારિકાઓ તો અનંતકોટિ યોજનો દૂર હોવાથી તેના પ્રકાશને અહીં આવતાં જ દસેક લાખ વરસ વીતી ગયાં! એટલે કે દસેક લાખ વરસ પહેલાં, જ્યારે માનવીનું અસ્તિત્વ પણ નહોતું ત્યારે, તેનો જે પ્રકાશ ત્યાંથી નીકળ્યો હશે તે આપણે અહીં જોઇએ છીએ; મતલબ કે અગણ્ય વરસો પર પ્રકાશીને વિલાઇ ગએલા તેજસમૂહનું કેવળ ભૂત જ આપણે તો જોઇએ છીએ!

આ પરથી સ્વાભાવિક જ આપણને પ્રશ્ન થશે કે,'તો પછી આ બ્રહ્માંડની મર્યાદા કેટલી?' એ બાબત વિજ્ઞાનીઓમાં ઘણા વિવાદ થયા છે–હજી ચાલે છે; પણ અમેરિકાની પ્રસિદ્ધ માઉન્ટ વિલ્સન વેધશાળાના ડૉ. ઍડ્વિન હ્યૂબલે એની મર્યાદા આમ રજૂ કરી છે:

એ કહે છે કે વિજ્ઞાનના સિદ્ધાંતો પ્રમાણે સૂર્ય તરફથી આપણી પૃથ્વી પર આવતા પ્રકાશનો વેગ એક સેકંડના ૧,૮૬,૦૦૦ એક લાખ ને છયાશી હજાર માઈલ જેટલો છે. આ પ્રકાશનો વેગ એક મિનિટમાં ૬૦×૧૮,૬૦૦૦= ૧,૧૧,૬૦,૦૦૦ એક કરોડ અગિયાર લાખ ને સાઠ હજાર માઈલ થાય ને એક કલાકમાં ૬૦ ×૧,૧૧,૬૦,૦૦૦=૬૬,૯૬,૦૦,૦૦૦ છાસઠ કરોડ છન્નુ લાખ માઈલ થાય. આખા દિવસને અંતેએનોવેગ ૨૪×૬૬,૯૬,૦૦,૦૦૦=૧૬,૦૭ ૦૪,૦૦,૦૦૦સોળ અબજ સાત કરોડ ને ચાર લાખ માઈલ જેટલો થાય અને ૩૬૦ દિવસનું એક વર્ષ ગણીએતો વર્ષની આખરેએ પ્રકાશનો વેગ૩૬૦×૧૬,૭૦,૦૪,૦૦૦૦૦=૫૭,૮૫,૩૪, ૪૦,૦૦,૦૦૦સત્તાવન ખર્વ, પંચ્યાશી અબજ, ચોત્રીસ કરોડ, ચાલીસ લાખ માઈલ થયો ગણાય. એક વર્ષમાં પ્રકાશની આટલી ગતિ થઈ એમ માની એને પ્રકાશવર્ષ કહેવામાં આવે છે. આવાં એક સો—બસો નહિ પણ ખાસ્સાં૬,૦૦,૦૦,૦૦,૦૦૦છઅબજ પ્રકાશવર્ષના માઈલ જેટલો વ્યાસ એ બ્રહ્માંડનો છે! જે બ્રહ્માંડનો વ્યાસ ૩૪૭૧૨૦૬૪૦૦૦, ૦૦૦,૦૦૦,૦૦૦,૦૦૦, માઇલનો છે, એનું ક્ષેત્રફળ કેટલું હશે એની કલ્પના માત્ર કરતાં આપણી આંખની મર્યાદાનો વિસ્તાર વધવાની બીક લાગે છે, ખરું?

અને આ વિશ્વમાં ૫,૦૦,૦૦,૦૦,૦૦,૦૦૦ જેટલી તો તેજના મેઘ શી નિહારિકાઓ છે, અનેતેમાંની૩,૦૦,૦૦,૦૦,૦૦૦ ત્રણ અબજ તો આપણા સૂર્ય જેવી મામૂલી ગણાતી નિહારિકા છે. વિજ્ઞાનશાસ્ત્રીઓ કહે છે કે એક નિહારિકામાં એકએક અબજ સૂર્ય પ્રગટે એટલું વાસ્તવ દ્રવ્ય છે! અને સાધારણ નિહારિકામાં ૮,૦૦,૦૦,૦૦૦ આઠ કરોડ સૂર્યનાતેજ જેટલું તેજ એકત્ર છે. વેદના પુરુષસૂક્તમાં આપણા વિશ્વને આવૃત્ત કરતા પુરુષને હજાર માથાં, હજાર આંખ અને હજાર પગવાળો કહ્યો છે, એ જોતા વૈજ્ઞાનિકોએ રજૂ કરેલી વિશ્વમર્યાદા અને હજાર આંખોવાળાને નીરખવા કાજે તેમાં સમાએલી વસ્તુઓની ગણતરી ગપ્પું હોય એમ તો નથી લાગતું.''


'સોળ સાન અને વીસે વાન' એ આપણી કહેવતના જેવી જ માન્યતાઓ પ્રાચીન યુરોપમાં પણ હતી. માણસના જીવનના સાત, એકવીસ, ઓગણપચાસ, ત્રેસઠ અને એકયા-

શીમે વર્ષે એના શરીરના બાંધામાં અમુક પ્રકારના ફેરફારો થતા હોવાનું પ્રાચીન ગ્રીક સર્વેન્દ્રિયશ સ્ત્રીઓ માનતા. આ વર્ષો ચોક્કસ શારીરિક અવસ્થાન્તરની મર્યાદારૂપ હોઈ, યથાસ્થિત રીતે ત્રીસમાં તો ઉજવવામાં આવતાં, અને એકવીસમા વર્ષે જુવાનીનું ચઢતું લોહી સ્થિર થઈ માણસ પુખ્ત વયનો થયો ગણાતો. કેટલાકો વીસથી પચીસ વર્ષના ગાળાને ઉછળતા લોહીનો ગધ્ધાપચીસીનો સમય ગણાવી તે પછીના સમયને માણસને પુખ્ત વય લાયકનો ગણે છે; પરંતુ શારીરિક વિકાસ તો એકવીસમે વર્ષેથી અટકે છે.

સાત અને નવ એ ગૂઢ આંકડાઓ ગણાતા. 'ગ્રાન્ડ ક્લિમૅક્ટેરિક' (મહાન શારીરિક અવસ્થાન્તર) નામનું એક સ્પૅનિશ સૂત્ર છે; તેનું મૂળ જોકે જાણવામાં નથી, પરંતુ સાત અને નવના ગુણાકારે આવતી ૬૩ની સંખ્યાના વર્ષે માણસના શરીરમાં ઊતરતા લોહીની શરૂઆત થાય છે, એ અવસ્થાન્તરને લક્ષી, એ સૂત્ર પ્રચલિત થયું હોય એ બનવાજોગ છે.''

'**આ**પણે માનીએ છીએ કે પૃથ્વી નવખંડી હતી, પણ પાછળથી આજના પાંચ ખંડો સિવાયનો ભૂભાગ મહાસાગરમાં ગરક થઈ ગયો છે. આપણી આ પૌરાણિક માન્યતા ભલે ગમે તે રીતે ઘડાઈ હોય, પણ આજના ભૂસ્તરશાસ્ત્રીઓ યે પૃથ્વીનો કેટલોક મોટો ભાગ દરિયામાં ગરક થઇ ગયાનું માને છે.

એ અકસ્માતના કારણ કે સમયની આપણને ચોક્કસ માહિતી નથી. પણ દક્ષિણ અમેરિકા, આફ્રિકા ને મધ્ય હિંદના કેટલાક ભાગોના પથ્થર પર અમુક વિચિત્ર ને અજાણ્યા વર્ગનાં પાંદડાંની છાપો (ફૉસિલ)ના મળતાપણા ઉપરથી આ દરેક ખંડને જોડતા કોઈ ભૂભાગની કલ્પના વિજ્ઞાનીઓએ બાંધી છે. 'ગ્લોસોપ્ટેરીસ' નામના પાંદડાની આ છાપ ઝરિયા કે રાણીગંજની ખાણોમાં કોલસાની બરોબર ઉપરના પથ્થરોના થરમાંથી જેવી મળી આવી છે, બરાબર એવી જ છાપ દક્ષિણ અમેરિકા અને આફ્રિકાની ખાણોમાં પણ મળી છે. એટલું જ નહિ પણ એ સૌ ખાણોના કોલસા તથા અન્ય ખનિજોમાં યે ઘણું સામ્ય છે, જે સામાન્યત: દેશભેદે ન હોઈ શકે. (જેમકે હિંદુસ્તાનના અને ઇંગ્લંડના કોલસામાં ફરક છે.) નિરીક્ષણો પરથી જણાયું છે કે જે પાંદડાંની છાપો મળી આવી છે એ પાંદડાં કે એનાં વૃક્ષો આજે અસ્તિત્વમાં જ નથી. જે પથ્થરો પરથી એ છાપો મળી છે એ પથ્થર 'પર્મીઅન' યુગનો ગણાય છે; એટલે કે એ પથ્થર અને એ વૃક્ષો બે કરોડ વર્ષ પહેલાંનાં છે.



કરોડેક વર્ષ પર દરિયામાં ગરક થઈ ગએલા ગૉન્ડવાના લૅન્ડનું સ્થાન દર્શાવતા આ નકશામાં વર્તમાન ભૂખંડોને કાળા કરી બતાવ્યા છે. તેમાંથી એ કાળના આજના ખંડો જેટલો ભાગ— દક્ષિણ અમેરિકાનો પૂર્વ ભાગ, આફ્રિકા, હિંદ, ઑસ્ટ્રેલિયા વગેરે સફેદ બતાવ્યા છે. આજના સાગરવિસ્તારમાં એ કાળે ગૉન્ડવાના લૅન્ડનો જે ભૂમિભાગ હતો તે ત્રૂટક રેખાઓ વડે આવરી લીધો છે. પ્રશાંત મહાસાગરમાં ઍટલાન્ટિસનો પ્રદેશ પણ દેખાડ્યો છે.

સૈંકડો વર્ષો સુધી એ વનસ્પતિમાં લયોત્પત્તિનો ક્રમ ચાલ્યા પછી કાલક્રમે એ પાંદડાં ને વૃક્ષો પર જમીનના કે રેતીના થર ચડવા લાગ્યા. ધીરેધીરે એના પરનું દબાણ વધતું જઈ એના પથ્થર થયા ને અંદર દબાઈ રહેલાં પાંદડાંનાં ફૉસિલ્સ થયાં. આફ્રિકા, દક્ષિણ અમેરિકા, ઑસ્ટ્રેલિયા ને હિંદ જેવા આજે આટલે લાંબે અન્તરે આવેલા દેશોમાંથી મળેલાં આવાં પુરાણાં ફૉસિલ્સ વચ્ચે જે સામ્ય દેખાય છે એ પરથી આ બધા દેશોને જોડતો કોઈ મોટો ભૂખંડ હોવાની કલ્પના પુરાતત્ત્વવિદોએ કરી છે. આમ, દક્ષિણ અમેરિકા અને આફ્રિકા, આફ્રિકા અને હિંદ તથા હિંદ અને ઑસ્ટ્રેલિયા વચ્ચે એ સૌને જોડતી જમીન હોવાનું તેઓ માને છે. આ માન્યતાના સમર્થનમાં તેમની એક દલીલ એ છે કે એ કાળે હજી પક્ષીઓનો ઉદ્ભવ થયો નહોતો, એટલે એમના દ્વારા ઉપર્યુક્ત વૃક્ષોનાં બીજ એક દેશથી બીજે દેશ લઈ જવાનો સંભવ નહોતો. પ્રાણીસૃષ્ટિમાં ત્યારે માત્ર માછલીઓ અને બીજાં કેટલાંક રાક્ષસી પ્રાણીઓ હતાં; પણ તેઓ તો આ બીજ સમુદ્રપાર ન લઈ જઈ શકે. એટલે આ પ્રદેશ એક અખંડ ખંડ હોવો જોઇએ એવી માન્યતા બંધાઈ અને એ ખંડને તેમણે 'ગૉન્ડવાના લૅન્ડ'નું નામ આપ્યું. સાથેનો નકશો જોતાં એનો ખયાલ આવશે.

આપણી હાલની સૃષ્ટિનું (એટલે કે વનસ્પતિ, પ્રાણીઓ, પક્ષીઓ વગેરે અત્યારે દુનિયા પર છે તેનું હાલનું) રૂપ નિરંતર થતા ફેરફારો (evolution ઉત્ક્રાંતિ)થી ઘડાતું આવ્યું છે. કરોડો વર્ષ પૂર્વે આજનાં પ્રાણીઓ હતાં જ નહિ. તદ્દન ભિન્ન અને વિચિત્ર હતી ત્યારની વનસ્પતિ ને પ્રાણીની સૃષ્ટિ. પૃથ્વીના નિર્માણ પછી હજારો વર્ષે વનસ્પતિ સ્વરૂપે જીવનનો પ્રારંભ થયો. ધીરેધીરે નાના જીવો ઉત્પન્ન થયા ને એમનાં સ્વરૂપ પછીથી કદ અને આકારમાં બદલાતાં રહી ગૉન્ડવાના લૅન્ડના અસ્તિત્વ વખતે તો એ પ્રાણીઓ અત્યંત રાક્ષસી કદનાં થઇ ગયાં. કાલાનુક્રમે તેઓ પણ નાશ પામ્યાં. આજે તો માત્ર તેમના શરીર કે તેના થોડા ભાગોની છાપ(ફૉસિલ)માત્ર પરથી વિજ્ઞાનીઓ તેમને વિષેની કલ્પનાઓ ઊભી કરી શકે છે. પણ વિજ્ઞાનીઓના એ અંદાજ આધારભૂત વિચારો પર જ રચાયો હોઇ ભાગ્યે જ ખોટો ઠેરવી શકાય. આવાં ફૉસિલ્સ પરથી જ વિજ્ઞાનીઓએ તારવ્યું છે કે ગૉન્ડવાના લૅન્ડ માણસજાતની હયાતી પહેલાં જ દરિયામાં ગરક થઈ ચૂક્યો હશે. ગરક થએલા આ ખંડની વધુ શોધખોળ કરવા ઇંગ્લંડમાં એક ખાસ મંડળી સ્થપાઈ હતી. એમણે અરબી સમુદ્રમાં ૯૦૦૦ ફૂટ ઊંચી એક પર્વતમાળા સાથે ત્રણ મોટીમોટી પર્વતમાળા શોધી કાઢી. કરોડ વર્ષ પૂર્વે ક્રેટેશિયસ યુગમાં એ બધી દરિયામાં ડૂબી ગઈ હોવાનું પ્રતિપાદિત થયું; પણ એ મહા-

પાતનું કારણ શોધી શકાયું નહિ.

ગૉન્ડવાનાના અસ્તિત્વ વિષે કેટલાક વિદ્વાનો શંકા પણ કરે છે. એ હો કે ન હો પણ એની શોધ કરતાં મળેલાં પથ્થરો ને ફૉસિલોના અભ્યાસથી બે કરોડ વર્ષ પૂર્વેનાં પ્રાણીઓ, વનસ્પતિ વગેરેની માહિતી તો મળી જ છે. આવા પથ્થર કે ફૉસિલ ક્યાંય પણ મળે તો એ સ્થળના અંતઃસ્થ વિષે ઘણાં અનુમાનો થઈ શકે છે. જેમકે ત્યાં કોલસા જેવાં ખનિજો હોવાનો સંભવ ખરો જ, કેમકે એ યુગમાં જ એવાં ખનિજો બંધારણમાં આવેલાં.

વિજ્ઞાનને બાજુએ મૂકીએ તો બીજી તરફ ઘણી લોકવાયકાઓમાં પણ આવા પ્રદેશોના અસ્તિત્વની ઘણી વાતો મળે છે. ઉત્તર અમેરિકા અને યુરોપ વચ્ચે ઍટલાન્ટિસ નામે પ્રદેશના ઉલ્લેખો ઘણી કથાઓમાં મળે છે. પ્રશાંત મહાસાગરમાં 'મ્યુ' નામે દેશ તથા હિંદી મહાસાગરમાં 'લૅમુરિયા' નામે દેશ કાલાનુક્રમે સાગરમાં ડૂબી ગયાની ઘણી વાતો છે. આફ્રિકામાં એકબીજાથી ઘણે દૂરદૂર વસતી પ્રજાઓમાં પણ લૅમુરિયા (એટલે કે માણસજાતનું ખોવાએલું ઘર) વિષે ઘણા ઉલ્લેખો મળે છે અને એ બધામાં ધ્યાન ખેંચે તેવું સામ્ય હોય છે. એમના કહેવા અનુસાર એમના વડવાઓ ખૂબ સુધરેલા અને પૂર્વના દેશોમાં રહેનારા હતા. સર્વ સુખસંપત્તિથી સમૃદ્ધ એ પૂર્વનો દેશ ભૂકંપ ને જ્વાળામુખીના કોપથી દરિયામાં ડૂબી ગયો ત્યારે તે મહાવિનાશમાંથી બચેલા થોડાઘણા લોકો મોટી હોડીમાં બેસી આફ્રિકાને કિનારે આવી વસ્યા હતા. હિંદ અને એશિયાના બીજા દેશોમાં આવી જ કંઇક હકીકતોવાળી લોકકથાઓ પ્રચલિત છે. આથી લૅમુરિયા એ હિંદી મહાસાગરમાં ડૂબી ગએલો કોઈ પ્રાચીન ભૂભાગ હોવાનું કલ્પી શકાય છે. આ જ રીતે ચીલીથી બે માઈલ દૂરના ઈસ્ટર આઇલૅન્ડના વતનીઓ તો પોતાને લૅમુરિયાની જ પ્રજા ગણાવે છે ને એ ટાપુ પણ લૅમુરિયાનો જ અવશેષ હોવાનું કહે છે. આજે પણ ત્યાં એવા કેટલાક શિલ્પ-અવશેષો જોવા મળે છે જે ત્યાંના આજના વતનીઓનું સર્જન ન જ ગણી શકાય.

૨૩૦૦ વર્ષ પૂર્વે પ્લેટોએ, આટલાંટિક મહાસાગરમાં, જિબ્રાલ્ટરની સામુદ્રધુનીને પેલે પાર અતિ પ્રાચીન કાળમાં આવેલા અને પછી ગાયબ થઈ થએલા એક વિશાળ ટાપુનું વર્ણન કર્યું હતું. એમાં જણાવ્યા મુજબ, એ ટાપુ ઉપર 'આટલાંટાઇડસ' નામની સમૃદ્ધ ને બળવાન પ્રજા વસતી હતી. પ્લેટોએ તેના પહાડો અને ખીણોનું, વનસ્પતિ ને પ્રાણીઓનું અને ત્યાંના વતનીઓ જે ધાતુ વાપરતા એનું પણ વર્ણન કર્યું છે. એ ખંડ લગભગ દસ સમૃદ્ધ રાજ્યોમાં વહેંચાએલો હતો ને હજારો વર્ષ પૂર્વે ભયંકર ધરતીકંપ થતાં તે સમુદ્રમાં ગરક થઇ ગયો હતો.

સદીઓ સુધી આ દંતકથા તરફ કોઈનું ખાસ ધ્યાન દોરાયું નહિ, પરંતુ મધ્ય યુગના અંત ભાગમાં જ્યારે પ્રાચીન ગ્રીક હસ્તપ્રતો પ્રકાશમાં આવી, વાસ્કોડાગામા ભારત પહોંચ્યો, કોલંબસ અમેરિકા પહોંચ્યો અને મનુષ્યનું ભૂગોળ વિષેનું જ્ઞાન વધ્યું ત્યારે લોકોને પુનઃ એ કથામાં રસ પડચો ને શોધખોળ શરૂ થઇ.

જુદાજુદા દેશોએ આટલાંટિક મહાસાગરના તળિયાની જે શોધખોળ કરી છે એના ઉપરથી જણાયું છે કે એ મહાસાગરના તળિયે પાણીમાં ડૂબેલી એક પર્વતમાળા છે. એમ મનાય છે કે આ પર્વતમાળા તો થોડી સદીઓ પૂર્વે જ પાણીમાં ડૂબી ગઈ. તે પરથી કેટલાક માને છે કે આજના યુરોપખંડના અનુસંધાનમાં એ જ 'આટલાંટિસ' ખંડ હતો. જોકે ત્યાં કે મધ્ય આટલાંટિકના કોઈ પણ ટાપુ ઉપર યુરોપની ભૂમિ જેવા વનસ્પતિ કે પ્રાણીઓના અવશેષોના પુરાવા હજી મળ્યા નથી.

ચર્ચવર્ડ નામના એક અંગ્રેજ વિદ્વાને અનેક વર્ષોનો અભ્યાસ કરી દુનિયાભરમાંથી આવી વાતો એકઠી કરી મ્યુ દેશ અને તેની પ્રજા વિષે બે પુસ્તકો પ્રકટ કરેલાં. ઈ. ૧૮૭૫માં આ ચર્ચવર્ડને મધ્યભારતમાં એક શિલાલેખ જોવા મળેલો. હજારો વર્ષ જૂની 'નાકલ' નામની ભાષામાં તે લખાએલો હતો. એ ભાષા ઉકેલવા એણે બાર વર્ષ અહીં હિંદમાં કાઢેલાં. બીજે દક્ષિણ મહાસાગરના કૅરોલીન ટાપુઓમાં યે આ જ ભાષાના શિલાલેખો મળી આવ્યા. અમેરિકામાં મેક્સિકોમાં પણ ત્રણ મોટાં શહેરોના અવશેષો મળ્યા. એમાં પણ કેટલાક એવા શિલાલેખો મળ્યા કે જેની ભાષા મેક્સિકોના અન્ય અવશેષોમાંના શિલાલેખો કરતાં જુદી જ હતી. અભ્યાસને અંતે જાણવા મળ્યું કે એ ભાષા મ્યુ લોકોની 'નાકલ' ભાષાથી જરા યે જુદી નહોતી. આવા એક લેખમાં લખેલું છે કે—'જેનું ચિહ્ન 'રા' નામનો સૂર્ય છે એવા મહાન નિર્નામ વિશ્વનિયામકની આજ્ઞા અને ઇચ્છાથી નિર્મિત શક્તિઓ અને પૃથ્વીના અંતઃસ્થ અગ્નિ મારફત મહાસાગર ઉપર ભૂમિ ઉત્પન્ન થઈ. આ ભૂમિ ઉપર રહેવા માટે માણસને વિધિએ બનાવ્યો. આ ભૂમિનું નામ મ્યુ દેશ છે.'

આમ, ભૂસ્તરશાસ્ત્રીઓ અને પુરાતત્ત્વવિદોના કહેવામાં ફેર પડે છે, પણ એટલું તો નિશ્ચિત છે કે હિંદી મહાસાગરે અને પ્રશાંત મહાસાગરે જમીનનો વિધ્વંસ કરીને જ પોતાની મર્યાદા વધારી છે.''

જાદુગરનો હાથરૂમાલ અને જાદુઈ સીટી

ખેલ ચાલુ છે. સ્વાભાવિક જ જાદુગર ખિસ્સામાંથી રૂમાલ કાઢી મોં લૂછે છે અને જાણે નકામા કાગળનો ડૂચો ફેંકી દેતો હોય તેમ અથવા તો રૂમાલની જાણે એને કંઇ ફિકર જ નથી એ રીતે એ એને નીચે ફેંકે છે. પ્રેક્ષકોને તેની આ બધી નાટકીય અદાઓમાં કશું અસ્વાભાવિક નથી લાગતું. પણ પછી એકાએક તેમને ખયાલ જાય છે કે પેલો ફેંકાએલો રૂમાલ જેવો તખ્તા પર પડચો કે તુરત જ ઊછળીને પાછો જાદુગર તરફ આવે છે. ને તદ્દન સ્વાભાવિક હોય એ રીતે જાદુગર તેને પાછો ઝીલી લઈ પોતાના ખિસ્સામાં મૂકી દે છે. પોતાના મુખ્ય કાર્યક્રમોની યુક્તિપ્રયુક્તિઓ વિષે કંઇ વિચારવાની તક પ્રેક્ષકોને મળે જ નહિ એટલા સારુ તે આવા આડખેલો કર્યે જ જાય છે.





હવે આ આડખેલનું રહસ્ય જોઇએ. તેણે માત્ર રૂમાલ સાથે રબ્બરના એક દડાને સીવી રાખેલો હોય છે, એવી સિફતથી કે દૂર બેઠેલા પ્રેક્ષકોને તે દેખાય નહિ. ફેંકતી વખતે જાદુગર રૂમાલનો પણ એવો ડૂચો વાળે કે અંદર વીંટાએલા દડાનો ખયાલ આવે જ નહિ. એવો જ બીજો આડખેલ છે જાદુઈ સીટીનો. દોરી પર લટકતી સીટી જાદુગરના કહેવાથી આપોઆપ વાગતી પ્રેક્ષકો જુએ છે. હકીકતે જે સીટી તેઓ જુએ છે એ વાગતી નથી, પણ જાદુગરે પોતાના કોટમાં છુપાવેલી સીટી વાગે છે. એ માટે એ બગલમાં એક દડો રાખે છે. એ દડો દબાવે એટલે એની સાથે જોડેલી સીટી વાગે. પ્રેક્ષકો સમજે કે દોરી પર લટકતી સીટી વાગી રહી છે.

પુ શુ તાન

ભીષણક સમુદ્ર

પ્રાચીન ભારતીય વહાણવટા વિષેની સ્વ. 'સુકાની'ની વિદ્વત્તાપૂર્ણ લેખમાળાનું અંતિમ (૯ મું) પ્રકરણ

સમુદ્રસંચારમાં અનેક પ્રકારના ભય હતા. એ જેટલા યાત્રીઓને ડારતા તેટલા જ નાવિકોને પણ ડરાવનારા હતા. માત્ર એટલું કે નાવિકો એ ભયનો સામનો કરવામાં મર્દાનગી સમજતા. એમને મન એ ભયનો સામનો કરવો એ 'પુરિસ-કારિયમ્' હતું. સમુદ્ર પાર કરવો એ હર વખતે અવશ્યંભાવિ કષ્ટોને જાતે વહોરી લેવા જેવું હતું એટલું જ નહિ, પરંતુ નૌવિદ્યાના એ આરંભકાળે પ્રાયશઃ મોતને આમંત્રણ આપવા જેવું હતું. કવિ દંડી કહે છે તેમ 'ભીમાનિ સમુદ્ર-ઉલ્લંઘનાનિ.' સમુદ્રોલ્લંઘન કરવું એ સર્વથા ભયથી ભર્યું હતું.

સ્વાભાવિક છે કે સમુદ્ર પાર કરવાને તૈયાર થનાર પતિ, પુત્ર, ભાઇ કે બંધુજન, પત્નીઓનાં, માતાઓનાં, બહેનોનાં કે પ્રિયજનનાં હૈયાંને અનેક ઊંડી આશંકાઓથી ભરી દેતો. ફરીને એ હેમખેમ પાછો ન આવે ત્યાં સુધી એના સ્વજનને સુખની નીંદર ત્યજી જતી, અને ઘેરઘેર પરદેશ સિધાવેલા કુશળ પાછા આવે એ માટે વ્રત ને ઉપવાસ, પૂજા અને પાઠ, જપ અને તપ શરૂ થઈ જતાં. પાછા આવે કે માનતાઓ પૂરી કરાતી. રાજગૃહનો એક વેપારી સમુદ્રપારથી પાછો આવ્યો ત્યારે એની સ્ત્રીએ નારાયણને સુવર્ણચક્ર ચડાવી માનતા પૂરી કરી, એવી એક કથા અવદાનશતકમાં આવે છે. સંયાત્રા ઉપર નીકળવાની વાત કરનાર પતિ કે પુત્રને ન જવાની આરજૂ કરનાર પત્ની અને માતાઓની અનેક કથાઓ બૌદ્ધ, જૈન અને ઇતર સાહિત્યમાં મળે છે; ને વિશિષ્ટ વાત તો એ છે કે એ કાળે પણ વિરલ છતાં અનેક સ્ત્રીઓ પણ સ્વજન સાથે સમુદ્રપાર જતી હતી.

સમુદ્રના ભીષણ અનુભવોમાં સૌથી વધારે ભયાનક, અલબત્ત, વહાણ ડૂબવાનો પ્રસંગ હતો. પ્રાચીન સાહિત્યમાં સાગરયાત્રાની ઘણી કથાઓમાં કથાની ખરી શરૂઆત 'પોતભગ્ન'થી થતી દેખાય છે; કેમકે જ્યાં કથાકારને અનેક સાહસો અને કષ્ટોનું વર્ણન ઇષ્ટ હોય ને એવાં કષ્ટોમાંથી કોઈ (બૌદ્ધ કે ઇતર) દેવતાના સ્મરણ માત્રથી કે એવા બીજા પુણ્યથી ચમત્કારિક રીતે ઉદ્ધાર થયો એમ કહી ધર્મનું કે દેવતાનું માહાત્મ્ય દેખાડવું હોય ત્યાં 'પોતભગ્ન' જેવો બીજો ઉપયોગી પ્રસંગ માંડ મળે એ દેખીતું છે. અને એ પણ ખરું કે એક વહાણ ભાંગે ત્યાં દસ વહાણ સહીસલામત સાગરપાર પહોંચતાં જ હશે, નહિ તો આટલાં હજારો વર્ષ વહાણવટું ચાલે નહિ. છતાં તે કાળે, આજની પેઠે જ, અતિ કારમો પ્રસંગ તે 'પોતભગ્ન'નો હતો.

આનો અર્થ એમ ન હતો કે તે કાળનાં વહાણોની બાંધણી જ એવી નબળી હતી કે એમાં સાગરપાર પહોંચવું પ્રાયશઃ અસંભવ હતું. શરૂઆતમાં નબળાં વહાણો બંધાય તો પણ સમય જતાં અનુભવથી વધારે મજબૂત વહાણો બંધાતાં રહે એ જ સ્વાભાવિક છે. પરંતુ દરિયા ઉપર વહાણોને કજા પહોંચાડનાર કારણોમાં વહાણોની નબળાઈ ઉપરાંત બીજાં પણ અનેક હતાં, જેમાં કાચા અનુભવનો નિર્યામક હોવો એ મુખ્ય કારણ બનતું. બિનઅનુભવી નિર્યામક મજબૂત વહાણને પણ કજા પહોંચાડી દે, કારણ મધદરિયે વહાણોને કજા પહોંચાડનાર પવન-પાણીનાં ઘમસાણો, ખરાબા, મોટાં મત્સ્યો સાથેની અથડામણ અને વહાણના સમતોલપણાની હાનિ વગેરે પ્રસંગોમાંથી અનુભવી નિર્યામક જ વહાણને સલામત પાર ઉતારી શકે. જેમ, ગમે તે રોગથી માનવી મૃત્યુ પામે પણ મૃત્યુની અર્ધક્ષણ પહેલાં હસ્તિપદ કારણ શ્વાસોચ્છ્વાસનું બંધ થવું એ છે તેમ, વહાણના ડૂબવાનું સર્વાન્તિમ હસ્તિપદ એના સમતોલપણાનો નાશ છે. ગમે તેવા બોજા નીચે પણ સમતોલપણાને સિદ્ધ રાખવું એ નિર્યામક-વિદ્યાની પરાકાષ્ઠા છે.

આપણા પ્રાચીન સાહિત્યમાં પોતભગ્ન થવાની અનેક વાતો આવે છે, પરંતુ કોઇ પણ લેખકે અન્તિમ કારણ નથી બતાવ્યું. કોઇએ કારણોમાં 'અતિવેગ' બતાવ્યો છે, કોઇએ ખડક કે મહામીન સાથેની અથડામણ બતાવી છે, કોઇએ ગાબડું પડવાથી પાણી ભરાવાનું કારણ બતાવ્યું છે, કોઈએ દૈવી કોપ બતાવ્યો છે. માત્ર એક જ જગ્યાએ વિષમતુલાને કારણ રૂપે દર્શાવાઈ છે; અને અજબ થવા જેવું છે કે એ કારણ ઠેઠ ઋગ્વેદમાં (૫-૫૯-૨) આવે છે; અને તે પણ પરોક્ષ રીતે.

આ સર્વાન્તિમ કારણનું જ્ઞાન માત્ર નિર્યામકોને જ હોય એ સ્વાભાવિક છે; અને વહાણમાંના મુસાફરોને અને એ મુસાફરીની વાત કહેનાર લેખકોને તો એ સર્વાન્તિમ પરિણામ ઉપજાવનારાં પૂર્વગામી પ્રત્યક્ષ કારણો જ મૂળ કારણ દેખાય એ પણ સ્વાભાવિક છે. આવાં પ્રત્યક્ષ કારણોમાં મુખ્ય કારણ તે પવનપાણીનાં ઘમસાણ,–જેને પ્રાચીન પુસ્તકોમાં 'કાલિકાવાત' કહ્યો છે. આ ઘમસાણનું તાદૃશ વર્ણન ક્ષેમેન્દ્રરચિત કથાસરિત્સાગરમાં નીચે પ્રમાણે ઠેકઠેકાણે આપ્યું છે.

'(ફણીધરના મુખમાં ઝબકતી જિહ્વા જેવી) વીજળીની જિહ્વા એ કાલમેઘમાં ઝબકવા લાગી, અને સાથે પર્જન્ય-રાક્ષસ જેવા એ મેઘમાંથી ભીષણ ગર્જના ધડૂકવા લાગી. હળવી વસ્તુઓ અદ્ધર ઊડવા લાગી, એટલું જ નહિ પણ અતિ ભારે વસ્તુઓ પણ ઊછળીઊછળીને પછડાવા લાગી. સર્વકંઇને તણખલાં પેઠે તોડતો 'પ્રભંજન-વાયુ' (ઝંઝાસુર) ક્રૂર વિધિના આરમ્ભ જેવા જોરથી વાવા લાગ્યો. સમુદ્રનાં પાણી એના મારથી જબ્બર મોજાં રૂપે ઊંચે ઊછળવાં લાગ્યાં. એ મોજાંઓ જાણે પાંખવાળા પર્વતો આશ્રય છોડીને ક્રોધમાં ઝઝૂમતા હોય એવાં લાગતાં હતાં. વહાણ તો એક ક્ષણે આકાશમાં ઊડતું હતું તો બીજી ક્ષણે પાતાળમાં પછડાતું હતું...' વગેરે. કોઇ પણ પ્રજાના સાગર-સાહિત્યમાં, આ વર્ણન તાદૃશતા માટે બહુ ઊંચી કક્ષાએ આવે એમ છે.

અન્ય સ્થળે આવા તુફાનના બીજા સ્વરૂપનું આવું જ તાદૃશ વર્ણન એ જ મહાકવિએ આપ્યું છે. એ વર્ણન છે 'જલબમ્બ'(વૉટર સ્પાઉટ)નું.

સાગરમાં ફરતા જબરદસ્ત મત્સ્યો પણ નબળાં-સબળાં સૌ વહાણ માટે તો ભયરૂપ જ હતા. આવા મત્સ્યોનાં અનેક વાસ્તવિક અને કાલ્પનિક વર્ણનો મળે છે. સુસન્ધિજાતક (૩૬૦)માં એવી કથા છે કે 'ભરૂકચ્છથી એક વહાણ સુવર્ણભૂમિ જવા નીકળ્યું હતું. એમાં સુગ્ગ નામનો ગવૈયો ચડયો હતો. એક દહાડે વેપારીઓના આગ્રહથી એણે વીણાવાદન શરૂ કર્યું. એ વાદનથી આકર્ષાઇને મોટામોટા મત્સ્યો વહાણની આસપાસ ચક્કર મારવા લાગ્યા અને એક જબ્બર મત્સ્ય તો ઊછળીને વહાણમાં આવી પડયો અને વહાણને તોડી નાખ્યું!'

આમ પરાપૂર્વથી વહાણવટા ઉપર નિર્વાહ કરતી ભારતીય પ્રજાના સાહિત્યમાં સાગરની 'રત્નાકર'તા સાથે એની ભીષણતાનો પણ પૂરેપૂરો, તાદૃશ અને સર્વથા વાસ્તવિક ખયાલ દેખાય છે. આ સાહિત્ય સંસ્કૃતમાં વિરલ છે એટલું જ પ્રાકૃતમાં બહુલ છે.

[સ્વ. 'સુકાની'એ આ લેખમાળા આટલેથી અધૂરી મૂકી છે.]

સામાન્ય રોગોના ઘરગથ્થુ ઇલાજોના સૂચક કેટલાક નવા નુસખાઓ

તણખલાં

લેખક · નટવરલાલ માલવી

ચંદુભાઈ સરકારી ખાતામાં સારે જેવે ઓદ્ધે અમલદાર છે. થોડાં વરસ પૂર્વે એ સૂરતમાં હતા ત્યારે એક દિવસ અચાનક મળવા આવી પહોંચ્યા અને પોતાના દુઃખની કહાણી કહેવા લાગ્યા : 'ભાઈ, બાબાને મોટી, નઠારી ઉધરસ થઈ છે. રાત ને દહાડો ખોં ખોં કર્યા કરે છે. આજે દસેક દિવસથી હેરાનહેરાન થઈ ગયાં છીએ. દાક્તરની દવા ચાલે છે, ને તેમણે ત્રણચારેક વાર સોય પણ આપી, પણ હજુ કંઈ ફેર પડતો જણાતો નથી. મને બચુભાઇએ એક વાર કહેલું કે તમે આવી બાબતોમાં ઠીક જાણો છો, ને આજે જ એમનો કાગળ આવ્યો એટલે તમને મળવાનું સૂઝ્યુ. મને કંઇ બતાવો ને!'

બચુભાઇ મારા અંગત સંબંધી–સગપણમાં છે. મેં કહ્યું : 'ચંદુભાઇ, તમે નાહક હેરાન થયા. ખરું જોતાં આ આપણા 'સુજલામ્ સુફલામ્ શસ્યશ્યામલામ્' દેશમાં આપણને દવાનો કશો ખર્ચ થવો ન જોઇએ, ભારે ખર્ચ તો કદી જ ન થવો જોઇએ. જાતજાતની, ચમત્કારિક કહી શકાય એવી વનસ્પતિ આપણી આસપાસ ચોમેર વેરાએલી પડેલી છે, મઘમઘતી હોય છે, છતાં અજ્ઞાન એવા, અગર વધારે અજ્ઞાન કેળવતા જતા એવા આપણે એની લેશમાત્ર પરવા કરતા નથી. તમારા બાબાની મોટી ઉધરસ મટાડવા એક પાઇના પણ ખર્ચની જરૂર નથી.'

'એક પાઇના પણ નહિ?–અચરજ!'

'હા. તમે ઘાસમાં 'વાંદરાં' અગર 'કૂતરાં' આવે છે તે કદીક જોયાં હશે, બલકે નાનપણમાં કોઈની પીઠે મારી ચોંટાડવાની ધિંગામસ્તી પણ કરી હશે. લગભગ તસુ બે તસુ લાંબાં, ખરબચડાં, દૂર ફેંકતાં ચોંટી પડે તેવી પાટલ:-ચો જેવાં, એ કૂતરાં બાળકોનું રમકડું બને છે, ને ઘણાને ખબર પડયા વિના તેમની પીઠે ચોંટે છે! એ કૂતરાં બેચાર તોલા મેળવો ને તેનો ઉકાળો કરીને બાબાને બે ત્રણ દિવસ પાઈ દ્યો એટલે આપોઆપ આ ખરાબ ઉધરસ મટી જશે.'

'શી વાત કરો છો? એવાં કૂતરાં તો અમે નાનપણમાં બહુ ફેંકચાં છે.'

'બસ, એ કૂતરાંને જ શરણે ફરી જાઓ. ને માનશો? મને એક પીઢ દાક્તર તરફથી આ નુસખો મળ્યો છે!'

'દાક્તર તરફથી?'

'ના; પણ દાક્તરની દીકરીને આવી નઠારી ઉધરસ થએલી તે મટતી નહોતી. પછી કોઈ ગામડિયું દરદી આવ્યું તેણે દાક્તરને એ નુસખો બતાવ્યો, જાતે કૂતરાં આણી આપ્યાં અને ઉધરસ મટાડી આપી. ને તે પછી વરસે બે વરસે દાક્તરની બહેને આ નુસખો મને બતાવ્યો.'

'શી વાત કરો છો?'

'તદ્દન સાચી ભાઈ.'......અને ચંદુભાઈના બાબાની ઉધરસ ખરે-ખર જ આ તણખલાંના બે ત્રણ દિવસના સેવનથી જ મટી ગઈ.

તણખલાં! કોઇને ભાસ પણ ન થાય કે સાદાંસીધાં તણખલાંમાં આવો ગુણ રહેલો છે. તણખલાંની કોઈ કિંમત નથી ને તેથી તે બાપડાને કોઈ ગણતું નથી, પણ એ ગુણકાર તો છે જ. ગુણાકાર જેવું ગુણકાર. ચંદુભાઈનાં નાણાંનો ગુણાકાર-ભાગાકાર એણે જ અટકાવી દીધો.

૨

એ વાતને બારેક–પંદરેક વરસ થયાં હશે. રાત્રે આઠ પોણાઆઠનો શુમાર હતો. અચાનક મારા નાકમાં કડવાશ કડવાશ વ્યાપી ગઈ! નાકમાં ને ઠેઠ ગળા સુધી, ભરપટ્ટે કડવાશ! ખુદ મોમા, જીભ પર કે મુખવિવરમાં જરા પણ કડવાશ નહિ; પણ ગળું એકદમ કડવું, ને નાકમાં પણ કડવાશ કડવાશ!

હું અતિ નવાઈ પામ્યો. મને કદી પણ આવું થયું નહોતું; કોઇને એવું થયાનું જાણ્યું કે સાંભળ્યું નહોતું; કોઈ ચોપડીમાં એવા કોઈ 'દર્દ'ની વાત પણ વાંચવામાં આવેલી નહિ. 'દર્દ' એટલે દુખાવો એ અર્થમાં કશું દર્દ નહોતું. પણ જંગલમાં જતા હોઇએ ને અચાનક ઝાડીમાંથી વરુ ધસી આવી હુમલો કરી પાડે, તેમ કડવાશે નાક ને ગળાનો કબજો લઈ લીધો હતો,—અસહ્ય કડવાશે. આ છે શું? થયું શું?

ગૃહિણી તે વેળા બહાર ગઈ હતી. ઘરમાં હું એકલો જ હતો. થોડી વાર સૂનમુન બેસી રહ્યો. શું કરવું તેની કશી સૂઝસમજ પડતી નહોતી. એમ ને એમ પાંચદસ મિનિટ વીતી ગઈ.

અચાનક બાર ઊઘડયાં ને ગૃહિણીનું પધારવું થયું. ગૃહિણીના હાથમાં એક પડીકું હતું. મેં કહ્યું : 'મને કંઈ થઇ ગયું છે. શું, તે સમજાતું નથી, પણ ગળામાં ને નાકમાં કડવાશ કડવાશ વ્યાપી ગઈ છે. આવું મને કદી થયું નથી. શું કરવું તેની સમજ પડતી નથી.'

ગૃહિણીએ કહ્યું : 'અરે, એ તો તરત મટી જશે. ને કોણ જાણે કેમ, તમારો સંદેશો પહોંચ્યો કે શું, તે હું આ તમારી દવા જ લેતી આવી છું.'

દવા? આવડું મોટું પડીકું દવાનું? કડવાશની દવા?–મગજ? ઘારી? જલેબી? ગૃહિણીએ પડીકું છોડીને આપતાં કહ્યું: 'લ્યો, આ તમારી દવા.'

પડીકામાં ચણાની દાળ, તળેલી, મસાલેદાર હતી! 'અરે, આ તે કંઈ દવા છે?' મેં કહ્યું : 'તમને મશ્કરી સૂઝે છે, ને મારો તો જીવ જાય છે! બધું ગળું કડવું કડવું થઈ ગયું છે!'

'બરોબર, પણ આ તેની જ દવા છે. તમને પિત્ત ચડી ગયું છે ને તેનો ઉપાય તીખાશ છે. તીખુંતીખું કંઈ પણ ખાઓ તો એ મટી જાય.'

'અરે, પણ તે ચણાની દાળ? બજારની? શીંગતેલે તળેલી?'

'હા, ને થોડાં ભજિયાં પણ ઘરમાં સવારનાં પડેલાં છે. શાક કરવું મટે તેટલા ખાતર, જરા આળસ આવ્યું એટલે, હું આ વધારાનું લેતી આવી. ખરેખર મટી જશે. લ્યો, હું ભજિયાં લઈ આવું.'

અને ઈશ્વર પર તો ઠીક મારા ભાઈ, પણ ગૃહિણી પર ભરોસો રાખીને મેં તો તીખીતીખી ચણા–દાળ અને થોડાં ભજિયાં ખાઇ નાખ્યાં! અને–

'સહુ આશ્ચર્યોમાં પ્રભુ પરમ આશ્ચર્ય નીરખું!'

—એમ ખરેખર પેલી કડવાશ, પેટમાં તીખાશ પહોંચતા જ કયાં ઊડી ગઇ તેની સમજ પડી નહિ! તદ્દન ગાયબ જ થઇ ગઇ!

તે પછી એવું મને કદી થયું નથી, તે પૂર્વે એવું કદી થયું નહોતું.

બે પાંચ મિત્રોને, એકાદ–બે વૈદ્યોને પણ પૂછેલું કે આવો કોઇ કિસ્સો તમારી જાણમાં આવ્યો છે? કોઇએ હા ભણી નથી.

કાળ અનંત છે ને પૃથ્વી વિપુલ છે. કોઈક દહાડો, કોઈક વાચકને, કયાં ય પણ આવું થઈ આવે, તો આ તદ્દન નજીવો ને તદ્દન ઉટંગ જેવો લાગતો નુસખો કામ લાગી જાય, તે ખાતર લખી નાખું છું.

૩

મારા પગમાં કણી થઈ હતી. ડાબા પગના તળિયાના પાછલા ભાગમાં લગભગ વચ્ચે નાનો સરખો ગઠ્ઠો જન્મ્યો હતો. અડવા ચાલવાનું આવે, ને નીચે કંઇક સખત યા તીણી વસ્તુ કે કાંકરો આવી જાય, તો જીવ નીકળી જાય એવો દુખાવો થઇ આવે. વાતને વરસો બહુ થઇ ગયાં છે. છેક સને ૧૯૨૨ કે ૧૯૨૩ની વાત છે. એ કણી મટાડવા માટે મેં શા શા ઉપાયો કરેલા તે તો મને આજે યાદ આવતું નથી. પણ મને તે

અરસામાં એક બીજી પણ તકલીફ હતી,–ઓચીએ દુખાવો થતો હતો તેની. તે માટે દાક્તરોની દવાઓ નાહક કર્યા પછી કોઇકની ભલામણથી માજી રાજપીપળા રાજ્યના રાજપારડી ગામના એક હકીમની દવા હું કરતો હતો, તેથી ત્યાં ગયો હતો. પેલી કણી આમ તો કશો ત્રાસ આપતી નહિ, પણ જ્યારે પગ તળે, તે જ જગ્યાએ કંઇ ખૂંચી આવે ત્યારે બૂમ પડાવી દેતી. એવી બૂમ મારાથી ત્યાં પડાઇ ગઇ તે હકીમજી સાંભળી ગયા, એટલે એમણે તુરત પૂછ્યું : 'કેમ શું થયું, નટવરભાઇ?'

મેં કહ્યું : 'હા, આ વાત તો આપને કરવાની રહી જ જાત. જે થયું તે સારું થયું છે. જુઓ ને, મને અહીં કણી થઈ છે–બે ચાર મહિનાથી. એકબે મલમો ચોપડચા પણ કંઈ વળ્યું નથી. આપ કંઈ બતાવો.'

મેં પગ બતાવ્યો. હકીમજી તે જોઈ જરા વિચારમાં પડી ગયા. તેમને તત્કાળ કશો ઉપાય સૂઝચો નહિ, પણ બોલ્યા : 'કંઈ હરકત નહિ. મટી તો જશે. સાંજે મારા ઉસ્તાદ મલંગશા આવવાના છે તેમને બતાવીશું. તેઓ કંઇક ઉપાય જરૂર બતાવી દેશે.'

ને સાંજે લાંબી ધોળી દાઢીવાળા બુઝુર્ગ મલંગશા આવી પહોંચ્યા ત્યારે મેં હકીમજીને ઇશારત કરી પગ બતાવ્યો. હકીમજીએ તુરત એમને કહ્યું 'આ ભાઇને પગે કણી થઈ ગઇ છે; જુઓને જરા.'

મલંગશાએ પગના તળિયા પર, કણીવાળા ભાગમાં હાથ ફેરવ્યો ને કહ્યું : 'મિટ જાયગા, બિલકુલ મિટ જાયગા. આંબાકી ચીક લગાકે પાટા બાંધ દો ... અભી મૈં હી લગા દૂંગા.'

તે વેળા કદાચ મહિનો જોકે જૂન હશે, પણ આંબે મરવા લટકતા હતા. ડાંખળી સહિત એક મરવો મંગાવ્યો, અને જેને કેરીની ચીક કહે છે,–ઉપલા ડીંટાવાળા ભાગમાંથી જે ચીકણો પદાર્થ નીકળે છે–તે કાઢીને પેલી કણી પર ચોપડી પાટો બધાવી દીધો. બીજે જ દિવસે પેલી કણી અદશ્ય થઈ ગઈ હતી!

તણખલું? હા, તણખલુંસ્તો! આજે આવી કણી માટે લોકો પગની કાપકૂપ કરાવતા હોય, નસ્તર મુકાવવું પડતું હોય તો નવાઈ નહિ. પણ ગામડાંમાં તો આવી કણી ઘણાને ઘણીકવાર બાઝતી હશે, ને કેરીની ચીક લગાડીને એ ગામડાંવાસીઓ તે મટાડી પણ દેતા હશે. શહેરમાં એ વાતનો કાગમાથી વાઘ થતો હશે, બલકે થાય જ છે.

૪

અમે રૂમસમાં હતાં. અમારાથી થોડે દૂર ત્રીજી કે ચોથી ઓરડીમાં શ્રી 'ક્ષ' સકુટુંબ રહેતા હતા. સાથે શ્રી 'ક્ષ'નાં સાળી પણ હતાં, બે ત્રણ બાળકની મા; ઉમર હશે આશરે પાંત્રીસ સાડત્રીસ. નામ 'ક'.

અમે રોજ ભેગાં થઇને પાનાં રમતાં ને ગમ્મત કરતાં. એક દહાડો પાનાં રમવા ભેગાં થયાં તો 'ક' બહેન ન મળે. મેં પૂછ્યું : 'અરે, 'ક' બહેન કેમ આવ્યાં નથી? બોલાવો ને!'

'એમનું તો માથું બહુ દુખે છે, માથે રૂમાલ બાંધીને પડચાં છે.'

'તો બોલતાં કેમ નથી? હમણાં જ ઉતારી દઇએ.' કહી હું અમારી ઓરડીમાં ગયો ને તેલની શીશી લાવી આપીને કહ્યું : 'લ્યો, આપો એમને, માથામાં નાખે. પાંચસાત મિનિટમાં માથું ઊતરી જશે.'

અને ખરેખર, પાંચ-સાત મિનિટમાં તો 'ક' બહેન હસતાંહસતાં રમવા માટે આવી લાગ્યાં : 'અલ્યા ભાઈ, ખરેખર જ મારું માથું ઊતરી ગયું. આ તો તમારું જાદુઈ તેલ લાગે છે જો. એ શાનું તેલ છે?'

'શાનું તેલ છે તે કંઈ કહી દેવાનું હોય? એ તો ખાનગી વાત છે! તમારે જ્યારે જોઇએ ત્યારે અમારે ત્યાંથી લઈ જજો.'

પણ મારી 'દાંગાઇ' બે જ દિવસમાં પકડાઈ ગઈ. બીજા એવા જ પડોશી, જરા દૂરની ઓરડીમાં, એક મણિલાલભાઈ કરીને હતા. ૪૫–૪૭ વરસની ઉમર. તરંગર, પણ વીમાના દલાલ એટલે મળતાવડા, હસમુખા. તેમનું એક દિવસ માથું દુખ્યું, એટલે મેં મારા જાદુઈ તેલની વાત કરી. એમણે કહ્યું : 'લાવો ત્યારે તમારું જાદુઈ તેલ.'

હું ખુશ થતો લઇ આવ્યો. તેમણે તેલ માથામાં નાખ્યું, પછી જરા નાકે ધરી સૂંઘી જોયું ને બોલ્યા : 'તમારું જાદુ મેં પકડી પાડચુ!'

'સમજી ગયા?'

'હા. આ તો સુવાવડીનું તેલ છે, ઘોડાવજવાળું.'

હત્તારી! ભેદ પકડાઈ ગયો! હું હસી પડ્યો. આપણે ત્યાં પરંપર થી પ્રસૂતા બાઈના માથામાં સાદું તેલ કે ધૂપેલ નાખવાની મનાઈ છે,—તે ઠંડું અને વાયડું પડે તેથી. એ જ તેલ કે ધૂપેલમાં, ઘોડાવજ નાખી કકડાવે ને તે જ રોજેરોજ સદ્યપ્રસૂતા બાઈના માથામાં નંખાય છે. વજનું પ્રમાણ, ડોશીઓ તો શ્રુતિની સ્મૃતિ પર જ બધો કારભાર ચલાવે એટલે, કોઈ શાસ્ત્રમાં લખેલું નથી; પણ શેરેક તેલમાં ત્રણચાર તોલાને આશરે વજ નંખાતી હશે. વજને ખાંડીને ભૂકો કરી નાખે, અને ઘરમાં ચાલુ વપરાશનું જે તેલ કે ધૂપેલ હોય, તેમાં જ એ ભૂકો નાખીને તેલ ખૂબ કકડાવે. પછી એ તેલ જ પ્રસૂતા માટે વપરાય. કોણ જાણે કેટલા ય કાળથી આ નુસખો આપણા દેશમાં વપરાતો આવ્યો છે. આજે તો કેટલેક ઠેકાણે ભુલાવા પણ આવ્યો હશે.

સરૈયાને ત્યાંથી ધૂપેલની પડી લાવો તો તેમાં ય વજનું એકાદ નાનું મોટું ગાંઠિયું તો હશે જ : પછી જેવી પડી; એટલે કે ચાલુ વપરાશી તેલમાં ય વજ પડે છે ખરી. પણ વજમાં શરદીનાશનનો સારો ગુણ છે, એટલે પ્રસૂતા માટે એ જ તેલમાં વધારાના ચારપાંચ ગાંઠિયા કકડાવે છે. એથી પ્રસૂતાના માથામાં પવન ને શરદી ભરાઈ જતાં અટકે છે.

અને સામાન્ય માનવીનું ય શરદીથી માથું દુખતું હોય ત્યારે વધારે વજવાળુ આ તેલ એવું જ સરસ કામ આપે છે, કદાચ પેઈન-બામ કરતાં ય સરસ. પેઈન બામ કંઈ માથામાં ચોળી શકાય નહિ, ફક્ત કપાળે લગાડી કે ઘસી શકાય. તે એક તીખી ઝણઝણાટી ઉત્પન્ન કરે છે જે દુખાવો તો બરાબર ન મટાડે, પણ તે મટચો હોય એવો ભાસ પેદા કરે છે. ઝણઝણાટને આગળ કરી, દુખાવાને જરા પાછલે નંબરે નાખી દે છે. પણ આવું તેલ બનાવી ઘરમાં રાખી મૂકચું હોય (રોજ નહિ વાપરવાનું) તો ઍસ્પ્રો લેવા દોડવું ન પડે. કદાચ ઍસ્પ્રો કરતાં પણ ઘણું સારું કામ આપે; ને કશો ખાસ ખર્ચ પણ નથી, જોવા જઇએ તો મહેનત પણ નથી. ઘોડાવજનો ભાવ હાલમાં લગલગ એક રૂપિયે રતલનો ચાલે છે. એક કે બે આનાની વજ તો બસ થઈ જાય, ને કદાચ મહિનો બે મહિના પૂરતું કામ આપી રહે.

સૂંઠવાળું તેલ બનાવીને રાખ્યું હોય (આ જ રીતે કકડાવીને) તો તે પણ એવું જ કામ આપે છે; પણ વજ એક બાજુ વાળને થોડું નુકસાન કરે છે,–વજવાળા તેલના વધુ વપરાશથી વાળ ઊતરે છે, તો બીજી બાજુ વજમાં બુદ્ધિવર્ધનનો ગુણ છે એમ પૂર્વાચાર્યોએ કહ્યું છે, અને તે સાચું પણ લાગે છે. આ દષ્ટિથી એના નવા પ્રયોગો, વ્યવસ્થિતરીતે થવાની જરૂર છે. વજયુક્ત ગાયનું ઘી બનાવી જોયું છે,–ઉપલી જ રીતે કકડાવીને–તે માથામાં ઘસવાનો પ્રયોગ કર્યો છે, અને સાદા ગોઘૃત કરતાં તે વધુ અસર આપે છે એવું લાગ્યું છે. વજના ઉપયોગથી બુદ્ધિ, મેધા, સ્મરણશક્તિ ખૂબ જ વધે છે એવા વૈદકગ્રંથોમાં ઉલ્લેખો છે, પણ તેનું પ્રમાણ ચોક્કસપણે બતાવેલું દીઠું નથી. બલકે ગ્રંથ મુજબનો એક પ્રયોગ કરી જોવાથી એક ભાઇને સારી પેઠે નુકસાન થએલું એ વાત પણ અનુભવમાં છે. વજવાળા તેલ યા ઘીથી માથામાં ચેતન વધે છે એવું તો જરૂર કહી શકાય. પણ આ 'તણખલાં' પર વધુ પ્રયોગો થાય તો આજના ઓસરતી જતી સ્મૃતિકળાના યુગમાં લાભ થવા સંભવ છે.

સાહિત્યસંપર્ક

કાવ્યો કેમ વાંચવાં?

કવિતા-કાવ્ય શાંત ચિત્તે, શાંત રીતે અને તેના અર્થ, ભાવ તથા શબ્દસંગીતની મીઠાશ, લય અને તાલની સમજ સાથે, મોટેથી વંચાવાં જોઇએ. તો જ કાવ્યનું અમૃત ઝિલાશે, પિવાશે અને મન-હૃદય સુધી તેનો આસ્વાદ પહોંચશે.

આજકાલ 'વાંચવામાં ઝડપ'નું એક મોજું બધે પ્રસરેલું છે. આમાં ઝડપી વાચન, જાણે 'સ્નૅપ' કરીને છબિ પાડી લેતા હોઇએ એવી રીતના ચીલઝડપ વાચન–photographic readingની અસર એટલી વ્યાપક છે કે 'ધીમે વાંચવું' એ તો એક દોષ બલકે નામોશી ગણાવા લાગી છે. પણ જે હેતુથી તમે વાચન કરો તે હેતુને અનુકૂળ જ વાચન ઝડપ ગોઠવાવી જોઇએ.

કાવ્યવાચનમાં 'ઝડપ' અસ્થાને છે. કવિઓ શબ્દની પસંદગી, શબ્દ–લાલિત્ય, શબ્દ–સંગીત, તેની ગતિ લય અને તાલબદ્ધતા, તેમજ શબ્દમાં રહેલા અર્થની શક્તિ અને તેની ભાવવાહિતાની ઊંડી સમજ ધરાવનારા હોય છે, ને તેઓ પોતાનાં કાવ્યોમાં સમજપૂર્વક તેનો ઉપયોગ કરે છે; માટે કાવ્યોમાં રહેલા તેમના 'મુડ'ને પકડી, તેમને સમજવાનો ધીરજથી પ્રયત્ન કરીને તેમના કાવ્યનું વાચન કરવું જોઇએ. આ કાવ્યવાચન વાચક પાસેથી એટલું તો જરૂર માગી લે છે કે: (૧) તમે કવિ સાથે સમસંવેદનશીલ બનો; (૨) તમારી લાગણીઓ કવિની લાગણી સાથે એકસૂર થએલી હોય; (૩) તમે કવિની જીવન તરફની દૃષ્ટિના સમભાગી હો. આ બધું શાંતિથી, શાંત ચિત્તે ને શાંત રીતે વાચકે કરવાનું છે.

આજના દોડધામના જમાનામાં વાચક ભૂલી જાય છે કે કેટલાક એવા વિરલાઓ છે કે જે કલ્પના, પ્રેરણા અને પ્રતિભાની પાંખોએ એક મધુર એકાન્તમાં ઘણે ઊંચે વિહરે છે.

તમારે કાવ્યામૃતનું પાન કરવું હોય તો કોઈ પણ ભાષાના આવા ઊંચે, ખૂબ ઊંચે ગગનવિહાર કરનારા ઉત્તમ કવિઓનાં કાવ્યો વાંચવાનું રાખવું. ત્યાં સુધી વાંચો કે જ્યાં સુધી તમારું ચિત્ત તે પરમ સૌંદર્યમાં મગ્ન થાય—એના અદ્વિતીય આનંદમાં ઝોલાં ખાતું થાય.

અંગ્રેજી કવિતાનો આસ્વાદ લેવો હોય તો એના રંગદર્શી (રોમાન્ટિક) કવિઓનાં કાવ્યો વાંચો. તે તમને આવો રસભર્યો ગગનવિહાર કરાવશે. તમે રૉબર્ટ બર્ન્સનું 'ફ્લો જેન્ટલી સ્વીટ ઍફ્ટન' કાવ્ય વાંચો અને પછી કવિ કૉલરિજનું 'કુબ્લા ખાન' કાવ્ય વાંચો. એ કવિને 'કુબલા ખાન' કાવ્ય સ્ફુર્યું, તે કાગળ ઉપર ઉતારવા માંડ્યું, પણ તે પૂરું ઉતારી શકે તે પહેલાં વચમાં કાંઈ નડતર આવ્યું; બસ આ કાવ્ય પછી અધૂરું જ રહ્યું. તે સ્ફુરણા ગઈ તે ગઈ.

આવો કાવ્યામૃતનો આસ્વાદ છે. તે લેવા વાચકે પૂરી તૈયારી રાખવી જોઇએ. —ચૈ.

ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયનાં વિવિધલક્ષી પ્રકાશનો

આયુર્વેદ: જીવનશાસ્ત્ર

'કુમાર'ના વાચકો ડૉ. બાપાલાલ ગ. વૈદ્યના નામથી અપરિચિત નથી. તેમના લેખોમાંથી ઉપયોગી ફકરાઓ અવારનવાર 'માધુકરી' અને 'વિચારવિશેષ' વિભાગોમાં લેવાય છે. આયુર્વેદના આપણા ગણતરીના બહુશ્રુત પંડિતો પૈકીના તેઓ એક છે. આયુર્વેદસેવા પાછળ તેમણે પોતાનું જીવન-સમર્પણ કર્યું છે, અને એ સેવા તેમણે અક્ષરસેવા રૂપે યે પુષ્કળ બજાવી છે. આયુર્વેદ–વિષયનો તેમનો કેવળ એક રૂઢ પ્રણાલી તરીકેનો નહિ પણ વૈજ્ઞાનિક દૃષ્ટિનો, પ્રાચીન–અર્વાચીન જ્ઞાનના વિવેક સાથેનો અભિગમ છે, એ તેમની વિશેષતા છે.

તાજેતરમાં જ આયુર્વેદશાસ્ત્ર પરના તેમના ચાર ગ્રંથો **'આયુર્વેદ વ્યાખ્યાનમાળા', 'આયુર્વેદ વિહંગાવલોકન', 'આપણો ખોરાક', અને 'આયુર્વેદ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ'** અમદાવાદની જાણીતી પ્રકાશનસંસ્થા ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલયે પ્રકટ કર્યા છે. આયુર્વેદ-વિજ્ઞાનમાં આરોગ્યની વ્યાખ્યા આ પ્રમાણે અપાઈ છે: **प्रसन्नात्मेन्द्रियमनाः ।** આત્મા–ઇન્દ્રિય–મન ત્રણેની, અર્થાત્ સર્વાંગી પ્રસન્નતા તે આરોગ્ય. આયુર્વેદને કેવળ વ્યાધિશાસ્ત્ર તરીકે જોવો એ આ વ્યાખ્યા અનુસાર ગેરસમજૂતી ભર્યું છે. બલકે, આયુર્વેદ તો જીવનશાસ્ત્રનું એક સ્વરૂપવિશેષ છે.

આ ચારે પુસ્તકો એ આયુર્વેદની વ્યવહારુ સમાલોચના સમાં છે. અને વિષયનિરૂપણે ય લેખકે એ જ ઢબે કર્યું છે. 'વ્યાખ્યાનમાળા' એ તેમણે ૧૯૫૨માં અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાં આપેલાં આયુર્વેદ પરનાં વ્યાખ્યાનોનો સંગ્રહ છે. એમાં તેમણે આરોગ્ય, વેદ–સાહિત્ય, ભૌતિકશાસ્ત્ર, વૈજ્ઞાનિક પદ્ધતિ આદિ સાથેનો આયુર્વેદનો સંબંધ સાંકળ્યો છે. 'વિહંગાવલોકન'માં જીવનશાસ્ત્ર, સામાજિકશાસ્ત્ર, માનસશાસ્ત્ર, ઇતિહાસ આદિ સાથેનો આયુર્વેદનો સંબંધ છણ્યો છે તેમજ આયુર્વેદનો મહિમા વર્ણવ્યો છે. 'આપણો ખોરાક' એ આપણા રોજબરોજના આહારનું વિગતભર્યું પૃથક્કરણ કરે છે અને આપણને વ્યવહારુ ને વૈજ્ઞાનિક માર્ગદર્શન કરાવે છે. છેલ્લા ગ્રંથ 'આયુર્વેદ અને વૈજ્ઞાનિક દૃષ્ટિ'માં તેમણે આરોગ્યની લોકોપયોગિતાને ઉપબોધી છે ને વૈજ્ઞાનિક ઢબે તેની ચકાસણી કરી છે.

આયુર્વેદના કોઈ એક અંશ કે ભાગને વિસ્તૃત અને વ્યવસ્થિતપણે ચર્ચવાથી તેનો કે આયુર્વેદનો પર્યાપ્ત પરિચય થતો નથી; કેમકે આયુર્વેદ એ એક અને અવિયુજ્ય શાસ્ત્ર છે. આ બાબત લેખકે પ્રસ્તાવનામાં ઇશારો કર્યો છે. સાથે ચારે ગ્રંથોનો એકબીજાના પૂરક તરીકે અભ્યાસ કરવાનો તેમણે અનુરોધ કર્યો છે.

આયુર્વેદના પ્રાચીન શાસ્ત્રને અર્વાચીન યુગ માટે કઈ રીતે ગ્રાહ્ય કરાવી શકાય, તેનું આ ગ્રંથમાળા એક સુંદર ઉદાહરણ છે. લેખકે પ્રાચીન-અર્વાચીન બંને શાસ્ત્રોનું ઊંડાણથી અધ્યયન કર્યું છે, તે આ પુસ્તકોમાં તેમણે ઠેરઠેર મબલખ પ્રમાણમાં ટાંકેલાં અવતરણો પરથી જણાય છે. આયુર્વેદનાં અંગ–પ્રત્યંગની ઝીણવટથી ચર્ચા કરતાં પુસ્તકો ગુજરાતી ભાષામાં ઘણાં છે; પરંતુ વૈજ્ઞાનિક આગ્રહયુત પદ્ધતિએ વૈદકશાસ્ત્રની પ્રાચીનતા–અર્વાચીનતાની બહોળી સમાલોચના કરતી આ ગ્રંથમાળાનું વૈદકશાસ્ત્રના આપણા સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન છે. કિંમત: અનુક્રમે રૂ. ૬–૫૦, ૪–૦૦, ૩–૦૦ અને ૬–૦૦. રસ હોય તેમણે સૌએ આ પુસ્તકો વસાવવાં જ જોઇએ.

વિશેષ કાવ્યો

સ્વ. શ્રી રામનારાયણ વિ. પાઠક('શેષ')ના આ અંતિમ કાવ્યસંગ્રહનો પરિચય કરાવતાં 'પુરોવચન'માં આપણા વિદ્વાન સમીક્ષક ડૉ. રસિકલાલ છો. પરીખ કહે છે:

"'શેષનાં કાવ્યો'થી સાહિત્યપ્રિય વર્ગ સુપરિચિત છે. તે પછી લખાએલાં, ને કેટલાંક પહેલાં લખાએલાં પણ 'શેષનાં કાવ્યો'માં સંગૃહીત ન થએલાં, અને થોડાંક તેમાં આવી ગએલાં, એમ 'શેષ'નાં શેષ કાવ્યો આ 'વિશેષ કાવ્યો'માં સંગૃહીત થાય છે. એનાં પાઠાંતરો પણ પાદટીપમાં સાચવી લીધાં છે.

એમની કલાનિપુણતા તો જુદાજુદા કાવ્ય-પ્રકારો તેમણે સાધ્યા છે એમાં દેખાશે. છૂટા દૂહા કે સોરઠાનાં ચોસલાં, ઢાળો, ગરબા,

ભજનો, જોડકણાં, સમસ્યાપૂર્તિઓ, ઠઠ્ઠામશ્કરી, મહેણાં, મરમવાક્યો અને મુશાયરીથી માંડી કાવ્યકથાનકો, લિરિકો અને મનોભાવોનાં મૌક્તિકો સુધીના વિવિધ પ્રકારો આ સંગ્રહમાં જોવા મળશે. દરેકમાં વિશેષતા પકડતો અધ્યાપકનો અભ્યાસ, વિવેચકનો સૌંદર્યવિવેક અને કવિનું રસનિષ્પાદન દેખાશે. રામનારાયણભાઇના માનસિક ઘડતરમાં તાર્કિક, સંશોધક, અધ્યાપક ને સૌન્દર્યદ્રષ્ટા–સ્રષ્ટાનો કોઈ એવો સુમેળ હતો કે એમની કાવ્યકલા હળવા વિનોદ, હાસ, ઉપહાસ, ઠઠ્ઠામશ્કરીને જે 'હળવા હાથથી' નિરૂપે છે તે જ સુકરરીતે જીવનનાં મંગલ અને દર્દ, ગહરાઈ અને સપાટી નિરૂપે છે. આ કવિ-ફિલસૂફે, ફિલસૂફ-કવિએ જીવનના અનુભવો, વિચાર, તર્ક, બોધ તથા દર્શનને પચાવીને એનું રસાયન કર્યું છે. રસાયનમાંથી એમની કવિતા જન્મી છે. એમના વિશિષ્ટજીવનદર્શનથી અનંકિત કોઈ એમનું કાવ્ય રચ્યું નથી.''

શ્રી હીરાબહેન પાઠકના 'નિવેદન', શ્રી નગીનદાસ પારેખના 'ટિપ્પણ', તથા ત્રણ કાવ્યોની મૂળની પ્રતિકૃતિ સાથે. રૂ. ૨–૭૫.

ગુર્જરી

આપણા જાણીતા કવિ શ્રી પૂજાલાલના, 'પારિજાત', 'પાંચજન્ય' વગેરે પછીના આ છેલ્લા કાવ્યસંગ્રહમા તેમનાં ૨૪૪ સૉનેટોનો સંગ્રહ છે. તેને તેમણે 'ગુર્જરી' નામ આપ્યું છે તે સંગ્રહમાંનાં ઘણા કાવ્યોના વિષયોને અનુસરીને યથાર્થ છે. તેમાં ગુજરાતના સપૂતોને સંબોધનો છે. બીજાં કાવ્યોમાં ચરોતર, પંચમહાલ, રેવાપ્રદેશ, સોરઠ, કચ્છ–પ્રદેશોની ને ગુજરાતનાં ગ્રામનગરોના વિશિષ્ટતા વર્ણવીછે.

કવિની પ્રત્યેક રચના પાછળનો સૂર જીવનમંગલનો ને અધ્યાત્મનો છે. એ દૃષ્ટિએ કાવ્યોના વિષયો જીવન માટે પ્રેરક અને તત્ત્વબોધક પણ બને છે. તેમને અભિવ્યક્તિની સહજ ફાવટ છે, તેમ ઘણુંખરું કાવ્યવસ્તુ ઉચિત માત્રામાં પરિસ્ફુટ પણ બને છે. જોકે ઘણી વાર કાવ્ય આખું સામાન્ય કક્ષા પર તરતું રહે છે. પ્રો. ડોલરરાય માંકડના પ્રવેશક સાથે. રૂ. ૫.

ઉઘાડી બારી

શ્રી ઉમાશંકર જોષીને જેઓ કવિ તરીકે ઓળખે છે તેમને એમનો જીવનના સ્વસ્થ ને સંસ્કૃત અંશના સત્યાગ્રહી દ્રષ્ટા તરીકેનો પરિચય હશે. આ પ્રકારના તેમના દર્શનનું સીધું નિરૂપણ આપણને તેમના તંત્રીપદ નીચે ચાલતા 'સંસ્કૃતિ' માસિકને પહેલે પાને પ્રકટ થતા તેમના લઘુલેખોમાં જોવા મળે છે. એ લઘુલેખોના આ સંગ્રહના 'નિવેદન'માં લેખક કહે છે: ''૧૯૪૭ના જાન્યુઆરીની ૨૯મીએ 'સંસ્કૃતિ' શરૂ કરતાં પહેલા પાના ઉપર 'શિવ સંકલ્પ'માં લખ્યું હતું: '૧૮૫૭ થી ૧૯૫૭ સુધીના શતકનો આ છેલ્લો દસકો તે આજ સુધીના પરિશ્રમો ત્યાગો ને બલિદાનોને સાર્થક કરવા માટેનો છે. ઘરના ચણતરમાં મોભ ચડાવવાની ઘડી આવે છે એ આજની ઘડી છે.'

૧૯૪૭ પછીનાં બાર વરસમાં 'સંસ્કૃતિ'માં પહેલા પાના ઉપર છપાએલાં લખાણોમાંથી વીણીને આ સંગ્રહ કરતાં મુખ્યત્વે લોકશાહી, ભારત, કેળવણી-એ વિષયો એમાં આગળ તરી આવતા દેખાય છે. વિદ્યા, કલા, રંગભૂમિ, ચરિત્ર-સંકીર્તન, પ્રકૃતિપ્રેમ, કર્મયોગ વગેરે પણ છેડાયા છે. પણ રહીરહીને કોઇ વાત આવ્યા કરતી હોય તો તે છે ભારતના, ભારતવાસીના સ્વધર્મની.'' કિંમત: રૂ. ૩–૨૫.

રણછોડલાલ અને બીજાં નાટકો

શ્રી યશોધર મહેતાનો સાહિત્યકાર તરીકેનો શક્તિવિશેષ તેમનાં નાટકોમાં દૃષ્ટિગોચર થાય છે. તેમાં 'રણછોડલાલ' એ તેમની કીર્તિદા નાટ્યકૃતિ છે. 'કુમાર'ના ઑક્ટોબર ૧૯૪૬ના (સળંગ ૨૭૪મા) અંકમાં તે આવેલી.

આ સંગ્રહ વિષે શ્રી બ. ક. ઠાકોરે 'પ્રવેશક'માં યથોચિત કહ્યુ છે કે 'શ્રી યશોધર મહેતાનાં આ સર્જનો, આપણા અર્વાચીન નાટ્યસાહિત્યના ત્રીજા ફાલમાં પોતાની તખ્તાલાયકી, માનવપ્રકૃતિનાં નિરૂપણ તથા વાસ્તવિકતાની સાથે રેખાલાઘવ તેમજ પ્રસંગોપાત્ત બે પ્રકૃતિ વચ્ચેનાં ઘર્ષણ કુદરતી રીતે જ પ્રકટ કરવાની એમની પકડ, તાજગીભર્યું સંવાદકૌશલ વગેરે ગુણોને લીધે ઊંચું સ્થાન પામશે એમાં શંકા નથી.' કિંમત: રૂ. ૨–૫૦.

અગમનિગમ

એક સારા નાટ્યકાર અને વિશિષ્ટશક્તિસંપન્ન વાર્તાકાર ઉપરાંત શ્રી યશોધર મહેતા અધ્યાત્મચિંતક પણ છે. સમષ્ટિ સાથે પરમ એકતા સાધવાની એ વિદ્યા આપણાં વેદ-ઉપનિષદ-ગીતા આદિમાં સૂક્ષ્મતાપૂર્વક ચર્ચાઈ–સમજાવાઈ છે. અગમનિગમનો એ વિષય લેખકે પોતાની લાક્ષણિક રીતે, 'ગુજરાત સમાચાર'ના 'અગમનિગમ' વિભાગમાં તથા 'સંદેશ', 'અખંડ આનંદ' ને 'કુમાર'માં આવેલા લેખોના સંગ્રહ રૂપ આ પુસ્તકમાં છેડ્યો છે.

'પુરોવચન'માં શ્રી મગનભાઈ દેસાઈ લખે છે તેમ 'લેખકે યોગ, ઉપનિષદો અને જગતના મુખ્ય ધર્મપ્રવર્તકો તથા કેટલાક ઋષિમુનિઓ જેવા ગૂઢવાદીઓ અને ભક્તોનો અહીં પરિચય આપ્યો છે; અને તે વાટે 'અગમનિગમ'માં એમને જે અમુક શ્રદ્ધા બંધાએલી છે તે વાચકમાં સંક્રાંત કરવા પ્રયત્ન કર્યો છે. આને માટે એમની કલમમાં જોઈએ તેવું ભાષાકીય જોમ પણ છે. તેમના શબ્દો લક્ષ્યવેધી હોયછે; વાક્યો ટૂંકાં અને વાતને ઠેઠ પહોંચાડી દે એવાં સોંસરાં છે. 'અગમનિગમ' જેવા વિષયમાં આપણી ભાષા તેની અગાધ વ્યંજનાશક્તિ તથા લેખકની શૈલીની પણ ખૂબી બતાવે છે. રૂ. ૩.

ઉમા હૈમવતી

શ્રેયઃસાધક અધિકારી વર્ગના આદ્યસ્થાપક અને આચાર્ય શ્રીમન્ નૃસિંહાચાર્યે વેદ-વેદાન્તની વિદ્યાને અનેક ગ્રંથોમાં વાર્તાસ્વરૂપે આલેખી છે. તે ગ્રંથો પૈકીના એક 'ત્રિભુવનવિજયી ખડ્ગ'નો શ્રી યશોધર મહેતા કૃત આ સંક્ષેપ છે. મૂળ કથામાં અધ્યાત્મવિષય જેટલો વાર્તારસ પ્રભાવક બનતો નથી, જ્યારે આ સંક્ષેપમાં શ્રી મહેતાએ બંને રસને સાદ્યંત જાળવી રાખ્યા છે અને વાર્તારસને વધુ હૃદ્ય બનાવ્યો છે, એ પ્રસ્તુત કૃતિની વિશેષતા છે.

વાર્તાનું રહસ્ય સમજાવતા સંક્ષેપકારના લેખ 'ફલશ્રુતિ' તથા શ્રી જ્યોતીન્દ્ર દવેના 'પુરોવચન' સાથે. કિંમત: રૂ. ૧–૭૫.

ભગ્ન પાદુકા

'ગુજરાતનો નાથ', 'રાજાધિરાજ' વગેરે નવલકથાઓ દ્વારા શ્રી કનૈયાલાલ મુનશીએ ગુજરાતી નવલકથાને ક્ષેત્રે એક પરાકોટિ સાધી છે. 'જન્મભૂમિ'માં ક્રમશઃ પ્રસિદ્ધ થએલી તેમની આ છેલ્લી ઐતિહાસિક નવલકથામાં તેમણે કરણ વાઘેલાના સમયની કથા આલેખી છે. વાર્તાવિષય સવિગત સમજાવતા લેખકના 'ઉપોદ્ઘાત' સાથે. કિંમત: રૂ. ૪–૦૦.

ઉર્વશી: શ્રી અરવિંદ ઘોષના પ્રખ્યાત કથાકાવ્ય 'ઉર્વશી' પરથી આપણા જાણીતા નાટ્યલેખક શ્રી જશવંત ઠાકરે સૂચિત રીતે કરેલું છંદોબદ્ધ ગુજરાતી રૂપાંતર, ડૉ. રસિકલાલ છો. પરીખના 'પુરોવચન' સાથે, કિંમત: રૂ. ૧–૭૫. **ગામડાંની વનસ્પતિ:** ભુલાતા જતા, પણ ગુણકારી વનસ્પતિ ઉપયોગો, કર્તા શ્રી માધવ મો. ચૌધરી, શ્રી બાપાલાલ વૈદ્યના 'બે બોલ' સાથે. કિંમત: રૂ. ૩–૦૦. **મહાઅમાત્ય માધવ:** 'રાય હરિહર', 'કૃષ્ણાજી નાયક', 'રાયરેખા' અને 'રાય બુક્કારાય'ના અનુસંધાનમાં આગળ વધતી આપણા જાણીતા વાર્તાલેખક શ્રી ગુણવંતરાય આચાર્યની નવલકથા, ૫-૫૦; **શેષશય્યા:** આધુનિક બંગાળી વાર્તાસર્જકોમાં અગ્રણી ડૉ. નરેશચન્દ્ર સેનગુપ્તની નવલકથાનો શ્રી રમણલાલ સોનીએ કરેલો અનુવાદ, ૨-૫૦.

પ્રકાશક સંસ્થાનું સરનામું: ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય, ગાંધી રસ્તો, અમદાવાદ-૧.

કલાવર્તી

શિલ્પી સુષમા પંડયા

ગુજરાતે છેલ્લા બે દાયકામાં ઊગતા કલાકારો-નો સારો એવો ફાળો આપ્યો છે. આપણે ત્યાં ઘણા આશાસ્પદ ચિત્રકારો, સ્થપતિઓ ને શિલ્પીઓ તૈયાર થતા જાય છે, પણ અન્ય કલાકારો કરતાં શિલ્પીઓની સંખ્યા નાની હોય છે. તેનાં અનેક કારણોમાં મુખ્યત્વે લાક્ષણિક કલા-માધ્યમ, વિસ્તૃત જગ્યા(studio)-નો અભાવ, અને શારીરિક પરિશ્રમને ગણાવી શકાય. તેમાં યે શિલ્પને જીવન-પ્રવૃત્તિ તરીકે સ્વીકારનાર વર્ગમાં બહેનો તો વિરલ હોય છે. શિલ્પને જીવનની શોખ-પ્રવૃત્તિ તરીકે અપનાવનાર બહેન સુષમા પંડયા એવું એક વિરલ ઉદાહરણ છે.

એમનો જન્મ ૧૯૩૮ની ૨૪મી સપ્ટેમ્બરે સેવાશ્રમ, ભરૂચમાં થયો. તેમના પિતા શ્રી દિનકરરાવ અમેરિકાની કેલિફૉર્નિયા યુનિવર્સિટીના ખેતીવાડી કૉલેજના ઑનર્સ ગ્રૅજ્યુએટ છે. ૧૯૩૦ના સત્યાગ્રહની દાંડીકૂચમાં ગાંધીજીના આશ્રમના એક અંતેવાસી તરીકે તેમણે ભાગ લીધો હતો. ૧૯૪૦ પછી તેમણે એક ખાનગી કૃષિકાર તરીકે જીવન ગાળ્યું છે. સુષમાનાં માતા સંગીત-શોખીન વ્યક્તિ હોઇ સારું ગાતાં બજાવતાં. વળી સુષમાની એક બહેન તથા એક પિતરાઈ કાકા ચિત્રકાર પણ છે. આમ, સંગીત ને કળાની અભિરુચિ સાથે સારું શરીરસૌષ્ઠવ પણ તેમને વારસામાં મળ્યાં છે. શાંત સ્વભાવ ને મનની એકાગ્રતા (કલાકારો માટે આવશ્યક ગુણો) તેમનામાં છે.


પિતા સાથે બાળપણમાં ગાળવા પડેલા ગ્રામ જીવનને અંગે સુષમાએ અભ્યાસ ઘેર જ કર્યો. સૂરત જિલ્લામાં કાવેરી નદીને તીરે આવેલા મલવાડા ગામે પિતાનાં આંબાવાડિયાંમાં નિસર્ગ-સુષમાથી ભરેલા વાતાવરણમાં એ બાલિકા સુષમાને નાનપણથી જ માટીનાં રમકડાં બનાવવાનો શોખ હતો, અને શાળા-જીવન દરમ્યાન અવકાશને સમયે બનાવેલાં વિવિધ પ્રકારનાં રમકડાં વડે તેણે પોતાની ઓરડી ભરી મૂકી હતી. ધીમેધીમે આ બાળ-શોખે(હૉબીએ) સાધના ને ઉપાસનાનું સ્વરૂપ લીધું, અને ચીખલી ગામની હાઇસ્કૂલમાં નવમા ધોરણ સુધી અભ્યાસ કરીને તેમણે પોતાની કલા-પિપાસાને સંતોષવા ૧૯૫૫માં મુંબાઇની જે. જે. કલા-શાળામાં પ્રવેશ કર્યો.

એમનાં મોટાં બહેન શ્રી મેધાબહેન પંડયા (હવે પારેખ) પહેલેથી જ ઉક્ત કલાશાળા-માં આપણા ઈલાકાના અભિજાત અને સિદ્ધ કલાકાર શ્રી જગન્નાથ અહિવાસીની શિષ્યતા-માં ચારેક વર્ષથી ભારતીય ચિત્રકલાનું શિક્ષણ લઈ રહ્યાં હતાં; એટલે સ્વાભાવિક રીતે જ તે દિશાદર્શન માટે પોતાની બહેન સુષમાને શ્રી અહિવાસી પાસે લઈ ગયાં. શ્રી અહિ-વાસીએ સુષમાબહેનની ભાવના અને રુચિ






← કુ. સુષમા પંડયા. (જમણી બાજુ મથાળે) ભારતીય પરંપરાગત લાવણ્યવાળી એક શિલ્પકૃતિ. (નીચે)માનવપાત્રના એમના એક અભ્યાસ-શિલ્પની ત્રણ બાજુ.




જાણીને અનુકૂળ સલાહ આપી કે ચિત્રકામ પ્રત્યે આકર્ષણ ન હોય તો મૂર્તિનિર્માણ—શિલ્પકાર્ય શીખો. ભાવતું હતું ને વૈદ્યે કહ્યું! માટીના માધ્યમમાં તેમણે શિલ્પશિક્ષણ શરૂ કર્યું અને કલાશાળામાં પાંચ વર્ષ લગી તેની તાલીમ લીધી. એ અભ્યાસ દરમ્યાન ત્રીજા જ વર્ષમાં તેમણે શિલ્પકામમાં પ્રતિમાશિલ્પ (પૉર્ટ્રેટ) માટે બ્રૉન્ઝ-મેડલ મેળવ્યો; અને ચોથા વર્ષમાં તો સજીવ પાત્ર પરથી સંપૂર્ણ માનવ-મૂર્તિ ઘડવાના કાર્યમાં નિપુણતા દાખવીને તેમણે શાળાનો સુવર્ણ-ચંદ્રક મેળવ્યો. આટલી ઝડપી પ્રગતિ કરવાનો યશ સુષમાના ખંત અને ઉદ્યમને જ ઘટે છે. સુષમાના શિલ્પકામમાં સજીવતા સાથે એક કુશળ શિલ્પકારની હથોટી છે. તેમના કામમાં જણાતા આકાર (ફૉર્મ) અને તેની ઘનતા (વૉલ્યુમ)માં કંઈક અંશે વિખ્યાત ફ્રેન્ચ શિલ્પી માઇલોલની કલાના ગુણો દેખાય છે.

સુષમા શિલ્પ વિષે ઘણા ઊંચા ખયાલો ધરાવે છે. કલા નૈસર્ગિક, 'કલા ખાતર જ કલા', અને હૃદયના ભાવો મૂર્તિમંત કરવા શક્તિમાન હોવી જોઈએ. એ કહે છે કે 'કલા લક્ષ્મીને ભલે ખેંચે, પણ લક્ષ્મી ખેંચવાના ઉદ્દેશમાત્રથી આવિર્ભાવ પામેલી કળાકૃતિમાં જીવન ન રહે અને કલાકારનો આત્મા પણ તેમાં સંતોષ ન પામે.' આ ભાવના સુષમા કાયમ સેવે અને કલાનિર્માણમાં વ્યક્ત કરે એવી આશા રાખવી અસ્થાને નથી.

ચ. ક. શુ.





'રાસ': કુ. સુષમા પડ્યાનું સુંદર આયોજનવાળું એક ભાસ્કર્ય. (જમણી બાજુ) વિવસ્ત્ર વૃદ્ધા. જીવંત પાત્રને આધારે કરેલું શિલ્પ.

ભારતની પ્રાચીન કળાનું દિગ્વિજય-પ્રસ્થાન

ગયે વર્ષે પશ્ચિમ જર્મનીના ઇસેન નગરમાં ભારતની ૫૦૦૦ વર્ષની કલાપરંપરાનો અંકોડાબંધ ઇતિહાસ રજૂ કરતું ૯૦૦ નમૂનાઓનું એક વિરલ ને સમૃદ્ધ પ્રદર્શન ભરાયું હતું. ભારત સરકારના પુરાતત્ત્વ ખાતાની સહાયથી કલકત્તા, અમરાવતી, ગ્વાલિયર, જયપુર, લખનૌ, મથુરા, દિલ્હી, સારનાથ, તાંજોર આદિના કલાસંગ્રહોમાંથી વીણીવીણીને ઉત્તમોત્તમ શિલ્પકૃતિઓ ત્યાં લઈ જવામાં આવી હતી, અને તેમાં યુરોપનાં સંગ્રહસ્થાનોમાં સચવાએલાં ભારતીય કલાનાં રત્નો ઉમેરીને એક એવું પ્રતિનિધિરૂપ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું કે જેમાં મોહેં જો-દડોની સિંધુ સંસ્કૃતિના કાળથી શરૂ કરીને ૧૮મી સદીની શોભનકૃતિઓ સુધીની પરંપરા અંકિત થઇ છે. તેણે જર્મનીમાં ભારતની કલાની જે પ્રતિષ્ઠા કરી તેથી એ દેશ આખો મુગ્ધ બની ગયો હતો.

હવે પારીસના સમાચાર છે કે તે પ્રદર્શન પારીસમાં ભારતીય રાજદૂત શ્રી રાઘવનની નિગાહબાનીમાં ગઈ તા. પાંચમી એપ્રિલે ફ્રાન્સના સાંસ્કૃતિક વિષયો ને લલિતકલાના પ્રધાન અને પ્રસિદ્ધ કલાકોવિદ મોં. આંન્દ્રે માલરોના હાથે ખુલ્લું મુકાયું છે. કલકત્તાના 'અમૃત બઝાર પત્રિકા'ના સંવાદદાતા શ્રી કમલેશ બનર્જી તે વિષે લખે છે:

"યુગાંતરો વટાવી રહેલા ભારતનો ખરો પરિચય આજે પારીસવાસીને થયો છે. ભારત પાસે કેટલી સંસ્કારસમૃદ્ધિ છે તેનો તેને ખયાલ જ નહોતો. ભારતની મહાન કલાકૃતિઓ જોઈ પારીસવાસીઓ આજે છક્ક થઈ ગયા છે. પત્રકારો અને પ્રજાગણો આ નવા જ્ઞાનથી ઉમળકે ચડ્યા છે. યુદ્ધ-સમય પછીના કોઈ પ્રસંગે પારીસના મગજ પર આટલી પ્રબળ છાપ પાડી હોય તેવું આ લેખકની જાણમાં નથી."

ભારતના વેરવિખેર ભગ્નાવશેષોની આ બિરદાવલી છે. હજી અજંટા-ઇલોરા ને તાજ તો ભારતમાં અડીખમ ઊભાં છે. પ્રધાન મોં. માલરોએ કહ્યું હતું કે 'યુરોપે અગાઉ કદી નહિ જોએલું એવું આ ભારતીય પ્રદર્શન રોમાંચ કરે એવું છે. આ કલાકૃતિઓ એક પ્રજાની કહેવી તે કરતાં તેને એક આખા ખંડની ગણવી જોઇએ.' વસ્તુતઃ આ પ્રદર્શન અપેક્ષા કરતાં યે વધારે લાગણી અને ઊભરો ઉપજાવી શક્યું છે. પત્રકારો અને પ્રજા એકસાથે કહી રહ્યાં છે કે રજૂ થએલા નમૂના અજબ પંક્તિના અને વિરલમાં વિરલ છે. હવે બધા કબૂલ કરે છે કે યુરોપને ભારતીય કલા (એક્ઝૉટિક) લાગતી નથી. તેમાં પ્રગટ થતાં માનવીય તત્ત્વો, અનુકંપાભર્યા ચહેરા, માદક ભાવો અને ભવ્યતા જોઈ કોઇને પણ લાગતું નથી કે તેમાંથી જીવંત શરીરનું દર્શન અદૃશ્ય થયું છે. એક ફ્રેંચ નાગરિકે કહ્યું, 'ભારત ગ્રીસનાં પ્રમાણોથી પણ આગળ ગયું છે.' ફ્રાન્સને ભાન થયું છે કે ભારતની સંસ્કૃતિ સહસ્ર વર્ષોનો એવો પરિપાક છે કે જેમાં અનેક વિભિન્નતાઓ મેળ સાચવી શકી છે.

પ્રો. રેનોએ કહી દીધું, 'આપણે એક મહાન દેશનું વધારે જ્ઞાન પામ્યા તેનો સંતોષ અનુભવીએ: એવો દેશ, કે જેણે અનેક આફતો વચ્ચે તેનું આત્મજ્ઞાન સાચવ્યું છે અને તેની સંસ્કૃતિનું સાહિત્ય અને સામગ્રી સાચવીને તેની પ્રતિષ્ઠા વધારી છે. ચીન, ગ્રીસ, અરબ અને ભારત જે ચાર મૂળ મહાન સંસ્કૃતિઓ ગણાઈ છે તે પૈકી ભારતમાં અસલિયત, સર્વગ્રાહીપણું ને સૌને એકરસ કરનાર તત્ત્વ વધુ પ્રમાણમાં છે.

—રવિશંકર રાવળ

મહારાષ્ટ્ર રાજ્યની સ્થાપનાના પ્રસંગે રચાએલી ઉત્સવ-સમિતિએ એ ઐતિહાસિક પ્રસંગને મોટા કૅનવાસ (ચિત્રપટ) પર અંકિત કરવા માટે જાણીતા કલાકાર એમ. આર. અચરેકરને ખાસ રોક્યા છે. છેલ્લા ત્રણ દાયકાઓથી બ્રિટિશ રાજવીઓ, વાઈસરૉયો, પ્રધાનો ને રાજકારણી પુરુષોની તસવીરો કરવા માટે પંકાએલા શ્રી અચરેકર પાકી શિક્ષણકલાની પરંપરા પર સિદ્ધ આલેખનશક્તિ ધરાવતા હોવા ઉપરાંત નવા ઉન્મેષથી અલિપ્ત રહ્યા નથી એ તો એમનાં બે પુસ્તકો 'રૂપદર્શિની' અને 'સ્કાઈ સ્કેપર્સ ઍન્ડ ફ્લાઇંગ ગાંધર્વઝ' પરથી પ્રતીત છે.

સાતસો વર્ષ બાદ ઉદ્ભવ પામતા ગુજરાતના સ્વતંત્ર રાજકીય એકમના એવા ઐતિહાસિક પ્રસંગને અંકિત કરવાને યે આવી કોઈ વ્યવસ્થા થઈ હોત તો કેવું સારું થાત?



માધુકરી

આજ ગુજરાત નવજાત બાળક નથી, પીઢ પ્રાચીન છે રાષ્ટ્રમાતા;
આજ ગુજરાત નથી છીછરી યૌવના, માત ગંભીર એ હૃદયશાતા;
આજ ગુજરાતને ગાંડી ફ્હેશો નહીં, બુદ્ધિદાક્ષિણ્યની છે વિધાતા;
કૃષ્ણ ગાંધી દયાનંદના ભોમ છે, ભારતી ભોમની છે સુજાતા;
સૂક્ષ્મદેહી છતાં સૂક્ષ્મ હૈયું નથી, ભાવનાઓ વિરાટી ભરી છે,
દાન, બલિદાન ને ત્યાગની વૃત્તિને ગુર્જરી જન્મ સાથે વરી છે.
(ગુજરાત સમાચાર) —'માણેકનાથ'

સ્વ. પન્નાલાલ ઘોષ

ગયા અંકમાં સ્વ. શ્રી પન્નાલાલ ઘોષની જીવનરેખા અને બંસરી-સાધનાનો ટૂંક પરિચય અપાઈ ગયો. વાસ્તવમાં, તેઓ માત્ર ઉચ્ચ શ્રેણીના સંગીત-સાધક જ નહોતા, પરંતુ એ સંગીત-સાધના દ્વારા 'ઠાકુર' (પરમાત્મા)ની ઝાંખી કરવા તલસતા જીવનસાધક હતા. તેમના સંગીતમાં પ્રતીત થતી ગહન સુરખીભરી સંવાદિતા એ તેમની આ જીવન-સાધનાનો આરત-સૂર છે. તેમના વ્યક્તિત્વની એ આગવી લાક્ષણિકતાનો પ્રા. 'મધુરમે' સંકલિત કરેલો પરિચય આગલા લેખની પૂર્તિમાં અહીં આપીએ છીએ.

એમના જન્મસ્થાન બારીસાલમાં જ એમનો ઉછેર થયો હતો. તેમની માન્યતા મુજબ સારા શરીરને કારણે જ એમનાથી ન ભણી શકાયું! કારણ કે એ જમાનામાં બંગાળમાં ક્રાંતિકારી પ્રવૃત્તિ ભારે જોરમાં હતી, અને કસાએલા શરીરવાળા કોઈ પણ બંગાળી જુવાન પર સરકાર ચાંપતી નજર રાખતી. મુક્કાબાજીથી સુદૃઢ અંગ ધરાવનાર યુવાન પન્નાલાલ, આથી, સત્તર વર્ષની વયે મૅટ્રિકની પરીક્ષા આપ્યા વિના જ 'ન્યૂ થીએટર્સ' નામની ચિત્રપટ-સંસ્થામાં જોડાઈ ગયા.

ઈ સ. ૧૯૩૮થી એમણે બંસીવાદનની ઉપાસના વધુ ગંભીરતા ને એકાગ્રતાથી કરવા માંડી. સાંજે છ સાત વાગ્યે રિયાઝ (પ્રૅક્ટિસ) શરૂ કરે તે રાતના અગિયાર વાગ્યે પૂરી કરે. રાતના અગિયારથી એક સુધી ઈશ્વરનું ધ્યાન ધરે અને પોતાની જાત ઈશ્વરને ચરણે સોંપી દે. જમીને અઢી વાગ્યે સૂએ; સાધના ફરી સવારથી શરૂ થાય તે બપોરના એક-બે વાગ્યા સુધી ચાલે. એમનાં પત્ની શ્રી પારુલ ઘોષ પણ સંગીતક્ષેત્રમાં નામાંકિત છે. સિનેજગતના સંગીત-દિગ્દર્શક શ્રી અનિલ વિશ્વાસનાં એ બહેન થાય. 'બસંત', 'કિસ્મત' આદિ અનેક ચિત્રોમાં એમણે પાર્શ્વસંગીત આપ્યું છે અને એ રીતે આવક કરીને એમણે પોતાના પતિને બંસીની સાધનામાં રત અને આર્થિક ચિંતામાંથી મુક્ત રાખેલા.

ગાંધીજી પણ એમના બંસીવાદનથી મુગ્ધ થઈ ગએલા. ગાંધીજી બીમાર હતા ત્યારે જુહુમાં બંસી સંભળાવવા પન્નાલાલબાબુ ગએલા. ગાંધીજીએ માત્ર દસ જ મિનિટનો સમય આપેલો. મધુર સ્વરાવલિમાં લીન થએલા ગાંધીજીએ દસ મિનિટ પૂરી થયા છતાં 'હજુ બજાવોને' કહ્યું અને તે પછી ૪૫ મિનિટ સુધી તેમને વગાડવા જ દીધું. પછી ખૂબ ખુશ થઈ એમણે પોતાના હસ્તાક્ષર સાથે લખી આપ્યું: 'બંસી બહુત મધુર બજાઈ. મો. ક. ગાંધી.'

બે-એક પ્રસંગો નોંધપાત્ર છે. એક વાર દ્વારકાના રણછોડરાયજીના મંદિરમાં ભક્તજનોની સાથે ગએલા. ત્યાં કોઇએ એમને નરસિંહ મહેતાએ કેદારો રાગ ગીરો મૂકયાનો પ્રસંગ કહી બતાવ્યો. આ પ્રસંગ સાંભળતાં જ શ્રી પન્નાલાલ ઘોષનું હૃદય ભાવોદ્રેક પામ્યું. તેમણે તો તત્કાળ સ્થળ, સમય ને જાતનું ભાન ભૂલી બંસીમાં કેદારો રાગ છેડવા માંડયો, અને સતત છ કલાક સુધી પ્રભુમય મુગ્ધાવસ્થા અનુભવી. એ પ્રસંગ જોનાર ને અનુભવનાર એકે તો જણાવ્યું: 'કૃષ્ણની બંસરી સાંભળીને ગાયો, વન અને ગોપીવૃંદ કેમ થંભી જતાં એની આજ પણ હું કલ્પના અનુભવી શકું છું.' બીજો એક પ્રસંગ છે બેલૂર મઠનો. તે વખતે બેલૂર મઠમાં સ્વામીશ્રી વિરજાનંદજી ગંભીર માંદગી ભોગવી રહ્યા હતા. સ્વામીશ્રીની માંદગી એટલી બધી ગંભીર હતી કે થોડા જ કલાકોમાં એમનો જીવનદીપ ઓલવાઈ જાય તેમ હતું. આથી દાક્તરોએ

આપણાં જંતુઓ : ૨૭

મરઘલી


ત્રણ ઇંચના આ નાનકડા છતાં અજબમૂર્તિ જંતુનાં જડબાં વિશાળ અને મૂછો શરીરથી યે લાંબી. વળી અત્યંત તીક્ષ્ણ નહોરવાળા ભયંકર પંજા, જરઠ સાથળો, હાથીની સૂંઢની પેઠે ગૂંચળું વાળેલી દીર્ઘ પાંખો,–આવા ભીષણ રૂપને કારણે આસામ ભણી તો એ 'ભેરવા' (ભૈરવ)ને નામે જ ઓળખાય છે. ઊડવામાં નિરુપયોગી છતાં અદ્ભુત કારીગરીવાળી એની મુલાયમ પાંખોથી મુગ્ધ થએલા અંગ્રેજો એને 'એરોપ્લેન જંતુ' કહે છે.

જગતમાં માત્ર ભારતવર્ષ જ આ જંતુનું નિવાસસ્થાન. મુલતાન, સિંધ, આસામ અને બેલારી સિવાય એની હસ્તી ન હોવાની માન્યતા ખોટી ઠરી છે. ગુજરાતમાં પણ એ નજરે પડે છે. તીડ, વદા, કંસારી વગેરે એની નાતનાં જ. આ લાગે તીડના જેવી, પણ તીડનું શરીર લાંબું: મરઘલી બેઠા ઘાટની; તીડની મૂછો નાની: મરઘલીની શરીર કરતાં યે લાંબી; તીડના પગ પકડવામાં ઉપયોગી: મરઘલીના પણ દેખાય તો એવા જ (ઠણક લઇને ઠેકડો મારવાની એની ટેવને લીધે જ એનું નામ 'મરઘલી' પડયું હશે), પણ એના પંજાની રચના જુદી જાતની, પાંચ આંગળવાળી, એના વડે દર ખોદતી વેળા રેતી પાછલી બાજુ ઝડપથી નાખતી એને જુઓ ત્યારે જ એ પંજાની ઉપયુક્તતા સમજાય; તીડ સમૂહજીવી: મરઘલી એકાકી વિચરનારી; તીડ તો દિવસે ભમનારાં: મરઘલી નિશાચર; તીડ ઉઘાડામાં, જ્યારે મરઘલી રેતીના દરમાં રહે.

રંગ આછો ધોળો કે ફિક્કો લીલાશ પડતો. તીડની પેઠે એને શ્રવણેન્દ્રિય નથી. એ કામ એની મોટી મૂછો આપે. ક્વચિત્ પાંખો ઘસીને અપ્રિય લાગતો અવાજ કાઢે.

જીવજંતુ એ તેનો આહાર, કયારેક પોતાની જાતનાંને યે આરોગી જાય. આમ માંસાહારી હોઇ તે ખેતીને નુકસાન કરતી નથી. નિવાસસ્થાન રેતાળ જમીન કે ઘણુંખરું નદીકિનારો. આશરે અરધો આંગળ પહોળાં ને વેંતેક ઊંડાં દર કરીને રહે.

('વનેચર'ના લેખ પરથી)



એમને મળનારાઓને મનાઈ ફરમાવી હતી. પન્નાલાલબાબુએ ત્યાં જઈ સ્વામીશ્રીને મળવા માટે રજા મેળવી. એમની સાથે તેમના ભાઈ નિખિલબાબુએ તબલાની સંગત આપી. બંસીવાદનના સ્વરોની મધુરતા, માદવ ને દિવ્યતા સમક્ષ સ્વામીશ્રીનો જીવનદીપ વધુ પ્રજ્વલિત થયો અને પંદર દિવસ સુધી એ દિવ્યતા માણતો એ થંભી ગયો તથા જલતો જ રહ્યો! પંદરમે દિવસે સ્વામીશ્રીએ દેહ છોડ્યો. એ પછી રેકર્ડિંગ કંપનીના માણસો પન્નાલાલબાબુ પાસે રેકર્ડિંગ માટે આવ્યા ત્યારે એમણે કહ્યું : 'હવે મારી પાસે કશું જ રહ્યું નથી, જે ઉત્તમોત્તમ હતું, એ સ્વામીજીને ચરણે ધરી ચૂક્યો છું. અત્યારે તો હું દરિદ્ર બની ગયો છું.'

સંગીત-સાધના ને સાધનો માટે એઓ ખૂબ જ ચીવટ ને કાળજી રાખતા. પોતાની વાંસળી ખાસ જાતદેખરેખ નીચે જ બનાવડાવતા. એ બજારમાં મળી ન શકે એવી વિશિષ્ટ પ્રકારની હતી. એમના એક મિત્ર બર્માથી એક લાંબો વાંસ લઈ આવેલા ત્યારે તેમાંથી ઘેર બેઠાં-બેઠાં એમણે પોતાની વાંસળી બનાવી કાઢેલી. ઘોષબાબુનો મત છે કે ઉચ્ચ શાસ્ત્રીય સંગીતમાં નાની વાંસળી કામ ન લાગે, કેમકે એમાંથી 'ખરજ'ના સૂર નીકળી શકતા નથી. પોતાની બંસરીની સાચવણી માટે પણ તેઓ ભારે ચીવટભરી કાળજી રાખતા. મખમલની ગાદીઓવાળી પેટી ઉપર પણ મખમલ મઢેલું હોય અને એ પેટીમાં જાણે કોઈ કીમતી હીરામોતીના દાગીના સાચવતા હોય તેમ તેઓ વાંસળીને રાખતા. વાંસળી અંદરથી સાફ કરવા ઊનનો સળિયો રાખતા. અલ્લાઉદ્દીનખાં ને અબ્દુલ કરીમ ખાંસાહેબ એ એમના પ્રિય કલાકાર હતા.

નાનપણથી જ એમને ધર્મમાં પ્રબળ આસ્થા હતી. રામકૃષ્ણ મિશનમાં તે નિયમિત જતા. જીવનપર્યંત મિશનના સભ્યપદે રહી તેના સિદ્ધાંતો જીવનમાં ઉતારવાની કોશિશ તેમણે કર્યા કરેલી.

બંસીવાદન ઉપરાંત એમને શિકાર તથા રમતોનો ય શોખ હતો. બાળપણમાં વ્યાયામપ્રિય હોઇ ભાતભાતની રમતોના શોખીન હતા. બૉક્સિંગનો તો ભારે શોખ. પોતાની મહત્ત્વાકાંક્ષા તેમણે આમ વ્યક્ત કરી છે : 'પૂર્ણતા એટલે પ્રભુપ્રાપ્તિ. એમ હું પણ વાંસળીમાં પૂર્ણતા મેળવવા પ્રયત્ન કરું છું. ઠાકુર (ઈશ્વર)ની એક જરીસરખી જ્યોત પણ જો જોવા મળી જાય તો જીવન સફળ છે અને એ જ મારું જીવનધ્યેય છે.'

જીવનની અવધો

સંયુક્ત (U) રાષ્ટ્રો (N)ના શૈક્ષણિક (E) સામાજિક (S) સાંસ્કૃતિક (C) સંઘ (O) યુનેસ્કોના મુખપત્ર 'યુનેસ્કો કુરિયર'માંથી આપેલા સામેના આલેખમાં જગતનાં જુદાં જુદાં જીવ-વનસ્પતિનાં જીવનની અવધોની સરખામણી આપી છે. એ આંકડા સહેજે વધુમાં વધુ જેટલા મૂકી શકાય તેટલા આપ્યા છે. સાથોસાથ એ જાણતાં નવાઇ લાગે કે બીજાની સરખામણીમાં વનસ્પતિસૃષ્ટિ જે દીર્ઘતમ આયુષ્માન લાગે છે તે જ વનસ્પતિસૃષ્ટિમાં જેની આવરદા માત્ર એક બે કલાકની જ હોય એવાં દૃષ્ટાંતોપણ મળી રહે છે. તે પછી જીવોમાં તો સૌથી દીર્ઘાયુષી કદાચ કાચબાને જ ગણી શકાય. દોઢસો વર્ષ તો તે સહેજે જીવે છે. સ્તનપાયી પ્રાણીઓમાં તો માત્ર હાથીને જ માણસની સરખામણીમાં મૂકી શકાય. જો સારી દેખભાળ રહે તો પાળતુ ઘોડા પણ ૪૦–૫૦ વર્ષ જીવે છે. એ જ રીતે ગધેડું પણ ૪૭ વર્ષ જીવ્યાનું દૃષ્ટાંત છે. પ્રાણીસંગ્રહસ્થાનમાં ૪૧ વર્ષના જળહાથી (હિપોપોટેમસ), ૪૦ના ગેંડા, ૨૯નાં ચિમ્પાન્ઝી (વાંદરા)ની તો આધારભૂત નોંધો મળે છે. જો સારી સંભાળ રખાય તો કૂતરો પણ ૧૮ થી ૨૦ વર્ષ તો સહેજે જીવે. બિલાડાં એ હિસાબે કંઈક વધુ જીવે છે. તેમની ૩૯, ૩૧, ૨૮ની ઉંમરની નોંધો મળે છે.

જળચરોમાં ૩૭ વર્ષની વ્હેલની આધારભૂત નોંધ છે. ને જો વ્હેલ-



સસલાની અને કાચબાની દોડની હરીફાઇની વાર્તાનો 'ધીમી પણ એકધારી ગતિએ ચાલનાર' જ જીતે છે એ સાર સૌને જાણીતો છે. એ સૂત્ર પ્રાણીઓના આયુના આંકડાઓ પરથી તો લાધ્યું નહિ હોય? પ્રાણીજગતમાં તો માત્ર ગૅલાપૅગોસ ને સીચલ (સીચેલેસ) ટાપુઓના મહાકાય કાચબાઓ જ માણસની સરખામણીમાં દીર્ઘજીવી કહી શકાય. અહીં પ્રાણી અને વનસ્પતિજગતના આયુષ્યના કેટલાક આંકડા આપ્યા છે અને તેમના આયુષ્યની લંબાઇનાં વર્ષો પ્રમાણે તેમને ઘડિયાળના કાંટાના ક્રમમાં ગોઠવ્યા છે–બતકથી તે સાઇપ્રસ વૃક્ષ સુધીના.


માછલીઓ એને જીવવા દે તો ૩૦ ઉપરની તો એ સહેજે થાય જ. આ ઉપરાંત ઝીણાં જીવડાંની આવરદા જોકે ઘણી ટૂંકી હોય છે, તો પણ એક દાખલો એવો પણ છે કે એક માણસના પેટમાં ૩૫ વર્ષ સુધી જીવતો રહેલો કૃમિ (કરમ) મળી આવેલો.

પાળતુ અને સંરક્ષણમાં રહેતા જીવો હમેશાં વધુ જીવતાં માલૂમ પડ્યાં છે, કેમકે પ્રકૃતિની વિષમતાઓ સામે એમને ઝૂઝવાનું નથી હોતું. પાળતુ કે સંરક્ષિત દશામાં એમની શક્તિનો વ્યય ઓછો થાય છે, ખોરાક તૈયાર મળે છે, કાયમી ઓથ રહેતી હોઈ શત્રુ પ્રાણીથી રક્ષણ મળે છે, એટલું જ નહિ પણ આવી દશામાં એમને અકસ્માતોનો પણ ઓછો ભય હોય છે. બહાર વગડામાં ૧૪ થી ૧૫ વર્ષ માંડ જીવતું શિયાળ પ્રાણીબાગમાં ૨૫ વર્ષ જીવ્યાના દાખલા છે.

મોટે ભાગે જીવ જેમ નાનો અને વધુ ફળદ્રુપ (વધુ પ્રજનન કરનાર) તેમ તેની આવરદા ઓછી જોવા મળે છે. આ પરથી નિઃશંક કહી શકાય કે શારીરિક કદ, ઓછું પ્રજનન અને દીર્ઘાયુષ વચ્ચે જરૂર સંબંધ છે જ.

પક્ષીઓમાં દીર્ઘતમ જીવનનાં દૃષ્ટાંતોમાં ૧૮૮૭માં મરાએલા એક સ્વૉન (હંસ)નો દાખલો છે. એના એક પગ પર ૧૭૧૭ કે ૧૭૧૧ની સાલની નોંધ હતી, એટલે કે એ ૧૭૦ વર્ષ જેટલું જીવ્યો હશે! ફ્રાંસમાં ૧૮૪૫માં મારેલા એક ગરુડની ડોકે લૅટિન ભાષામાં એ પક્ષી કૉકેશસમાં ૧૭૫૦ની સાલમાં શિકાર કરવા માટે પાળવામાં આવ્યું હોવાનો ઉલ્લેખ હતો. એટલે કે ૯૫ વર્ષ! આ બંને દાખલા નોંધપાત્ર ગણાય.

કાગડો પણ દીર્ઘજીવી ગણાય છે. તે ૬૯ વર્ષ જીવ્યાની નોંધ મળે છે! અરધી સદી ઉપર જીવતાં બીજાં પક્ષીઓમાં પેલિકન પર વર્ષ, ગરુડ તથા ઘુવડ ૬૮ અને સોનેરી ગરુડનાં ૫૬ વર્ષની નોંધો છે. પાળતુ



'ત્રિશૂલ' : ભારતીય નૌકાદળમાં ઉમેરાએલું એક અદ્યતન જંગી જહાજ : બ્રિટનના તાકાતવાન 'શાહી નૌકાકાફલા'માં પણ જે જાતનાં ભાગ્યે જ પાંચ જહાજ છે તે 'ઍન્ટી-સબમરીન ફ્રિગેટ' પ્રકારનું આ નવું જહાજ 'ત્રિશૂલ' ગયા માસ (મે)ની ૨૦મી તારીખે મુંબાઇ આવીને ભારતના નૌકાદળમાં જોડાયું છે. આપણે ત્યાં એ પ્રકારનું તે પ્રથમ જહાજ છે. ત્રણ વર્ષ પહેલાં ઈંગ્લંડમાં તેનું બાંધકામ શરૂ થઇને જૂન ૧૯૫૮માં તે તરતું કરવામાં આવ્યું હતું અને આ વર્ષના જાન્યુઆરીમાં તે સેવાપ્રવૃત્ત થયું. તેની વિશિષ્ટતા એ છે કે ગમે તેવી અદ્યતન અને ઝડપી સબમરીનોને પણ શોધી કાઢીને તેનો નાશ કરી શકે; અને સાથે હવાઈ જહાજ વિરુદ્ધનાં સાધનો લઇ જવાની તેની શક્તિ ઘણી મોટી અને ગતિ અતિ ત્વરિત છે. વળી અણુ-અસરવાળા વિસ્તારોમાંથી પણ સલામતરીતે બહાર નીકળી શકે એવી રીતે તેને બનાવવામાં આવી છે. તેની લંબાઈ ૩૭૦ ફૂટ અને ઊંચાઈ ૪૧ ફૂટ હોઈ ૨૩૦૦ ટન વજનની સામગ્રી ખેંચી જવાની તેની તાકાત છે; ને તેના કમાન્ડિગ ઑફિસર કૅપ્ટન કામઠના હાથ નીચે અમલદારો ને ખલાસીઓ મળીને ૨૪૦ માણસોનું જૂથ તેના પર કામ કરે છે. આવા શક્તિશાળી જહાજનો ભારતીય નૌકાદળમાં ઉમેરો એ આપણા માટે ગૌરવની વાત છે.

પક્ષીમાં પોપટ સૌથી વધુ જીવે છે—સો વર્ષ ઉપરના તો ઘણા દાખલા છે. કાકાકૌવા પણ પોતાની કલગી ખરવા દીધા વિના ૯૦ વર્ષ સુધી જીવન માણે છે. અલબત્ત તેમના જુસ્સા અને સ્મરણશક્તિમાં ઓટ આવેલી જણાય છે. આ ઉપરાંત વન્યદશામાં રહેતાં પક્ષીપ્રાણીઓની આવરદાની ચોક્કસ જાણ થવી અઘરી હોઈ આપણે તે વિષે વધુ કૈં ન કહી શકીએ; છતાં એટલું ખરું કે પાલતુ દશામાં એ જરૂર વધું જીવે છે.

ટૂંકમાં દીર્ઘજીવી વૃક્ષો પાસે સાવ બાળક લાગતો માણસ અન્યથા તો સહેજે લાંબા આયુષ્યવાળો ગણાવી શકાય.

કોકમ

ભારતીય આરોગ્યશાસ્ત્રમાં માણસના આહાર અને વિહાર સાથે નીરોગિતા આપનારાં તત્ત્વોની જે રચના કરવામાં આવે છે તેવો સુમેળ દુનિયાના વિજ્ઞાનમાં જોવા નહિ મળે. માણસ જો આરોગ્યપોષક છ રસોની સમતુલા જાળવીને પોતાનો ખોરાક ગોઠવે તો રોગમાંથી મુક્ત રહે. આ રસોનું સંયોગીકરણ એ જ આપણો સ્વાભાવિક ખોરાક છે. પણ માણસ આવા સંયોગીકરણવાળો ખોરાક લેવાનું પસંદ કરતો નથી. કડવો કે તૂરો રસ એને ભાવતો નથી. કોઈ વધુપડતું ખારું ખાય છે તો કોઇને વધારેપડતાં તીખાં તમતમતાં મરચાં હોય તો જ આનંદ પડે છે. આ સ્થિતિ આરોગ્યને હાનિ કરનારી છે.

આપણી રાંધણકળામાં જે પ્રકારનાં સંયોગીકરણોથી ખાદ્ય પદાર્થો તૈયાર કરવામાં આવે છે તે ઉત્તમ પ્રકારનાં ઔષધોની ગરજ સારે છે. દાખલા તરીકે આપણે રોજિંદા વ્યવહારમાં જેનો ઉપયોગ કરીએ છીએ તે કોકમ લો. ખોરાકમાં ખટાશનાં તત્ત્વો મળે એટલા માટે કોકમ આપણે વાપરીએ છીએ, કારણ કે ખાટો રસ એક એવી ક્રિયા પેદા કરે છે કે, જેનાંથી ખોરાક જલદી પચે છે અને એનું પોષણમાં પરિવતન થાય છે. પણ એ ઉપરાંત કોકમમાં ઔષધીય મહત્ત્વના ગુણધર્મો પણ રહ્યા છે. ગોવા કોકણ અને કર્ણાટકમાં કોકમનાં મોટાં ઝાડ થાય છે. કોકમ એ એના ફળના કટકા છે.

ખાટો અને મધુર એ પિત્તનું શોધન અને શમન કરનારા રસો છે. પિત્ત એ અગ્નિદેવ છે. એ જો સ્વાભાવિક સ્વરૂપમાં હોય તો એમાંથી બળ, બુદ્ધિ અને મેધા પ્રગટે છે; પણ જો એનું વિકૃત સ્વરૂપ થાય તો અનેક પ્રકારના લોહીના, આંતરડાંના અને એના સાથે સંબંધિત રોગો પેદા કરે છે. આ પિત્તજ રોગનું સૌથી પ્રધાન દરદ એ આંતરડાંની નબળાઈ, ખોરાકની અરુચિ અને મંદાગ્નિ છે; અને આ સ્થિતિમાંથી જ ગૅસ, અજીર્ણ, મરડો, સંગ્રહણી અને કેટલીક વખત હરસ જેવાં

દરદો પેદા થાય છે; તો કેટલીક વખત અમ્લપિત્ત જેને આજનું વૈજ્ઞાનિક શાસ્ત્ર ઍસિડિટી કહે છે તેવું જોવા મળે છે. આવાં દરદો ઉપર અનુપાનભેદથી કોકમનો જુદીજુદી રીતે ઉપયોગ સૂચવાયા છે.

આંતરડાંની આ શિથિલતાને કારણે પેદા થતાં દરદોમાં ગૅસ થવો એ બહુ જ સ્વાભાવિક સ્થિતિ છે. મૂળ દરદ ભુલાઈ જાય છે અને ગૅસનો ત્રાસ પ્રધાન ફરિયાદ બની જાય છે. એ વખતે આપણે વાતહર ઔષધો લઇને રાહત મેળવવાના પ્રયત્નો કરીએ છીએ. આવાં દરદો ઉપર કોકમ મૂળ વ્યાધિનાં કારણોને જ દૂર કરી એને શમાવે છે. બાપાલાલભાઈએ એક પ્રયોગ નોંધ્યો છે કે કોકમનો ઉકાળો કરી એમાં થોડો સિંધવ મેળવીને આપવાથી ગોળો બેસી જાય છે.

ગૅસના એક બીજા પ્રકારને અમ્લપિત્ત (acidity) કહે છે. આ દરદ શરીરમાં એક પ્રકારનો દાહ કરે છે. મગજ ગરમ રહે છે ને જાણે લોહીનું દબાણ વધી જતું હોય એવું લાગ્યા કરે છે. મોંમાંથી વારંવાર પાણી છૂટચા કરે છે. ખોરાકની રુચિ વિષમ, તીવ્ર કે મંદ થઈ ગઈ હોય છે. આ દરદની શરૂઆતમાં જ કાળજી રાખવામાં ન આવે તો જીર્ણ બની જઈને હેરાનપરેશાન કરી નાખે છે. એને માટે કોકમનો નીચેનો પ્રયોગ ઘણો હિતકારી છે: કોકમ, એલચી અને સાકરનું સમાન વજને મિશ્રણ કરી ચટણી બનાવી ખોરાક સાથે ઉપયોગમાં લેવી. એ ત્રણે ઔષધો પિત્તના વિદગ્ધપણાને દૂર કરી ગરમીને શાંત કરે છે, શોધન અને શમન કરે છે અને પિત્તનો મૂળ પાચક ગુણ પાછો લાવી દે છે.

શિળસ એ પણ પિત્તજ ચામડીના રોગનો વિકાર છે અને એમાં પણ કોકમ સાથે જીરું અને સાકર લેવાની ભલામણ છે. પંડિત ભાવમિશ્ર યોગ્ય જ કહે છે કે કોકમ તૃષા, હરસ, સંગ્રહણી, ગોળો ને શૂળ જેવાં તથા કૃમિજન્ય વ્યાધિઓમાં ઉપયોગી નીવડે છે.


વળી, કોકમમાંથી એવા પ્રકારનું તેલ નીકળે છે કે જે કેટલાંક દરદો ઉપર ઉપયોગી છે. આ તેલને આપણે કોકમનું ઘી પણ કહીએ છીએ અને શિયાળામાં હાથપગની ચામડી ફાટી જતી હોય ત્યારે વાપરીએ છીએ. પરંતુ એ તેલ ખાઈ પણ શકાય છે. કેટલાક લોકોને છાતીમાંથી બળખા કે ઊલટી વાટે, કેટલીક વખત ઝાડા વાટે, તો સ્ત્રીસમાજમાં લોહીવા દ્વારા લોહી પડતું હોય છે. દાંત ને નાકમાંથી પણ આ જ રીતે લોહી પડે છે. આ લોહીસ્રાવને ક્ષતક્ષય કહે છે અને એમાં પોષક ને શામક ઔષધો અપાય છે. કોકમના ઘીમાં આ જ પ્રકારનો ગુણ છે. ક્ષતક્ષીણનાં દરદો ઉપર વિદારી કંદ અને શેરડીના રસમાં કોકમને શેકીને પાવાથી એમાં ઉત્તમ પ્રકારનો જીવનીય બૃહણીય ગુણ રહ્યો છે એવો પ્રાચીન ગ્રંથોનો અભિપ્રાય છે. 'ઇન્ડિજીનસ ડ્રગ્સ ઑવ ઇન્ડિયા' નામે ગ્રંથમાં પણ નોંધ છે કે કોકમનું ઘી પોષક છે અને કૉડલીવર ઑઇલની જગ્યાએ વાપરવાની ભલામણ છે.

ડૉ. મુદ્દીન શરીફ તો લખે છે કે મેં કોકમનું તેલ વાપરી જોયું છે અને તે ક્ષયમાં, ફેફસાંનાં દરદોમાં, કંઠમાળ જેવા રોગોમાં, મરડામાં અને સંગ્રહણીમાં ઉત્તમ પ્રકારનું કામ કરે છે. આપણે કોકમના ઘીનો ચામડી તરડાઈ જાય ત્યારે તો ઉપયોગ કરીએ જ છીએ અને એનાથી આખો ભાગ રુઝાઇને ચામડી પૂર્વવત્ સુંવાળી બને છે. એ જ રીતે જો એ ખાવામાં આવે તો આંતરઅવયવોની ગરમી, આળપ અને ચાંદાં પણ સહજ રીતે રુઝાઈ જાય એ સમજી શકાય એવું છે.

(પ્રવાસી) —'ચિકિત્સક'


ભવિષ્યની ક્રાન્તિકારી દીવાદાંડી

બ્રિટનમાં ઝેનોન નામનો એક નવો ને ટચૂકડો પણ અત્યંત પ્રકાશિત એવો દીવો શોધવામાં આવ્યો છે કે જે દીવાદાંડીની કામગીરીમાં ક્રાંતિકારી નીવડશે. ૧૨ ઈંચ કરતાં પણ ઓછી ઊંચાઈ અને બે રતલથી યે ઓછા વજનનો, છ લાખ કૅન્ડલ પાવરનો આ ઠિંગુજી દીવો સ્વચ્છ હવામાનના દિવસોમાં ૩૦ માઈલ કરતાં પણ વધારે વિસ્તારમાં અજવાળાં પાથરવાની શક્તિ ધરાવે છે. દીવાદાંડીઓમાં વપરાતા ચાલુ દીવાને મુકાબલે એમાં મુખ્ય તફાવત એ છે કે આનો કાચ રાત્રે સતત ચાલુ રહેતા દીવાની આજુબાજુ ગોળગોળ ફરતો રહેતો નથી. પણ 'ઘડીઘડી તડકો ને છાંયડો'ની જેમ તે થોડી ઘડી સળગે છે અને થોડી ઘડી બુઝાઇ જાય છે. તેની આ ક્રિયા આપોઆપ જ ચાલુ રહે છે.



મુઘલ ઉદ્યાન

નવી દિલ્હીમાં મુઘલ ઉદ્યાન (મુઘલ ગાર્ડન્સ)ની મુલાકાત લેવી એ જિંદગીનો એક લહાવો છે. ૪૦ એકરમાં પથરાએલો આ ઉદ્યાન વાઇસરૉયોના વિહાર માટે સર્જાયો હતો. ૧૯૪૪માં લૉર્ડ વૅવલે થોડા ભાગ્યશાળીઓ માટે એ બાગ ખુલ્લો મૂકેલો. ૧૯૫૦માં આપણી સરકારે તે આમ જનતા માટે ખુલ્લો મૂક્યો ત્યારે એવો ભય હતો કે લોકો ફૂલો ચૂંટીને ઉદ્યાન બગાડશે. અને એ ખોટો યે ન હતો. પરંતુ હવે ૫૦ જેટલા 'ભોમિયાઓ' લોકો ઉપર ચાંપતી નજર રાખે છે. રાષ્ટ્રપતિ રાજેન્દ્રબાબુની પ્રેરણાથી હવે લાક્ષણિક બ્રિટિશ છોડવાઓમાં બીજા ફૂલઝાડોનો પણ ઉમેરો થયો છે. પટણા અને હૈદરાબાદના ગુલાબ ઉપરાંત પુષ્પો માટે પંકાએલા ૨૨ જાતના ફૂલછોડ ત્યાં વાવવામાં આવ્યા છે, જેમાં રશિયા અને ચીનના છોડ પણ છે. પરદેશી મહેમાનો એ ઉદ્યાન જોઇને ખુશ થાય છે. પ્રમુખ આઇઝનહોવર તો તેના પ્રેમમાં પડી ગયા હતા! આ ઉપર તથા નીચે તેનાં બે ચિત્રો આપ્યાં છે.



સિકવૉઇઆ વૃક્ષ

અમેરિકાનાં જે ઝાડ હજારો વર્ષોનું દીર્ઘાયુષ્ય ભોગવતાં હોવાનું આ અંકમાં આપેલા આલેખમાં જણાવ્યું છે તે સિક્વૉઈઆ (રેડવૂડ) ઝાડને કુદરતે જ લાંબી જિંદગી જીવવા માટે રોગો ને જીવડાં સામે રક્ષણ આપ્યું છે. જે રોગો બીજી વનસ્પતિને મારી નાખે છે તે આ વૃક્ષોને અસર નથી કરી શકતા. તેમની છાલ થોડા ઈંચથી માંડીને બે ફીટ જાડી હોય છે! આથી જીવડાં પણ તેમને નુકસાન નથી કરી શકતાં. દાવાનળ સામે પણ તેમની જાડી છાલ રક્ષણ આપે છે, કારણ કે એ છાલ ઍસ્બેસ્ટૉસ જેવી છે! બીજા વિશ્વવિગ્રહ દરમ્યાન આ છાલનો ઉપયોગ ટેવતા ને ગરમીથી રક્ષણ કરવા માટે ઍસ્બેસ્ટૉસ તરીકે થતો હતો. આ વૃક્ષોનો કોઈ દુશ્મન હોય તો તે આકાશની વીજળી. અને સો ફીટ કરતાં યે ઊંચાં આ વૃક્ષો ઉપર વીજળી પડે એમાં આશ્ચર્ય પણ શું? પણ એથી યે મોટું આશ્ચર્ય તો એ કે ઘણાં ઝાડના અંગ ઉપરથી વીજળી અને દાવાનળમાં બળીને બનેલા કોલસા કાઢી શકાય છે અને છતાં એ ઝાડ જીવતાં હોય છે!

તેમ છતાં ભીષણ દાવાનળમાં આ મહાકાય વૃક્ષો પણ બળી જાય છે ખરાં. છાલ બળે અને અંદરના રસ આગનો સામનો કરે! છેવટે ગરમીનો અતિરેક થાય ત્યારે અંદરના રસ ધડાકા સાથે ફાટે. તોપણ આ વૃક્ષોની જિજીવિષા અજબ છે. માથાથી મૂળ સુધી તેનું હાર્દ બળી ગયું હોય, પણ બાજુનો થોડોક ભાગ સજીવ હોય તો ઝાડ જીવતું રહે! કેમકે આ વૃક્ષોની છાલ પોતાના જખમો રૂઝવવાની અજબ શક્તિ ધરાવે છે. બહુબહુ તો ટોચ સુધી તે પૂરતું પાણી ન મોકલી શકે તો ટોચ સુકાઈ જાય. આથી ઘણા વૃદ્ધ વૃક્ષોની ટોચ સુકાઈ ગએલી હોય છે, પરંતુ ડાળીઓ ફૂટીને નવી ટોચ બનાવે છે!

આવા એક બહુ જૂના ને ઊંચા ઝાડને 'જનરલ શેરમૅન' નામ આપવામાં આવ્યું છે. તેની પહેલી ડાળી જ જમીનથી ૧૨૫ ફીટની ઊંચાઇએ છે અને એટલી જાડી છે કે તે સાત ફીટનો વ્યાસ ધરાવે છે! આ વિશ્વ-વિખ્યાત વૃક્ષની કુલ ઊંચાઈ ૨૭૨ ફીટ છે. ધરતી પાસેના તેના થડનો વ્યાસ ૩૬.૫ ફીટ છે. આખા વૃક્ષનું વજન કર્યું હોય તો છ હજાર ટન થાય અને ૫૦ નાનાં મકાન બંધાય એટલું લાકડું તેમાંથી નીકળે.

આ વિરાટ વૃક્ષોનાં થડ તજ જેવા રાતા રંગનાં હોય છે. જ્યારે બુદ્ધ અને ઈસુનો હજી જન્મ થયો ન હતો ત્યારે પણ 'જનરલ શેરમૅન' એક વિશાળ વૃક્ષ હતું અને હજી આજે તે મરી પરવારવાની ઉતાવળમાં નથી! તેનું વય ૩૫૦૦ વર્ષનું છે! અને આ વિરાટ વૃક્ષોને જન્મ આપનાર બી કેવડાં હોય છે? તરબૂચ જેવડાં? ના. રાઇના દાણા જેવડાં! આ મહાકાય વૃક્ષોને સિક્વૉઇઆ કહેવામાં આવે છે. તેના ત્રણેક પ્રકાર છે. તેમાં રેડવૂડ વધુ ઊંચાં છે. તેમની ઊંચાઈ ૩૬૪ ફીટ સુધી પહોંચે છે! એ રેડવૂડને કાપી નાખો તો ઠૂંઠાંમાંથી તે પાછું પાંગરે! તે મરી જવાની ના પાડે છે. મહાકાય સિક્વૉઇઆ બીજમાંથી જ જન્મે છે.

આ વિરાટ વૃક્ષોની શોધ હજી સો વર્ષ પહેલાં જ થઈ. જેઓ તેમને જોઈ આવતા હતા તેઓ તેમની વિસ્મયભરી વાતો કહેતા હતા, પણ એ વાતો માનવા કોઈ તૈયાર ન હતા. પોણા ચારસો ફીટ ઊંચાં ઝાડ તે કંઇ હોય? ઈ.સ. ૧૮૪૭માં સ્ટીવન ઍન્ડલાઇશર નામના એક જર્મન વનસ્પતિશાસ્ત્રીએ આ વૃક્ષોનું નામ પાડ્યું. શાના ઉપરથી તે જાણીને તમને આશ્ચર્ય થશે. ચેરોકી સિકૉઇઆ નામનો એક અભણ, અંગ્રેજી નહિ જાણનાર આદિવાસી રેડ ઇન્ડિયન હતો. તેણે અભણ હોવા છતાં પોતાની અભણ કોમ માટે ૧૮૨૧માં ૮૬ સંકેતવાળી લિપિ શોધી હતી. તેનો પિતા જર્મન હતો અને માતા રેડ ઇન્ડિયન હતી. જર્મન વનસ્પતિશાસ્ત્રી ઍન્ડલાઈશર તેના પુરુષાર્થ પર એટલો ખુશ થઈ ગયો કે તેણે જગતના આ સર્વોચ્ચ વૃક્ષને તેનું નામ આપ્યું! (પ્રવાસી)



ભારતીય કલાકાર શ્રી મુકુલ દે 'એ પૅસેજ ટુ ઇન્ડિયા'ના જાણીતા અંગ્રેજ લેખક મિ. ઈ. એમ. ફૉર્સ્ટર સાથે. હમણાં લંડનમાં કૉમનવેલ્થ ઇન્સ્ટિટ્યૂટમાં શ્રી મુકુલ દેનાં ૧૦૮ ચિત્રોનું એક પ્રદર્શન યોજાયું હતું. તેમાં તેમનાં પેઇન્ટિંગ્સ, ડ્રાય-પૉઈન્ટસ અને ડ્રોઇંગ ઉપરાંત ભારત, પાકિસ્તાન અને સિલોનનાં ભીંતચિત્રોની એમણે ઉતારેલી નકલો પણ પ્રદર્શિત થઈ હતી.

અનુસંધાન] **વાચકો લખે છે** [પૃ. ૨૦૫થી

એપ્રિલ અંકમાં શ્રી ચંદ્રકાંત વ્યાસની 'કુમાર'માં પ્રગટ થતાં કાવ્યો અંગે ફરિયાદ વાંચી ત્યારે સદુઃખ થોડું કહેવાનું મન થઈ આવ્યું.

શુદ્ધ અને સંસ્કારી વાચન માટેનાં સામયિકોમાં 'કુમાર'નું સ્થાન નિઃશંક પ્રથમ છે. છેલ્લાં કેટલાંક વર્ષોનાં 'કુમાર'-વાંચનથી મને ખાતરી થઈ છે કે 'કુમાર'માં ઉત્કૃષ્ટ કૃતિઓને જ સ્થાન અપાય છે. આમ છતાંય શ્રી વ્યાસને ફરિયાદ કરવાનું કારણ કેમ મળ્યું?

કાવ્યો ઊતરતી કોટિનાં હોય એમાં 'કુમાર'નો દોષ શો? પ્રથમ અર્ધ સદી કે ૧૮૭૫થી ૧૯૫૦ સુધીનાં કાવ્યોને આધુનિક કાવ્યો સાથે સરખાવતાં સહેજે થશે કે ગુજરાતી કાવ્યોનું ધોરણ જ નીચે આવી ગયું છે. શ્રી રાજેન્દ્ર શાહ કે બીજા એકાદબે કવિઓ સિવાય ઊગતા કવિઓમાં શ્રદ્ધા ઓછી રાખી શકાય.

આમ છતાં 'કુમાર'માં સિદ્ધહસ્ત કવિઓની કૃતિઓ અવારનવાર રજૂ થતી રહે છે; અને તેથી 'કુમાર'માંની આપણી શ્રદ્ધા ડગતી નથી.

(મુંબાઈ) —લીલાધર અડા

સુધારો

ગયા માસના અંકમાં છપાએલા શ્રી પ્રદ્યુમ્ન તન્નાના કાવ્ય 'ચબરખી'ની નવમી પંક્તિમાં 'અરધી'ની જગ્યાએ 'અડવી' વાંચવું.

અથાણું

મહેતાજી તેમનાં વહુ પાસે ગામના બે માણસોની કારકિર્દીની વાતો કરતા હતા : 'એ બંને મારા હાથ નીચે ભણેલા. જગન નાનપણથી જ ચબરાક ને રૂપાળો. પણ મગન મહેનતુ ને એકમાર્ગી જગનનું કાંઈ ખાસ ઠેકાણું ન પડ્યું, ને મગન ઉદ્યમ કરીકરીને સારું રળ્યો, ને હમણાં મરી ગયો ત્યારે પોતાની નિઃસંતાન વિધવા માટે એક ખાસ્સું ઘર ને લાખ રૂપિયા મૂકતો ગયો. આ ઉદાહરણનો બોધ સ્પષ્ટ નથી?'

'છેસ્તો'. મહેતાજીનાં વહુ ઠાવકાઈથી બોલ્યાં, 'આજ સાંજે જ મેં સાંભળ્યું કે એ જગન હવે મગનની વિધવા જોડે પુનર્લગ્ન વાનો છે.'

નેપલ્સના રાજા આલ્ફોન્સોના દરબારનો વિદૂષક એક મોટા ચોપડામાં રાજ્યના બધા બડેખાંઓની મૂર્ખાઇઓની નોંધ રાખતો. એક દહાડો રાજાએ એક અજાણ્યા પરદેશીને ઉત્તમ અરબી ઘોડા ખરીદી લાવવા માટે જંગી રકમ ખજાનામાંથી આપવાનો હુકમ કર્યો. થોડા દિવસ પછી એ ચોપડાનાં પાનાં ફેરવતાંફેરવતાં રાજાએ આ કૃત્ય માટે પોતાનો પણ મહામૂર્ખ તરીકે ઉલ્લેખ થએલો તેમાં જોયો. રાજાએ ખુલાસો પૂછતાં વિદૂષકે ખુલાસો કર્યો કે તમારું એ કૃત્ય મહા મૂર્ખાઈ ભરેલું હતું. આવડી મોટી રકમ લઇને ગએલો પરદેશી તે પાછો આવતો હશે?!

રાજાએ કહ્યું : 'પણ ધારો કે એ ખરેખર ઘોડા લઇને આવ્યો, તો?'

'તો હું ચોપડામાં તમારું નામ છેકીને તેની જગ્યાએ તેનું નામ લખીશ.' વિદૂષકે જવાબ આપ્યો.

આઈન્સ્ટાઈનનો સાપેક્ષવાદનો સિદ્ધાંત સમજાવવાનું માથે લઇને એક વિજ્ઞાનમંડળના સભ્ય ત્રણ કલાક સુધી મથામણ કરીને આમથી, તેમથી દરેક રીતે નિરૂપણ કરીને, પરસેવે રેબઝેબ થઇને જ્યારે પોતાને સ્થાને બેઠા ત્યારે મંડળના એક સભ્યે ટહુકો કર્યો : 'તમને સાંભળ્યા પછી તો મને લાગે છે, કે તમે તો ખુદ આઈન્સ્ટાઈન કરતાં પણ ચડિયાતા છો. આઈન્સ્ટાઇનને સમજનારા બાર માણસો આ દુનિયામાં છે એમ કહેવાય છે; પણ તમને તો કોઈ જ સમજી શકતું નથી.'

પાણીના પ્રબલ પૂરમાંથી જીવને જોખમે, મોતના મોંમાંથી પોતાની પુત્રીને બચાવનારને આભારવશ પિતાએ કૃતજ્ઞતાપૂર્વક કહ્યું, 'મારી પુત્રીને બચાવી લેવામાં તમે ખરેખરનું જોખમ ખેડ્યું છે.'

'બિલકુલ નહિ, સાહેબ.' પેલાએ કહ્યું, 'હું તો પરણેલો છું.'

પથારીમાં પડેલા દવાપ્રેમી પતિએ પત્નીને પૂછ્યું : 'કનુ ઊંઘની ટીકડીઓ લેવા ગયો છે તે હજી નથી આવ્યો?'

પત્નીએ કહ્યું, 'હમણાં આવવો જોઇએ.'

પતિએ ચિંતાતુર અવાજે કહ્યું, 'ઝટ આવી જાય તો ઠીક; નહિતર હવે મારી આંખ ઘેરાવા લાગી છે.'

પ્રવાસીઓ ધોધના સ્થળે આવી પહોંચ્યા એટલે ભોમિયો બોલ્યો : 'બાનુઓ ને ગૃહસ્થો, દુનિયાનો આ મોટામાં મોટો ધોધ છે; અને બાનુઓ પોતાની કલબલ કલબલ અટકાવીને જો ઘડીક શાંત રહેશે તો તેનો અવાજ પણ સાંભળી શકાશે.'

દુનિયાના મોટામાં મોટા ધનકુબેર રૉકફેલરની એક વાત જાણીતી છે કે તેણે પાટનગર વૉશિંગ્ટનમાં એક હોટેલમાં જઇને સસ્તામાં સસ્તી ને નાનામાં નાની ઓરડી ભાડે માગી. એ સાંભળી હોટેલનો મુનીમ બોલ્યો, 'પણ સાહેબ, આપનો પુત્ર જ્યારે અહીં આવે છે ત્યારે તો મોંઘામાં મોંઘા ને કુશાદે બ્લૉકમાં રહે છે.'

'એનો બાપ પૈસાદાર છે; મારું એ સદ્ભાગ્ય નથી.' રૉકફેલરે જવાબ આપ્યો.

OUR FRIENDS ABROAD

જગત્સંપર્ક સાધતો પત્રમિત્ર-વિભાગ

પૂર્વ આફ્રિકામાં અરૂશા(ટાંગાનિકા)ખાતે આવેલી ઇંડિયન પબ્લિક સ્કૂલમાં વિદ્યાર્થીઓ સારા નિવૃત્તિવિનોદ (હૉબી) કેળવે એ આશયથી 'જ્યૉગ્રાફિક સોસાએટી' નામનું અભ્યાસમંડળ સ્થાપ્યું છે. પત્રમૈત્રી, ટિકિટસંગ્રહ, પ્રકૃતિ-અભ્યાસ, ભૌગોલિક શોધ-સાહસ, અને ખરતા તારાનું વિજ્ઞાન—એ પાંચ તેના વિભાગો રખાયા છે, જેમાં પત્રમૈત્રી અને ટિકિટસંગ્રહ એ વિભાગો ખૂબ લોકપ્રિય બન્યા છે. સરનામું : The I. P. S. Geographic Society, The Indian Public School, P. B. No. 63, Arusha (Tanganyka, E. Africa). જેમને રસ હોય તેમણે સંપર્ક સાધવા ઉપરને સરનામે લખવું.

પરદેશી પત્રમિત્રો

(1) Pravin V. Mehta, Age 20, P. O. Box No. 640, Zanzibar (B.E.A.), Stamps, Literature, Music; (2) Mansukh G. Shah, Age 21, C/o National Bank of India, P.O. Box No. 158, Zanzibar (B.E.A.), Novels, Travelling, View Cards; (3) Vinod P. Mehta, Age 18, P.O. Box No. 640, Zanzibar (B. E. A.), Stamps, Novels, Biology; (4) Chhotalal C. Mehta, Age 21, P. O. Box No. 985, Zanzibar (B. E. A.), Stamps, Novels, Politics; (5) Sooknane Doobree, Male—21, Laventuse, Flaeg (Mauritius), View Cards. Books; (6) A. Sattar H. Valimohamed, Ahmed Praeha Building No. 11, 2nd Floor, Tirathdas Road, A. M. 8, Karachi (Pakistan), Stamps; (7) Abdul Gafar H. Valimohamed, Age 24, Kazi Mansion No. 2, Room No. 16, 2nd Floor, Burns Road, Karachi-1, Stamps, First-Day Covers; (8) Vinod Raval—14, P.O. Box No. 1130, Mombassa (Kenya Colony, Africa), Sports; (9) Virambhai R. Godhania—18, P.O. Box No. 201, Kisumu Kenya, (B. E. Africa), Match Lables; [ક્રમ ૮-૯નો ઉલ્લેખ: Vasantkumar P. Thakkar, Saraswati Bhavan, M. G. Road, Ghatkopar, Bombay-39] (9) Ramjan Ali G. Kurani, Age 19, Bhat Ki Kui, Larkana (W. Pakistan), Stamps; (10) Narendra J. Shah, Age 17, P.O. Box 426, Mombasa (Kenya Colony), Stamps, F.D. Covers, Coins, Match Box Lables, Scout Emblems; (11) Gert Strauss, Male—18, College Kalksburg, Promenadeweg 3, Wien 23 (Austria), Photography, Radio, Art, Reading, Jazz Music; (12) Kathi von Tritsch, Female—17, Wien XIX, Stefan Esders Platz 4 (Austria), Reading, Sports, Stamps, Art [Nos. 11-12, ઉલ્લેખ: Girish J. Modi, 1171 Dhana Suthar's St., Ahmedabad-1].

પત્રમિત્ર થવા ઇચ્છનારાઓને

આ વિભાગમાં નામ છપાવવા ઇચ્છનારાઓએ પોતાનું પૂરું નામ-સરનામું, ઉમર, અભ્યાસ (ઓછામાં ઓછો ગુજરાતી દસ ધોરણ સુધીનો), શોખ, સંમતિસૂચક વાલી કે શિક્ષક-પ્રોફેસર-પ્રિન્સિપલની સહી—એટલી વિગતો ભરી બીડવી.

ઉમળકો

આ પ્રસન્નતા ને ધન્યવાદનો પત્ર છે. 'કચ્છનું સંસ્કૃતિદર્શન' હમણાં જ સોમાભાઈ પાસેથી મેળવ્યું અને જોયું. હજુ પૂરું જોયું તો નથી પણ થોડુંઘણું વાંચ્યું, ઇધર-ઉધરની વાનગી જોઈ, ચિત્રો અને નકશા જોયા અને ખૂબ ઉમળકો આવતાં આ પત્ર. લખનાર ભાઈશ્રીને ને મારે પિછાણ નથી, તેથી આવેલો ઉમળકો તમને ને તમારી દ્વારા તેમને પહોંચશે એમ માનું છું. આ પહેલાં 'કુમાર'માં એમના લેખો મેં જોયા છે. કચ્છ વિષે છેલ્લાં પાંત્રીસેક વર્ષથી જાણતો આવ્યો છું. તેમાં યે દક્ષિણામૂર્તિમાં કચ્છી વિદ્યાર્થીઓ મોટા પ્રમાણમાં આવવા લાગ્યા ત્યારથી કચ્છ વિષે ઠીકઠીક જાણવા મળતું. પણ એ આવો સંસ્કૃતિભર્યો મુલક હશે એમ તો ખયાલ જ આવેલો નહિ. ત્યાંનાં સ્ત્રીપુરુષોમાં ખમીર છે, ત્યાંના લોકો ભલા, ભોળા અને સરળ-સ્નેહાળુ છે, ત્યાંનું વહાણવટું બહુ વખણાતું, ત્યાં અનેક સાહસવીરો પાકયા છે વગેરે અસંબદ્ધ સાંભળેલું. ભાઈશ્રી રામસિંહજીએ ખૂબ જ શ્રમ લઈ 'અસાંજો વતન'નું આવું મહામૂલું ને કડીબદ્ધ માહિતીઓવાળું પુસ્તક તૈયાર કર્યું અને પ્રજાને કચ્છ વિષે સાચી સમજ આપી તે નાનીસૂની પ્રાંતસેવા નથી. તમે એને દિલ દઈ આવો સરસ ઘાટ આપ્યો તે માટે તમને યે ખૂબ યશ ઘટે છે. એ આકરગ્રંથ પણ છે.

(ભાવનગર) —ગિરીશ





આ માસ(જૂન)ઇતિહાસમાં : વ્યક્તિવિશેષ • દિનવિશેષ • પ્રસંગવિશેષ

વ્યક્તિવિશેષ : અર્નેસ્ટ હેમિંગ્વે



ઔદ્યોગિકયંત્રવાદને આધારે થએલી સમાજ-રચનામાં વીસરાતાં માનવ અને માનવતાને કેન્દ્રમાં રાખીને લખતા લેખકોમાં પ્રતિનિધિરૂપ, અભિનવ વાર્તાશૈલીના જનક, અર્નેસ્ટ હેમિંગ્વેનો જન્મ ઇલિનાઇ ખાતે ઈ. સ. ૧૮૯૪ની ૧૨મી જૂને થએલો. તેના પિતા તબીબ હતા. હેમિંગ્વેની પહેલી વાર્તા હતી 'તબીબ અને તેની પત્ની'. દસમા વર્ષથી જ શિકાર અને રમતગમતનો એ શૉખીન. કુમારવય મિશિગનમાં રખડપટ્ટીમાં વિતાવ્યું. તેનું શિક્ષણ સ્થાનિક શાળા પૂરતું મર્યાદિત રહ્યું હતું. રખડીને થાકતાં છેવટે ઘેર આવી તેણે પત્રકારત્વનો અભ્યાસ શરૂ કર્યો.

એની લેખનકારકિર્દીનો આરંભ, સત્તરમે વર્ષે એ જ્યારે ઇલિનાઈનો 'ઓક પ કં'માં ફૂટ-બૉલનો ખેલાડી હતો ત્યારથી થાય છે. એક વર્ષ સુધી તેણે કાન્સાસ શહેરના 'સ્ટાર' પત્રના રિપોર્ટર તરીકે કામ કર્યું ને ૧૮મે વર્ષે તેના પિતાની ના હોવા છતાં ઇટાલીમાં ઘવા-એલા સૈનિકોની સારવાર માટેની બસના ડ્રાઇવર તરીકે યુદ્ધમાં જોડાવા નામ નોંધાવ્યું. યુદ્ધમાં તે ખૂબ ઘવાએલો. પછી તેણે 'ટોરાન્ટો સ્ટાર' પત્ર માટે માનવતાને અનુલક્ષતી ટૂંકી વાર્તાએ લખવી શરૂ કરી. આગળ જતાં મિસ ગર્ટ્રુડ સ્ટાઈનના સૂચન પ્રમાણે તે પોતાના લખાણને સામાન્ય વર્ણનથી રહિત અને વધુ ને વધુ કેન્દ્રિત કરતો ગયો. તેનાં નાનાં કલ્પના-ચિત્રો અને રેખાચિત્રોનો સંગ્રહ 'થ્રી સ્ટૉરીઝ ઍન્ડ ટેન પોએમ્સ' તથા 'ઇન અવર ટાઈમ' અનુક્રમે ૧૯૨૩ અને ૧૯૨૪માં બહાર પડચા. ૧૯૨૭માં તેનો વાર્તાસંગ્રહ 'મેન વિધાઉટ વિમેન' બહાર પડચો. ઈ. ૧૯૨૬માં બહાર પડેલી 'ધ ટૉરન્ટસ ઑવ સ્પ્રિંગ' એ તેની પહેલી નવલકથા છે. 'વિનર ટેઈક નથિંગ' એ તેનો વિશિષ્ટ શૈલી ધરાવતો વાર્તાસંગ્રહ છે.

એણે પોતાની શૈલી પર જે કડક શિસ્ત-ભરી ને ચાંપતી નજર રાખેલી તેણે એની શૈલી-ને સુગ્રથિત, વિશદ અને પાણીદાર બનાવી. અનેક ધ્વનિએ ગુંજતું તેનું સીધુંસાદું ગદ્ય, તેમજ તૈયારી કે અભ્યાસ વિનાના દેખાતા પરંતુ ખરી રીતે વસ્તુના છેક તળિયાનો તાગ લેતા તેના સંવાદો અનુકરણીય બન્યાં છે.

હેમિંગ્વેની લગભગ તમામ નવલકથાઓને પ્રમાણભૂતતાની નક્કર છાપ છે. તેની વિ-ખ્યાત નવલકથા 'ધ સન ઑલ્સો રાઇઝિઝ' અને બીજી 'એ ફૅરવેલ ટુ આર્મ્સ' (૧૯૨૯) પર અનુક્રમે તેના પારીસના અને મહાયુદ્ધના અનુભવોની મહદ્‌અંશે છાપ પડી છે. 'ટુ હૅવ ઍન્ડ ટુ હૅવ નૉટ' (૧૯૩૭)નો નાયક નૉર્ગન તથા 'ફૉર હુમ ધ બેલ ટૉલ્સ' (૧૯૪૦)નો નાયક રૉબર્ટ જૉર્ડન જે જોખમી સાહસ, હિંમત અને ઉલ્લાસ દર્શાવી જાય છે તે હેમિંગ્વેનાં પોતાનાં જ છે. 'અક્રૉસ ધ રીવર ઍન્ડ ઇન્ટુ ધ ટ્રીઝ'(૧૯૫૦)ને કેટલાક 'ફૅરવેલ ટુ આર્મ્સ' પછીની શ્રેષ્ઠ પ્રેમકથા કહી છે. જોકે ૧૯૨૬ સુધી તેની સર્જક પ્રતિભાનાં વળતાં પાણી હતાં. 'ડેથ ઇન ધી આફ્ટરનૂન' (૧૯૩૨) એ તેની એક વિશેષ નવલકથા છે. 'ધ કિલર્સ', 'ધી અનડિફીટેડ' ને 'ધ સ્નોઝ ઑવ કિલિમાંજારો' એ તેની વિશ્વસાહિત્યમાં પ્રથિતયશ નવલિકાઓ છે. જોકે એનું 'ગ્રીન હિલ્સ ઑવ આફ્રિકા' (૧૯૩૫) સામાન્ય પુસ્તક છે અને 'ધ ફિફ્‌થ કૉલમ' (૧૯૩૮)માં પણ સ્પૅનિશ યુદ્ધ પરનું વિચિત્ર લાગણીપ્રધાન વસ્તુ છે. પણ 'ધી ઓલ્ડ મૅન ઍન્ડ ધ સી' (૧૯૫૨) નવલે તેને એ સાલનું અમેરિકાનું 'પુલિત્ઝર' ને ૧૯૫૪નું 'નૉબેલ' પારિતોષિક મેળવી આપ્યાં.

પોતાનાં લખાણોમાંથી તેણે ગંજાવર કમા-ણી કરી છે. તેણે વારાફરતી કુલ ચાર વખત લગ્ન કરેલાં, જેમાં છેલ્લે ૧૯૪૬માં તે મેરી વેલ્શને પરણ્યો. તેને ત્રણ પુત્રો છે.

મોટરના, બંદૂકમાંથી અચાનક ગોળી છૂટ-વાના જેવા પ્રાણઘાતક અકસ્માતોમાંથી તે અજબ કિસ્મતથી બચી ગયો છે. ૧૯૫૪માં એ જેમાં બેઠો હતો તે વિમાન તૂટી પડતાં એ નીચે પટકાયો. ઘણાં છાપાંઓએ તો એની મૃત્યુ-નોંધ પણ લઇ લીધેલી! પણ એ જીવી ગયો! એને લઇને ઊપડેલું બીજું વિમાને અધવચ્ચે તૂટી પડેલું! એ તો કહે છે કે 'મારાં જાજ્વલ્ય-માન વરસો તો હજુ હવે આવવાનાં છે.'

દિનવિશેષ

તા. ૨ પ્રખ્યાત અંગ્રેજ કવિ-નવલકથાકાર ટૉમસ હાર્ડીનો ડૉર્ચેસ્ટર ખાતે જન્મ, ૧૮૪૦.
તા. ૩ સ્ત્રીઓની પ્રથમ વિદ્યાપીઠના બીજરૂપ કર્વે મહિલા વિદ્યાલય સ્થાપવામાં આવ્યું, ૧૯૧૬.
તા. ૬ મહાત્મા ગાંધીજીએ ઉપાડેલી ચંપારણ્યની ઐતિહાસિક સત્યાગ્રહ-લડતનો અંત, ૧૯૧૭.
તા. ૮ પિતા શાહજહાંને આગ્રાના કિલ્લામાં કેદ કરીને ઔરંગઝેબે ગાદી પચાવી, ૧૭૫૮.
તા. ૧૦ ગુજરાતી સાહિત્યના અમર પ્રણયકવિ સુરસિંહજી ગોહેલ 'કલાપી'નું નિધન, ૧૯૦૦.
તા. ૧૨ સ્વદેશહિતૈષી ગોપાલ કૃષ્ણ ગોખલેએ 'ભારત સેવક સમાજ'ની સ્થાપના કરી, ૧૯૦૫.
તા. ૧૫ 'મૅગ્ના ચાર્ટા' પર સહી કરાવી રાજાની સ્વચ્છંદતાને અંગ્રેજોએ અંકુશમાં આણી, ૧૨૧૫.
તા. ૧૮ અંગ્રેજો સાથેની બહાદુરીભરી લડતમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇનું અવસાન, ૧૮૫૮.
તા. ૧૯ અઠંગ સ્વદેશ-ભક્ત અને આજીવન સમાજસેવક સાને ગુરુજીનું અવસાન, ૧૯૫૦.
તા. ૨૬ બાદશાહ હુમાયૂંને શેરશાહે બકસર નજીકના છપ્પરઘાટ મુકામે હરાવ્યો, ૧૫૩૯.
તા. ૩૦ 'મોટરોના રાજા', જગત આખાના આગેવાન ઉદ્યોગપતિ હેન્રી ફૉર્ડનો જન્મ, ૧૮૬૩.

પ્રસંગવિશેષ : મહંમદ પયગંબર સાહેબનો દેહત્યાગ, ૮મી જૂન ૬૩૨

૬૦ વર્ષની ઉંમરે ૧૪૦૦ માણસોને લઈ હથિયાર વિના, પૂર્ણ અહિંસક રીતે, હજરત મહંમદ પયગંબર સાહેબ મક્કા હજ કરવા જતાં ત્યાંના કુરેશીઓએ તેમને રોક્યા; પરંતુ તેમના અહિં-સક ને અણનમ વર્તનથી પ્રભાવિત થઇને કુરેશીઓએ તેમની સાથે 'હુદે બિયા'ની સુલેહ કરી, જે અનુસાર બીજે વર્ષે હજે આવવાની શરત કરીને તે પાછા ગયા. જોકે એ સુલેહનો, પછી કુરેશીઓએ જ ભંગ કર્યો તેથી મહંમદ સાહેબે ૧૦,૦૦૦ માણસોનું લશ્કર મોકલી તેના સર-દારને પકડી સંગાવ્યો, અને પછી તેને માફી આપી એક પણ માણસનું લોહી રેડચા વિના મક્કા સર કર્યું. દરમ્યાન યહૂદીઓનું ખૈબર શહેર જીતી લઈ તેની આસપાસના બાદશાહો પાસે તેમણે ઇસ્લામ ધર્મ સ્વીકારાવ્યો હતો. આ પછી ઈ. ૬૩૨માં ૬૨ વર્ષની ઉંમરે તેમણે મક્કાની છેલ્લી યાત્રા કરી અને એ જ વર્ષની ૮મી જૂને નમાજ પછી તેમણે દેહ છોડચો.

સદા લડતા-ઝગડતા રહેતા અને ટૂંકી દૃષ્ટિના દેશવાસીઓમાં આત્મશ્રદ્ધા રેડીને અને તેમને એકસૂત્રે બાંધીને પયગંબર સાહેબે પોતાના ધર્મપ્રચારના જીવનકાર્યનો પાયો દૃઢમૂલ કર્યો હતો. તેમના અનુયાયી આરબોએ પછી તો માત્ર ૮૦ વર્ષના ટૂંકા ગાળામાં કેવળ અરબ-સ્તાન આખામાં જ નહિ પરંતુ ઇરાન, ઇરાક, સિરિયા, પશ્ચિમ તુર્કસ્તાન, સિંધ, મિસર અને દક્ષિણ સ્પેનનાં રાજ્યો—લગભગ અરધી દુનિયા—સુધી ઇસ્લામ ધર્મની આણ વર્તાવી હતી.

બડા હુઆ તો ક્યા હુઆ, જૈસે પેડ ખજૂર,
પંથી કો છાયા નહીં, ફલ લાગે અતિ દૂર.

—કબીર

હુટન સ્ટેશન પર પોતાની ટ્રેનની રાહ જોતા જજ સર આલ્ફ્રેડ ટૉબીન રોજ પોતાની ટ્રેનને આવતી જુએ એટલે પાટા વટાવી સામી બાજુએ જતા, તે મુજબ ૧૮૯૩ની એક સવારે પાટા વટાવતાં બીજી બાજુથી આવતી એક બીજી ગાડીનું તેમને ભાન રહ્યું નહિ; પણ સ્ટેશનના જ્યૉર્જ ગ્રીનહાઉસ નામના મજૂરે દોડીને તેમને ખેંચી બચાવી લીધા. જજ સાહેબે એ જ વખતે તેને પાંચ પાઉન્ડ ઇનામમાં આપ્યા, અને પછી દર વરસે પોતાની જિંદગી બચ્યાની એ તારીખે એટલી જ રકમ તે મજૂરને જીવન પર્યંત મોકલ્યા કરી.

ગણિતગમ્મત: ૪૫માંથી ૪૫ બાદ કરવા છતાં ૪૫ રહે! ખોટી વાત? જુઓ નીચે:

૯ ૮ ૭ ૬ ૫ ૪ ૩ ૨ ૧ = ૪૫
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ = ૪૫
૮ ૬ ૪ ૧ ૯ ૭ ૫ ૩ ૨ = ૪૫

બીજી ખૂબી એ છે કે એમાંની પહેલી બેમાં જેમ ૧ થી ૯ સુધીના બધા અંકો સળંગ આવેલા છે તેમ બાદબાકીની ત્રીજી રકમમાં પણ એ અંકો માત્ર એક જ વખત વપરાયા છે.

અનેકાર્થી શબ્દ: **વાસ**=ગંધ, દુર્ગંધ, સુગંધ; વસવાટ, સ્થાન, ઘર; મહોલ્લો, લત્તો; વસ્ત્ર; ઘરખટલો; તંબૂ; નિશાની; શેરડીના રસને ઉકાળી ગોળ બનાવતી વેળા ચૂલમાં નાખવાનું બળતણ; સુવાસ, કીર્તિ; અરડૂસાનું ઝાડ.



દોઢ ઈંચ લાંબા તારના કટકા અને અરધો ઇંચ પહોળા તથા પોણો ઇંચ લાંબા એવા પતરાના ટુકડાઓમાંથી ઉપરના ચિત્રમાં બતાવ્યા પ્રમાણેની, દીવાલ પર છબીઓ ટાંગવા માટે મજબૂત અને આકર્ષક કડીઓ બનાવી શકાય.



માણસજાતના ૫૦ હજાર વરસના નોંધાએલા ઇતિહાસને જો ૫૦ વરસના ગાળામાં રજૂ કરવો હોય તો કાળક્રમાનુસાર આ પ્રમાણે રજૂ કરી શકાય: આજથી દસ વરસ પહેલાં તેણે ગુફા છોડી, પાંચ વરસ પહેલાં લેખનની શોધ થઇ, ગટેન્બર્ગે મુદ્રણકળાની શોધ માત્ર પંદર મહિના પહેલાં જ કરી, વીજળી તો દસ દિવસ પહેલાં જ શોધાઈ, વિમાનની શોધ હજી ગઈ કાલ સવારે થઈ, રેડિયો ગઈ કાલે રાત્રે જ, ટેલિવિઝન આજ સવારે અને જેટ વિમાન તો હમણાં એક મિનિટથી યે ઓછા સમય પહેલાં શોધાયું હતું!

કહેવતો: 'ભરોસાની ભેંસે પાડો જણ્યો'—ભેંસ વિયાયે પાડી આવશે તો બીજી એક ભેંસ વધીને દૂધ-ઘીની આવક તથા સમૃદ્ધિમાં વધારો થશે એવી આશા રાખી બેઠેલાને જે નિરાશા નિરુપયોગી પાડાના અવતરવાથી થાય તેનું આ ઉદાહરણ ભરોસાપાત્ર વ્યક્તિ નિષ્ફળ જાય તેવે પ્રસંગે વપરાય છે.

ઘણી વાર કોલસાની બારીક ભૂકી આપણે નાખી દઇએ છીએ; પણ તેને એકઠી કરી રાખી, નકામાં છાપાંના કાગળોમાં પલાળી એ ભૂકીમાં રગદોળી લાડુ માફક ગોળા વાળી મૂકવાથી સુકાઈ ગયે બળતણ તરીકે વાપરી શકાય.

ઊનનાં કપડાં ધોવાના તથા નિખારવાના પાણીમાં ચમચો ભરીને ગ્લિસરીન મિલાવીને વાપરવાથી કપડાંમાં કુમાશ આવશે અને તે ચડી જતાં પણ અટકશે.

બહુ ગંદી શીશીઓમાં કાચાં બટેટાંની છાલ અને પાણી નાખી સારીપેઠે હલાવવાથી વહેલી સાફ થશે.

બધો આધાર ઇશ્વર ઉપર
હોય તેમ પ્રાર્થના કરો,
પણ
બધો આધાર તમારા પર
હોય તેમ કામ કરો.

આકાશી વીજળી કોઈપણ મકાન પર પડતાં સાઠ હજાર ઍમ્પીઅરનો પ્રવાહ લાવે છે. તેના એક જ ચમકારામાં પચાસ વૉટના એક લાખ ત્રીસ હજાર વીજળીક દીવા થાય એટલો જથ્થો ખલાસ થાય છે.

ઘણુંખરું તો દાક્તર લોકોને અથવા જેઓ વાદળી વાપરતા હોય તેમને આ કામનું છે: સહેજ લીંબુ નિચોવેલા પાણીમાં દર અઠવાડિયે વાદળી બોળીને નિચોવી રાખતા રહેવાથી તે વધારે લાંબો વખત ટકશે.


'બાપુજી, હું જૂઠું નહિ બોલું. અંગ્રેજી, ગણિત અને સંસ્કૃત સિવાયના બધા જ વિષયોમાં હું નાપાસ થયો છું.'


'વાહ; આ પણ કંઈ ખોટું નથી. આ ત્રણ વિષયો તો ખાસ્સા અઘરા ગણાય.'

'હા; પણ એ ત્રણની પરીક્ષા તો મેં આપી જ ન હતી, બાપુજી!'



કલાકણિકા: છે તો માત્ર શાક સમારવાની 'વીરી', પણ આસામના કારીગરોએ એમાં આકૃતિનું જે રીતે આરોપણ કર્યું છે એ માર્ગે રોજિંદા જીવનમાં કલાનો પ્રસાર થાય છે.






બ્રિટિશ મ્યૂઝિયમમાંનાં શિલ્પરત્નો

(આ તથા આની પાછળનાં પાના પર)

મથાળે : બોરોબુદુર (જાવા)માંનું બુદ્ધનું મસ્તક : સિંગાપોરના સ્થાપક સર સ્ટૅમ્ફર્ડ રૅફલ્સના સંગ્રહમાંનું ભૂખરા પથ્થરનું આ ચિંતનમધુર શિલ્પરત્ન લેડી રૅફલ્સે ઈ. ૧૮૫૯માં ત્યાં ભેટ આપેલું. જમણી બાજુ : છઠ્ઠા તીર્થંકરની રક્ષકદેવી ‘સરસ્વતી’નું સફેદ આરસમાં કંડારેલું રાજપુતનાનું આ શિલ્પ તેના મુખભાવ કરતાં દેહલાવણ્ય અને અલંકાર સમૃદ્ધિ માટે નોંધપાત્ર છે. તેની ચોમેરની નાની પ્રતિમાઓ પણ આની પાછળના પાના પરના બિહાર શિલ્પની પરિચારિકાઓ જેવી પ્રવાહી દેહછટા ધરાવતી નથી. ૧૧મી કે ૧૨ સદીના આ શિલ્પની નીચેના ભાગમાં નાગરી લિપિમાં લેખ પણ છે.



શિવ-દુર્ગા

ઈ. ૧૮૭૨માં મિ. ગ્રિજના કલાસંગ્રહમાં ઇંગ્લંડ ગએલા સાડા છ ફૂટ ઊંચા ને ત્રણ ફૂટ પહોળા, બિહાર શૈલીના ૧૨મા સદીના આ શિલ્પની મુખ્ય મૂર્તિઓ એલોરા, એલિફન્ટા, ખજુરાહો, કોણાર્ક કે ભુવનેશ્વરનાં શિલ્પોને મુકાબલે જરા જડ લાગતી છતાં તેની ચોમેર કંડારેલી પરિચારિકાઓ અને પૂજકોની પ્રતિમાઓમાં તો ભારતીય શિલ્પની સદ્ભવતા, કમનીય છટા અને આવેગ ઊતર્યાં જ છે.